# શ્રી દશવૈકાલિક સૂત્ર

: સંસ્કૃત છાયા-ભાવાર્થ-ગુજરાતી અનુવાદક :

પૂ. ધર્મદિવાકર આચાર્યદેવ
શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજના
પટ્ટાલંકાર શ્રાવસ્તિ તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ

*

પ્રકાશક
ભુવન-ભદ્રંકર સાહિત્ય પ્રચાર કેન્દ્ર-મદ્રાસ

શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વર જૈન ગ્રંથમાલા/૫૩

શ્રી આદીશ્વરાય નમઃ

આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલકસૂરિ ગુરૂભ્યો નમઃ

# શ્રી
# દશવૈકાલિક સૂત્ર
## (સં. છાયા, શબ્દાર્થ, ભાવાર્થ)

અનુવાદક-સંપાદક

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભુવનતિલકસૂરીશ્વરજી
મ. ના. પટ્ટધર પૂજ્ય કર્ણાટક કેશરી આચાર્યદેવ
શ્રીમદ્‌ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા

— સહાયક —

જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઈ
શ્રી ભારતનગર જૈન સંઘ-મુંબઈ

પ્રકાશક :–
ભુવનભદ્રંકર સાહિત્ય પ્રચાર કેન્દ્ર
વી. વી. વોરા–મદ્રાસ

પ્રાપ્તિસ્થાન :–
લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન
C/o N. C. SHAH
Po.–CHHANI–391740
Di.– BARODA (GUJARAT)
વીર સં. ૨૫૧૫
વિક્રમ સં. ૨૦૪૫
લબ્ધિ સં. ૨૮

નકલ–૧૦૦૦

ત્રીજી આવૃત્તિ

મૂલ્ય–પઠનપાઠન

મુદ્રક–નિઝામપુરા–વડોદરા

# — પ્રકાશકીય —

શ્રી દશવૈકાલિક સૂત્ર સં. છાયા, શબ્દાર્થ, ભાવાર્થ સહ ૩૧ વર્ષ પહેલાં પ્રકાશિત થયેલ.

તે બુક શ્રમણ સંઘમાં એટલી ઉપયોગી બની ગઈ કે તેની હજાર–હજાર બબ્બે આવૃત્તિ છપાવા છતાંય ખલાસ થઈ ગઈ અને માગણીઓ વધતી જ ગઈ.

સાધુ સાધ્વીની આ માંગણી ને લાગણી જોતાં વડોદરા નિઝામપુરા ફા. સુ. ૧૦ ના શ્રી આદિનાથ પ્રભુની સાલગિરિ પ્રસંગે શ્રી ચંદ્રકુમાર બાબુલાલ જરીવાલા મુંબઈથી ધ્વજા રોપણ નિમિત્તે આવેલ. તેઓએ કંઈક લાભ આપવા વિનંતી કરી. ત્યારે તેમને કહ્યું કે શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટનો અત્રે પ્રેસ હોવાથી કાર્ય ચાલે છે. અને શ્રી દશવૈકાલિક સૂત્રની ખૂબ માંગ છે તો તમો હજાર નકલનો લાભ લો.

તેઓએ વાતને સહર્ષ વધાવી લીધી.

પૂ. પરમોપકારી અમારા ગ્રંથમાળાના પહેલેથી જ સર્વાંગીણ વિકાસ માટે પાયારૂપ કર્ણાટક કેસરી, શ્રાવસ્તી તીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે એકવાર ફરીથી ગ્રંથ ઉપર દૃષ્ટિપાત કરી વિશેષ શુદ્ધિ કરી આપી ઘણો જ ઉપકાર કરેલ છે.

શુદ્ધિપત્રક જોયા પછી અભ્યાસુવર્ગે પઠન કરવું.

'દશવૈકાલિક સૂત્ર' શું છે? તેનું એક ઉંડુ અવગાહન ચિંતનશીલ આચાર્યશ્રીએ કરેલ છે. તે ખાસ વાંચવા ભલામણ.

ગ્રંથ પ્રકાશનમાં સહયોગી પૂ. આ. પૂણ્યાનંદ સૂ., પૂ. આ. વીરસેન સૂ., મુનિવર્ય વિક્રમસેન વિજયજી મ. આદિને આ અવસરે નતમસ્તકે વંદના કરીયે છીએ.

પ્રકાશનમાં સહાયક જિનશાસન આરાધના ટ્રસ્ટ–મુંબઈ ને કેમ ભૂલાય? તેમની ઉદારતાથી જ આ ગ્રંથ જલ્દીથી પ્રકાશનને પામ્યો છે.

પ્રાંતે અભ્યાસીવર્ગ આ ગ્રંથનો અભ્યાસ કરી નિજ જીવનને કૃતાર્થ કરે જેથી સર્વનો શ્રમ સફળતાને પામે. ગ્રંથમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છામી દુક્કડં.

—પ્રકાશક

## – પ્રાસ્તાવિકમ્ –

મુનિજીવનની બાલપોથી એટલે જ શ્રી દશવૈકાલિક સૂત્ર....

મુનિજીવનની બારાખડી એટલે જ શ્રી દશવૈકાલિકસૂત્રનું અધ્યયન............

શૈક્ષ એટલે નવદીક્ષિત, દશવૈકાલિકનું અધ્યયન ન કરે ત્યાં સુધી વડીદીક્ષા ન થાય,

અહાહા........કેવું સુંદર સૂત્ર છે!

દશવૈકાલિક સૂત્ર! સંયમસુતોને માતાની જેમ વાત્સલ્ય ભરી પ્રેરણા પ્રદાન કરે છે.

બ્યુગલની જેમ સંયમવીરોને આગળ વધવા પ્રોત્સાહન આપે છે.

આગળ વધવા-પ્રગતિ કરતો સંયમપથિક પ્રમાદના ઉત્પથમાં ચાલી ન જાય માટે રેડ સિગ્નલ બની 'રૂક જાવ'નો સંદેશો સંભળાવે છે.

બાલમુનિ મનકના નિમિત્તે....જાણે હજારો મનકમુનિ સમાન સંયમીઓમાં

સંયમ ધર્મનું સર્જન....

ધર્મભાવનું અર્જન....

દોષભાવનું વિસર્જન.......કરવાની કલ્યાણકારી કામના-માંથી પ્રાદુર્ભુત થતું ઝરણું એટલે જ શ્રી દશવૈકાલિક સૂત્ર....

આ સૂત્રના કર્તા પૂ. ચૌદપૂર્વધારી આચાર્ય શ્રી શય્યંભવસૂરીશ્વરજી મ. ના યથાર્થ જીવન ચરિત્રને જાણ્યા પછી,

પિતા કેવા હોવા જોઈએ? એ જિજ્ઞાસાની તૃપ્તિ સહજ થઈ જાય છે. શિષ્ય પ્રત્યેની અનુપમ હિતકારિતા અને વત્સલતા જોઈને સાહજિક બોલી જવાય : 'મળો તો આવા ગુરૂ મળો.' એવી માંગણી અને લાગણી થઈ જાય એવા પ્રતિભાશાળી ગુરૂ લાગે!

દશવૈકાલિકના દશ જ અધ્યયનો છે. એનું સાંકેતિક પ્રયોજન દશ શ્રમણ ધર્મોની આરાધના અને આચરણા કરવા પ્રેરે છે, દશવિધ સમાચારીની સમજણ--જ્ઞાન પ્રાપ્ત કરવા આંગળી ચીંધે છે.

દશવૈકાલિકની ભાષા પ્રાકૃત હોવાથી નૂતન દીક્ષિતોને ભણવામાં તથા અધ્યયનમાં અગવડતા દૂર કરવા પરોપકારી અનુવાદકલાસિદ્ધહસ્ત, શ્રાવસ્તિતીર્થોદ્ધારક પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. અતિપરિશ્રમ લઈ ૩૧ વર્ષ પૂર્વે શબ્દોના અર્થ........ભાવાર્થ ગુર્જરગિરામાં રચ્યો. બન્ને સંક્ષિપ્ત હોવાથી વિદ્યાર્થી શ્રમણ, શ્રમણીઓને બહુ જ અનુકુલ--સુગમ અને સરસ લાગવાથી તેની સતત માંગ હોવાથી ગ્રંથ ત્રીજી વખત પ્રકાશિત થઈ રહ્યો છે.

– વીરભિખ્ખુ

# -- શુધ્ધિપત્રક --

| પૃષ્ઠ. નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૩ | ધમ્મો | ધર્મો |
| ૪ | ૩ | મહુગાર | મહુકાર |
| ૯ | ૩ | જ્યોતિતિઃ | જ્યોતિ: |
| ૧૨ | ૫ | તેણીન | તેણીના |
| ૧૯ | ૧૮ | અમાવૃતાઃ | અપાવૃતાઃ |
| ૨૨ | ૮ | છજ્રૂ | છજ્જી |
| ૨૫ | ૧૧ | ચિત્તવસ્થા | ચિત્તવત્યા |
| ૨૭ | ૧૫ | સબીજ | સબીજા |
| ૨૯ | ૪ | રજસા: | રસજા: |
| ,, | ૧ | પરમા | પરમ |
| ૩૬ | ૧૮ | આત્મને | આત્માને |
| ૩૭ | ૨ | ગિએહા | ગિણ્હા |
| ૬૯ | ૮ | જાનાનિ | જાનાતિ |
| ૭૫ | ૪ | ચુગતિ | સુગતિ |
| ૭૭ | ૧૨ | ગોઅરગ્ગઓ | ગોઅરગ્ગગઓ |
| ૮૧ | ૧૪ | વેર | વેસ |
| ,, | ૧૪ | ચેર | ચેરા |
| ૮૩ | ૧ | દેત | એતં |
| ૮૬ | ૫ | કુષ્ટં | કુષ્ટં |
| ૯૦ | ૧૦ | ભૂમિ | ભૂમિં |
| ૯૨ | ૧ | તિષ્ટ | તિષ્ઠ |
| ૯૩ | ૧ | પાણિ | પ્રાણિ |
| ,, | ૧૩ | સંપાણુધ | સંપ્રણુધ |
| ૯૫ | ૩ | કાર્દેણુ | કાદ્રેંણુ |

| પૃષ્ઠ નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૨ | ૩ | ભત્તા | ભત્ત |
| ૧૦૮ | ૧૫ | હેજ્જ | હોજ્જ |
| ૧૧૬ | ૮ | પ્રતીષ્સિતં | પ્રતીચ્છિતમ્ |
| ૧૨૧ | ૪ | જાલોચયેદ્ | આલોચયેદ |
| ૧૨૧ | ૧૪ | પૂર્વં | પૂર્વં |
| ૧૨૭ | ૧૪ | દાતા | અદાતા |
| ૧૨૮ | ૫ | સર્વં | સર્વં |
| ૧૩૨ | ૨ | ગોચરગ્ગઓ | ગોચરગ્ગગઓ |
| ૧૩૫ | ૧ | ભત્તપાણુ | ભત્તપાણું |
| ૧૩૮ | ૩ | બીજમથૂન્ | બીજમંથૂન્ |
| ૧૪૦ | ૧૯ | અણું | એણું |
| ૧૪૪ | ૧૭ | માદ્યંકં | માદ્યકં |
| ૧૫૩ | ૬ | રાચમચ્ચા | રાયામચ્ચા |
| ૧૫૪ | ૧૬ | દુરધિષ્ઠતમ્ | દુરધિષ્ઠિતમ્ |
| ૧૫૭ | ૨૨ | સંમય | સંયમ |
| ૧૬૦ | ૯ | ગ્રાહ્યન્તિ | ગ્રાહયન્તિ |
| ૧૬૧ | ૧ | ઘોર | ઘોરં |
| ૧૬૧ | ૧૭ | સંગં | સંસર્ગં |
| ૧૬૫ | ૨૧ | ઐઇન્દ્રિયાદિ | ઐઇન્દ્રિયાદિ |
| ૧૬૭ | ૨૦ | ચક્ષુષાં | ચાક્ષુષાં |
| ૧૯૨ | ૫ | ગમિષ્યામિ | ગમિષ્યામો |
| ૧૯૨ | ૧૩ | તીર્થંયો | તીતયો |
| ૨૧૯ | ૭ | ન મોહિની | નુમોહિની |
| ૨૧૯ | ૧૦ | ના | ન |
| ૨૨૩ | ૧ | કાયવ્વ | કાયવ્વં |
| ૨૨૪ | ૭ | મક્ષણુ | મક્ષણુન |

| પૃષ્ઠ નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૩૨ | ૬ | છ | ચ |
| ૨૩૩ | ૬ | તિતં | મિતં |
| ૨૪૪ | ૩ | ગાથા ૩૯ | સરલતાથી માયાજીતે |
| ૨૫૬ | ૧૪ | ચિમં | ચેમં |
| ૨૬૧ | ૮ | કુર્યં: | કુર્યું: |
| ૨૬૩ | ૧૯ | યાશીવિષં | આશીવિષં |
| ૨૬૭ | ૬ | પ્રાસાદા | પ્રસાદા |
| ૨૮૨ | ૧૧ | સ્વપરાધં | સ્વાપરાધં |
| ૨૯૫ | ૧૨ | ગુણૈસાધુઃ | ગુણૈરસાધુઃ |
| ૨૯૭ | ૬ | યત્યેન | યત્નેન |
| ૨૯૯ | ૩ | પરિવય | પરિચર્યં |
| ૩૦૦ | ૧૦ | યુષ્તં | યુગ્મં |
| ૩૦૮ | ૧૩ | દન્તે | દાન્તો |
| ૩૦૯ | ૧ | અભિગમ | અભિગમ્મ |
| ૩૧૩ | ૩ | વીજયતિ | વીજતિ |
| ૩૨૧ | ૨ | અકુટ્ઠે | આકુટ્ઠે |
| ૩૨૯ | ૩ | :ખેન | દુ:ખેન |
| ૩૨૯ | ૪ | સમાન્ન | સમાપન્ન |
| ૩૩૦ | ૧૬ | સ્વાતિ | માયઃ |
| ૩૩૦ | ૨૯ | તય | તસ્ય |
| ૩૩૯ | ૨૨ | અદ્યહં | યદ્યહં |
| ૩૪૯ | ૮ | પ્રતિસ્રોત | પ્રતિસ્રોતો |
| ૩૫૫ | ૨૦ | વર્ષ | વર્ષં |

પૂ. ગુરુદેવ શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. ના
૫૮' મા સંયમના સંવત્સરના
પાવન પ્રવેશે પ્રકાશિત...

પુસ્તક પ્રકાશનમાં

**તમોએ આપ્યો અનમોલો સહકાર**
**એનો અમે માનીએ ખૂબ-ખૂબ આભાર.**

* શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
(હ: ચન્દ્રકાન્તભાઈ બી. જરીવાલા)
મુંબઈ

* શ્રી ભારતનગર જૈન શ્વે. મૂ. સંઘ
ગ્રાન્ટ રોડ, મુંબઈ

* શ્રી કારેલીબાગ જૈન સંઘ
વડોદરા

* આ પ્રકાશનમાં દીપક એ. ગાંધી વડોદરાવાળાએ સહયોગ સારો આપ્યો છે.

પ્રકાશક

श्री मरुधरमण्डन श्री मुनिसुव्रतस्वामिने नमः।

श्री आत्म-कमल-लब्धि-भुवनतिलकसूरि गुरुभ्यो नमः।

श्री श्रुतकेवलि श्री शय्यम्भवसूरीश्वर विरचितम्

# श्री दशवैकालिक सूत्रम्

## [ सार्थ ]

### १. द्रुमपुष्पिका अध्ययनम्

**धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।**
**देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥१॥**

धर्मो मंगलमुत्कृष्टं, अहिंसा संयमस्तपः।
देवा अपि तं नमस्यन्ति, यस्य धर्मे सदा मनः ॥१॥

धम्मो-धर्म
मंगलं-मंगल
उक्किट्ठं-उत्कृष्ट
अहिंसा-जीवदया
संजमो-संयम
तवो-तप
देवा-देवो
वि-पण
तं-तेने
नमंसंति-नमे छे
जस्स-जेनु
धम्मे-धर्ममां
सया-सदा
मणो-मन

ભાવાર્થ—ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે; અને અહિંસા, સંયમ, તપ—એ ત્રણ ધર્મ કહેવાય છે. જેનું મન પૂર્વોક્ત ધર્મમાં હંમેશાં વર્તે છે, તેને દેવો પણ (મનુષ્યો વગેરે નમે એમાં પૂછવું જ શું?) નમસ્કાર કરે છે. ૧.

**जहा दुमस्स पुप्फेसु, भमरो आविअइ रसं।**
**ण य पुप्फं किलामेइ, सो अ पीणेइ अप्पयं ॥२॥**
**एमेए समणा मुत्ता, जे लोए संति साहुणो।**
**विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणे रया ॥३॥**

यथा द्रुमस्य पुष्पेषु, भ्रमर आपिबति रसम्।
न च पुष्पं क्लामयति, स च प्रीणयत्यात्मानम् ॥२॥
एवमेते श्रमणा मुक्ता, ये लोके सन्ति साधवः।
विहङ्गमा इव पुष्पेषु, दानभक्तैषणे रताः ॥३॥

જહા—જેમ
દુમસ્સ—ઝાડના
પુપ્ફેસુ—ફૂલોમાં
ભમરો—ભ્રમર
આવિયઇ—મર્યાદાપૂર્વક (થોડો-થોડો) પીવે
રસં—રસ
ન—નહિ
ય—વળી
પુપ્ફં—પુષ્પને
કિલામેઇ—પીડા કરે છે
સો ય—તે
પિણેઇ—તૃપ્ત કરે છે
અપ્પયં—આત્માને
એમ—એ પ્રકારે
એએ—આ
સમણા—તપસ્વીઓ
મુત્તા—પરિગ્રહ માત્રથી મૂકાયેલ
જે—જેઓ

લોએ—મનુષ્યલોકમાં
સંતિ—છે
સાહુણો—સાધુઓ
વિહંગમા—ભમરાઓની
વ—પેઠે
દાણ—દીધેલા
ભત્તેસણે—આહારની શોધમાં
રયા—રક્ત

**ભાવાર્થ**—જેમ ઝાડના ફૂલોમાંથી ભમરો રસને મર્યાદામાં પીવે છે અને પોતાને રસથી તૃપ્ત કરે છે, પરંતુ ફૂલોને પીડા પમાડતો નથી; તેવી રીતે આ મનુષ્યલોકમાં રહેલા તપસ્વીઓ અને સર્વ પરિગ્રહથી મૂકાયેલા જ્ઞાન આદિ સાધક જે સાધુઓ છે, તેઓ જેમ ભમરાઓ ફૂલને વિષે, તેમ ગૃહસ્થોએ આપેલ નિર્દોષ આહારની ગવેષણા(શોધ)માં પરાયણ રહે છે. ૨–૩.

**वयं च विर्त्ति लब्भामो, न य कोई उवहम्मइ ।**
**अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ॥४॥**

वयं च वृत्तिं लप्स्यामः, न च कोऽप्युपहन्यते ।
यथाकृतेषु रीयंते, पुष्पेषु भ्रमरा यथा ॥४॥

વયં—અમે
વિત્તિં—વૃત્તિ, આહારાદિ
લબ્ભામો—પામીશું
નય—નહિ
કોઈ—કોઈની
ઉવહમ્મઈ—વિરાધના થાય
અહાગડેસુ—યથાકૃત (ગૃહસ્થે પોતાના માટે કરેલા આહારમાં)
રીયંતે—વિચરે છે

**ભાવાર્થ**—જેમ ભમરો બીજાને માટે ઉગેલા વૃક્ષોના ફૂલોમાંથી રસ લે છે, તેમ અમે પણ ગૃહસ્થોએ પોતાના

માટે તૈયાર કરેલા આહારમાંથી આજીવિકાને પામીશું, પણ કોઈ જીવની હિંસા-વિરાધના થાય તેમ લઈશું નહિ. ૪.

**महुगारसमा बुद्धा, जे भवंति अणिस्सिया।**
**नाणापिंडरया दंता,**
**तेण वुच्चंति साहुणो त्ति बेमि ॥५॥**

**मधुकरसमा बुद्धा, ये भवन्ति अनिश्रिताः ।**
**नानापिण्डरता दान्ताः, तेनोच्यन्ते साधव इति ब्रवीमि ॥५॥**

**મહુકારસમા**-ભમરા સરખા
**બુદ્ધા**-તત્ત્વના જાણ
**ભવંતિ**-હોય છે
**અણિસ્સિયા**-નિશ્રા વગરના (કુલાદિના પ્રતિબંધ રહિત)
**નાણા**-જુદા જુદા
**પિંડ**-આહારમાં
**રયા**-આનંદ માનનારા
**દંતા**-ઇન્દ્રિય અને મનને દમનારા
**તેણ**-તે કારણ માટે
**વુચ્ચંતિ**-કહેવાય છે
**સાહુણો**-સાધુઓ
**ત્તિ**-એ પ્રકારે
**બેમિ**-હું કહું છું

**ભાવાર્થ**-એથી જ ભમરા સરખા, તત્ત્વના જાણકાર, કુલાદિના પ્રતિબંધ-મમતા વગરના, જુદા જુદા પ્રકારના (ઘર દીઠ થોડા થોડા લેવાની અપેક્ષાએ, અભિગ્રહ વિશેષની અપેક્ષાએ અને રસ વિનાના) આહાર આદિમાં ઉદ્વેગ નહિ પામેલાને અને ઇન્દ્રિય તથા મનને દમનારા સાધુ કહીએ, એમ હું કહું છું. ૫.

ઇતિ દ્રુમપુષ્પિકા અધ્યયનમ્.

*

## ૨. શ્રામણ્યપૂર્વક અધ્યયનમ્

**कहं नु कुज्जा सामण्णं, जो कामे न निवारए ।**
**पए पए विसीअं(दं)तो, संकप्पस्स वसं गओ ॥१॥**

**कथं नु कुर्यात् श्रामण्यं, यः कामान्न निवारयेत् ।**
**पदे पदे विषीदन्, संकल्पस्य वशंगतः ॥१॥**

**કહું**–શી રીતે
**નુ**–ક્ષેપે (નિંદામાં)
**કુજ્જા**–પાળશે ?
**સામન્નં**–સાધુપણું
**જો**–જે
**કામે**–કામભોગોને
**ન**–નથી
**નિવારએ**–નિવારણ કરતો
**પએ પએ**–પગલે પગલે
**વિસીઅંતો**–વિષાદ પામતો
**સંકપ્પસ્સ**–સંકલ્પોને
**વસંગઓ**–વશ થયેલો

**ભાવાર્થ**–જે ખોટા વિચારોને વિવશ થઈને ડગલે પગલે ખેદ પામે છે અને કામભોગોથી પોતાનું મન વારી શકતો નથી, તે સાધુપણું કેમ પાળી શકશે ? ૧.

**वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य ।**
**अच्छंदा जे न भुंजंति, न ते चाइत्ति वुच्चइ ॥२॥**

वस्त्रगन्धालङ्कारान्, स्त्रियः शयनानि च ।
अच्छंदा ये न भुञ्जते, नासौ त्यागीत्युच्यते ॥२॥

**વત્થ**–કપડાં
**ગંધ**–સુગંધીદાર ચીજો
**અલંકારં**–ઘરેણાં
**ઇત્થીઓ**–સ્ત્રીઓ
**સયણાણિ**–પલંગ, આસન
**ય**–વળી

અચ્છંદા—જે પોતાને વશ નથી
જે—જે (મનુષ્ય)
ન—નહિ
ભુંજંતિ—ભોગવે છે
સે—તે
ચાઈ—ત્યાગી
ત્તિ—એવો
વુચ્ચઈ—કહેવાય છે

**ભાવાર્થ**—સુંદર વસ્ત્રો, સુગંધીદાર પદાર્થો, ઘરેણાં, મુકુટ આદિ અલંકારો, સુંદર સ્ત્રીઓ અને પલંગ વગેરે પોતાને આધીન ન હોવાથી જેઓ ભોગવતા નથી, તેને ત્યાગી ન કહેવાય; કારણ કે—તેનો મોહ તેમાં હજુ કાયમ છે. ૨.

**जे य कंते पिए भोए, लद्धे विपिट्ठि कुव्वइ ।**
**साहीणे चयइ भोए, से हु चाइत्ति वुच्चइ ॥३॥**

**यश्च कान्तान् प्रियान् भोगान्, लब्धान् विपृष्ठतः करोति ।**
**स्वाधीनान् त्यजति भोगान्, स खु त्यागीत्युच्यते ॥३॥**

જે ય—જે માણસ
કંતે—ચાહવા લાયક
પિએ—વ્હાલા
ભોએ—ભોગોને
લદ્ધે—પામ્યે છતે
વિપિટ્ઠિ—અનેક પ્રકારે
કુવ્વઈ—કરે છે
સાહીણે—પોતાને તાબે
ચયઈ—ત્યાગ કરે છે
સે—તે
હુ—નિશ્ચે
ચાઈ—ત્યાગી
ત્તિ—એમ
વુચ્ચઈ—કહેવાય છે

**ભાવાર્થ**—જે માણસ મનોહર, વ્હાલા શબ્દ આદિ વિષયોને પામીને શુભ પરિણામથી પોતાના તાબાના ભોગોનો ત્યાગ કરે છે, તેને નિયમા ત્યાગી કહેવો. ૩.

**समाइ पेहाइ परिव्वयंतो,**
**सिया मणो निस्सरई बहिद्धा ।**
**न सा महं नो वि अहं पि तीसे,**
**इच्चेव ताओ विणइज्ज रागं ॥४॥**

**समया प्रेक्षया परिव्रजतः, स्यान्मनो निःसरति बहिर्धा ।**
**न सा मम नोऽप्यहमपि तस्याः; इत्येव ततो व्यपनयेद्रागम्॥४॥**

समाई—સરખી
પેહાઈ—દૃષ્ટિ વડે
પરિવ્વયંતો—સંજમમાં વિચરતો
સિયા—કદાચિત્
મણો—મન
નિસ્સરઈ—નીકળે
બહિદ્ધા—સંયમથી બહાર
ન—નથી
સા—તે (સ્ત્રી)
મહં—મારી
નો—નથી
વિ—પણ
અહં—હું
તીસે—તેણીનો
ઇચ્ચેવ—એ પ્રમાણે
તાઓ—તે સ્ત્રીથી
વિણઇજ્જ—કાઢી નાંખે
રાગં—રાગને

**ભાવાર્થ**—સ્વ–પર સમાન દૃષ્ટિએ ચાલતાં, જો કદાચ કર્મની વિચિત્રતાથી પોતાનું મન સંયમથી બહાર નીકળે, તો શુભ અધ્યવસાયથી રાગને દૂર કરવો. જેમ કે–જેના ઉપર રાગ થયો હોય, તેના ઉપર એવો વિચાર કરવો કે–તે મારી નથી અને હું તેણીનો નથી. સર્વ પ્રાણીઓ પોતાના જુદા જુદા કર્મો ભોગવે છે. ૪.

आयावयाही चय सोगमल्लं,
कामे कमाही कमियं खु दुक्खं ।
छिंदाहि दोसं विणइ(ए)ज्ज रागं,
एवं सुही होहिसि संपराअे ॥५॥

आतापय त्यज सौकुमार्यं, कामान् क्राम क्रान्तं खु दुःखम् ।
छिन्धि द्वेषं व्यपनय रागं, एवं सुखो भविष्यसि सम्पराये ॥५॥

| | |
|---|---|
| આયાવયાહી–આતાપના લે | છિંદાહિ–નાશ કર |
| ચય–ત્યાગ કર | દોસં–દ્વેષ |
| સોગમલ્લં–કોમલપણું | વિણઈજ્જ–દૂર કર |
| કામે–કામને | રાગં–રાગ |
| કમાહી–ઉલ્લંઘ | એવં–એ રીતે |
| કમિયં–ઉલ્લંઘાયેલું | સુહી–સુખી |
| ખુ–નિશ્ચયથી | હોહિસિ–થઈશ |
| દુક્ખં–દુઃખ | સંપરાએ–સંસારમાં |

**ભાવાર્થ**–મનને વશ કરવા તું આતાપના લે! (ઉનોદરિકા આદિ તપ કર!) કોમલપણું છોડી દે! કોમલતાથી કામની ઈચ્છા પ્રવર્તે છે તથા સ્ત્રીઓને પ્રાર્થનીય બને છે. એમ આ બન્ને ભાવનાને અંગીકાર કરી કામને ઉલ્લંઘી જાદાબી દે! નહિતર જો કામ તને દાબશે તો દુઃખ થશે! માટે દ્વેષને છેદ અને રાગને દૂર કર! એમ કરવાથી સંસારને વિષે જ્યાં સુધી રહીશ ત્યાં સુધી સુખી થઈશ. ૫.

**पक्खंदे जलियं जोइं, धूमकेउं दुरासयं ।**
**नेच्छंति वंतयं भोत्तुं, कुले जाया अगंधने ॥६॥**

प्रस्कन्दन्ति ज्वलितं ज्योतिः, धूमकेतुं दुरासदम् ।
नेच्छन्ति वान्तं भोक्तुं, कुले जाता अगन्धने ॥६॥

પક્ખંદે–આશ્રય કરે છે
જલિયં–બળતી
જોઇં–અગ્નિને
ધૂમકેઉં–ધૂમાડાના ચિહ્નવાળી
દુરાસયં–દુઃખે સહન કરી શકાય એવી
નેચ્છંતિ–ઇચ્છતા નથી
વંતયં–વમેલું
ભોત્તું–ભોગવવાને
કુલે–કુલમાં
જાયા–જન્મેલા
અગંધને–અગંધન જાતિના નાગ

**ભાવાર્થ**–અગંધન કુલના સાપો ધૂમાડાના ચિહ્નવાળી અને દુઃસહ જ્વાલાવાળી અગ્નિમાં પેસે છે, પણ વમેલા વિષને પાછું પીવા ઇચ્છતા નથી. (તો હું શ્રી જિનવચનનો જાણ થઈ, વિપાકે અતિ વિષમ એવા વિષયોને તજીને પણ ફરીથી ભોગવવા કેમ ઇચ્છું ?) ૬.

**धिग(र)त्थु ते जसोकामी, जो तं जीवियकारणा ।**
**वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥७॥**

धिगस्तु ते यशःकामिन्, यस्त्वं जीवितकारणात् ।
वान्तमिच्छसि आपातुं, श्रेयस्ते मरणं भवेत् ॥७॥

| | |
|---|---|
| **ધિગત્થુ**–ધિક્કાર હો | **વંતં**–વમેલાને |
| **તે**–તે | **ઈચ્છસિ**–ઈચ્છે છે |
| **જસો**–યશના | **આવેઉં**–પીવાને |
| **કામી**–અભિલાષી | **સેયં**–કલ્યાણકારી |
| **જો**–જે | **તે**–તને |
| **તં**–તું | **મરણં**–મરણ |
| **જીવિયકારણા**–જીવવાને માટે (અસંયમ રૂપ) | **ભવે**–થાય |

**ભાવાર્થ**–હે કીર્તિકામી! (રથનેમિ!) તારા પરાક્રમને ધિક્કાર હો! અસંયમ જીવને જીવવા માટે, વમેલી–ભગવાન નેમિનાથે છોડેલી એવી મને તું ભોગવવા ઈચ્છે છે? આ મર્યાદાને ઓળંગવા કરતાં તારે મરવું કલ્યાણકારી છે. ૭.

**अहं च भोगरायस्स तं, च सि अंधगविण्हिणो।**
**मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ॥८॥**

**अहं च भोगराजस्य, त्वं चासि अन्धकवृष्णेः।**
**मा कुले गन्धनौ भूव, संयमं निभृतश्चर ॥८॥**

| | |
|---|---|
| **અહં**–હું | **મા**–નહિ |
| **ભોગરાયસ્સ**–ઉગ્રસેન રાજાની | **કુલે**–કુળમાં |
| **તં**–તું | **ગંધણા**–ગંધન કુલના |
| **સિ**–છે | **હોમો**–થઈએ |
| **અંધગવણ્હિણો**–અંધકવૃષ્ણિ કુલનો (સમુદ્રવિજય રાજાનો પુત્ર) | **સંજમે**–સંયમમાં |
| | **નિહુઓ**–સ્થિર મનવાળો |
| | **ચર**–ચાલ |

**ભાવાર્થ**-હું ઉગ્રસેન રાજાની પુત્રી છું અને તું સમુદ્રવિજય રાજાનો પુત્ર છે. આમ આપણે બન્ને ઉત્તમ કુલમાં જન્મીને ગંધન કુલના નાગ જેવા મ બનીએ! માટે સંયમમાં-સર્વ દુઃખનિવારક ક્રિયાકલાપમાં સ્થિર મનવાળો બની તું વિચર! ૮.

**जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारिओ।**
**वायाविध्धुव्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥९॥**

यदि त्वं करिष्यसि भावं, या या द्रक्ष्यसि नारीः।
वाताविद्ध इव हडः, अस्थितात्मा भविष्यसि ॥९॥

| | |
|---|---|
| જઈ-જો | નારિઓ-સ્ત્રીઓને |
| તં-તુ | વાયાવિધ્ધુ-વાયરા વડે હલાવાયેલી |
| કાહિસિ-કરીશ | વ્વ-પેઠે |
| ભાવં-અભિલાષ | હડો-હડ નામની વનસ્પતિ |
| જાજા-જે જે | અટ્ઠિઅપ્પા-ચલિત ચિત્તવાળો |
| દિચ્છસિ-જોઈશ | ભવિસ્સસિ-થઈશ |

**ભાવાર્થ**-હે રથનેમિ! તમે જે જે સ્ત્રીઓના રૂપને નીરખશો અને તે તે પ્રત્યે ખોટા વિચારો કરશો, તો જેનું મૂળ સજ્જડ બંધાયેલ નથી એવી હડો નામની વનસ્પતિ જેમ વાયરાથી ઉખડી જાય છે, તેમ તમે પણ સંયમમાં નહિ બંધાયેલ હોઈ સંસારમાં પ્રમાદ પવનથી હલાવાયેલા આમ-તેમ ભટકતા થશો! ૯.

**तीसे सो वयणं सोच्चा, संजयाइ सुभासियं ।**
**अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ॥१०॥**

**तस्या असौ वचनं श्रुत्वा, संयतायाः सुभाषितं ।**
**अङ्कुशेन यथा नागो, धर्मे सम्प्रतिपादितः ॥१०॥**

**તીસે**–તેણીના
**સો**–તે
**વયણં**–વચન
**સોચ્ચા**–સાંભળીને
**સંજયાઇ**–સંયમવાળીના
**સુભાસિયં**–સારાં કહેલાં
**અંકુસેણ**–અંકુશ વડે
**જહા**–જેમ
**નાગો**–હાથો
**ધમ્મે**–ધર્મમાં
**સંપડિવાઇઓ**–સ્થિર થયા

**ભાવાર્થ**–તે સંયમવંતી રાજીમતીના સારાં કહેલાં વચનોથી જેમ અંકુશથી હાથી સ્થિર થાય, તેમ રથનેમિ ધર્મના વિષયમાં સ્થિર થયા. ૧૦.

**एवं करंति संबुद्धा, पंडिया पवियक्खणा ।**
**विणिअट्टंति भोगेसु,**
**जहा से पुरिसुत्तमो त्ति बेमि ॥११॥**

**एवं कुर्वन्ति सम्बुद्धाः, पण्डिताः प्रविचक्षणाः ।**
**विनिवर्त्तन्ते भोगेभ्यो, यथाऽसौ पुरुषोत्तमः ॥इति ब्रवीमि ।११।**

**એવં**–એ રીતે
**કરંતિ**–કરે છે
**સંબુદ્ધા**–સારી રીતે બોધ પામેલા
**પંડિયા**–સત્ત્વગ્રાહક બુદ્ધિશાળીઓ
**પવિયક્ખણા**–અત્યંત વિચક્ષણ
**વિણિઅટ્ટંતિ**–પાછા ફરે છે

| | |
|---|---|
| ભોગેસુ—ભોગોથી | સે—તે |
| જહા—જેમ | પુરિસુત્તમો—પુરુષોમાં ઉત્તમ |

**ભાવાર્થ**—જેમ પુરુષોમાં ઉત્તમ રથનેમિ રાજીમતીના વિશિષ્ટ વચને વિષય—વિષથી પાછા હટ્યા, તેમ સમ્યગ્જ્ઞાનથી વિષયના સ્વભાવના જાણ—સમ્યગ્દૃષ્ટિ, તેમજ વમેલા ભોગને સેવવાથી થતી પાયમાલીને પીછાણનાર પાપભીરૂ આત્માઓ વિષયોથી પાછા ફરે છે. ૧૧.

ઇતિ શ્રામણ્યપૂર્વક અધ્યયનમ્

*

## ૩. ક્ષુલ્લકાચાર અધ્યયનમ્

**संजमे सुट्ठियप्पाणं, विप्पमुक्काण ताइणं ।**
**तेसिमेयमणाइन्नं, निग्गंथाणं महेसिणं ॥१॥**

**संयमे सुस्थितात्मनां, विप्रमुक्तानां तायिनाम् ।**
**तेषामिदमनाचीर्णं, निर्ग्रन्थानां महर्षीणाम् ॥१॥**

| | |
|---|---|
| સંજમે—સંયમમાં | તેસિં—તેમને |
| સુટ્ઠિયપ્પાણં—સુસ્થિર આત્માવાળા | એયં—આ |
| વિપ્પમુક્કાણ—પરિગ્રહથી રહિત | અણાઇન્નં—આચરવા યોગ્ય નહિ |
| તાઇણં—સ્વ-પર-રક્ષક | નિગ્ગંથાણં—નિર્ગ્રંથોને |
| | મહેસિણં—મહર્ષિઓને |

**ભાવાર્થ**—સર્વથા સંસારથી મુક્ત થયેલા, સ્વ—પર ઉભયરક્ષક અને સંયમમાં સિદ્ધાન્તરીતિપૂર્વક આત્માને રાખવાવાળા

નિર્ગ્રંથ મહર્ષિઓને, હવે પછી જે આગળ બતાવવામાં આવશે તે આચરવાયોગ્ય નથી. ૧.

**उद्देसियं कीयगडं, नियागमभिहडाणि य ।**
**राइभत्ते सिणाणे य, गंधमल्ले य वीयणे ॥२॥**

**औद्देशिकं क्रीतकृतं, नियागमभ्याहृतानि च ।**
**रात्रिभक्तं स्नानं च, गन्धमाल्यं च वीजनम् ॥२॥**

**ઉદ્દેસિયં**-ઉદ્દેશીને કરેલું
**કીયગડં**-વેચાતું આણેલું
**નિયાગં**-આમંત્રણ કરનારનું લેવું
**અભિહડાણિ ય**-સામો લાવેલો પદાર્થ
**રાઇભત્તે**-રાત્રિભોજન
**સિણાણે**-સ્નાન
**ય**-અને
**ગંધમલ્લે**-સુગંધીદાર ચીજ અને ફૂલની માળા
**ય**-અને
**વીયણે**-પંખો

**ભાવાર્થ**-સાધુને ઉદ્દેશીને કરેલ આહારાદિ, સાધુ નિમિત્તે વેચાતું લાવીને આપે, આમંત્રણ કરનારનો આહાર, સાધુ નિમિત્તે સ્વગ્રામ આદિથી સામો લાવેલો આહાર, રાત્રિભોજન, દેશતઃ સર્વતઃ સ્નાન, સુગંધીદાર પદાર્થો, ફૂલની માળ, પંખો, એ અકલ્પ્ય છે. ૨.

**संनिहिगिहिमत्ते य, रायपिंडे किमिच्छए ।**
**संवाहणा दंतपहोयणा य,**
**संपुच्छणा देहपलोयणा य ॥३॥**

सन्निधिर्गृहिमत्रं च, राजपिण्डः किमिच्छकः ।
संवाहनं दन्तप्रधावनं च, सम्पृच्छनं देहप्रलोकनं च ॥३॥

| | |
|---|---|
| સંનિહિ–ઘી–ગોળ આદિનો સંચય કરવો | કિમિચ્છએ–દાનશાળાનો આહાર |
| ગિહિમત્તે–ગૃહસ્થના વાસણ | સંવાહણા–તૈલાદિનું મર્દન |
| ય–એને | દંતપહોયણા–દંતધાવન |
| રાયપિંડ–રાજપિંડ | સંપુચ્છણા–ગૃહસ્થને કુશલ પ્રશ્ન |
| | દેહપલોયણા–દર્પણમાં દેહદર્શન |

ભાવાર્થ–ઘી–ગોળ રાખવાં, ગૃહસ્થના વાસણમાં ભોજન, રાજપિંડ, દાનશાળા આદિનો આહાર, તૈલાદિનું મર્દન, દંતધાવન, ગૃહ સંબંધી સાવદ્ય ગૃહસ્થને પૂછવું અને આરિસામાં મુખ આદિ શરીરનું જોવું, એ અકલ્પ્ય છે. ૩.

अट्ठावए य नालीए, छत्तस्स य धारणट्ठाए ।
तेगिच्छं पाहणापाए, समारंभं च जोईणो ॥४॥

अष्टापदं च नालीका, छत्रस्य च धारणमनर्थाय ।
चैकित्स्यमुपानहौ पादयोः, समारम्भं च ज्योतिषः ॥४॥

| | |
|---|---|
| અટ્ઠાવએ–જુગટું રમવું | તેગિચ્છં–દવા કરવી |
| નાલીયે–ગંજીફા વગેરેની રમત | પાહણા–પગરખાં |
| છત્તસ્સ–છત્રનું | પાએ–પગે |
| ધાર–ધારણ કરવું | સમારંભં–આરંભ કરવો |
| અણટ્ઠાએ–અનર્થને માટે | જોઈણો–અગ્નિનો |

ભાવાર્થ–જુગટું રમવું (ગૃહસ્થોને નિમિત્તાદિ કહેવું), પાસા નાખવા, અનર્થકારી છત્રનું ધારણ કરવું, રોગની ચિકિત્સા કરવી, પગમાં બૂટ પહેરવા અને અગ્નિનો આરંભ, એ અકલ્પ્ય છે. ૪.

**सिज्जायरपिंडं च, आसंदीपलियंकए ।**

**गिहंतरनिसिज्जा य, गायस्सुव्वट्टणाणिय ॥५॥**

**शय्यातरपिण्डश्च, आसन्दिपर्यङ्कौ ।**

**गृहान्तरनिषद्या च, गात्रस्योद्वर्त्तनानि च ॥५॥**

સિજ્જાયરપિંડં–શય્યાતર પિંડ
ચ–વળી
આંસદી–નેતરની ખુરશી
પાલિયંકએ–ખાટલો વગેરે
ગિહંતર–એ ઘરની વચ્ચે બીજે ઠેકાણે
ય–વળી
ગાયસ્સ–શરીરનું
ઉવ્વટ્ટણાણિ–સાફ કરવું

**ભાવાર્થ**–મકાનમાલિકના ઘરનો આહાર, નેતરની ખુરશી, પલંગ વગેરે ઉપર સૂવું, ઘરની વચમાં કે શેરી વગેરેમાં બેસવું, મેલ વગેરે દૂર કરી શરીરની શોભા કરવી, એ અકલ્પ્ય છે. ૫.

**गिहिणो वेआवडियं, जा य आजीववत्तिया ।**

**तत्तानिव्वुडभोइत्तं, आउरस्सरणाणि य ॥६॥**

**गृहिणो वैयावृत्त्यं, या च आजीववृत्तिता ।**

**तप्तानिवृत्तभोजित्वं, आतुरस्मरणानि च ॥६॥**

ગિહિણો–ગૃહસ્થની
વેઆવડિયં–વૈયાવચ્ચ કરવી
જા–જે
આજીવવત્તિયા–જાતિ વગેરેથી આજીવિકા ચલાવવી
તત્તા–તપાવેલું
અનિવ્વુડ–ત્રણ ઉકાળા વગરનું
ભોઈત્તં–પાણી પીવું
આઉરે–આતુરતાથી
સરણાણિ–સ્મરણ કરવું

ભાવાર્થ-ગૃહસ્થીની વૈયાવચ્ચ કરવી, સ્વ-જાતિ આદિ કહીને આજીવિકા કરવી, મિશ્ર-સચિત્ત પાણી પીવું, દુઃખીયોએ પૂર્વે ભોગવેલ સુખનું સ્મરણ કરવું, એ અકલ્પ્ય છે. ૬.

**मूलए सिंगबेरे य, उच्छुखंडे अनिव्वुडे ।**
**कन्दे मूले य सच्चित्ते, फले बीए य आमए ॥७॥**
**सोवच्चले सिंधवे लोणे, रोमालोणे य आमए ।**
**सामुद्दे पंसुखारे य, कालालोणे य आमए ॥८॥**

मूलकः शृङ्गबेरं च, इक्षुखण्डमनिर्वृतम् ।
कन्दो मूलं च सचित्तं, फलं बीजं च आमकम् ॥७॥
सौवर्चलं सैन्धवं लवणं, रुमालवणं च आमकम् ।
सामुद्रं पांशुखारश्च, कृष्णलवणं च आमकम् ॥८॥

મૂલએ-મૂળા
સિંગબેરે-આદુ
ઇચ્છુ-શેરડીના
ખંડે-કકડા
અનિવ્વુડે-કાચા, પાકયા વગરના
કંદે-કંદ
મૂલે-મૂલ
સચિત્તે-સચિત્ત
ફલે-ફળ
બીએ-બીજ
આમએ-કાચાં હોય
સોવચ્ચલે-સંચળ
સિંધવે-સિંધવ
લોણે-કાચું મીઠું
રોમાલોણે-રોમકખાર
સામુદ્દે-સમુદ્રનું લૂણ
પંસુખારે-ખારો
કાલાલોણે-કાળું લૂણ

ભાવાર્થ-કાચા-સચિત્ત મૂળા, આદુ, શેલડી, કંદ, મૂળ, ફળ, બીજ, સંચળ, સિંધવ, લવણ, ખાણનું મીઠું, રોમક-

ખાર, સમુદ્રનું લૂણ, ખારો, કાળું લવણ, આ સર્વ સચિત્ત વસ્તુ અકલ્પ્ય છે. ૭–૮.

धुवणेत्ति वमणे य, वत्थीकम्मविरेयणे ।
अंजणे दंतवण्णे(णे)य, गायाभंगविभूसणे ॥९॥
सव्वमेयमणाइन्नं, निग्गंथाणं महेसिणं ।
संजमम्मि य जुत्ताणं, लहुभूयविहारिणं ॥१०॥

धूपनमिति वमनं च, बस्तिकर्म विरेचनम् ।
अञ्जनं दन्तवर्णश्च, गात्राऽभ्यङ्गविभूषणे ॥९॥
सर्वमेतदनाचीर्णं, निर्ग्रन्थानां महर्षीणाम् ।
संयमे च युक्तानां, लघुभूतविहारिणाम् ॥१०॥

ધુવણે–કપડાં ધૂપવાં
ત્તિ–એમ
વમણે–વમન કરવું
વત્થીકમ્મ–બસ્તિકર્મ
વિરેયણે–રેચ લેવો
અંજણે–અંજન કરવું
દંતવણ્ણે–દાંતોને રંગવા
ગાયાભંગ–શરીરને ચોળવું
વિભૂસણે–અલંકાર ધારણ કરવા
સવ્વં–સર્વ
એઅં–આ
અણાઈન્નં–અકલ્પ્ય
નિગ્ગંથાણં–નિર્ગ્રંથોને
મહેસિણં–મહર્ષિઓને
સંજમંમિ–સંયમમાં
જુત્તાણં–યુક્ત
લહુભૂઅ–વાયુની પેઠે
વિહારિણં–વિહાર કરનારને

**ભાવાર્થ**–કપડાં ધૂપથી ખુશબોદાર કરવાં, વમન કરવું, બસ્તિકર્મ–એનીમા આદિ લેવા, રેચ લેવો, સુરમો આંજવો,

દાંત રંગવા, શરીરને ચોળવું, અલંકારો ધારવા, આ સર્વ ક્રિયાઓ સંયમમાં યુક્ત અને વાયુની માફક અપ્રતિબદ્ધ વિહારી નિર્ગ્રંથ મહાત્માઓને અકલ્પ્ય છે. ૯—૧૦.

**पंचासवपरिण्णाया, तिगुत्ता छसु संजया ।**
**पंचनिग्गहणा धीरा, निग्गंथा उज्जुदंसिणो ॥११॥**

**पञ्चाश्रवपरिज्ञाताः, त्रिगुप्ताः षट्सु संयताः ।**
**पञ्चनिग्रहणा धीरा, निर्ग्रन्था ऋजुदर्शिनः ॥११॥**

પંચાસવ—પાંચ આશ્રવોને
પરિણ્ણાયા—સમસ્ત રીતે જાણનાર
તિગુત્તા—ત્રણ ગુપ્તિવાળા
છસુ—૭ જીવનિકાયમાં
સંજયા—રક્ષા કરનારા
પંચનિગ્ગહણા—પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ કરનાર
ધીરા—ધીર
નિગ્ગંથા—નિર્ગ્રંથો
ઉજ્જુદંસિણો—સરલતાથી જોનારા

**ભાવાર્થ**—પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવના જાણકાર, મનગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિથી ગુપ્ત, છકાય જીવની રક્ષા કરનાર, પાંચ ઇન્દ્રિયોને વશ કરનાર અને ધીર તથા સંયમને ઉપાદેય રૂપે જોનારા નિર્ગ્રંથો હોય છે. ૧૧.

**आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा ।**
**वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ॥१२॥**

**आतापयन्ति ग्रीष्मेषु, हेमन्तेषु अप्रावृताः ।**
**वर्षासु प्रतिसंलीनाः, संयताः सुसमाहिताः ॥१२॥**

**આયાવયંતિ**–આતાપના લે છે
**ગિમ્હેસુ**–ઉનાળામાં
**હેમંતેસુ**–શિયાળામાં
**અવાઉડા**–વસ્ત્ર વિનાના
**વાસાસુ**–ચોમાસામાં
**પડિસંલીણા**–એક સ્થળે રહી
**સંજયા**–સાધુઓ
**સુસમાહિયા**–અતિશે જ્ઞાના-
દિમાં યત્ન કરનારા

**ભાવાર્થ**–તે મહાત્માઓ ઉનાળામાં આતાપના લે છે, શિયાળામાં વસ્ત્ર વગરના રહે છે અને ચોમાસામાં એક સ્થળે રહી જ્ઞાનાદિમાં ઉજમાળ રહે છે. ૧૨.

**परिसहरिउदंता, धूअमोहा जिइंदिया ।**
**सव्वदुक्खप्पहा(ही)णट्ठा, पक्कमंति महेसिणो ॥१३॥**

परिषहरिपुदान्ता, धूतमोहा जितेन्द्रियाः ।
सर्वदुःखप्रहाणार्थे, प्रक्रामन्ति महर्षयः ॥१३॥

**પરિસહરિઉ**–પરિષહરૂપી વેરીને
**દાંતા**–દમનારા
**ધૂઅમોહા**–મોહને દૂર કરનારા
**જિઇંદિયા**–જિતેન્દ્રિયો
**સવ્વદુક્ખ**–સર્વ દુઃખને
**પ્પહીણટ્ઠા**–અતિશે નાશ
કરવાને
**પક્કમંતિ**–ઉદ્યમ કરે છે
**મહેસિણો**–મોટા ઋષિઓ

**ભાવાર્થ**–પરિષહ શત્રુને દમીને, મોહને દૂર કરીને અને ઇન્દ્રિયોને જીતીને તે મહાત્માઓ સર્વ દુઃખનો ક્ષય કરવાને ઉદ્યમ કરે છે. ૧૩.

**दुक्कराइं करित्ताणं, दुस्सहाइं सहेत्तु य ।**
**केइत्थ देवलोएसु, केइ सिज्झंति नीरया ॥१४॥**

दुष्कराणि कृत्वा च, दुस्सहानि सहित्वा च ।
केऽप्यतो देवलोकेषु, केचित्सिद्धयन्ति नीरजस्काः ॥१४॥

દુક્કરાઇં–દુષ્કર કામોને
કરિત્તાણં–કરીને
દુસ્સહાઇં–દુઃખે સહન કરવા-યોગ્ય
સહેત્તુ ય–સહન કરીને
કેઈ–કેટલાક
ઈત્થ–અહીંથી
દેવલોએસુ–દેવલોકમાં
સિજ્જંતિ–સિદ્ધિ પામે છે
નીરયા–કર્મરૂપી રજથી રહિત

**ભાવાર્થ**–આવાં ઉપરોક્ત અનાચીર્ણના ત્યાગ આદિ દુષ્કર કાર્યો કરીને અને દુઃસહ આતાપના આદિ કરીને કેટલાક મહર્ષિઓ અહીંથી દેવલોકમાં જાય છે અને કર્મક્ષય કરી મોક્ષે જાય છે. ૧૪.

**खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।**
**सिद्धिमग्गमणुपत्ता,**
**ताइणो परिनिव्वुडे. त्ति बेमि ॥१५॥**

क्षपयित्वा पूर्वकर्माणि, संयमेन तपसा च ।
सिद्धिमार्गमनुप्राप्ताः, तायिनः परिनिर्वृता (वान्ति)
इति ब्रवीमि ॥१५॥

ખવિત્તા–ખપાવીને
પુવ્વકમ્માઇં–પૂર્વ કર્મોને
સંજમેણ–સંયમ વડે
તવેણ–તપ વડે
સિદ્ધિમગ્ગં–સિદ્ધિમાર્ગને
અણુપત્તા–પામ્યા
તાઇણો–છકાયના રક્ષક
પરિનિવ્વુડે–સર્વ પ્રકારે સિદ્ધિ પામ્યા

**ભાવાર્થ**–જે મહર્ષિઓ દેવલોકમાં ગયા છે, તે ત્યાંથી ચ્યવીને આ મનુષ્યલોકમાં આવીને સંયમથી અને તપથી બાકી રહેલા કર્મોને ખપાવે છે. એવી રીતે ક્રમસર સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ પામીને સ્વ–પર–રક્ષક બની મોક્ષે જાય છે. ૧૫.

ઇતિ ક્ષુલ્લકાચાર અધ્યયનમ્.

※

## ૪. ષડ્જીવનિકા અધ્યયનમ્

**सुअं मे आउसं ! तेणं भगवया एवमक्खायं, इह खलु छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ सुअक्खाया सुपन्नत्ता, सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ॥१॥**

श्रुतं मया आयुष्मन् ! तेन भगवतैवमाख्यातं,
(एषा) इह खलु षड्जीवनिका नामाध्ययनं श्रमणेन भगवता,
महावीरेण काश्यपेन प्रवेदिता स्वाख्याता सुप्रज्ञप्ता,
श्रेयो मे अध्येतुं अध्ययनं धर्मप्रज्ञप्तिः ॥ १ ॥

**સુયં**–સાંભળ્યું છે
**મે**–મેં
**આઉસંતેણ**–આયુષ્યમાન
**ભગવયા**–ભગવંતે
**એવં**–આ રીતે
**અક્ખાયં**–કહ્યું છે
**ઇહ**–અહીં
**ખલુ**–નિશ્ચયથી
**છજ્જીવણિયા**–છ જીવનિકાય
**નામ**–નામનું

| | |
|---|---|
| અજ્ઝયણં–અધ્યયન | અક્ખાયા–કહ્યું છે |
| સમણેણં–શ્રમણ | સુપન્નત્તા–સારી પેઠે અમલમાં મૂકીને કહ્યું છે |
| ભગવયા–ભગવંતે | સેયં–કલ્યાણકારી છે |
| મહાવીરેણં–મહાવીરે | મે–મને |
| કાસવેણં–કાશ્યપગોત્રીએ | અહિજ્જિઉં–ભણવાનુ |
| પવેઈઆ–કેવલજ્ઞાનથી જાણીને | ધમ્મપન્નત્તિ–ધર્મને પ્રરૂપવાવાળુ |
| સુ–ભલીપરે | |

**ભાવાર્થ**–(સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે–) હે આયુષ્યમાન્ જંબૂ! મેં ભગવાન શ્રી મહાવીરદેવ પાસેથી સાંભળ્યું છે કે–તે કાશ્યપગોત્રીય ભગવાને આ ષડ્જીવનિકાય નામનું અધ્યયન કેવલજ્ઞાન વડે જાણીને પર્ષદામાં કહ્યું અને પોતે તે પ્રમાણે પાળ્યું. તો આ ધર્મપ્રજ્ઞપ્તિ અધ્યયન ભણવું મારે શ્રેયસ્કર છે.

**कयरा खलु सा छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ सुअक्खाया सुपन्नत्ता सेअं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ? ॥२॥**

कतरा खलु सा षड्जीवनिकानामाध्ययनम्, श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिता स्वाख्याता सुप्रज्ञप्ता श्रेयो मे अध्येतुं अध्ययनं धर्मप्रज्ञप्तिः ? ॥ २ ॥

કયરા=કયું ? બાકીના શબ્દાર્થ ઉપર પ્રમાણે.

ભાવાર્થ-(શિષ્ય પ્રશ્ન) હે ભગવન્! કયું તે છજ્જીવનિકાય નામનું અધ્યયન શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી કાશ્યપગોત્રીએ જ્ઞાનથી જાણ્યું, કહ્યું અને પાળ્યું? તે ભણવું મારે શ્રેયસ્કર છે. ૨.

**इमा खलु सा छज्जीवणिया नामज्झयणं। समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ सुअक्खाया सुपन्नत्ता सेअं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ॥३॥**

एषा खलु सा षड्जीवनिका नामाध्ययनम्। श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिता स्वाख्याता सुप्रज्ञप्ता श्रेयो मे अध्येतुं अध्ययनं धर्मप्रज्ञप्तिः ॥ ३ ॥

શબ્દાર્થ ઉપર પ્રમાણે જાણી લેવો.

ભાવાર્થ-હે શિષ્ય! જે આગળ બતાવું છું તે છ જીવનિકાય નામનું અધ્યયન, કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવે જાણ્યું, કહ્યું અને પાળ્યું. તે ધર્મને જણાવનાર અધ્યયન ભણવું મને (તને) શ્રેયસ્કર છે. ૩.

**तं जहा-पुढविकाइआ आउकाइआ तेउकाइआ, वाउकाइआ वणस्सइकाइआ तसकाइआ ॥४॥**

**पुढवी चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ॥५॥**

आऊ चित्तमंतमक्खाया अणेगजीवा,
पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ॥६॥
तेऊ चित्तमंतमक्खाया अणेगजीवा,
पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ॥७॥
वाऊचित्तमंतमक्खाया अणेगजीवा,
पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ॥८॥
वणस्सइ चित्तमंतमक्खाया, अणेगजीवा ।
पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ॥९॥

तद्यथा–पृथिवीकायिका अप्कायिकास्तेजःकायिकाः,
वायुकायिका वनस्पतिकायिकास्त्रसकायिकाः ॥४॥

पृथिवी चित्तवत्याख्याता, अनेकजीवा ।
पृथक्सत्त्वा अन्यत्र शस्त्रपरिणतेन ॥ ५ ॥
आपश्चित्तवत्य आख्याता अनेकजीवाः ।
पृथक्सत्त्वा अन्यत्र शस्त्रपरिणतेन ॥ ६ ॥
तेजश्चित्तवदाख्यातं अनेकजीवम् ।
पृथक्सत्त्वमन्यत्र शस्त्रपरिणतेन ॥ ७ ॥
वायुश्चित्तवानाख्यातः अनेकजीवः ।
पृथक्सत्त्वः अन्यत्र शस्त्रपरिणतेन ॥ ८ ॥

वनस्पतिश्चित्तवानाख्यातः अनेकजीवः।
पृथक्सत्त्वः अन्यत्र शस्त्रपरिणतेन ॥ ९ ॥

તં જહા–તે આ પ્રમાણે
પુઢવિકાઈઆ–પૃથ્વીકાયના
આઉકાઇઆ–અપૂકાયના
તેઉકાઇઆ–અગ્નિકાયના
વાઉકાઇઆ–વાયુકાયના
વણસ્સઈકાઈઆ–વનસ્પતિ-કાયના
તસકાઈઆ–ત્રસકાયના
પુઢવી–પૃથ્વી
ચિત્તમંતં–જીવવાળી
અક્ખાયા–કહી છે
અણેગજીવા–અનેક જીવ
પુઢો–જુદા જુદા
સત્તા–જીવ છે
અન્નત્થ–બીજે ઠેકાણે
સત્થ–શસ્ત્ર વડે
પરિણએણં–અચિત્ત થયેલી

બાકીના પહેલાની માફક શબ્દાર્થ સમજવા.

**ભાવાર્થ**–તે ષટ્જીવનિકાય આ પ્રમાણે–પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય.

**પૃથ્વી** જીવવાળી છે. તેમાં અનેક જીવો છે. તે સર્વે જુદા જુદા છે. ભિન્ન ભિન્ન વર્ણ–રસ–ગંધ–સ્પર્શવાળી પૃથ્વી રૂપ સ્વકાય, અગ્નિ–જળ આદિ પરકાય અને સ્વ–પર ઉભય રૂપ ઉભયકાય–એમ ત્રણ પ્રકારના શસ્ત્રોથી અચિત્ત (જીવ વિનાની) થયેલી પૃથ્વી વિના બાકી પૃથ્વી સચિત્ત (જીવવાળી) છે. ૪–૫.

**પાણી** સચિત્ત છે. તેમાં અનેક જીવો છે. તે સર્વે જુદા જુદા છે. પરંતુ અગ્નિ આદિ પરકાય, સ્વકાય અને ઉભયકાય શસ્ત્રથી અચિત્ત થયેલ પાણી વિના સર્વ પાણી સચિત્ત છે. ૬.

**અગ્નિ** સચિત્ત છે. તેમાં અનેક જીવો છે. તે સર્વે જુદા

જુદા છે. સ્વકાય, પરકાય અને ઉભયકાય શસ્ત્રથી અચિત્ત થયેલ અગ્નિ વિના બીજો અગ્નિ સચિત્ત છે. ૭.

વાયુ સચિત્ત છે. તેમાં અનેક જીવો છે. તે સર્વે જુદા જુદા છે. સ્વકાય, પરકાય અને ઉભયકાય શસ્ત્રથી અચિત્ત થયેલ વાયુ વિના સર્વ વાયુકાય સચિત્ત છે. ૮.

વનસ્પતિ સચિત્ત છે. તેમાં અનેક જીવો છે. તે સર્વે જુદા જુદા છે. સ્વકાય, પરકાય અને ઉભયકાય શસ્ત્રથી અચિત્ત થયેલ વનસ્પતિ વિના બાકીની વનસ્પતિકાય સચિત્ત છે. ૯.

**तं जहा—अग्गवीआ, मूलबीआ, पोरबीआ, खंधबीआ बीअरुहा, संमुच्छिमा तणलया, वणस्सइकाइआ सबीआ चित्तमंत—मक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ॥१०॥**

तद्यथा—अग्रबीजा मूलबीजाः पर्वबीजाः स्कन्धबीजाः बीजरुहाः सम्मूर्च्छिमास्तृणलता, वनस्पतिकायिकाः सबीजश्चित्तवन्त आख्याता अनेकजीवाः पृथक्सत्त्वा अन्यत्र शस्त्रपरिणतेन ॥ १० ॥

**અગ્ગબીઆ**—અગ્ર ભાગ રૂપી બીજવાળા
**મૂલબીઆ**—મૂલરૂપી બીજવાળા
**પોરબીઆ**—ગાંઠરૂપી બીજવાળા
**ખંધબીઆ**—સ્કંધરૂપી બીજવાળા
**બીઅરુહા**—વાવવાથી ઉગે એવા
**સંમુચ્છિમા**—બીજના અભાવે ઉગે એવા
**તણ**—તૃણ
**લય**—લતા

વણસ્સઈકાઈઆ–વનસ્પતિ-કાયના
સબીઆ–બીજવાળા
ચિત્તમંતં–સચિત્ત
અક્ખાયા–કહ્યું છે
અણેગજીવા–અનેક જીવવાળા
પુઢોસત્તા–જુદા જીવવાળા
અન્નત્થ–સિવાય
સત્થ પરિણએણં–શસ્ત્ર પરિ-ણતથી

ભાવાર્થ–અગ્રભાગ રૂપી બીજવાળા કરંટ આદિ, મૂળ બીજવાળા કમલ આદિ, ગાંઠ રૂપી બીજવાળા શેલડી આદિ, સ્કંધ બીજવાળા વડ આદિ, બીજથી ઉગે તે ઘઉં, ડાંગર વગેરે, પ્રસિદ્ધ બીજના અભાવે ઉગે તે તૃણ–લતા વગેરે; આ બધી વનસ્પતિ બીજ સહિત જીવવાળી અનેક જીવવાળી તે સર્વે જુદા જુદા છે, પણ શસ્ત્રોથી અચિત્ત થયેલ વનસ્પતિમાં જીવ હોતા નથી. ૧૦.

**से जे पुण इमे अणेगे बहवे तसा पाणा, तं जहा–अंडया पोयया जराउआ रसया संसेइमा, संमुच्छिमा उब्भिया उववाइआ जेसिं केसिंचि, पाणाणं अभिक्कंतं पडिक्कंतं संकुचिअं पसारिअं, रुयंभंतं तसियं पलाइअं आगइगइविन्नाया जे अ कीडपयंगा, जा य कुंथुपिपीलिआ, सव्वे बेइंदिया, सव्वे तेइंदिया, सव्वे चउरिंदिया, सव्वे पंचिंदिया, सव्वे तिरिक्खजोणिआ, सव्वे नेरइआ, सव्वे मणुआ, सव्वे देवा, सव्वे पाणा**

**परमाहम्मिआ। एसो खलु छट्ठो जीवनिकाओ तसकाउत्ति, पवुच्चइ ॥ सूत्र-१ ॥**

अथ ये पुनरमी अनेके बहवस्त्रसाः प्राणाः, तद्यथा—अण्डजाः पोतजा जरायुजा रजसाः संस्वेदिमाः, सम्मूर्च्छिमा उद्भिज्जा औपपातिका येषां केषाञ्चित् प्राणिनां, अभिक्रान्तं प्रतिक्रान्तं सङ्कुचितं प्रसारितम् रुतं भ्रान्तं त्रस्तं पलायितं, आगतिगतिविज्ञातारः, ये च कीटपतङ्गाः, याश्च कुन्थुपिपोलिका, सर्वे द्वीन्द्रियाः सर्वे त्रीन्द्रियाः सर्वे चतुरिन्द्रियाः सर्वे पञ्चेन्द्रियाः सर्वे तिर्यग्योनयः सर्वे नैरयिकाः सर्वे मनुजाः सर्वे देवाः सर्वे प्राणिनः परमधर्म्माणः, एष खलु षष्ठो जीवनिकायस्त्रसकाय इति प्रोच्यते ॥ सूत्र-१ ॥

से—હવે
જે—જે
પુણ—વળી
ઇમે—આ
અણેગે—અનેક
બહુવે—ઘણા
તસા—ત્રસ
પાણા—જીવ
તં જહા—તે આ પ્રમાણે
અંડયા—અંડજ
પોયયા—પોતજ
જરાઉઆ—જરાયુજ
રસયા—રસજ
સંસેઈમ—સંસ્વેદિમ
સંમુચ્છિમ—સંમૂર્ચ્છિમ
ઉબ્ભિયા—જમીન ભેદીને થયેલ
ઉવવાઇઆ—ઔપપાતિક
જેસિં કેસિં ચિ—જે કોઈ
પાણાણં—પ્રાણીઓને
અભિક્કંતં—સામા આવતા
પડિક્કંતં—પાછા વળતાં
સંકુચિયં—શરીર સંકોચતા

પસારિઅં–પસારતાં
રૂઅં–શબ્દ કરતાં
ભંતં–ભમતાં
તસિઅં–ત્રાસ પામતાં
પલાઇઅં–નાસી જતાં
આગઇ–આવવું
ગઇ–જવું
વિન્નાયા–વિશેષ જાણતાં
જે અ–જેઓ
કીડપયંગા–કીડા, પતંગીયા
જા અ–જે વળી
કુંથુ–કુંથુવા
પિપીલિઆ–કીડીઓ
સવ્વે–સર્વે
બેઇન્દિયા–બેઇન્દ્રિય
તેઇન્દિયા–તેઇન્દ્રિય
ચઉરિંદિયા–ચાર ઇન્દ્રિયવાળા
પંચિંદિયા–પાંચ ઇન્દ્રિયવાળા
તિરિક્ખ–તિર્યંચ
જોણિયા–યોનિવાળા
નેરઇઆ–નારકી
મણુઆ–મનુષ્યો
દેવા–દેવતા
પાણા–જીવ
પરમાહમ્મિઆ–પરમ સુખના અભિલાષી
એસો–આ
ખલુ–નિશ્ચયથી
છટ્ઠો–છટ્ઠો
જીવનિકાયો–જીવનિકાય
ત્તિ–એમ
પવુચ્ચઈ–કહેવાય છે

ભાવાર્થ–અંડજ–ઇંડાથી પેદા થયેલ પંખી આદિ, પોતજ–પોતથી પેદા થયેલ હાથી વગેરે, જરાયુજ–ઓરમાંથી ઉત્પન્ન થનારા મનુષ્ય આદિ, રસજ–ચલિત રસથી થયેલ દારૂના કીડા આદિ, સંસ્વેદિમ–પરસેવાથી પેદા થયેલ જુ આદિ, સંમૂર્ચ્છિમ–સ્વાભાવિક પેદા થયેલ દેડકાં આદિ, ઉદ્ભિજ્જ–જમીન ભેદીને પેદા થયેલ તીડ આદિ, ઔપપાતિક–ઉપપાતથી પેદા થયેલ દેવ, નારકી; આમાંથી કેટલાકનું સામું આવવું, પાછા હઠવું, શરીરનું સંકોચવું, અવયવોનું પસારવું, શબ્દ

કરવો, ભમવું, ત્રાસ પામવો, દોડવું, ગમનાગમન કરવું, એ આદિ ક્રિયાઓ કરવાથી ત્રસ જીવો છે, એમ જાણી શકાય છે. તે જીવો કે કરમીયા વગેરે સર્વે બે ઇન્દ્રિયવાળા, કુંથુવા, કીડી વગેરે સર્વે ત્રણ ઇન્દ્રિયવાળા, પતંગીયા વગેરે સર્વે ચાર ઇન્દ્રિયવાળા, પાંચ ઇન્દ્રિયવાળા સર્વે તિર્યંચો, નારકીઓ, મનુષ્યો અને દેવતાઓ; આ સર્વે પ્રાણીઓ સુખના અભિલાષી છે અને દુઃખના દ્વેષી છે. આ છટ્ઠા જીવના સમૂહને ત્રસકાય કહે છે. (સૂત્ર-૧)

**इच्चेसिं छण्हं जीवनिकायाणं नेव सयं दंडं समारंभिज्जा, नेवन्नेहिं दंडं समारंभाविज्जा, दंडं समारंभंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतंपि अन्नं न समणुजाणामि तस्स भंते !. पडिक्कमामि निंदामि गिरहामि अप्पाणं वोसिरामि ॥सूत्र–२॥**

इत्येषां षण्णां जीवनिकायानां नैव स्वयं दण्डं समारभेत, नैवान्यैः दण्डं समारम्भयेत्, दण्डम् समारभमाणानपि अन्यान् न समनुजानीयाद्, यावज्जीवम् त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करेमि, न कारयामि, कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि ॥ सूत्र–२ ॥

**ઇચ્ચેસિં**-એ પ્રકારે
**છણ્હં**-છ
**જીવનિકાયાણં**-જીવનિકાયોનો
**નેવ**-નહિ જ
**સયં**-પોતે
**દંડં**-હિંસા
**સમારંભિજ્જા**-આરંભ કરે
**અન્નેહિં**-બીજા પાસે
**સમારંભાવિજ્જા**-આરંભ કરાવે
**સમારંભંતે**-આરંભ કરનારાઓને
**સમણુજાણામિ**-અનુમોદું છું
**જાવજ્જીવાએ**-જીવે ત્યાં સુધી
**તિવિહં**-ત્રણ કરણે
**મણેણં**-મન વડે
**વાયાએ**-વચન વડે
**કાએણં**-કાયા વડે
**ન કરેમિ**-ન કરૂં
**ન કારવેમિ**-ન કરાવું
**કરંતંપિ**-કરતાને પણ
**અન્નં**-અન્યને
**ન**-નહિ
**સમણુજાણામિ**-અનુમોદન આપું
**તસ્સ**-તેને
**ભંતે**-હે ભગવંત
**નિંદામિ**-નિંદું છું
**ગરિહામિ**-ગર્હું છું
**અપ્પાણં**-આત્માને
**વોસિરામિ**-વોસિરાવું છું
**પડિક્કમામિ**-પાછો વળું છું

**ભાવાર્થ**-પૂર્વોક્ત છ જીવોના સમૂહોને મારવા રૂપ દંડ પોતે ન કરવો, બીજા પાસે ન કરાવવો, બીજો કોઈ કરતો હોય તેને સારો ન જાણવો-અનુમોદના ન કરવી. (આવું પ્રભુ શ્રી મહાવીરદેવનું ફરમાન સાંભળી શિષ્ય કહે છે કે-) હું જીવીશ ત્યાં સુધી ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાથી કોઈ જીવની હિંસા કરીશ નહિ, કરાવીશ નહિ અને કરતાને સારો માનીશ નહિ. આ ત્રણ પ્રકારનો દંડ (હિંસા) પૂર્વે જે મેં કર્યો હોય તેનાથી હું પાછો હઠું છું, મારા કરાયેલા દંડને આત્મસાક્ષીએ નિંદું છું, ગુરુ-આદિની સાક્ષીએ ગર્હું છું અને ભૂતકાળમાં દંડ કરનારા આત્માના નિંદનીય પરિણામનો ત્યાગ કરૂં છું. (સૂત્ર-૨)

पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं, सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा बायरं वा, तसं वा थावरं वा, नेव सयं पाणे अइवाइज्जा, नेवन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. पढमे भंते ! महव्वए उवट्ठिओमि, सव्वाओ पाणाइवायाओ वेरमणं ॥ १ ॥ सूत्र—३ ॥

(सं० छा०) प्रथमे भदन्त ! महाव्रते प्राणातिपाताद्विरमणं, सर्वं भदन्त ! प्राणातिपातं प्रत्याख्यामि, तद्यथा—(अथ) सूक्ष्मं वा बादरं वा त्रसं वा स्थावरं वा नैव स्वयं प्राणिनोऽतिपातयामि नैवाऽन्यैः प्राणिनोऽतिपातयामि प्राणिनः अतिपातयतोऽप्यन्यान्न समनुजानामि यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानम्, व्युत्सृ-

**जामि. प्रथमे भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतः प्राणातिपाताद्विरमणम् ॥ १ ॥ सूत्र-३ ॥**

| | |
|---|---|
| **પઢમે**–પહેલા | **વા**–અથવા |
| **ભંતે**–ભગવંત | **બાયરં**–બાદર |
| **મહવ્વયે**–મહાવ્રતને વિષે | **નેવ**–નહીંજ |
| **પાણાઇવાયાઓ**–પ્રાણાતિપાતથી | **સયં**–પોતે |
| **વેરમણં**–અટકવું | **પાણે**–પ્રાણોને |
| **સવ્વં**–સર્વથા | **અઈવાઈજ્જા**–હણીશ |
| **પાણાઇવાયં**–પ્રાણાતિપાત | **અઈવાયાવિજ્જા**–હણાવીશ |
| **પચ્ચક્ખામિ**–ત્યાગ કરૂં છું | **અઇવાયંતે**–હણતાંને |
| **સે**–તે | **અન્ને**–બીજાઓને |
| **સુહુમં**–સૂક્ષ્મ ( નાનું ) | **ઉવટ્ઠિઓમિ**–ઉઠયો છું |
| | **સવ્વાઓ**–સર્વથા |

**ભાવાર્થ**–હે ભગવંત ! પહેલા મહાવ્રતમાં પ્રાણાતિપાતથી (જીવહિંસાથી) પાછો હઠું છું. હે ભગવન્ ! સર્વથા જીવોને મારવાના પચ્ચક્ખાણ કરૂં છું. સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર–એમ સર્વ જીવોને હું પોતે મારીશ નહિ, બીજા પાસે મરાવીશ નહિ અને મારનારને સારો જાણીશ નહિ. મરણ-પર્યંત ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી હું જીવહિંસાને કરૂં નહિ, કરાવું નહિ અને કરનારને અનુમોદીશ નહિ. જો કોઈ જીવ અતીતકાળમાં હણાયો હોય તો હું તે પાપથી પાછો હઠું છું, આત્મસાક્ષીએ નિંદું છું અને ગુરુસક્ષીએ ગર્હું છું. તે આત્માના ઘૃણાસ્પદ અધ્યવસાયનો ત્યાગ કરૂં છું. ત્યાગ કરીને હે ભગવન્ ! સર્વથા જીવદયાપાલન રૂપ પ્રથમ મહાવ્રતમાં હું રહું છું. ( સૂત્ર–૩ )

अहावरे दुच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं, सव्वं भंते ! मुसावायं पच्चक्खामि. से कोहा वा लोहा वा भया वा हासा वा नेव सयं मुसं वइज्जा, नेवन्नेहिं मुसं वायाविज्जा, मुसं वयंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. दुच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ॥२॥ सूत्र–४ ॥

(सं० छा०) अथापरस्मिन् द्वितीये भदन्त ! महाव्रते मृषावादाद्विरमणं, सर्वं भदन्त ! मृषावादं प्रत्याख्यामि. तद्यथा–क्रोधाद् वा लोभाद्वा भयाद्वा हास्याद्वा, नैव स्वयं मृषा वदामि, नैवाऽन्यैः मृषा वादयामि, मृषा वदतोऽप्यन्यान् न समनुजानामि यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तम् अपि अन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि. द्वितीये भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतो मृषावादाद्विरमणम् ॥ २ ॥ सूत्र–४ ॥

અહ–હવે
અવરે–પહેલા પછીના
દુચ્ચે–બીજા
ભંતે–ભદંત
મુસાવાયાઓ–મૃષાવાદથી
મુસાવાયં–મૃષાવાદ
સે–તે
કોહા–ક્રોધથી
લોહા–લોભથી
ભયા–ભયથી
હાસા–હાસ્યથી
નેવ–નહીંજ
સયં–પોતે
મુસં–અસત્ય
વઈજ્જા–બોલીશ
વાયાવિજ્જા–બોલાવીશ
વયંતે–બોલનારને

**ભાવાર્થ**–હે ભગવન્! બીજા મહાવ્રતમાં સર્વથા અસત્ય બોલવાનો ત્યાગ કરૂં છું. હે ભગવન્! આમરણાન્ત ક્રોધથી, લોભથી, ભયથી તથા હાસ્યથી હું અસત્ય બોલીશ નહિ, બીજાની પાસે બોલાવીશ નહિ અને બોલનારને અનુમોદીશ નહિ. જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી જુઠ્ઠું બોલીશ નહિ, બોલાવીશ નહિ અને બોલનારને ભલો જાણું નહિ. કદાચ પૂર્વે અસત્ય બોલાયું હોય તે પાપથી હે ભગવન્! હું પાછો હઠું છું, તે પાપને આત્મસાખે નિંદું છું અને ગુરુસાખે ગર્હું છું. તે અશુદ્ધ પરિણામથી આત્મને વારૂં છું. તેમ કરીને સર્વથા અસત્યવાદના વિરામ રૂપ બીજા મહાવ્રતમાં રહું છું. (સૂત્ર–૪)

**अहावरे तच्चे भंते! महव्वए अदिन्नादाणाओ वेरमणं. सव्वं भंते! अदिन्नादाणं पच्चक्खामि. से गामे वा नगरे वा रण्णे वा अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा**

नेव सयं अदिन्नं गिण्हिज्जा नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा, अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणामि. जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. तच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥ ३ ॥ सूत्र–५ ॥

(सं० छा०) अथापरस्मिंस्तृतीये भदन्त ! महाव्रतेऽदत्तादानाद्विरमणं. सर्वं भदन्त ! अदत्तादानं प्रत्याख्याम्यथ ग्रामे वा नगरे वाऽरण्ये वा अल्पं वा, बहु वा, अणु वा स्थूलं वा, चित्तवद्वाऽचित्तवद्वा नैव स्वयं अदत्तं गृह्णतोऽप्यन्यान् न समनुजानामि यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानम् व्युत्सृजामि तृतीये भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतो अदत्तादानाद्विरमणम् ॥ ३ ॥ सूत्र–५ ॥

| | |
|---|---|
| તચ્ચે–ત્રીજા | ગામે–ગામમાં |
| અદિન્ન–નહીં આપેલા | નગરે–નગરમાં |
| આદાણાઓ–ગ્રહણથી | અરણ્ણે–અરણ્યમાં |

અપ્પં–અલ્પ
બહું–બહુ
અણું–થોડું
થૂલં–ઝાઝું
ચિત્તમંતં–સચિત્ત
અચિત્તમંતં–અચિત્ત
ગિણ્હિજ્જા–લેઈશ
ગિણ્હાવિજ્જા–લેવરાવીશ
ગિણ્હંતેવિ–લેનારને પણી

**ભાવાર્થ**–હે ભગવન્! ત્રીજા મહાવ્રતમાં સર્વથા ચોરી કરવાનો ત્યાગ કરૂં છું. તેના હું પચ્ચક્ખાણ કરૂં છું. ગામમાં, નગરમાં કે અરણ્યમાં, અલ્પ મૂલ્યવંતી કે ઘણી મૂલ્યવંતી, નાની કે મોટી, સચિત્ત કે અચિત્ત કોઈ પણ વસ્તુ હું તેના માલિકના આપ્યા વિના લઈશ નહિ, બીજા પાસે લેવરાવીશ નહિ અને લેતાને અનુમોદીશ નહિ. જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાથી ચોરી કરૂં. કરાવું કે કરતાને અનુમોદીશ નહિ. પૂર્વે ચોરી કરી હોય તે પાપથી પાછો હઠું છું, તે પાપને આત્મસાખે નિંદું છું અને ગુરુસાખે ગર્હું છું. તે અસત્ અધ્યવસાયથી આત્માને વારૂં છું. એમ સર્વથા ચોરીનો ત્યાગ કરીને ત્રીજા મહાવ્રતમાં રહું છું. ( સૂત્ર–૫ )

**अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं, सव्वं भंते ! मेहुणं पच्चक्खामि, से दिव्वं वा माणुसं वा तिरिक्खजोणिअं वा नेव सयं मेहुणं सेविज्जा, नेवन्नेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न**

**करेमि न कारवेमि करंतं पि अन्न न समणु-जाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. चउत्थे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मेहुणाओ वेर-मणं ॥ ४ ॥ सूत्र—६ ॥**

(सं० छा०) अथापरे चतुर्थे भदन्त ! महाव्रते मैथुनाद् विरमणं सर्वं भदन्त ! मैथुनं प्रत्याख्याम्यथ दिव्यं (दैवं) वा मानुषं वा तैर्यग्यौनं वा नैव स्वयं मैथुनं सेवे, नैवाऽन्यैः मैथुनं सेवयामि मैथुनं सेवमानानप्यन्यान्न समनुजानामि. यावज्जीवं त्रिविधम् त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानं व्युत्सृजामि, चतुर्थे भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतो मैथुनाद्विरमणम् ॥ ४ ॥ सूत्र—६ ॥

**ચઉત્થે**—ચોથા
**મેહુણાઓ**—મૈથુનથી
**મેહુણં**—મૈથુન
**દિવ્વં**—દેવ સંબંધી
**માણુસં**—મનુષ્ય સંબંધી
**તિરિક્ખજોણીયં**—તિર્યંચ યોનિ સંબંધી
**સેવિજ્જા**—સેવીશ
**સેવાવિજ્જા**—સેવરાવીશ
**સેવંતેવિ**—સેવતાને પણ

**ભાવાર્થ**—હે ભગવન્ ! ચોથા બ્રહ્મચર્ય મહાવ્રતમાં સર્વથા મૈથુનનો (વિષયસેવનનો) ત્યાગ કરૂં છું. તે મૈથુન દેવ સંબંધી,

મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી હું પોતે સેવું નહિ, બીજા પાસે સેવરાવું નહિ અને સેવતાને અનુમોદું નહિ. જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાથી મૈથુન સેવું નહિ, સેવરાવું નહિ અને સેવતાને અનુમોદું નહિ. પૂર્વે તેવી પ્રવૃત્તિ કરી હોય તે પાપથી પાછો હઠું છું, તે પાપને આત્મસાખે નિંદું છું અને ગુરુસાખે ગર્હું છું. અશુદ્ધ અધ્યવસાયથી આત્માને વારૂં છું. એમ સર્વથા મૈથુનનો ત્યાગ કરી ચતુર્થ મહાવ્રતમાં રહું છું. (સૂત્ર-૬)

**अहावरे पंचमे भंते ! महव्वए परिग्गहाओ, वेरमणं, सव्वं भंते परिग्गहं पच्चक्खामि. से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा. नेव सयं परिग्गहं परिगिण्हिज्जा नेवन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. पंचमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ॥ ५ ॥ सूत्र-७ ॥**

(सं० छा०) अथापरे पञ्चमे भदन्त ! महाव्रते परिग्रहाद् विरमणं. सर्वं भदन्त ! परिग्रहं प्रत्याख्याम्यथाऽल्पम् वा बहु वा अणु वा स्थूलं वा चित्तवन्तं वाऽचित्तवन्तं वा नैव स्वयं परिग्रहं परिगृह्णामि नैवाऽन्यैः परिग्रहं परिग्राहयामि परिग्रहं परिगृह्णतोऽप्यन्यान्न समनुजानामि यावज्जीवम् त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि, तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानं व्युत्सृजामि. पञ्चमे भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतः परिग्रहाद्विरमणम् ॥ ५ ॥ सूत्र–७ ॥

પંચમે–પાંચમે
પરિગ્ગહાઓ–પરિગ્રહથી
પરિગ્ગહં–પરિગ્રહ
પરિગિણ્હિજ્જા–સર્વથા ગ્રહણ કરીશ
પરિગિણ્હાવિજ્જા–સર્વથા ગ્રહણ કરાવીશ
પરિગિણ્હંતેવિ–સર્વથા ગ્રહણ કરતાને પણ

ભાવાર્થ–હે ભગવન્ ! પાંચમા મહાવ્રતમાં સર્વથા પરિગ્રહનો ત્યાગ કરૂં છું. તે પરિગ્રહ અલ્પ મૂલ્યવાન કે ઘણા મૂલ્યવાળો હોય, થોડા હોય કે ઝાઝો હોય અને સજીવ હોય કે નિર્જીવ હોય, તો પણ તેને હું અંગીકાર કરૂં નહિં, બીજાને ગ્રહણ કરાવું નહિ અને ગ્રહણ કરનારને અનુમોદું નહિ. જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી પરિગ્રહ રાખું નહિ, રખાવું નહિ અને રાખનારને અનુમોદું નહિ. પૂર્વે રાખ્યો હોય તે પાપથી પાછો હઠું છું, આત્મસાખે તે નિંદું છું અને ગુરુસાખે ગર્હું છું. એ પાપથી આત્માને દૂર રાખું

છું અને સર્વથા પરિગ્રહનો ત્યાગ કરી પાંચમ મહાવ્રતમાં સ્થિર રહું છું. ( સૂત્ર-૭ )

**अहावरे छट्ठे भंते ! वए राइभोयणाओ वेरमणं, सव्वं भंते ! राइभोयणं पच्चक्खामि, से असणं वा पाणं वा खाइमं वा साइमं वा नेव सयं राइं भुंजिज्जा, नेवऽन्नेहिं राइं भुंजाविज्जा राइं भुंजंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि ! निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ! छट्ठे भंते ! वए उवट्ठिओमि, सव्वाओ राइभोयणाओ वेरमणं ॥ ६ ॥ सूत्र- ८ ॥**

(सं० छा०) यथापरस्मिन् षष्ठे भदन्त ! व्रते रात्रिभोजनाद्विरमणं, सर्वं भदन्त ! रात्रिभोजनं प्रत्याख्यामि. तद्यथा–अशनं वा पानं वा खाद्यं वा स्वाद्यं वा नैव स्वयं रात्रौ भुञ्जे, नैवाऽन्यैः रात्रौ भोजयामि, रात्रौ भुञ्जानानप्यन्यान्न समनुजानामि यावज्जीवम्, त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न

**करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानम् व्युत्सृजामि षष्ठे भदन्त ! व्रते उपस्थितोऽस्मि सर्वतः रात्रिभोजनाद्विरमणम् ॥ ६ ॥ सूत्र–८ ॥**

**છટ્ઠે**–છઠ્ઠા
**વએ**–વ્રતમાં
**રાઇભોયણાઓ**–રાત્રિભોજનથી
**રાઇભોયણં**–રાત્રિભોજન
**અસણં**–અશન (અનાજ)
**પાણં**–પાણી
**ખાઇમં**–ખાદિમ (દૂધ, ફળ, મેવા વગેરે.)
**સાઇમં**–સ્વાદિમ (સોપારી, એલચ વગેરે મુખવાસ)
**રાઇ**–રાત્રિમાં
**ભુંજિજ્જા**–ખાઇશ
**ભુંજાવિજ્જા**–ખવરાઇશ
**ભુંજંતે**–ખાતા
**અન્નં**–બીજાને

**ભાવાર્થ**–હે ભગવન્ ! સર્વથા રાત્રિભોજનનો ત્યાગ કરૂં છું. તે અશન, પાણી, ખાદિમ, સ્વાદિમ–આ ચાર પ્રકારનો આહાર હું પોતે રાત્રે ખાઈશ નહિ. બીજાને ખવરાવીશ નહિ અને ખાંતાને અનુમોદીશ નહિ, જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી હું રાત્રે ખાઇશ નહિ, ખવરાવીશ નહિ કે ખાનારાને અનુમોદીશ નહિ. પૂર્વે તેવી પ્રવૃત્તિ કરી હોય તે પાપથી અટકું છું. આત્મસાખે તે પાપને નિંદું છું, ગુરુ-સાખે ગર્હું છું અને એવા અધ્યવસાયથી આત્માને વારૂં છું. આ પ્રમાણે સર્વથા રાત્રિભોજનનો ત્યાગ કરી છટ્ઠા રાત્રિભોજન-વિરમણ વ્રતમાં રહું છું. (સૂત્ર–૮)

**इच्चेयाइं पंच महव्वयाइं राइभोयण–वेरमण–**

छट्ठाइं । अत्तहियट्ठाए उवसंपज्जित्ताणं विहरामि ॥ सूत्र–९ ॥

(सं० छा०) इत्येतानि पञ्च महाव्रतानि रात्रिभोजन–विरमणषष्ठानि । आत्महितार्थमुपसम्पद्य विहरामि ॥ सूत्र–९ ॥

ઇચ્ચેયાઇં–એમ આ
મહવ્વયાઇં–મહાવ્રતોને
અત્તહિયટ્ઠાએ–આત્માના હિતને અર્થે
ઉવસંપજ્જિત્તાણં–અંગીકાર કરીને
વિહરામિ–વિચરૂં છું

ભાવાર્થ–એમ આ પાંચ મહાવ્રતોને અને છટ્ઠું રાત્રિભોજનવિરમણ વ્રત આત્માના હિતને (મોક્ષને) અર્થે અંગીકાર કરીને હું વિચરૂં છું. ( સૂત્ર–૯ )

से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहय–पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से पुढविं वा भित्तिं वा सिलं वा लेलुं वा ससरक्खं वा कायं ससरक्खं वा वत्थं हत्थेण वा पाएण वा कट्ठेण वा किलिंचेण वा अंगुलिआए वा सिलागाए वा सिलागहत्थेण वा न आलिहिज्जा न विलिहिज्जा न घट्टिज्जा न भिंदिज्जा अन्नं न आलिहाविज्जा न विलि-

हाविज्जा न घट्टाविज्जा न भिंदाविज्जा अन्नं आलिहंतं वा विलिहंतं वा घट्टंतं वा भिंदंतं वा न समणुजाणामि जावज्जीवाए तिविहं तिवि· हेणं मणेणं वायाए काएणं न करेमि न कार· वेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ १ ॥ सूत्र–१० ॥

(सं०छा०) स सभिक्षुर्वा भिक्षुकीवा संयतविरतप्रतिहतप्रत्याख्यातपापकर्मा दिवा वा रात्रौ वा एकको वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा स पृथिवीं वा भित्तिं वा शिलां वा लेष्टुं वा सरजस्कं वा कायं सरजस्कं वा वस्त्रं हस्तेन वा पादेन वा काष्टेन वा किलिञ्चेन वा अङ्गुल्या वा शलाकया वा शलाकाहस्तेन वा नालिखेत् न विलिखेत् न घट्टयेत् न भिन्द्यात्, अन्यं नालेखयेत् न विलेखयेत् न घट्टयेत्, न भेदयेदन्यमालिखन्तं वा विलिखन्तं वा घट्टयन्तं वा भिन्दन्तं वा न समनुजानामि यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानं व्युत्सृजामि ॥१॥ सूत्र–१० ॥

ભિક્ખુ–સાધુ
ભિક્ખુણી–સાધ્વી
સંજય–સંજમવાન
વિરય–તપમાં આસક્ત
પડિહય-પચ્ચક્ખાય-પાવકમ્મે– { જૂનાં પાપોનો નાશ કરનાર, નવા પાપોનું પચ્ચક્ખાણ કરનાર,
દિઆ–દિવસે
રાઓ–રાત્રિએ
એગઓ–એકલો
પરિસાગઓ–સભામાં રહેલો
સુત્તે–સૂતેલો
જાગરમાણે–જાગતો
પુઢવિં–પૃથ્વીકાય
ભિત્તિં–નદી કિનારાની માટીને
સિલં–શિલાને
લેલું–નાના પત્થરને
સસરક્ખં–સચિત્ત માટીથી મેલા
કાયં–શરીરનો
વત્થં–વસ્ત્રનો
હત્થેણ–હાથે
પાએણ–પગે
કટ્ઠેણ–કાષ્ઠ વડે
કિલિંચેણ–ખીલા વડે
અંગુલિયાએ–આંગળીએ કરી
સિલાગાએ–શળી વડે
સિલાગહત્થેણ–શલાકાના સમુદાયે
આલિહિજ્જા–લીટા પાડે (થોડું આલેખે)
વિલિહિજ્જા–વધારે આલેખે
ઘટ્ટિજ્જા–સંઘટ્ટ કરે
ભિંદિજ્જા–વિદારણ કરે
આલિહાવિજ્જા–બીજા પાસે થોડું આલેખાવે
ઘટ્ટાવિજ્જા–સંઘટ્ટ કરાવે
ભિંદાવિજ્જા–વિદારણ કરાવે
આલિહંતં–થોડું આલેખનારને
વિલિહંતં–વધારે આલેખનારને
ઘટ્ટંતં–સંઘટ્ટ કરનારને
ભિંદંતં–વિદારણ કરનારને

**ભાવાર્થ**–તે સંયમવાન તપસ્વી, જૂનાં પાપોનો નાશ કરનાર અને નવા પાપોનું પચ્ચક્ખાણ કરનાર–એવા સાધુ કે સાધ્વીએ, દિવસે કે રાત્રે, એકલા હોય કે સભાસ્થિત હોય, સૂતેલા હોય કે જાગતા હોય, તેઓએ સચિત્ત માટી, નદી કિનારાની ભીંત, મોટા સચિત્ત પત્થર, નાના પત્થરના ટૂકડાઓ, ઉડેલી

સચિત્ત માટીવાળું શરીર અને સચિત્ત ધૂળવાળાં વસ્ત્ર–પાત્ર આદિ તેઓને પણ હાથે, પગે, લાકડે, લાકડાના કટકે, આંગળીએ, લોઢાની સળીએ, સળીઓના સમૂહે કરીને તે સચિત્ત માટીને ખોદવી કે ઉખેડવી નહિ, વારંવાર ઉખાડવી નહિ, એક ઠેકાણેથી બીજે ઠેકાણે નાખવી નહિ, ભેદવી નહિ, બીજા પાસે ખોદાવવી કે ઉખેડાવવી નહિ, વારંવાર ઉખડાવવી નહિ, એક સ્થાનથી બીજા સ્થાને નખાવવી નહિ, ભેદાવવી નહિ, બીજો પોતાની મેળે જો આલેખતો હોય, વિશેષ વિલેખતો હોય, સંઘટ્ટતો હોય, તેને ભેદતો હોય, તો તેને અનુમોદવો નહિ. જાવજ્જીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી તેમ કરૂં નહિ, બીજા પાસે કરાવું નહિ, તેમ કરતાને અનુમોદું નહિ. જો તેમ કદાચ થયું હોય તો તેમ કરવાથી પાછો હઠું છું, પોતાની આત્મસાખે નિંદું છું. ગુરુસાખે ગર્હું છું અને એવા વિચારોથી આત્માને પાછો હઠાવું છું. ૧૦ ( સૂત્ર–૧૦ )

**से भिक्खू वा भिक्खुणी वा संजय–विरय–पडिहय–पच्चक्खाय–पावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से उदगं वा ओसं वा हिमं वा महिअं वा करगं वा हरतणुगं वा सुद्धोदगं वा उदउल्लं वा कायं उदउल्लं वा वत्थं ससि-**

णिद्धं वा काय ससिणिद्धं वा वत्थं न आमु-सिज्जा न संफुसिज्जा, न आवीलिज्जा न पवी-लिज्जा न अक्खोडिज्जा न पक्खोडिज्जा, न आयाविज्जा न पयाविज्जा अन्नं न आमु-साविज्जा न संफुसाविज्जा न आवीलाविज्जा न पवीलाविज्जा, न अक्खोडाविज्जा न पक्खो-डाविज्जा, न आयाविज्जा न पयाविज्जा, अन्नं आमुसंतं वा संफुसंतं वा आवीलंतं वा पवीलंतं वा, अक्खोभंतं वा पक्खोभंतं वा आ-यावंतं वा पायावंतं वा, न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, क करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥२॥

॥ सूत्र–११ ॥

(सं० छा०) स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरतप्रतिहत-प्रत्याख्यातपापकर्मा दिवा वा रात्रौ वा एकको वा परिप-द्गतो वा सुप्तो वा जाग्रद्वा स उदकं वा ऽवश्याय वा हिमं वा

मिहिकां वा करकां वा हरतनुकं वा शुद्धोदकं वा उदकार्द्रं कायमुदकार्द्रं वा वस्त्रं सस्निग्धं वा कायं सस्निग्धं वा वस्त्रं नामृषेन्न संस्पृशेन्नापीडयेन्न प्रपीडयेत् नास्फोटयेन्नातापयेन्न प्रतापयेदन्यं नामर्षयेन्न संस्पर्शयेन्नापीडयेन्न प्रपीडयेन्नास्फोटयेत् न प्रस्फोटयेन्नातापयेन्न प्रतापयेदन्यं आमृषन्तं वा संस्पृशन्तं वाऽऽपीडयन्तं वा प्रपीडयन्तं वाऽऽस्फोटयन्तं वाऽऽतापयन्तं वा प्रतापयन्तं वा न समनुजानामि यावज्जीवं त्रिविधम् त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानं व्युत्सृजामि ॥ २ ॥ सूत्र-११ ॥

ઉદગં–પાણી
ઓસં–ઝાકળનું પાણી
હિમં–બરફ
મહિઅં–ધુમ્મસનું પાણી
કરગં–કરા
હરતણુગં–તરણા ઉપર રહેલું પાણી
સુદ્ધોદગં–આકાશમાંથી પડતું પાણી
ઉદઓલ્લં–પાણીથી ભીંજાએલું
કાયં–શરીર
વત્થં–વસ્ત્ર
સસિણિદ્ધં–સ્નિગ્ધ
આમુસિજ્જા–થોડું કે એક વાર સ્પર્શે
સંફુસિજ્જા–વારંવાર સ્પર્શે
આવિલિજ્જા–થોડું કે એક વાર હલાવે
પવિલિજ્જા–ઘણું કે વારંવાર હલાવે
અક્ખોડિજ્જા–થોડું કે એક વાર ઝાટકે
પક્ખોડિજ્જા–ઘણું કે વારંવાર ઝાટકે
આયાવિજ્જા–થોડું કે એક વાર તપાવે

પયાવિજ્જા–ઘણું કે વારંવાર તપાવે
આમુસાવિજ્જા–થોડું કે એક વાર સ્પર્શાવે
સંફુસાવિજ્જા–ઘણું કે વારં-વાર સ્પર્શાવે
આવિલાવિજ્જા–થોડું કે એક વાર પીડાવે
પવિલાવિજ્જા–ઘણું કે વારં-વાર પીડાવે
અક્ખોડાવિજ્જા–થોડું કે એકવાર ઝાટકાવે
પક્ખોડાવિજ્જા–ઘણું કે એક-વાર ઝાટકાવે
આયાવિજ્જા–થોડું કે એક વાર તપાવરાવે
પયાવિજ્જા–ઘણું કે વારંવાર તપાવરાવે
આમુસંતં–થોડું કે એક વાર સ્પર્શનારને
સંફુસંતં–ઘણું કે વારંવાર સ્પર્શ-નારને
આવીલંતં–થોડું કે એક વાર પીડનારને
પવિલંતં–ઘણું કે વારંવાર પીડનારને
અક્ખોડંતં–થોડું કે એક વાર ઝાટકનારને
પક્ખોડંતં–ઘણું કે વારંવાર ઝાટકનારને
આયાવંતં–થોડું કે એક વાર તપાવનારને
પયાવંતં–ઘણું કે વારંવાર તપાવનારને

**ભાવાર્થ**–સંયમવાન, તપસ્વી, પચ્ચક્ખાણથી પાપકર્મ-નાશક, એવા સાધુ કે સાધ્વીએ દિવસે કે રાત્રે, એકલા હોય કે સભાસ્થિત હોય, સૂતેલાં હોય કે જાગતાં હોય, તેઓએ જમીનમાંથી નીકળેલું પાણી કે ઝાકળનું પાણી, બરફનું પાણી, ધુમ્મસનું પાણી, કરાનું પાણી, (તૃણ) ઘાસના અગ્રભાગ ઉપર રહેલું પાણી કે આકાશમાંથી પડેલું પાણી, પાણીથી ભીંજા-યેલું શરીર, પાણીથી લીલું વસ્ત્ર, તે પ્રત્યે થોડું કે ઝાઝું, એક વાર કે ઘણી વાર ફરસવું નહિ, થોડી કે ઝાઝી તેને પીડા કરવી નહિ, થોડી કે ઝાઝી વાર પછાડવું નહિ–નીચોવવું નહિ

કે થોડી કે ઝાઝી વાર તપાંવવું નહિ. એવી રીતે બીજા પાસે કરાવવું નહિ કે તેમ કરતાં હોય તેને અનુમોદવું નહિ. જાવ-જજીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી તેમ કરવું નહિ, બીજા પાસે કરાવવું નહિ કે તેમ કરનારને અનુ-મોદવું નહિ. જો તેમ કદાચ થયું હોય તો તેમ કરવાથી પાછો હઠું છું, પોતાની આત્મસાખે નિંદું છું, ગુરુસાખે ગર્હું છું, અને એવા વિચારોથી આત્માને પાછો હઠાવું છું. ૨. (સૂત્ર–૧૧)

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरय–पडिहय–पच्चक्खाय–पावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा से अगणिं वा इंगालं वा मुम्मुरं वा अच्चिं वा जालं वा अलायं वा सुद्धागणिं वा उक्कं वा न उंजेज्जा न घट्टेज्जा न भिंदेज्जा न उज्जालेज्जा न पज्जालेज्जा न निव्वावेज्जा अन्नं न उंजावेज्जा न घट्टावेज्जा न भिंदाविज्जा, न उज्जालाविज्जा न पज्जालाविज्जा न निव्वाविज्जा अन्नं उंजंतं वा घट्टंतं वा भिंदंतं वा उज्जालंतं वा पज्जालंतं वा निव्वावंतं वा न समणुजाणामि**

**जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥३॥**

**॥ सूत्र-१२ ॥**

( सं० छा० ) स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरत-प्रतिहत-प्रत्याख्यात-पापकर्मा दिवा वा रात्रौ वा, एकको वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा सोऽग्निं वाऽङ्गारं वा मुर्मुरं वाऽर्चिर्वा ज्वालां वा वाऽलातं वा शुद्धाग्निं वोल्कां वा नो उत्सिञ्चेन्न घटयेत्, न भिन्द्यान्नोज्ज्वालयेन्न प्रज्वालयेन्न निर्वापयेदन्यं नोत्सेचयेन्न घट्टयेन्न भेदयेन्नोज्वालयेन्न प्रज्वालयेन्न निर्वापयेदन्यं उत्सिञ्चन्तं वा घट्टयन्तं वा भिन्दन्तं वोज्ज्वालयन्तं वा प्रज्वालयन्तं वा निर्वापयन्तं वा न समनुजानामि यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानं व्युत्सृजामि ॥ ३ ॥

॥ सूत्र-१२ ॥

**અગણિં**-તપાવેલ લોઢાનો અગ્નિ
**ઇંગાલં**-અંગારાને
**મુમ્મુરં**-ભરસાડનો અગ્નિ
**અચ્ચિં**-મૂળ અગ્નિથી છૂટો પડેલો જ્યોતિ રૂપ અગ્નિ
**જાલં**-જ્વાલાનો અગ્નિ

**અલાયં**-ઉંબાડિયાનો અગ્નિ
**સુદ્ધાગણિં**-લાકડા વિનાનો શુદ્ધ અગ્નિ
**ઉક્કં**-ઉલ્કાપાતનો અગ્નિ
**ઉંજેજ્જા**-બળતણ નાંખે
**ઘટ્ટેજ્જા**-સંકોરે
**ભિંદેજ્જા**-ભેદે
**ઉજ્જાલેજ્જા**-વીંજણાથી થોડો જગાવે
**પજ્જાલેજ્જા**-વધારે જગાવે
**નિવ્વાવેજ્જા**-પાણી નાખી ઓલવે
**ઉંજાવેજ્જા**-બળતણ નંખાવે
**ઘટ્ટાવેજ્જા**-સંકોરાવરાવે
**ભિંદાવેજ્જા**-ભેદાવરાવે
**ઉજ્જાલાવેજ્જા**-વીંજણાથી થોડો જગાવરાવે
**પજ્જાલાવેજ્જા**-વધારે જગાવરાવે
**નિવ્વાવેજ્જા**-ઓલવાવરાવે
**ઉંજંતં**-ઈંધણાં નાખનારને
**ઘટ્ટંતં**-સંકોરતાને
**ભિંદંતં**-ભેદતાને
**ઉજ્જાલંતં**-વીંજણાથી થોડો જગાવનારને
**પજ્જાલંતં**-વીંજણાથી વધારે જગાવનારને
**નિવ્વાવંતં**-ઓલવનારને

**ભાવાર્થ**-સંયમવાન, તપસ્વી, જૂનાં પાપકર્મોને નિર્જરનાર, નવાં પાપકર્મોનું પચ્ચક્ખાણ કરનાર, એવા સાધુ કે સાધ્વીએ દિવસે કે રાત્રે, એકલા હોય કે સભાસ્થિત હોય, સૂતેલાં હોય કે જાગતાં હોય, તેઓએ તપાવેલ લોઢા માંહેનો અગ્નિ, જ્વાલા વગરનો અગ્નિ, અગ્નિના કણિયા, મૂળ અગ્નિથી તૂટેલી જ્વાલા, મૂળ અગ્નિની સાથે વળગેલી જ્વાલા, ઉંબાડીઆનો અગ્નિ, અંગારા-ઉલ્કાપાતનો અગ્નિ, એ વગેરે સર્વ જાતનો અગ્નિ, તે પ્રત્યે લાકડાં વગેરેથી વધારવો નહીં, હાથથી સંકોરવો નહીં, ધૂળ વગેરેથી ભેદવો નહીં, પંખા વગેરેથી વધારવો નહીં અને પાણી વગેરેથી ઓલવવો નહીં. આમ પોતે કરવું નહીં, તેમ બીજા પાસે પણ કરાવવું નહીં અને કરતાને પણ ભલો જાણવો નહીં. જાવજ્જીવ સુધી ત્રિવિધે

ત્રિવિધે મન-વચન-કાયાએ કરી તેમ કરીશ નહીં, બીજા પાસે કરાવરાવીશ નહીં, તેમ કરતાને અનુમોદીશ નહીં. જો તેમ કદાચ પૂર્વે થયું હોય તો તેમ કરવાથી પાછો હઠું છું, પોતાની આત્મસાખે નિંદું છું, ગુરુસાખે ગર્હું છું અને એવા વિચારોથી આત્માને પાછો હઠાવું છું. ૩. (સૂત્ર-૧૨)

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहय-पच्चक्खाय-पावकम्मे, दिआ वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा, से सिएण वा विहुयणेण वा तालिअंटेण वा पत्तेण वा पत्तभंगेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहत्थेण वा चेलेण वा चेलकण्णेण वा हत्थेण वा मुहेण वा अप्पणो वा कायं बाहिरं वावि पुग्गलं न फुमेज्जा न वीएज्जा अन्नं न फुमावेज्जा न वीआवेज्जा अन्नं फुमंतं वा वीअंतं वा न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न करावेमि करंतं पि अन्नं न समणुजाणामि**

**तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ ४ ॥ सूत्र-१३ ॥**

( सं० छा० ) स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरतप्रतिहतप्रत्याख्यातपापकर्मा दिवा वा रात्रौ वा एकको वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा स सितेन वा विधुवनेन वा तालवृन्तेन वा पत्रेण वा पत्रभङ्गेन वा शाखया वा शाखाभङ्गेन वा पिच्छेन वा पिच्छहस्तेन वा चेलेन वा चेलकर्णेन वा हस्तेन वा मुखेन वा आत्मनो वा कायं, बाह्यं वाऽपि पुद्गलं न फूत्कुर्यान्न वीजयेदन्यं न फूत्कारयेन्न वीजयेदन्यं फूत्कुर्वन्तं वा व्यजन्तं वा न समनुजानामि यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानं व्युत्सृजामि ॥ ४ ॥ सूत्र-१३ ॥

સિએણ–ધોળા ચામર વડે
વિહુયણેણ–પંખાથી
તાલિઅંટેણ–તાડપત્રના પંખાથી
પત્તેણ–કમળ આદિના પાંદડાથી
પત્તભંગેણ–કેળનાં પાંદડાના કટકાથી
સાહાએ–શાખાથી
સાહાભંગેણ–ડાળીના કટકાથી
પિહુણેણ–મોરની પીંછીથી
પિહુણહત્થેણ–મોરપીંછાની પૂંજણીથી
ચેલેણ–વસ્ત્રથી
ચેલકણ્ણેણ–વસ્ત્રના છેડાથી
હત્થેણ–હાથથી
મુહેણ–મુખથી
અપ્પણો–પોતાના
બાહિરં–બાહર
પુગ્ગલં–પુદ્ગલને

ફુમેજ્જા–ફૂંકે
વીએજ્જા–વીંજે
ફુમાવેજ્જા–ફૂંકાવે
વીઆવેજ્જા–વિંઝાવે
ફુમંતં–ફૂંકતાને
વીઅંતં–વીંજતાને

**ભાવાર્થ**–સંયમવાન, તપસ્વી, જૂનાં પાપકર્મોને નિર્જરનાર, નવાં પાપકર્મોનું પચ્ચક્ખાણ કરનાર, એવા સાધુ કે સાધ્વીએ દિવસે કે રાત્રે, એકલા હોય કે સભાસ્થિત હોય, સૂતેલાં હોય કે જાગતાં હોય, તેઓએ ચામરથી, પંખાથી, તાડપત્રના પંખાથી, પાંદડાથી, પાંદડાના કટકાથી, શાખાથી, શાખાના કટકાથી, મોરપીંછીથી, મોરપીંછીની પૂંજણીથી, વસ્ત્રથી, વસ્ત્રના છેડાથી, હાથથી કે મોઢાથી, પોતાના શરીરને કે બાહ્ય પુદ્ગલ, ઉષ્ણ જળ વગેરેને ફૂંકવું નહીં, વીંજવું નહીં, બીજા પાસે ફૂંકાવવું કે વીંજાવવું નહીં અને ફૂંકતા કે વીંજતાને અનુમોદવો પણ નહિ. જાવજ્જીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી તેમ કરું નહીં, બીજા પાસે કરાવવું નહીં અને તેમ કરનારને અનુમોદવો નહિ. જો તેમ કદાચ થયું હોય તો તેમ કરવાથી પાછો હઠું છું, પોતાની આત્મસાખે નિંદું છું, ગુરુસાખે ગર્હું છું અને એવા વિચારોથી આત્માને પાછો હઠાવું છું. ૪. (સૂત્ર–૧૩)

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहय–पच्चक्खाय–पावकम्मे, दिआ वा, राओ वा, एगओ वा, परिसागओ वा, सुत्ते वा, जागरमाणे वा, से बीएसु वा, बीअपईट्ठेसु**

वा रूढेसु वा, रूढपईट्ठेसु वा, जाएसु वा, जायपईट्ठेसु वा, हरिएसु वा, हरिअपइट्ठेसु वा, छिन्नेसु वा, छिन्नपईट्ठेसु वा, सचित्तेसु वा, सचित्तकोलपडिनिस्सिएसु वा, न गच्छेज्जा, न चिट्ठेज्जा, न निसीएज्जा, न तुअट्टेज्जा, अन्नं न गच्छावेज्जा, न चिट्ठावेज्जा, न निसीआवेज्जा न तुअट्टावेज्जा, अन्नं गच्छंतं वा, चिट्ठंतं वा, निसीयंतं वा, तुयट्टंतं वा, न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न करावेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥५॥

॥ सूत्र-१४ ॥

( सं० छा० ) स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरत-प्रतिहत-प्रत्याख्यात-पापकर्मा दिवा वा रात्रौ वा एकको वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा स बीजेषु वा बीजप्रतिष्ठितेषु वा रूढेषु वा रूढप्रतिष्ठितेषु वा जातेषु वा जातप्रतिष्ठितेषु वा हरितेषु वा हरितप्रतिष्ठितेषु वा छिन्नेषु वा छिन्नप्रतिष्ठितेषु वा

सचित्तेषु वा सचित्तकोलप्रतिनिश्रितेषु वा न गच्छेन्न तिष्ठेन्न निषीदेन्न त्वग्वर्त्तयेदन्यं न गमयेन्न स्थापयेन्न निषीदयेन्न स्वापयेदन्यं गच्छन्तं वा तिष्ठन्तं वा निषीदन्तं वा स्वपन्तं वा न समनुजानामि यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हाम्यात्मानं व्युत्सृजामि ॥ ५ ॥ सूत्र-१४ ॥

**બીએસુ**–બીજોમાં
**બીઅપઈટ્ઠેસુ**–બીજ ઉપર નાખેલ ચીજોમાં
**રૂઢેસુ**–બીમાંથી ઊગી નીકળેલ દાણામાં
**રૂઢપઈટ્ઠેસુ**–બીમાંથી ફણગો ફૂટેલ ધાન્યમાં
**જાએસુ**–ધાન્યના ખેતરમાં
**જાયપઇટ્ઠેસુ**–ખેતર વગેરમાં મૂકેલ ભોજન, આસનમાં
**હરિએસુ**–લીલી વનસ્પતિમાં
**હરિઅપઇટ્ઠેસુ**–લીલી વનસ્પતિ ઉપર મૂકેલ ચીજોમાં
**છિન્નેસુ**–કાપેલ ડાળીમાં
**છિન્નપઇટ્ઠેસુ**–કાપેલ ડાળી ઉપર
**સચિત્તેસુ**–ઈંડા આદિમાં
**સચિત્તકોલપડિનિસીએસુ**–ઘુણાદિથી યુક્ત આસનાદિમાં
**ગચ્છેજ્જા**–જાય
**ચિટ્ઠેજ્જા**–ઊભા રહે
**નિસીએજ્જા**–બેસે
**તુઅટ્ટેજ્જા**–સૂએ
**ગચ્છાવેજ્જા**–ચલાવે
**ચિટ્ઠાવેજ્જા**–ઊભા રાખે
**નિસીઆવેજ્જા**–બેસાડે
**તુઅટ્ટાવેજ્જા**–સૂવાડે
**ગચ્છંતં**–જનારને
**ચિટ્ઠંતં**–ઊભા રહેનારને
**નિસીઅંતં**–બેસનારને
**તુઅટ્ટંતં**–સૂનારને

**ભાવાર્થ**–સંયમવાન, તપસ્વી, જૂનાં પાપકર્મોની નિર્જરા કરનાર, નવા પાપકર્મોનું પચ્ચક્ખાણ કરનાર, એવા સાધુ કે

સાધ્વીએ દિવસે કે રાત્રે, એકલા હોય કે પર્ષદામાં બેઠેલાં હોય, સૂતાં હોય કે જાગતાં હોય, તેઓએ શાલિ વગેરેના બીજોમાં કે બીજવાળા આસનોમાં અંકુરાવાળી જગ્યાએ કે અંકુરવાળા આસનાદિમાં, મોટા છોડ વગેરેમાં કે છોડવાળા આસનોમાં, લીલા ઘાસમાં કે લીલા ઘાસવાળા આસનાદિમાં, સચિત્ત ઇંડાં વગેરે ઉપર કે ઘુણવાળા લાકડાં વગેરે ઉપર જવું–આવવું નહીં, બેસવું નહીં, ઊભા રહેવું નહીં, સૂવું પણ નહીં, બીજાને મોકલી બેસાડવો, ઊભો રખાવવો કે સૂવડાવવો નહીં અને તેમ કરતાને અનુમોદવો નહીં. જાવજ્જીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી તેમ કરવું નહીં, બીજા પાસે કરાવવું નહીં અને તેમ કરનારને અનુમોદવો નહીં. પૂર્વે જો તેમ થયું હોય તો તેમ કરવાથી પાછો હઠું છું, પોતાની આત્મસાખે નિંદું છું, ગુરુસાખે ગર્હું છું અને એવા વિચારોથી આત્માને પાછો હઠાવું છું. ૫. (સૂત્ર–૧૪)

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहय–पच्चक्खाय–पावकम्मे, दिया वा, राओ वा, एगओ वा, परिसागओ वा, सुत्ते वा, जागरमाणे वा, से कीडं वा, पयंगं वा, कुंथुं वा, पिपीलीअं वा, हत्थंसि वा, पायंसि वा. बाहुंसि वा, ऊरुंसि वा, उदरंसि वा, सीसंसि वा, वत्थंसि वा, पडिग्गहंसि वा, कंबलंसि वा,**

पायपुंछणंसि वा, रयहरणंसि वा, गोच्छगंसि वा, उंडगंसि वा, दंडगंसि वा, पीढगंसि वा, फलगंसि वा, सेज्जंसि वा, संथारगंसि वा, अन्नयरंसि वा, तहप्पगारे उवगरणजाए तओ संजयामेव पडिलेहिअ पडिलेहिअ, पमज्जिअ पमज्जिअ, एगंतमवणेज्जा, नो णं संघायमावज्जेज्जा ॥ ६ ॥ सूत्र–१५ ॥

( सं० छा० ) स भिक्षुर्वा भिक्षुकी वा संयत–विरत प्रतिहत-प्रत्याख्यात–पापकर्मा दिवा वा रात्रौ वा एकको वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा स कीटं वा पतङ्गं वा कुन्थुं वा पिपीलिकां वा हस्ते वा पादे वा बाहौ वा ऊरुणि वा उदरे वा शिरसि वा वस्त्रे वा प्रतिग्रहे वा कम्बलके वा पादप्रोञ्छनके वा रजोहरणे वा गोच्छके वा उन्दके वा दण्डके वा पीठके वा फलके वा शय्यायां वा संस्तारके वाऽन्यतरस्मिन् तथाप्रकारे उपकरणजाते ततः संयत एव प्रत्युपेक्ष्य प्रत्युपेक्ष्य प्रमृज्य प्रमृज्य एकान्तेऽपनयेन्नैनं सङ्घातमापादयेत् ॥६॥ ॥ सूत्र–१५ ॥

કીડં–કીડા
પયંગં–પતંગ
કુંથું–કુંથવો
પિપીલિયં–કીડી
હત્થંસિ–હાથ ઉપર
પાયંસિ–પગ ઉપર

બાહું સિ—બાહુ ઉપર
ઉરું સિ—સાથળ ઉપર
ઉદરં સિ—પેટ ઉપર
સીસં સિ—માથા ઉપર
વત્થં સિ—વસ્ત્રમાં
પડિગ્ગહં સિ—પાત્રમાં
કંબલં સિ—કામળીમાં
પાયપુંછણં સિ—દંડાસણમાં
રયહરણં સિ—રજોહરણમાં (ઓઘા)
ગોચ્છગં સિ—ગુચ્છામાં
ઉંડગં સિ—માત્રાના ભાજનમાં
દંડગં સિ—દાંડામાં
પીઢગં સિ—બાજોઠમાં
ફલગં સિ—પાટિયામાં
સેજ્જં સિ—શય્યામાં
સંથારગં સિ—સંથારામાં
અન્નયરં સિ—એમાંથી કોઇ એકમાં
તહપ્પગારે—તેવા પ્રકારના
ઉવગરણજાએ—ઉપકરણના સમૂહમાં
તઓ—ત્યાંથી
સંજયામેવ—પ્રયત્નપૂર્વક
પડિલેહિય—પડીલેહીને
પમજ્જિઅ—પૂંજીને
એગંત—એકાન્ત સ્થાને
અવણેજ્જા—મૂકે
નો ણં—નહિ
સંઘાયં—જથ્થામાં એકઠા કરીને
આવજ્જેજ્જા—પીડા પમાડે

**ભાવાર્થ**—સયંમવાન, તપસ્વી, જૂનાં પાપકર્મોનો હ્રાસ કરનાર, નવીન પાપકર્મોનો સંવર કરનાર, એવા સાધુ કે સાધ્વીએ દિવસે કે રાત્રે, એકલા હોય કે સભાગત હોય, સૂતાં હોય કે જાગતાં હોય, તેઓએ કીડા, પતંગીઆ, કુંથુંવા, કીડીઓ આદિ હાથમાં, પગમાં, બાહુમાં, સાથળમાં, પેટમાં, માથામાં, વસ્ત્રમાં, ઓઘામાં, ગુચ્છામાં, ઉંડકમાં (તરપણી કે માત્રાના ભાજનમાં) દાંડામાં, બાજોઠમાં, પાટિયામાં, શય્યામાં, સંથારામાં વગેરે સઘળાં ઉપકરણોના સમૂહમાં કોઈ પણ ઠેકાણેથી જો જીવો આવી ચડયા હોય તો પ્રયત્નપૂર્વક પડિલેહી, પ્રમાર્જી, તેને એકાન્ત સ્થળે મૂકવા પણ તેઓને એકઠાં કરી પીડા કરવી નહિ, બીજા

પાસે કરાવરાવી નહિ કે કરતાને અનુમોદવો નહિ. જાવજ્જીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાથી તેમ કરીશ નહીં, બીજા પાસે કરાવરાવીશ નહીં અને તેમ કરતાને અનુમોદીશ નહીં. જો તેમ કદાચ પૂર્વે થયું હોય તો તેમ કરવાથી પાછો હઠું છું, પોતાની આત્મસાખે નિંદું છું, ગુરુસાખે ગર્હું છું અને એવા વિચારોથી આત્માને પાછો હઠાવું છું. ૯. ( સૂત્ર-૧૫ )

**अजयं चरमाणो अ, पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुअं फलं ॥१॥**

(सं० छा०) अयतं (च) चरंश्च, प्राणभूतानि हिनस्ति ।
बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥ १ ॥

| | |
|---|---|
| અજયં-અજયણાથી | કમ્મં-કર્મને |
| ચરમાણો-ચાલતો | તં-તેથી |
| પાણભૂયાઇં-ત્રસ, સ્થાવર જીવોને | સે-તેને |
| હિંસઈ-હણે છે | હોઈ-થાય છે |
| બંધઈ-બાંધે છે | કડુઅં-કડવું |
| પાવયં-પાપને | ફલં-ફળ |

**ભાવાર્થ**-જે સાધુ કે સાધ્વી, ઈર્યાસમિતિ ભૂલી અજયણાથી ચાલતાં, પ્રાણને-ત્રસને કે ભૂત-સ્થાવર જીવને હણે છે અને એથી તેઓ પાપકર્મ બાંધે છે તથા તેનું કડવું ફળ ભોગવે છે. ૧.

**अजयं चिट्ठमाणो अ, पाणभूयाइं हिंसइ ।**
**बंधइ पावयं कम्मं, तं से होइ कडुअं फलं ॥२॥**

( सं० छा० ) (एवं) अयतं तिष्ठंश्च, प्राणभूतानि हिनस्ति ।
बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥ २ ॥

ચિટ્ઠમાણો-ઊભો રહેતો. બાકીનો શબ્દાર્થ પૂર્વવત્.

ભાવાર્થ-ઉપયોગ વિના, અજયણાથી ઊભા રહેતા સાધુ-સાધ્વી, ત્રસ-સ્થાવર જીવને હણે છે અને તેથી તેઓ પાપકર્મ બાંધે છે તથા તેનું કડવું ફળ ભોગવે છે. ૨.

**अजयं आसमाणो अ, पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुअं फलं ॥३॥**

( सं० छा० ) (एवं) अयतमासीनश्च, प्राणभूतानि हिनस्ति ।
बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥ ३ ॥

આસમાણો-બેસતો. બાકીનો શબ્દાર્થ પૂર્વવત્.

ભાવાર્થ-ઉપયોગ વિના, અજયણાથી બેસનાર સાધુ-સાધ્વી, ત્રસ-સ્થાવર જીવને હણે છે અને તેથી તેઓ પાપકર્મ બાંધે છે તથા તેનું કડવું ફળ ભોગવે છે. ૩.

**अजयं सयमाणो अ, पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुअं फलं ॥४॥**

( सं० छा० ) अयतं स्वपंश्च, प्राणभूतानि हिनस्ति ।
बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥ ४ ॥

સયમાણો-સૂતો. બાકીનો શબ્દાર્થ પૂર્વવત્.

**ભાવાર્થ**-ઉપયોગ વિના, અજયણાથી સૂઈ જનાર સાધુ-સાધ્વી, ત્રસ-સ્થાવર જીવને હણે છે અને એથી તેઓ પાપકર્મ બાંધે છે તથા તેનું કડવું ફળ પામે છે. ૪.

**अजयं भुंजमाणो अ, पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुअं फलं ॥५॥**

( सं० छा० ) अयतं भुञ्जानश्च, प्राणभूतानि हिनस्ति ।
बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥ ५ ॥

**ભુંજમાણો**-ખાતો. બાકીનો શબ્દાર્થ પૂર્વવત્.

**ભાવાર્થ**-પ્રયોજન વિના, અજયણાથી સરસ આહાર ખાનાર સાધુ-સાધ્વી, ત્રસ-સ્થાવર જીવને હણે છે અને તેથી તેઓ પાપકર્મ બાંધે છે તથા તેનું કડવું ફળ મેળવે છે. ૫.

**अजयं भासमाणो अ, पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुअं फलं ॥६॥**

( सं० छा० ) अयतं भाषमाणश्च, प्राणभूतानि हिनस्ति ।
बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥ ६ ॥

**ભાસમાણો**-બોલતો. બાકીનો શબ્દાર્થ પૂર્વવત્.

**ભાવાર્થ**-અજયણાથી, ભાષાસમિતિ ભૂલી બોલનાર સાધુ-સાધ્વી, ત્રસ-સ્થાવર જીવને હણે છે અને એથી તેઓ પાપકર્મ બાંધે છે તથા તેનું કડવું ફળ ચાખે છે. ૬.

**कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सए।**
**कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥७॥**

(सं० छा०) कथं चरेत्कथं, तिष्ठेत्कथमासीत कथं स्वपेत्।
कथं भुञ्जानो भाषमाणः, पापं कर्म्म न बध्नाति ॥ ७ ॥

કહં-કેવી રીતે
ચરે-ચાલે
ચિટ્ઠે-ઊભો રહે
આસે-બેસે
સએ-સૂઈ રહે
ચરંતો-ચાલતો
ભુંજંતો-ખાતો
ભાસંતો-બોલતો
ન-નથી

**ભાવાર્થ**-કેવી રીતે ચાલવું ?, ઊભા રહેવું ?, બેસવું ?, સૂવું ?, ખાવું ?, બોલવું ?, કે જેથી પાપકર્મ ન બંધાય. ૭.

**जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए।**
**जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥८॥**

(सं० छा०) यतं चरेद्यतं तिष्ठेद्, यतमासीत यतं स्वपेत्।
यतं भुञ्जानो यतं भाषमाणः, पापं कर्म्म न बध्नाति ॥ ८ ॥

જયં-જયણાપૂર્વક. બાકીનો શબ્દાર્થ પૂર્વવત્.

**ભાવાર્થ**-જયણાપૂર્વક ચાલવું, ઊભા રહેવું, બેસવું, સૂવું, ખાવું અને બોલવું, કે જેથી પાપકર્મ બંધાતું નથી. ૮

**सव्वभूयप्पभूयस्स, सम्मं भूयाइं पासओ।**
**पिहिआसवस्स दंतस्स, पावं कम्मं न बंधइ ॥९॥**

(સં૦ છા૦) सर्वभूतात्मभूतस्य, सम्यग् भूतानि पश्यतः।
पिहिताश्रवस्य दान्तस्य, पापं कर्म न बध्नाति ॥ ९ ॥

સવ્વ—સર્વ
ભૂઅ—પ્રાણીને
અપ્પભૂઅસ્સ—પોતાના આત્મા જેવા
સમ્મં—બરાબર રીતે
ભૂયાઇં—ત્રસ—સ્થાવર જીવોને
પાસઓ—જોવાથી
પિહિય—ઢાંકેલા
આસવસ્સ—આશ્રવદ્વાર
દંતસ્સ—ઇન્દ્રિય જીતનાર

**ભાવાર્થ**—સમસ્ત જીવોને, પોતાના આત્માની માફક બરોબર જાણનાર, શ્રી વીતરાગદેવે કહેલ વિધિપૂર્વક, સારી રીતે પૃથ્વી વગેરેને જોનાર, આશ્રવદ્વારોને બંધ કરનાર અને ઇન્દ્રિયોને દમનાર સાધુ–સાધ્વી પાપકર્મને બાંધતા નથી. ૯.

**પ્રશ્ન**—હે ભગવન્! જો એમ છે, તો અમારે જીવની દયા જ પાળવીને? જ્ઞાન ભણવાનું શું કામ છે?

એના જવાબ રૂપે આગળ ગાથા કહે છે. વાંચો!

**पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए।**
**अन्नाणी किं काही, किंवा नाहीइ छेअपावगं॥१०॥**

(સં૦ છા૦) प्रथमं ज्ञानं ततो दया, एवं तिष्ठति सर्वसंयतः।
अज्ञानी किं करिष्यति, किं वा ज्ञास्यति छेकं पापकम् ॥ १० ॥

સવ્વસંજએ—સર્વ સંયમીઓ
અન્નાણી—અજ્ઞાની
કિં—શું
કાહી—કરશે
નાહીઈ—જાણશે
છેઅ—શ્રેય
પાવગં—પાપ

**ભાવાર્થ**-પ્રથમ જ્ઞાન અને પછી દયા છે. (જીવોની જાતિ જાણ્યા વગર કોની દયા પળાય ?) આ પ્રમાણે સકલ સાધુવર્ગ ચાલે છે. અજ્ઞાની શું કરી શકે? પુણ્ય-પાપને કેમ જાણી શકે ? માટે જ્ઞાનની પ્રાથમિક અનિવાર્ય જરૂર છે. ૧૦.

**सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
**उभयंपि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥११॥**

(सं० छा०) श्रुत्वा जानाति कल्याणं, श्रुत्वा जानाति पापकम् ।
उभयमपि जानाति श्रुत्वा, यच्छेकं (यच्छ्रेयः) तत्समाचरेत् ॥११॥

સોચ્ચા-સાંભળીને
જાણઈ-જાણે છે
કલ્લાણં-કલ્યાણમાર્ગને
પાવગં-પાપમાર્ગને
ઉભયં-બન્નેને
પિ-પણ
સેયં-કલ્યાણકારી
સમાયરે-સમાચરે

**ભાવાર્થ**-સાંભળવાથી કલ્યાણમાર્ગ-દયા, સંયમનું સ્વરૂપ જાણી શકાય છે અને પાપ-અસંયમનું સ્વરૂપ પણ જણાય છે. બન્ને માર્ગ સાંભળવાથી જણાય છે, તો આ બન્નેમાં જે કલ્યાણકારી હોય તેનું આચરણ કરો. ૧૧.

**जो जीवे वि न याणेइ, अजीवे वि न याणेइ ।**
**जीवाजीवे अयाणंतो, कहं सो नाहीइ संजमं ॥१२॥**

(सं० छा०) यो जीवानपि न जानाति, अजीवानपि न जानाति ।
जीवाजीवानजानन्, कथमसौ ज्ञास्यति संयमम् ॥ १२ ॥

| | |
|---|---|
| જો–જે | બન્નેને |
| જીવે–જીવોને | અયાણંતો–નહીં જાણતો |
| વિ–પણ | કહં–કેવી રીતે |
| ન યાણેઈ–ન જાણે | સો–તે |
| અજીવે–અજીવોને | નાહીઈ–જાણશે |
| જીવાજીવે–જીવ અને અજીવ | સંજમં–સંજમને |

**ભાવાર્થ**–જે સાધુ–સાધ્વી જીવને પણ જાણતા નથી કે અજીવને પણ જાણતા નથી અને જે જીવ–અજીવ બંનેને જાણતા નથી, તે સંયમને કેમ જાણશે? ૧૨.

**जो जीवे वि वियाणेइ, अजीवे वि वियाणइ ।**
**जीवाजीवे वियाणंतो, सोहु नाहीइ संजमं ॥१३॥**

(सं० छा०) यो जीवानपि विजानाति, यजीवानपि विजानाति ।
जीवाजीवानपि विजानन्, स एव ज्ञास्यति संयमम् ॥ १३ ॥

| | |
|---|---|
| વિયાણેઇ–વિશેષ જાણે | હુ–ચોક્કસ |
| વિયાણંતો–વિશેષ પ્રકારે જાણતો | |

**ભાવાર્થ**–જે જીવને પણ જાણે છે કે અજીવને પણ જાણે છે અને જે જીવ–અજીવ બંનેને જાણે છે, તે ચોક્કસ સંયમને જાણશે. ૧૩.

**जया जीवमजीवे अ, दोवि एए वियाणइ ।**
**तया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ॥१४॥**

(सं० छा०) यदा जीवानजीवांश्च, द्वावप्येतौ विजानाति ।
तदा गतिं बहुविधां, सर्वजीवानां जानाति ॥ १४ ॥

| | |
|---|---|
| જયા—જ્યારે | ગઇં—ગતિને |
| એએ—એ | બહુવિહં—નાના પ્રકારની |
| તયા—ત્યારે | સવ્વજીવાણ—સર્વ જીવોની |

**ભાવાર્થ**—જ્યારે જીવ-અજીવ એ બન્નેને જાણશે, ત્યારે સર્વ જીવોની નાના પ્રકારની ગતિ જાણશે. ૧૪.

**जया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ।**
**तया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ ॥१५॥**

(सं० छा०) यदा गतिं बहुविधां, सर्वजीवानां जानाति ।
तदा पुण्यं च पापं च, बन्धं मोक्षं च जानाति ॥ १५ ॥

| | |
|---|---|
| પુણ્ણં—પુણ્યને | બંધં—બંધને |
| પાવં—પાપને | મુક્ખં—મોક્ષને |

**ભાવાર્થ**—જ્યારે સર્વ જીવોની નાના પ્રકારની ગતિને જાણશે, ત્યારે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને જાણશે. ૧૫.

**जया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ ।**
**तया निव्विंदए भोए, जे दिव्वे जे अ माणुसे ॥१६॥**

(सं० छा०) यदा पुण्यं च पापं च, बन्धं मोक्षं च जानाति ।
तदा निर्विन्ते भोगान्, यान् दिव्यान्यांश्च मानुषान् ॥ १६ ॥

| | |
|---|---|
| નિવ્વિંદએ—અસાર કરી જાણે | દિવ્વે—દેવ સંબંધી |
| ભોએ—ભોગોને | માણુસે—મનુષ્ય સંબંધી |

**ભાવાર્થ**—જ્યારે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષ જાણશે, ત્યારે દેવ અને મનુષ્ય સંબંધી શબ્દ આદિ વિષયોને અસાર–દુઃખ રૂપે કરી જાણે. ૧૬.

**जया निव्विंदए भोगे, जे दिव्वे जे अ माणुसे ।**
**तया चयइ संजोगं, सब्भिंतरबाहिरं ॥ १७ ॥**

(सं० छा०) यदा निर्विन्ते भोगान्,
यान् दिव्यान् यांश्च मानुषान् ।
तदा त्यजति संयोगं, साभ्यन्तरबाह्यम् ॥ १७ ॥

**ચયઈ**–ત્યાગ કરે છે
**સંજોગં**–સંજોગને
**સબ્ભિંતરબાહિરં**–અંદરના અને બહારના

**ભાવાર્થ**—જ્યારે દેવ અને મનુષ્ય સંબંધી શબ્દ આદિ વિષયોને આસાર કરી જાણે, ત્યારે બાહ્ય (કંચન–કામિનીના) અને અંદરના (ક્રોધ આદિ) સંયોગોનો ત્યાગ કરે. ૧૭.

**जया चयइ संजोगं, सब्भिंतरबाहिरं ।**
**तया मुंडे भवित्ताणं, पव्वइए अणगारिअं ॥१८॥**

(सं० छा०) यदा त्यजति संयोगं, साभ्यन्तरबाह्यम् ।
तदा मुण्डो भूत्वा, प्रव्रजति अनगारिताम् ॥ १८ ॥

**મુંડે**–મુંડિત
**ભવિત્તાણં**–થઈને
**પવ્વઇએ**–સ્વીકાર કરે
**અણગારિઅં**–સાધુપણાને

**ભાવાર્થ**—જ્યારે બાહ્ય–અભ્યંતર સંયોગોનો ત્યાગ કરે, ત્યારે દ્રવ્યતઃ ભાવતઃ મુંડિત થઈ સાધુધર્મનો સ્વીકાર કરે. ૧૮.

**जया मुंडे भवित्ताणं, पव्वइए अणगारिअं ।**
**तया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ॥१९॥**

(सं छा०) यदा मुण्डो भूत्वा, प्रव्रजति अनगारिताम् ।
तदा संवरमुत्कृष्टं, धर्म्मं स्पृशत्यनुत्तरम् ॥ १९ ॥

સંવરં-સંવરને
ઉક્કિટ્ઠં-ઉત્કૃષ્ટ
ધમ્મં-ધર્મને
ફાસે-સ્પર્શે
અનુત્તરં-ઉત્તમ

**ભાવાર્થ**-જ્યારે મુંડિત થઇને સાધુધર્મ અંગીકાર કરે, ત્યારે ઉત્કૃષ્ટ સંવર (પંચ મહાવ્રત રૂપ) અનુત્તર ધર્મને સ્પર્શે. ૧૯.

**जया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ।**
**तया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ॥२०॥**

(सं० छा०) यदा संवरमुत्कृष्टं, धर्मं स्पृशत्यनुत्तरम् ।
तदा धुनाति कर्म्मरजः, अबोधिकलुषं कृतम् ॥ २० ॥

ધુણઇ-કાઢી નાંખે
કમ્મરયં-કર્મ રૂપી રજને
અબોહિ-મિથ્યાદષ્ટિ
કલુસં-પાપને
કડં-કરેલું કર્મ

**ભાવાર્થ**-જ્યારે ઉત્કૃષ્ટ સંવર રૂપ અનુત્તર ધર્મને સ્પર્શે, ત્યારે મિથ્યાદષ્ટિ રૂપ પાપથી સંચિત કરેલ કર્મરજનો નાશ કરે. ૨૦.

जया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ।
तया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ॥२१॥

(सं० छा०) यदा धुनाति कर्म्मरजः, अबोधिकलुषं कृतम् ।
तदा सर्वत्रगं ज्ञानं, दर्शनं चाभिगच्छति ॥ २१ ॥

સવ્વત્તગં–સર્વવ્યાપી | અભિગચ્છઇ–સારી રીતે પામે છે

ભાવાર્થ–જ્યારે મિથ્યાદષ્ટિપણાથી ગ્રહણ કરેલ કર્મનો નાશ કરે, ત્યારે સર્વવ્યાપી કેવલજ્ઞાન અને કેવલદર્શનને પામે. ૨૧.

जया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ।
तया लोगमलोगं च, जीणो जाणइ केवली ॥२२॥

(सं० छा०) यदा सर्वत्रगं ज्ञानं, दर्शनं चाभिगच्छति ।
तदा लोकमलोकं च, जिनो जानाति केवली ॥ २२ ॥

લોગં–લોકને | જિણો–વીતરાગ ભગવાન
અલોગં–અલોકને |

ભાવાર્થ–જ્યારે સર્વવ્યાપી જ્ઞાન–દર્શનને પામે, ત્યારે વીતરાગ કેવલી ભગવાન લોક–અલોકને જાણે. ૨૨.

जया लोगमलोगं च, जिणो जाणइ केवली ।
तया जोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जइ ॥२३॥

(सं० छा०) यदा लोकमलोकं च, जिनो जानाति केवली ।
तदा योगान् निरुद्ध्य, शैलेशीं प्रतिपद्यते ॥२३॥

જોગે—યોગોને | સેલેસિં—શૈલેશી દશાને
નિરુંભિત્તા—રૂંધીને | પડિવજ્જઈ—અંગીકાર કરે

ભાવાર્થ—જ્યારે વીતરાગ કેવલી લોક—અલોકને જાણે, ત્યારે મન—વચન—કાયા રૂપ યોગોનો નિરોધ કરી શૈલેશી દશાને પામે. ૨૩.

**जया भोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जइ ।**
**जया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ नीरओ ॥२४॥**

(सं० छा०) यदा योगान्निरुद्ध्य, शैलेशीं प्रतिपद्यते ।
तदा कर्म्म क्षपयित्वा, सिद्धिं गच्छति नीरजाः ॥ २४ ॥

ખવિત્તાણં—ખપાવીને | નીરઓ—કર્મ રૂપી રજ રહિત

ભાવાર્થ—જ્યારે યોગોને રૂંધી શૈલેશી દશાને પામે, ત્યારે સકલ કર્મ ક્ષય કરી—કર્મ રૂપ રજ રહિત બની મોક્ષે જાય છે. ૨૪.

**जया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ नीरओ ।**
**तया लोगमत्थयत्थो, सिद्धो हवइ सासओ ॥२५॥**

(सं० छा०) यदा कर्म्म क्षपयित्वा, सिद्धिं गच्छति नीरजाः ।
तदा लोकमस्तकस्थः, सिद्धो भवति शाश्वतः ॥ २५ ॥

મત્થયત્થો—ટોચે રહેલો | સાસઓ—શાશ્વતો
સિદ્ધો—સિદ્ધ ભગવાન |

ભાવાર્થ—જ્યારે કર્મ ખપાવી—કર્મરજ રહિત બની

મોક્ષે જાય, ત્યારે ત્રણ લોકના મસ્તક ઉપર રહેલા શાશ્વત સિદ્ધ ભગવાન થાય. ૨૫.

सुहसायगस्स समणस्स,
सायाउलगस्स निगामसाइस्स ।
उच्छोलणापहोअस्स,
दुल्लहा सुगइ तारिसगस्स ॥२६॥

(सं० छा०) सुखास्वादकस्य श्रमणस्य,
सातकुलस्य निकामशायिनः ।
उत्सोलनाप्रधाविनः, दुर्लभा सुगतिस्तादृशस्य ॥ २६ ॥

સુહસાયગસ્સ–સુખના આસ્વાદ કરનારને
સમણસ્સ–સાધુને
સાયાઉલગસ્સ–સુખને માટે આકૂલ–વ્યાકૂલ
નિગામસાઇસ્સ–અત્યંત સૂઈ રહેનાર
ઉચ્છોલણાપહોઅસ્સ–ઘણું પાણી વાપરી હાથ–પગની શુદ્ધિ કરનાર
દુલ્લહા–દુર્લભ
સુગઈ–મોક્ષગતિ
તારિસગસ્સ–તેવાને

**ભાવાર્થ**–પ્રાપ્ત શબ્દ, રસ આદિ વિષયસુખનો આસ્વાદક, દ્રવ્ય દીક્ષાવાળો, સુખને માટે આકૂળ–વ્યાકૂળ, અકાળે ખૂબ સૂવાવાળો અને અજયણાથી પાણીવતી પગ આદિની શુદ્ધિ કરનાર, આવાને–ભગવાનની આજ્ઞાનો લોપ કરનારને સુગતિ દુર્લભ છે. ૨૬.

**तवोगुणपहाणस्स उज्जुमइ–खंति-संजमरयस्स।**
**परीसहे जिणंतस्स सुलहा सुगइ तारिसगस्स।२७।**

( सं० छा० ) तपोगुणप्रधानस्य ऋजुमतेः क्षान्तिसंयमरतस्य ।
परीषहान् जयतः सुलभा सुगतिस्तादृशस्य ॥२७॥

**તવોગુણપહાણસ્સ**–જેમની પાસે તપરૂપી ગુણપ્રધાન છે
**ઉજ્જુમઈ**–સરલ મતિવાળા
**ખંતિસંજમરયસ્સ**–ક્ષમા, સંજમમાં પરાયણ
**પરીસહે**–પરીષહોને
**જિણંતસ્સ**–જીતનારને
**સુલહા**–સુલભ
**સુગતિ**–સારી ગતિ

**ભાવાર્થ**–છટ્ઠ, અટ્ઠમ આદિ તપસ્યા કરનાર, મોક્ષમાર્ગમાં પ્રવર્તમાન બુદ્ધિવાળા, સરલ મતિ, ક્ષમા અને સંજમને સદા વળગી રહેનાર અને પરીષહોને જીતનાર, આવા મહાપુરુષને સુગતિ સુલભ છે. ૨૭.

**पच्छावि ते पयाया खिप्पं गच्छंति अमरभवणाइं।**
**जेसिं पिओ तवो संजमो**
**अ खंती अ बंभचेरं च ॥२८॥**

(सं० छा०) पश्चादपि ते प्रयाताः क्षिप्रं गच्छन्त्यमरभवनानि ।
येषां प्रियं तपः संयमश्च क्षान्तिश्च ब्रह्मचर्यं च ॥ २८ ॥

**પચ્છા**–પાછલી વયે
**વિ**–પણ
**તે**–તેઓ
**પયાયા**–સન્માર્ગે ચાલતાં
**ખિપ્પં**–જલદીથી
**ગચ્છંતિ**–જાય છે

| | |
|---|---|
| અમરભવણાઇં–દેવલોકમાં | તવો–તપ |
| જેસિં–જેમને | સંજમો–સંજમ |
| પિઓ–પ્રિય | બંભચેરં–બ્રહ્મચર્ય |

**ભાવાર્થ**–જેઓને તપ, સંજમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે, તેઓ જો કે પાછળથી ( વૃદ્ધાવસ્થામાં ) દીક્ષા લે છે, તો પણ જલદીથી દેવલોકમાં જાય છે. ૨૮.

**इच्चेअं छज्जीवणिअं सम्मद्दिट्ठी सया जये ।**
**दुल्लहं लहित्तु सामन्नं,**
**कम्मुणा न विराहिज्जासि. त्ति बेमि ॥ २९ ॥**

(सं० छा०) इत्येतां षड्जीवनिकायिकां सम्यग्दृष्टिः सदा यतः।
दुर्लभं लब्ध्वा श्रामण्यं कर्मणा न विराधयेत्. इति ब्रवीमि ॥२९॥

| | |
|---|---|
| ઇચ્ચેયં–એ પ્રકારના | લહિત્તુ–પામીને |
| છજ્જીવણીયં–છ જીવનિકાયની | સામન્નં–શ્રમણપણું |
| સમ્મદિટ્ઠી–સમ્યગ્દષ્ટિ | કમ્મુણા–કર્મ–ક્રિયા વડે |
| જયે–જયણા કરે | વિરાહેજ્જાસિ–વિરાધે |
| દુલ્લહં–દુર્લભ | |

**ભાવાર્થ**–નિરંતર જયણામાં તત્પર, સમ્યગ્દષ્ટિ, દુર્લભ શ્રમણપણાને પામીને, મન–વચન–કાયાએ કરીને આ છજ્જીવનિકાયની જયણાની પ્રમાદથી વિરાધના ન કરે. ( એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે. ) ૨૯.

–ઇતિ ષડ્જીવનિકા અધ્યયનમ્.

❋

## પ. પિણ્ડૈષણા અધ્યયનમ્-પ્રથમ ઉદ્દેશઃ

**संपत्ते भिक्खकालंमि, असंभंतो अमुच्छिओ ।**
**इमेण कमजोगेण, भत्तपाणं गवेसए ॥ १ ॥**

(सं० छा० ) सम्प्राप्ते भिक्षाकाले, असंभ्रान्तोऽमूर्च्छितः ।
अनेन क्रमयोगेन, भक्तपानं गवेषयेत् ॥ १ ॥

સંપત્તે-પ્રાપ્ત થયે છતે
ભિક્ખકાલંમિ-ભિક્ષાનો સમય
અસંભંતો-અસંભ્રાન્ત
અમુચ્છિઓ-અમૂર્ચ્છિત
ઇમેણ-આ
કમજોગેણ-ક્રમસરની કહેવાતી ક્રિયાથી
ભત્તપાણં-ભાત-પાણીની
ગવેસએ-ગવેષણા કરે

**ભાવાર્થ**-ભિક્ષાસમય સારી રીતે આવ્યે છતે, અનાકૂલ અને અનાસક્ત બની, મુનિ આહાર-પાણીની આ આગળ કહેવાતા ક્રમયોગપૂર્વક ગવેષણા કરે. ૧.

**से गामे वा नगरे वा, गोअरग्गओ मुणी ।**
**चरे मंदमणुव्विग्गो, अव्वक्खित्तेण चेअसा ॥२॥**

(सं० छा० ) स ग्रामे वा नगरे वा, गोचराग्रगतो मुनिः ।
चरेन्मन्दमनुद्विग्नः, अव्याक्षिप्तेन चेतसा ॥२॥

ગોઅરગ્ગઓ-ગોચરીએ ગએલો
મુણિ-મુનિ
ચરે-ચાલે
મંદં-હળવે હળવે
અણુવ્વિગ્ગો-અનુદ્વિગ્ન
અવ્વિક્ખિતેણ-વ્યાક્ષેપ વગરના
ચેઅસા-મન વડે

**ભાવાર્થ**—ગ્રામ કે નગરમાં ગોચરીએ જનાર મુનિએ હળવે હળવે, કંટાળ્યા વગર અને વ્યાક્ષેપ વગરના મન સહિત ઉપયોગપૂર્વક ચાલવું. ૨.

**पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे ।**
**वज्जंतो बीअहरियाइं, पाणे अ दगमट्टिअं ॥३॥**

(सं० छा० ) पुरतो युगमात्रया, प्रेक्षमाणो महीं चरेत् ।
वर्जयन् बीजहरितानि, प्राणिन उदकं मृत्तिकां च ॥ ३ ॥

**પુરઓ**—આગળ
**જુગમાયાએ**—ધુંસરાપ્રમાણ
**પેહમાણે**—જોતો થકો
**મહીં**—પૃથ્વી ઉપર
**વજ્જંતો**—ત્યાગ કરતા
**બીઅ હરિઆઈ**—બીજ અને લીલોતરીને
**પાણે**—ત્રસ જીવને
**દગમટ્ટીયં**—પાણી અને માટીને

**ભાવાર્થ**—બીજ, લીલોતરી, પાણી, માટી અને બેઇન્દ્રિય વગેરે ત્રસ જીવોનો ત્યાગ કરતાં (નહિ દબાવતાં), સંમુખ ધુંસરાપ્રમાણ દૃષ્ટિ મૂકવાપૂર્વક સાધુએ પૃથ્વી ઉપર ચાલવું. ૩.

**ओवायं विसमं खाणुं, विजलं परिवज्जए ।**
**संकमेण न गच्छिज्जा, विज्जमाणे परक्कमे ॥४॥**

(सं० छा० ) अवपातं विषमं स्थाणुं, विजलं परिवर्जयेत् ।
संक्रमेण न गच्छेत्, विद्यमाने पराक्रमे ॥४॥

**ઓવાયં**—ખાડાને
**વિસમં**—વિષમ (ઉંચી–નીચી)
**ખાણું**—સ્થંભને
**વિજલં**—પાણી વિનાનો

| | |
|---|---|
| પરિવજ્જએ-પરિહરે | ગચ્છેજ્જા-જાય |
| સંક્રમેણ-પાણી ઉપર, પથ્થર કે લાકડાની પાજ વડે | વિજ્જમાણે-વિદ્યમાન હોય તો |
| | પરક્કમે-બીજે રસ્તે |

ભાવાર્થ-માર્ગમાં ચાલતાં જો ખાડો, થાંભલો, પાણી વિનાનો કાદવ કે નદી વગેરેને ઉતરવા માટે પથ્થર કે લાકડાં માંડયાં હોય, તો જ્યાં સુધી સારો માર્ગ મળે ત્યાં સુધી તેવા માર્ગે ઉતરવું નહીં. ૪.

**पवडंते ! व से तत्थ, पक्खलंते व संजए ।**
**हिंसेज्ज पाणभूयाइं, तसे अदुव थावरे ॥५॥**

(सं० छा०) प्रपतन् वाऽसौ तत्र, प्रस्खलन् वा संयतः ।
हिंस्यात् प्राणभूतानि, त्रसानथवा स्थावरान् ॥५॥

| | |
|---|---|
| સે-તે | હિંસેજ્જ-હિંસા કરે |
| તત્થ-ત્યાં | પાણભૂયાઇં-બેઇન્દ્રિયાદિ અને એકેન્દ્રિયાદિ |
| પક્ખલંતે-લથડતે છતે | થાવરે-સ્થાવર જીવોને |
| સંજએ-સંજમી | |

ભાવાર્થ-કારણ કે-તેવા માર્ગે ઉત્તરતાં કદાચ જો સાધુ પડી જાય અગર સ્ખલના પામે, તો તેથી ત્રસ-સ્થાવર જીવોની હિંસા થાય અને પોતાના હાથ-પગ ભાંગે. આ પ્રમાણે સ્વ-પર ઉભય વિરાધના જાણવી. ૫.

**तम्हा तेण न गच्छिज्जा, संजए सुसमाहिए ।**
**सइ अन्नेण मग्गेण, जयमेव परक्कमे ॥६॥**

( सं० छा० ) तस्मात्तेन न गच्छेत्, संयतः सुसमाहितः ।
सत्यन्यस्मिन् मार्गे, यतमेव पराक्रमेत् ॥ ६॥

તમ્હા–તે માટે
સંજએ–સંયમી
સુસમાહિએ–ભગવાનની આજ્ઞાએ ચાલનાર
અન્નેણ–બીજે
મગ્ગેણ–માર્ગે
જયમેવ–જયણાએ જ
પરક્કમે–ચાલે

ભાવાર્થ–આ કારણથી ભગવાનની આજ્ઞાએ ચાલનાર સાધુએ, જ્યાં સુધી બીજો સારો માર્ગ હોય ત્યાં સુધી આવા રસ્તે ચાલવું નહિ. જો બીજો રસ્તો ન મળે તો ઘણી જયણાપૂર્વક ચાલવું. ૬.

**इंगालं छारियं रासिं, तुसरासिं च गोमयं ।**
**ससरक्खेहिं पाएहिं, संजओ तं नइक्कमे ॥७॥**

( सं० छा० ) आङ्गारं क्षारं राशिं, तुषराशिं च गोमयम् ।
सरजस्काभ्यां पद्भ्यां, संयतस्तं नाक्रामेत् ॥७॥

ઇંગાલં–અંગારાના
છારિઅં–રાખના
રાશિં–ઢગલાને
તુસ–ફોતરાના
ગોમયં–છાણના
સસરક્ખેહિં–રજ સહિત
પાએહિં–પગ વડે
સંજઓ–સાધુ
તં–તેને
નઈક્કમે–ન ઓળંગે

ભાવાર્થ–રસ્તામાં ચાલતાં અંગારાનો, રાખનો, ફોતરાંનો કે છાણનો ઢગલો જો આવે, તો સચિત્ત રજથી ખરડાયેલા પગવાળા બની સાધુએ તેના ઉપર ચાલવું નહિ. ૭.

न चरेज्ज वासे वासंते, महियाए वा पडंतिए ।
महावए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥८॥

(सं० छा०) न चरेद्वर्षे वर्षति, महिकायां वा पतन्त्याम् ।
महावाते वा वाति, तिर्यक्संपातिमेषु वा ॥८॥

ચરેજ્જ—જાય
વાસે—વરસાદ
વાસંતે—વરસતે છતે
મહિયાએ—ધુમ્મસ
વ—અથવા
પડંતિએ—પડતે છતે
મહાવાએ—મોટો વાયરો
વાએ—વાયે છતે
તિરિચ્છ—તિર્ચ્છીગતિએ
સંપાઇમેસુ—સંપાતિમ જીવો ઉડતે છતે

**ભાવાર્થ**-જો વરસાદ વરસતો હોય, ધુમ્મસ પડતી હોય, મોટો વાયરો વાતો હોય, ધૂળ ઉડતી હોય તથા સંપાતિમ-પતંગિયા આદિ ઘણાં ઉડતાં હોય, તો સાધુએ ગોચરી જવું નહીં. કદાચ ગયા બાદ જો તેમ થયું હોય, તો કોઈ ઢાંકેલી સારી જગ્યાએ ઊભા રહેવું. ૮.

न चरेज्ज वेरसामंते, बंभचेरवसाणुए ।
बंभचारिस्स दंतस्स, हुज्जा तत्थ विसुत्तिआ ॥९॥

(सं० छा०) न चरेद् वेश्यासामन्ते, ब्रह्मचर्यावसानके ।
ब्रह्मचारिणो दान्तस्य, भवेत्तत्र विस्रोतसिका ॥९॥

વેસસામંતે—વેશ્યાંના ઘરની આસપાસ
બંભચેરે—બ્રહ્મચર્ય
અવસાણુએ—વિનાશ રૂપ કરનાર
બંભચારિસ્સ—બ્રહ્મચારી સાધુને

દંતસ્સ-ઇંદ્રિયો દમેલાને
હુજ્જા-હોય
તત્થ-ત્યાં
વિસુત્તિઆ-મનોવિકાર-પતન

**ભાવાર્થ**-જ્યાં બ્રહ્મચર્યનો નાશ થવાનો સંભવ છે, એવા વેશ્યાના ઘર નજદીક સાધુએ જવું નહીં. ત્યાં જવાથી ઇન્દ્રિયોને દમનાર બ્રહ્મચારી પુરુષને મનનો વિકાર પેદા થાય છે. ૯.

**अणायणे चरंतस्स, संसग्गीए अभिक्खणं ।**
**हुज्ज वयाणं पीला, सामन्नंमि अ संसओ ॥१०॥**

(सं० छा०) अनायतने चरतः, संसर्गेणाभीक्ष्णम् ।
भवेद् व्रतानां पीडा, श्रामण्ये च संशयः ॥१०॥

અણાયણે-ગોચરી નહીં જવા લાયક ઘરમાં
ચરંતસ્સ-જતાંને
સંસગ્ગીએ-સંસર્ગથી
અભિક્ખણં-વારંવાર
હુજ્જ-હોય
વયાણં-વ્રતોને
પીલા-પીડા
સામન્નંમિ-સંજમમાં
અ-વળી
સંસઓ-સંશય

**ભાવાર્થ**-વારંવાર વેશ્યા વગેરેના મહોલ્લામાં જતાં, તેનો સંસર્ગ થવાથી વ્રતોને પીડા થાય છે (વ્રતધ્વંસ થાય છે) અને તેના ચારિત્રમાં શંકા થાય છે. ૧૦.

**तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**वज्जए वेससामंतं, मुणी एगंतमस्सिए ॥११॥**

(સં૦ છા૦) तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिविवर्धनम् ।
वर्जयेद् वेश्यासामन्तं, मुनिरेकान्तमाश्रितः ॥११॥

| | |
|---|---|
| તમ્હા-તેથી | દુગ્ગઈવડ્ઢણં-દુર્ગતિ વધારનાર |
| એઅં-એ પ્રકારે | વજ્જએ-વર્જે |
| વિઆણિત્તા-જાણીને | એગંતં-મોક્ષનો |
| દોસં-દોષને | અસ્સિએ-જેણે આશ્રય કર્યો છે |

ભાવાર્થ-તેથી મોક્ષનો આશ્રય કરવાવાળા મુનિએ, દુર્ગતિને વધારનાર આ દોષને જાણીને વેશ્યાઓની શેરીઓનો ત્યાગ કરવો. ૧૧.

साणं सूइअं गाविं, दित्तं गोणं हयं गयं ।
संडिम्भं कलहं जुद्धं, दुरओ परिवज्जए ॥१२॥

(સં૦ છા૦) श्वानं सूतां गां, दृप्तं गावं हयं गजम् ।
संडिम्भं कलहं युद्धं, दूरतः परिवर्जयेद् ॥१२॥

| | |
|---|---|
| સાણં-કુતરાને | સંડિમ્ભં-બાળક રમતા હોય તે સ્થાનને |
| સૂઇયં-વિઆયેલી | કલહં-કલહવાળી જગ્યાને |
| ગાવિં-ગાયને | જુદ્ધં-લડાઈને |
| દિત્તં-મદો-મત્ત | દુરઓ-દૂરથી |
| ગોણં-બળદને | પરિવજ્જએ-છોડી દે |
| હયં-ઘોડાને | |
| ગયં-હાથીને | |

ભાવાર્થ-રસ્તે ચાલતાં સાધુએ શ્વાન, નવી વિઆયેલી ગાય, મદમાતો બળદ, ઘોડા, હાથી, બાળકને રમવાનું સ્થાન, ક્લેશ કે યુદ્ધના સ્થાનો દૂરથી છોડી દેવાં જોઈએ. ૧૨.

**अणुन्नए नावणए, अप्पहिट्ठे अणाउले ।**
**इंदिआइं जहाभागं, दमइत्ता मुणी चरे ॥१३॥**

(सं० छा० ) अनुन्नतो नावनतः, अप्रहृष्टोऽनाकुलः ।
इन्द्रियाणि यथाभागं, दमयित्वा मुनिश्चरेत् ॥१३॥

| | |
|---|---|
| **અણુન્નએ**–ઊંચું નહિ જોતો | **ઇંદિયાઈ**–ઇન્દ્રિયોને |
| **નાવણએ**–નીચું નહિ જોતો | **જહાભાગં**–જે ઇન્દ્રિયોનો જે વિષય હોય તેને |
| **અપ્પહિટ્ઠે**–હરખ નહિ પામતો | **દમઈત્તા**–દમીને |
| **અણાઉલે**–અનાકૂળ | |

**ભાવાર્થ**–રસ્તે ચાલતાં સાધુએ ઊંચું કે નીચું જોવું નહિ, લાભ આદિ મળે છતે હરખાવું નહિ, ક્રોધ આદિથી આકૂળ થવું નહિ, પણ જેમ બને તેમ પોતાપોતાના વિષયમાં ઇન્દ્રિયોને દમીને ચાલવું. ૧૩.

**दवदवस्स न गच्छेज्जा, भासमाणो अ गोअरे ।**
**हसंतो नाभिगच्छिज्जा, कुलं उच्चावयं सया ॥१४॥**

(सं० छा० ) द्रुतं द्रुतं न गच्छेत्, भाषमाणश्च गोचरे ।
हसन्नाभिगच्छेत्, कुलमुच्चावचं सदा ॥ १४ ॥

| | |
|---|---|
| **દવદવસ્સ**–ઉતાવળો ઉતાવળો | **કુલં**–કુલ |
| **ભાસમાણો**–બોલતો | **ઉચ્ચ**–ઊંચું |
| **ગોઅરે**–ગોચરીમાં | **અવયં**–નીચું |
| **હસંતો**–હસતો | |

**ભાવાર્થ**–ઊંચા અને નીચા ( દ્રવ્યની અપેક્ષાએ ) કુળમાં

ગોચરી જતાં સાધુએ ઉતાવળું ઉતાવળું ચાલવું નહિ, તેમ વાતો કરતા જવું નહિ અને હસતા હસતા પણ જવું નહિ. ૧૪.

**आलोअं थिग्गलं दारं, संधिं दगभवणाणि अ ।**
**चरंतो न विनिज्झाए, संकट्ठाणं विवज्जए ॥१५॥**

( सं० छा० ) अवकाशं चितं द्वारं, सन्धि दकभवनानि च ।
चरेन्न विनिध्यायेत्, शङ्कास्थानं विवर्जयेद् ॥१५॥

આલોઅં-ગોખને
થિગ્ગલં-(ભીંતમાં) પૂરી નાંખેલું કે ચણી નાંખેલું
દારં-બારણાને
સંધિ-સાંધને, ખાતરને
દગભવણાણિ-પાણીઆરાઓને
વિનિજ્ઝાએ-નિહાળે
સંકટ્ઠાણં-શંકાના સ્થાનને
વિવજ્જએ-વિશેષે વર્જે

**ભાવાર્થ**-ગોચરી ગયેલ સાધુએ ગોખ, ભીંતમાં પૂરી નાંખેલ બારણાઓ, ઘરમાં પડેલા ખાતર તથા પાણીઆરા વગેરેને નિહાળીને જોવાં નહિ, કારણ કે-આ સર્વે શંકાનાં સ્થાનો છે. ૧૫.

**रण्णो गिहवईणं च, रहस्सारक्खियाण च ।**
**संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए ॥१६॥**

(सं० छा०) राज्ञो गृहपतीनां च, रहःस्थानमारक्षकाणां च ।
संक्लेशकरं स्थानं, दूरतो परिवर्जयेद् ॥ १६ ॥

રણ્ણો-રાજાની
ગિહવઈણં-ગૃહપતિની
રહસ્સ-છાની વાત
આરક્ખિઆણ-કોટવાલની

| | |
|---|---|
| સંકિલેસકરં-ઘણો કલેશ થાય તેવાં | ઠાણં-સ્થાનકને |

**ભાવાર્થ**—ગોચરી જતાં સાધુએ રાજા, ગૃહપતિ, કોટવાળ વગેરેના ખાનગી સ્થળોએ જવું નહિ તથા કલેશકારક સ્થળોનો પણ દૂરથી ત્યાગ કરવો. ૧૬.

**पडिकुट्ठंकुलं न पविसे, मामगं परिवज्जए ।**
**अचिअत्तं कुलं न पविसे, चिअत्तं पविसे कुलं ॥१७॥**

(सं० छा०) प्रतिकुष्टंकुलं न प्रविशेत्, मामकं परिवर्जयेद् ।
अप्रीतिकुलं न प्रविशेत्, प्रीतिमत् प्रविशेत्कुलम् ॥१७॥

| | |
|---|---|
| પડિકુટ્ઠં-નિષેધ કરેલા | મામગં-મારૂં કહેનારને |
| કુલં-કુલ | અચિઅત્તં-અપ્રીતિકર |
| પવિસે-પેસે | ચિઅત્તં-પ્રીતિકર |

**ભાવાર્થ**—સૂતકવાળા ઘરોમાં, મલિન લોકોના ઘરોમાં, ઘરધણીએ નિષેધ કરેલાં ઘરોમાં અને અપ્રીતિવાળા ઘરોમાં સાધુએ ગોચરી આદિ કાર્ય માટે પેસવું નહિ, પણ એથી વિપરીત ઘરોમાં પ્રવેશ કરવો. ૧૭.

**साणी-पावार-पिहिअं, अप्पणा नावपंगुरे ।**
**कवाडं नोपणुल्लिज्जा, उग्गहंसि अजाइआ ॥१८॥**

(सं० छा०) शाणीप्रावारपिहितं, आत्मना नापवृणुयात् ।
कपाटं न प्रेरयेद्, अवग्रहमयाचित्वा ॥ १८ ॥

| | |
|---|---|
| સાણી-શણીથી બનાવેલ પડદા | નાવપંગુરે-ઉઘાડે નહિ |
| પાવાર-કાંબળ | કવાડં-કમાડ |
| પિહિઅં-ઢાંકેલું | નોપણુલ્લિજ્જા-હડસેલે નહિ |
| અપ્પણો-પોતે | ઉગ્ગહંસિ-અવગ્રહને |
| | અજાઇયા-માગ્યા વિના |

ભાવાર્થ-આગાઢ કારણે ઘરધણીનો અવગ્રહ યાચ્યા વિના, વિધિપૂર્વક ધર્મલાભ કહ્યા વગર, તાડપત્રી, કંતાન વગેરેથી બંધ કરેલ, કામળ આદિથી ઢાંકેલ અને બારણા વગેરેથી બંધ કરેલ ઘરો સાધુએ ઉઘાડવા નહિ, તેમ હડસેલવા પણ નહિ. ૧૮.

**गोअरग्गपविट्ठो अ, वच्चमुत्तं न धारए ।**
**ओगासं फासुअं नच्चा, अणुन्नविअ वोसिरे ॥१९॥**

(सं० छा०) गोचराग्रप्रविष्टस्तु, वर्चोमूत्रं न धारयेत् ।
अवकाशं प्रासुकं ज्ञात्वा, अनुज्ञाप्य व्युत्सृजेत् ॥१९॥

| | |
|---|---|
| ગોઅરગ્ગ-ગોચરીમાં | ઓગાસં-જગ્યા |
| પવિટ્ઠો-ગયેલો | ફાસુઅં-નિર્જીવ |
| વચ્ચ-વડીનીતિ | નચ્ચા-જાણીને |
| મુત્તં-લઘુનીતિ | અણુન્નવિય-રજા લઇને |
| ધારએ-ધારણ કરે | વોસિરે-વોસિરાવે |

ભાવાર્થ-ગોચરીએ ગયેલ સાધુએ, વડીનીતિ તથા લઘુનીતિ રોકવી નહિ, પણ નિર્જીવ જગ્યા જાણી અને તે ગૃહસ્થીની રજા લઈ ત્યાં જ વોસિરાવવું. ૧૯.

**णीअदुवारं तमसं, कुट्ठगं परिवज्जए ।**
**अचक्खुविसओ जत्थ, पाणा दुप्पडिलेहगा ॥२०॥**

(सं० छा०) नीचद्वारं तामसं, कोष्ठकं परिवर्जयेत् ।
अचक्षुर्विषयो यत्र, प्राणिनो दुष्प्रत्युपेक्षणीयाः ॥२०॥

ણીઅ—નીચા
દુવારં—બારણાને
તમસં—અંધારાને
કુટ્ઠગં—ભોંયરા વગેરેને
પરિવજ્જએ—વર્જે
અચક્ખુવિસઓ—આંખે ન જોવાય તેવાં
જત્થ—જ્યાં
પાણા—ત્રસ જીવો
દુપ્પડિલેહગા—જોવા મુશ્કેલ પડે

**ભાવાર્થ**—જ્યાં ઘણું નીચું નમવું પડે ત્યાં તથા અંધારાવાળા કોઠાર, ભોંયરા, ઓરડા આદિમાં સાધુએ ગોચરી જવું નહિ, કારણ કે—આંખથી બરોબર ત્યાં જોઈ શકાતું નથી, એટલે ત્રસ જીવો દેખાતા નથી અને ઇર્યાસમિતિની શુદ્ધિ જળવાતી નથી. ૨૦.

**जत्थ पुप्फाइं बीआइं, विप्पइन्नाइं कुट्ठए ।**
**अहुणोवलित्तं उल्लं, दट्ठूणं परिवज्जए ॥२१॥**

(सं० छा०) यत्र पुष्पाणि बीजानि, विप्रकीर्णानि कोष्ठके ।
अधुनोपलिप्तमार्द्रं, दृष्ट्वा परिवर्जयेत् ॥ २१ ॥

જત્થ—જ્યાં
પુપ્ફાઇં—ફૂલો
બીઆઇં—બીજ
વિપ્પઈન્નાઈં—વિખરાયેલ
કુટ્ઠએ—કોઠારમાં, ઘરના ખૂણામાં
અહુણા—હમણાં
ઉવલિત્તં—લીંપેલા
ઉલ્લં—લીલું
દટ્ઠુણં—દેખીને

**ભાવાર્થ**—જે ઘરના બારણામાં પુષ્પ અને બીજ આદિ છૂટા વિખરાએલાં પડયાં હોય તથા તાજું લીંપેલું સ્થાન હોય, તો તે દેખીને તે ઘેર સાધુએ જવું નહિ. ૨૧.

**एलगं दारगं साणं, वच्छगं वावि कुट्ठए ।**
**उल्लंघिआ न पविसे, विउहित्ताण व संजए ॥२२॥**

(सं० छा०) एडकं दारकं श्वानं, वत्सकं वाऽपि कोष्टके ।
उल्लङ्घ्य न प्रविशेत्, व्यूह्य वा संयतः ॥२२॥

| | |
|---|---|
| એલગં-બકરાને | ઉલ્લંઘિઆ-ઓળંઘીને |
| દારગં-બાળકને | પવિસે-પેસે |
| સાણું-કુતરાને | વિઉહિત્તાણુ-કાઢી મૂકીને |
| વચ્છગં-વાછરડાને | સંજએ-સંજમી |

**ભાવાર્થ**-ઘરના બારણામાં જો ઘેટા (બકરો), કુતરો અગર વાછરડો બેઠો હોય, તો તેને ઓળંગીને, કાઢી મૂકીને અગર ઉઠાડીને તે ઘરમાં સાધુએ જવું નહિ. ૨૨.

**असंसत्तं पलोइज्जा, नाइदूरावलोअए ।**
**उप्फुल्लं न विनिज्झाए, निअट्टिज्ज अयंपिरो ॥२३॥**

(सं० छा०) असंसक्तं प्रलोकयेन्नातिदूरं प्रलोकयेत् ।
उत्फुल्लं न विनिध्यायेत्, निवर्त्तेताजल्पन् ॥२३॥

| | |
|---|---|
| અસંસત્તં-સ્ત્રીની દૃષ્ટિ સાથે દૃષ્ટિ ન રાખતાં | ઉપ્ફુલ્લં-વિકસિત નેત્રે |
| પલોઈજ્જા-અવલોકન કરે | ન વિનિજ્ઝાએ-જોવે નહિ |
| નાઇદૂરાવલોઅએ-ઘરમાં અતિ દૂર જોવું નહિ | નિઅટ્ટિજ્જ-પાછો વળે |
| | અયંપિરો-બોલ્યા સિવાય |

**ભાવાર્થ**–ગોચરી ગયેલ સાધુએ, સ્ત્રીજાતિ ઉપર આસક્તિ ન રાખતાં સામાન્યથી પોતાના કામનું અવલોકન કરવું, તેના ઘરમાં દૂર નજર નાંખીને જોવું નહિ, તેના ઘરના પરિવારને પણ વિકસ્વર નેત્રથી જોવો નહિ અને આહારાદિ જો ન મળે તો પણ દીન વચન બોલ્યા વિના પાછું નીકળી જવું. ૨૩.

**अइभूमिं न गच्छेज्ज़ा, गोअरग्गगओ मुणी ।**
**कुलस्स भूमिं जाणित्ता, मिअं भूमिं परक्कमे ॥२४॥**

(सं० छा०) अतिभूमिं न गच्छेद्, गोचराग्रगतो मुनिः ।
कुलस्य भूमिं ज्ञात्वा, मितां भूमिं पराक्रमेत् ॥२४॥

**અઇભૂમિં**–ભૂમિની મર્યાદા મૂકીને
**ન ગચ્છેજ્જા**–જાય નહિ
**ગોયરગ્ગગઓ**–ગોચરીએ ગયેલો
**કુલસ્સ**–તે કુલની મર્યાદાને
**જાણિત્તા**–જાણીને
**મિયં**–મર્યાદા કરેલી
**પરક્કમે**–જાય

**ભાવાર્થ**–ગોચરી ગયેલ સાધુએ, ઉત્તમ કુલની નિયમિત ભૂમિની મર્યાદા જાણી, ગૃહસ્થની રજા વિના ઘરમાં ઝાઝું-ઓછું જવું નહિ, પણ જેટલી ભૂમિમાં બીજા ભિક્ષાચરોને જવાની રજા હોય તેટલી પરિમિત ભૂમિમાં જઈ ઊભા રહેવું. ૨૪.

**तत्थेव पडिलेहिज्जा, भूमिभागं विअक्खणो ।**
**सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ॥२५॥**

(सं० छा०) तत्रैव प्रत्युपेक्षेत, भूमिभागं विचक्षणः ।
स्नानस्य च वर्चसः, संलोकं परिवर्जयेत् ॥२५॥

| | |
|---|---|
| **તત્થેવ**-ત્યાંજ | **સિણાણસ્સ**-ન્હાવાના સ્થાનનું |
| **પડિલેહિજ્જા**-પડિલેહે | **વચ્ચસ્સ**-વડીનીતિ કરવાના સ્થાનનું |
| **ભૂમિભાગં**-ભૂમિના ભાગ પ્રત્યે | **સંલોગં**-જોવું |
| **વિઅક્ખણો**-વિચક્ષણ | **પરિવજ્જએ**-પરિહરે |

**ભાવાર્થ**-ગૃહસ્થની મર્યાદાવાળા ભૂમિભાગને પડિલેહી ઊભા રહેતાં વિચક્ષણ સાધુએ, ગૃહસ્થના સ્નાનાગાર કે વડી-નીતિના સ્થાન જો જોવામાં આવે તો તે સ્થળનો તરત ત્યાગ કરવો. ૨૫.

**दगमट्टिअआयाणे, बीआणि हरिआणि अ ।**
**परिवज्जंतो चिट्ठिज्जा, सव्विंदियसमाहिए ॥२६॥**

**(सं० छा०) उदकमृत्तिकादानं, बीजानि हरितानि च ।**
**परिवर्जयंस्तिष्ठेत्, सर्वेन्द्रियसमाहितः ॥२६॥**

| | |
|---|---|
| **દગ**-પાણી | **હરિઆણિ**-લીલી વનસ્પતિ |
| **મટ્ટી**-માટી | **પરિવજ્જંતો**-પરિહરતો |
| **અ**-અને | **ચિટ્ઠિજ્જા**-ઊભો રહે |
| **આયાણે**-લાવવાનો માર્ગ | **સવ્વિંદિય**-સર્વ ઇન્દ્રિયોને |
| **બીઆણિ**-બીજ | **સમાહિએ**-વશમાં રાખીને |

**ભાવાર્થ**-વળી પાણી અને માટી લાવવાના માર્ગને છોડી તથા બીજ અને લીલી વનસ્પતિને છોડી, સર્વ ઇન્દ્રિયોમાં સમાધિમાન થઈને સાધુએ ઊભા રહેવું. ૨૬.

**तत्थ से चिट्ठमाणस्स, आहरे पाणभोअणं ।**
**अकप्पिअं न गेण्हिज्जा, पडिगाहिज्ज कप्पिअं ।२७।**

(सं० छा०) तत्र तस्य तिष्टतः, आहरेत्पानभोजनम् ।
अकल्पिकं न गृह्णीयात्, प्रतिगृह्णीयात्कल्पिकम् ॥२७॥

તત્થ–ત્યાં
સે–તેને
ચિટ્ઠમાણુસ્સ–ઊભા રહેલાને
પાણુ–પાણી
ભોયણં–ભોજન
અકપ્પિઅં–નહિ કલ્પે તેવું
ન ગેણ્હિજ્જા–ગ્રહણ ન કરે
પડિગાહિજ્જ–ગ્રહણ કરે
કપ્પિઅં–કલ્પતું હોય તેવું

ભાવાર્થ–તે તે કુલને ઉચિત ભૂમિમાં ઊભા રહેલ સાધુએ, ગૃહસ્થે લાવેલ આહાર–પાણીમાંથી અકલ્પ્ય ગ્રહણ કરવું નહિ પણ જે કલ્પ્ય હોય તે લેવું. ૨૭.

**आहरंती सिया तत्थ, परिसाडिज्ज भोअणं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥२८॥**

(सं० छा०) आहरन्ती स्यात्तत्र, परिशाटयेद् भोजनम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥२८॥

આહરંતી–ભિક્ષા લાવનારી
સિઆ–કદાચિત્
પરિસાડિજ્જ–ભોંય ઉપર ઢોળે–વેરે
દિંતિઅં–આપનારીને
પડિઆઈક્ખે–કહે
તારિસં–તેવું

ભાવાર્થ–ઘરમાંથી આહાર–પાણી લાવતી સ્ત્રી જો તેમાંથી આડું–અવળું ઢોળતી લાવે, તો તે દેનારી સ્ત્રીને સાધુએ કહેવું કે–આ રીતે આહાર લેવો અમને કલ્પે નહિ. ૨૮.

**संमद्दमाणी पाणाणि, बीआणि हरिआणि अ ।**
**असंजमकरिं नच्चा, तारिसिं परिवज्जए ॥२९॥**

(सं० छा०) संमर्दयन्ती पाणिनो, बीजानि हरितानि च ।
असंयमकरीं ज्ञात्वा, तादृशीं परिवर्जयेत् ॥२९॥

| | |
|---|---|
| સંમદ્દમાણી–પગે ચાંપતી | જીવહિંસા કરનારી |
| પાણાણિ–જીવોને | નચ્ચા–જાણીને |
| અસંજમકરિં–સાધુ માટે | તારિસીં–તેવી સ્ત્રીને |

**ભાવાર્થ**–ભિક્ષા લાવનારી સ્ત્રી પાણી, બીજ અને લીલી વનસ્પતિ વગેરેને પગે ચાંપતી જો લાવે, તો સાધુને અર્થે અસંજમ કરનાર જાણીને તે આહારનો સાધુએ ત્યાગ કરવો. અર્થાત્ તેને કહેવું કે–આ અમને ન કલ્પે. ૨૯.

**साहट्टु निक्खिवित्ताणं, सचित्तं घट्टिआणि च ।**
**तहेव समणट्ठाए, उदगं संपणुल्लिआ ॥३०॥**

(सं० छा०) संहृत्य निक्षिप्य, सचित्तं घट्टयित्वा च ।
तथैव श्रमणार्थं, उदकं संपणुद्य ॥ ३० ॥

| | |
|---|---|
| સાહટ્ટુ–એકઠું કરીને | સમણટ્ઠાએ–સાધુને અર્થે |
| નિક્ખિવિત્તાણં–મૂકીને | સંપણુલ્લિઆ–એકઠું હલાવીને |
| ઘટ્ટિઆણિ–સંઘટ્ટીને | |

**ભાવાર્થ**–બીજા વાસણમાં કાઢીને આપે, નહિ દેવાલાયક ભાજનમાં રહેલ ચીજ સચિત્ત વસ્તુમાં મૂકીને આપે, સચિત્ત વસ્તુનો સંઘટ્ટ કરીને આપે તથા સાધુને માટે પાણીને આઘું-પાછું હલાવીને આપે, તો સાધુએ તેને કહેવું કે–આ અમને કલ્પે નહિ. ૩૦.

**ओगाहइत्ता चलइत्ता, आहरे पाणभोअणं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥३१॥**

(सं० छा०) अवगाह्य चालयित्वा, आहरेत्पानभोजनम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥३१॥

ઓગાહઇત્તા-(જલ આદિમાં) પેસીને | ચલઇત્તા-આધું-પાછું કાઢીને

**ભાવાર્થ**-વર્ષાકાળમાં ઘરના આંગણામાં ભરાએલ સચિત્ત પાણીને અવગાહીને અથવા પાણીને બહાર ચલાવીને, જો ગૃહસ્થ પાણી તથા ભોજન આપે, તો સાધુએ તે આપનારને કહેવું કે-આવી રીતે અમારે કલ્પે નહિ. ૩૧.

पुरेकम्मेण हत्थेण, दव्वीए भायणेण वा ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥३२॥

(सं० छा०) पुरःकर्मणा हस्तेन, दर्व्या भाजनेन वा ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥३२॥

પુરકમ્મેણ-સાધુ માટે પહેલાં ધોઇને | દવ્વીએ-કડછીથી
ભાયણેણ-ભાજનથી

**ભાવાર્થ**-સાધુને આપવા માટે હાથ, કડછી તથા વાસણ વગેરે ધોવા રૂપ પુરસ્કર્મ કરીને, આહાર દેનારી સ્ત્રીને સાધુએ કહેવું કે-અમારે તેવું લેવું ન કલ્પે. ૩૨.

(एवं) उदउल्ले ससिणिद्धे, ससरक्खे मट्टिआउसे ।
हरिआले हिंगुलए, मणोसिला अंजणे लोणे ॥३३॥

गेरुअवन्निअसेढिअ, सोरट्ठिअपिट्ठकुक्कुसकए अ ।
उक्किट्ठमसंसट्ठे, संसट्ठे चेव बोधव्वे ॥ ३४ ॥

असंसट्ठेण हत्थेण, दव्वीए भायणेण वा।
दिज्जमाणं न इच्छिज्जा, पच्छाकम्मं जहिं भवो।३५।

(सं० छा०) एवं उदकार्द्रेण सस्निग्धेन,
सरजस्केन मृत्तिकोपाभ्याम्।
हरितालेनहिङ्गुलकेन,
मनःशिलयाऽञ्जनेन लवणेन ॥ ३३ ॥
गैरिकावर्णिकाश्वेतिकासौराष्ट्रिका पिष्टकुक्कुसकृतेन।
उत्कृष्टमसंसृष्टः, संसृष्टश्चैव बोद्धव्यः ॥ ३४ ।
असंसृष्टेन हस्तेन, दर्व्या भाजनेन वा।
दीयमानं नेच्छेत्, पश्चात्कर्म यत्र भवति ॥ ३५ ॥

સસરક્ખે-સચિત્ત ધૂળથી
મટ્ટીઆઓસે-માટી તથા ખારથી
હરિઆલે-હરતાળથી
હિંગુલએ-હિંગલોકથી
મણોસિલા-મણસીલથી
અંજણે-અંજનથી
પિટ્ઠ-ચોખા વગેરેનો આટો
કુક્કુસકએ-તરતના ખાંડેલા કુશકાએ
ઉક્કિટ્ઠ-મોટાં ફળ
સંસટ્ઠે-ખરડેલા
બોદ્ધવ્વે-જાણવું

અસંસટ્ઠેણ-અણખરડ્યા
લોણે-મીઠાથી
ગેરૂઅ-સોનાગેરૂ
વન્નિઅ-પીળી માટી
સેઢિય-ખડી
સોરટ્ઠીઅ-ફટકડી
દિજ્જમાણં-આપેલું
ઇચ્છિજ્જા-ઇચ્છે
પચ્છાકમ્મં-પશ્ચાત્કર્મ
જહિં-જ્યાં
ભવે-હોય

ભાવાર્થ-એવી જ રીતે પાણીના બિંદુ ઝરતા હાથથી

તથા થોડા લીલા હાથથી, સચિત્ત પૃથ્વીથી ખરડાયેલ હાથથી, કાદવવાળા હાથથી, ક્ષારવાળા હાથથી; તથા હડતાલ, હિંગલોક, મણુસિલ, અંજન, મીઠું, ગેરૂ, પીળી માટી, ખડી, ફટકડી, ચોખા વગેરેનો આટો, કુકશા, કાલિંગડા–તુંબડા વગેરે મોટા ફળના શાક આદિથી ખરડાયેલ હાથથી, અથવા નહિ ખરડાયેલ કડછી વગેરે વાસણથી જો ગૃહસ્થ આહાર આપે તો સાધુએ તે લેવો નહિ, કારણ કે–તેમ લેવાથી પશ્ચાત્કર્મ (પાછળથી ધોવું પડે તે) વગેરે દોષ લાગે છે. ૩૩–૩૪–૩૫.

**संसट्ठेण य हत्थेण, दव्वीए भायणेण वा ।**
**दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थे सणियं भवे ॥३६॥**

(सं० छा०) संसृष्टेन च हस्तेन, दर्व्या भाजनेन वा ।
दीयमानं प्रतीच्छेत्, यत्तत्रैषणीयं भवति ॥३६॥

| | |
|---|---|
| સંસટ્ઠેણ–ખરડાયેલ | તત્થ–ત્યાં |
| પડિચ્છિજ્જા–ગ્રહણ કરે | એસણીયં–નિર્દોષ |

**ભાવાર્થ**–જો તે આહાર–પાણી નિર્દોષ હોય અને તે અનાજથી લેપાયેલ હાથ, કડછી કે અન્ય વાસણથી આપે, તો સાધુએ તે ગ્રહણ કરવો. ૩૬.

**दुण्हं तु भुंजमाणाणं, एगो तत्थ निमंतए ।**
**दिज्जमाणं न इच्छिज्जा, छंदं से पडिलेहए ॥३७॥**

(सं० छा०) द्वयोस्तु भुञ्जतोः, एकस्तत्र निमन्त्रयेत् ।
दीयमानं नेच्छेत्, छन्दं तस्य प्रत्युपेक्षेत ॥३७॥

દુણ્હં-બન્ને
ભુંજમાણાણં-ભોજન કરતાં છતાં
નિમંતએ-આમંત્રણ કરે
છંદં-અભિપ્રાયને
પડિલેહએ-તપાસે કે વિચારે

**ભાવાર્થ**-એક વસ્તુના બે માલિક હોય, તેમાંથી એક માણસ નિમંત્રણ કરે કે-આહાર ગ્રહણ કરો, ત્યારે બીજા માલિકના નેત્રવિકારાદિથી અભિપ્રાયને જાણીને જો તેની મરજી નહિ આપવાની માલુમ પડે, તો તે એક ધણીનો આપેલો આહાર સાધુએ ગ્રહણ કરવો નહિ. ૩૭.

**दुण्हं तु भुंजमाणाणं, दोऽवि तत्थ निमंतए।**
**दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥३८॥**

(सं० छा०) द्वयोस्तु भुञ्जानयो, द्वावपि तत्र निमन्त्रयेयाताम् ।
दीयमानं प्रतीच्छेत्, यत्तत्रैषणीयं भवेत् ॥३८॥

**ભાવાર્થ**-એક વસ્તુના માલિક બે માણસ હોય અને જો તે બન્ને માણસ તે દેવા માટે નિમંત્રણ કરે, તેમજ જો તે વસ્તુ નિર્દોષ હોય તો સાધુએ તે ગ્રહણ કરવી. ૩૮.

**गुव्विणीए उवण्णत्थं, विविहं पाणभोअणं ।**
**भुंजमाणं विवज्जिज्जा, भुत्तसेसं पडिच्छए ॥३९॥**

(सं० छा०) गुर्विण्या उपन्यस्तं, विविधं पानभोजनम् ।
भुज्यमानं विवर्ज्य, भुक्तशेषं प्रतीच्छेत् ॥३९॥

ગુવ્વિણીએ-ગર્ભવંતી સ્ત્રી માટે
ઉવણ્ણત્થં-તૈયાર કરેલું
વિવિહં-અનેક પ્રકારનું
વિવજ્જિજ્જા-વિશેષે વર્જે
ભુત્તસેસં-ખાતાં બાકી રહેલું
પડિચ્છએ-ગ્રહણ કરે

**ભાવાર્થ**-ગર્ભવંતી સ્ત્રીને ખાવા માટે વિવિધ પ્રકારનાં જો ભોજન તૈયાર કર્યાં હોય તો તે આહાર લેવો નહિ, પણ ખાધા પછી વધ્યો હોય તો સાધુએ તે ગ્રહણ કરવો. ૩૯.

**सिआ य समणट्ठाए, गुव्विणी कालमासिणी ।**
**उट्ठिआ वा निसीइज्जा, निसन्ना वा पुणुट्ठए ॥४०॥**

**(सं० छा०) स्याच्च श्रमणार्थं, गुर्विणी कालमासवती ।**
**उत्थिता वा निषीदेद्, निषण्णा वा पुनरुत्तिष्ठेद् ॥४०॥**

| | |
|---|---|
| **સિઆ**-કદાચિત્ | **નિસિઇજ્જા**-બેસે |
| **સમણટ્ઠાએ**-સાધુને માટે | **નિસન્ના**-બેઠેલી |
| **કાલમાસિણી**-પૂર્ણ માસવાળી | **પુણુટ્ઠએ**-ફરી ઉઠે |
| **ઉટ્ઠિઆ**-ઉઠેલી | |

**ભાવાર્થ**-કદાચિત્ પૂર્ણ નવ માસવાળી ગર્ભવંતી સ્ત્રી સાધુને આહાર આપવા માટે ઊભી હોય તો બેસે, અગર બેઠી હોય અને જો આહાર દેવા માટે તે ઉઠે, તો તે આહાર-પાણી સાધુને કલ્પે નહિ. ૪૦.

**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४१॥**

**(सं० छा०) तद्भवेद्भक्तपानं तु, संयतानामकल्पिकम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४१॥**

| | |
|---|---|
| **સંજયાણં**-સંજમીઓને | **દિંતિઅં**-દેનારીને |
| **અકપ્પિયં**-ન કલ્પે એવું | **પડિઆઇક્ખે**-કહે |

**ભાવાર્થ**-આહાર દેનારી એવી સ્ત્રીને નિષેધ કરવો કે-અમારે આવી રીતે આહાર-પાણી લેવાં કલ્પે નહિ. ૪૧.

**थणगं पिज्जेमाणी, दारगं वा कुमारिअं ।**
**तं निक्खिवित्तु रोअंतं, आहरे पाणभोअणं ॥४२॥**

**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४३॥**

(सं० छा०) स्तनकं पाययन्ती, दारकं वा कुमारिकाम् ।
तन्निक्षिप्य रुदत्, आहरेत्पानभोजनम् ॥४२॥
तद्भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४३॥

થણગં-સ્તન સંબંધી દૂધ
પિજ્જમાણી-પાન કરાવતી
દારગં-છોકરાને
કુમારિઅં-છોકરીને
નિક્ખિવિત્તુ-મૂકીને
રોઅંતં-રડતો
આહરે-લેઈ આવે

**ભાવાર્થ**-સ્તનપાન કરતા બાલક કે કુમારિકાને રોતાં મૂકીને જો સ્ત્રી આહાર-પાણી લાવી આપે, તો તે સાધુઓને અકલ્પનીય છે, માટે દેવાવાળીને નિષેધ કરવો કે-આવી રીતે આહાર-પાણી સાધુને ન કલ્પે. ૪૨-૪૩.

**जं भवे भत्तपाणं तु, कप्पाकप्पंमि संकिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४४॥**

(सं० छा०) यद्भवेद् भक्तपानं तु, कल्पाकल्पयोः शङ्कितम् ।
दद‌तीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४४॥

કપ્પાકપ્પંમિ–કલ્પ્ય કે અકલ્પ્ય–એવું | સંકિઅં–વહેમ ભરેલું

ભાવાર્થ–જે આહાર–પાણી નિર્દોષ છે કે સદોષ છે, તેમાં જો શંકા હોય, તો દેવાવાળાને સાધુએ નિષેધ કરવો કે–અમને તેવો આહાર કલ્પે નહિ. ૪૪.

**दगवारेण पिहिअं, नीसाए पीढएण वा ।**
**लोढेण वा वि लेवेण, सिलेसेण व केणइ ॥४५॥**
**तं च उब्भिदिउं दिज्जा, समणट्ठाए व दावए ।**
**दिंतिअं पडिआईक्खे, न मे कप्पइ तारिसं ॥४६॥**

(सं०छा०) दकवारेण पिहितं, निस्सारिक (पेषण्या) पीठकेन वा ।
लोढेन वापि लेपेन, श्लेषेण वा केनचित् ॥४५॥
तच्चोद्भिद्य दद्या, च्छ्रमणार्थं वा दायकः ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४६॥

દગવારેણ–પાણીના ઘડા વડે
પિહિઅં–ઢાંકેલું
નિસાએ–દળવાના પત્થર વડે
પીઢએણ–બાજોઠથી
લોઢેણ–નીસાતરથી
વિલેવેણ–માટીના લેપથી
સિલેસેણ–લાખ આદિ ચીકણી વસ્તુથી
ઉબ્ભિંદિઉં–લેપ આદિ ઉખાડીને
દાવએ–દેવાવાળો

ભાવાર્થ–જે આહાર–પાણીને પાણીના ઘડાથી, પત્થરની

નીસાથી ( વાટવાની નાની શિલા ), ખાંડણીથી, નિસાતરથી ( ઉપર વટણો ), માટીના લેપથી અને લાક્ષાએ કરી બંધ કરેલ હોય, તેવા આહારને દેવાવાળો જો ઢાંકણા વગેરે ભેદીને આપે, તો તે દેવાવાળાને સાધુએ નિષેધ કરવો કે-તેવો આહાર સાધુને ન કલ્પે. ૪૫-૪૬.

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**जं जाणिज्ज सुणिज्जा वा, दाणट्ठा पगडं इमं ॥४७॥**
**तारिसं भत्तपाणं तु, संजयाणं अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४८॥**

(सं० छा०) अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
यज्जानीयाच्छृणुयाद्वा, दानार्थं प्रकृतमिदम् ॥४७॥
तादृशं भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४८॥

ખાઇમં-ખાદિમ
સાઇમં-સ્વાદિમ (મુખવાસ)
જાણિજ્જ-જાણે
સુણિજ્જા-સાંભળીને
દાણટ્ઠા-આપવા માટે

ભાવાર્થ-જો પોતે જાણ્યું હોય અગર સાંભળ્યું હોય કે-આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વગેરે ચાર પ્રકારનો આહાર સાધુને આપવા માટે તૈયાર કરેલ છે, તો તેવાં આહાર-પાણી સાધુને અકલ્પનીય છે. તે દેવાવાળાને કહેવું જોઈએ કે-સાધુઓને આવો આહાર કલ્પે નહિ. ૪૭-૪૮.

असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
जं जाणिज्ज सुणिज्जा वा, पुण्णट्ठा पगडं इमं ॥४९॥
तं भवे भत्तापाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५०॥

(सं० छा०) अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
यज्जानीयाद् शृणुयाद्वा, पुण्यार्थं प्रकृतमिदम् ॥४९॥
तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥५०॥

પુણ્ણટ્ઠા–પુણ્યાર્થે | પગડં–કરેલું, નિપજાવેલું

ભાવાર્થ–જો પોતે જાણે અગર સાંભળે કે–ગૃહસ્થોએ આ ચાર પ્રકારનો આહાર પુણ્યાર્થે આપવા માટે બનાવ્યો છે, તો તે આહાર સાધુને અકલ્પનીય હોવાથી પોતે નહિ લેતાં ગૃહસ્થને મના કરવી. ૪૯–૫૦.

असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
जं जाणिज्ज सुणिज्जा वा, वणिमट्ठा पगडं इमं ॥५१॥
तं भवे भत्तापाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५२॥

(सं० छा०) अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
यज्जानीयाद् शृणुयाद्वा, वनीपकार्थं प्रकृतमिदम् ॥५१॥

तद्भवेद्भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥५२॥

વણિમટ્ઠા—ભિક્ષાચરને આપવા માટે

**ભાવાર્થ**—જો ગૃહસ્થોએ ચાર પ્રકાનો આહાર ભિક્ષાચરોને માટે કર્યો છે—એમ પોતે જાણે અગર સાંભળે, તો તે આહાર અકલ્પનીય જાણી દેવાવાળાને મના કરવી કે—આ નિમિત્તે કરાયેલ આહાર સાધુને કલ્પે નહિ. ૫૧-૫૨.

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**जं जाणिज्ज सुणिज्जा वा, समणट्ठा पगडं इमं ॥५३॥**
**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५४॥**

(सं० छा०) अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
यज्जानीयाद् शृणुयाद्वा, श्रमणार्थं प्रकृतमिदम् ॥५३॥
तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥५४॥

સમટ્ઠા—સાધુ માટે

**ભાવાર્થ**—જો જાણવાથી અગર સાંભળવાથી ખબર પડે કે—ગૃહસ્થોએ આ ચારેય પ્રકારનો આહાર સાધુઓ નિમિત્તે બનાવ્યો છે, તો તે આહાર આદિ સાધુને અકલ્પનીય હોવાથી દેવાવાળાને મના કરવી કે—આવો આહાર સાધુને ન કલ્પે. ૫૩-૫૪.

**उद्देसियं कीअगडं, पूइकम्मं च आहडं ।**
**अज्झोअर पामिच्चं, मीसजायं विवज्जए ॥५५॥**

**(सं० छा०) औद्देशिकं क्रीतकृतं, पूतिकर्म्म च आहृतम् ।**
**अध्यवपूरकं प्रामित्यं, मिश्रजातं विवर्जयेद् ॥५५॥**

ઉદ્દેસિઅં–સાધુને ઉદ્દેશીને
કીઅગડં–વેચાતું આણેલું
પૂઈકમ્મં–પૂતિકર્મ (નિર્દોષ આહારમાં આધાકર્મી ભેળવ્યું હોય તે)
આહડં–સન્મુખ લાવેલું
અજ્ઝોઅર–ઉમેરેલું
પામિચ્ચં–ઉછીનું આણેલું કે બદલાવેલું
મીસજાયં–સાધુને માટે તથા પોતાને માટે ભેગું બનાવેલું

**ભાવાર્થ**–સાધુને આપવાના ઉદ્દેશથી કરેલો, વેચાતો લાવેલો, શુદ્ધ આહારમાં સદોષ ભેળવેલો, સામો લાવેલો, સાધુ આવ્યાનું જાણી મૂળ આહારમાં વધારો કરાએલો, પોતાનો ખરાબ આહાર સાધુને આપવા માટે, બીજા પાસેથી આહાર સાધુને આપવા માટે, બીજા પાસેથી સારો આહાર બદલાવીને આણેલો અગર ઉછીનો લવાએલો, તેમજ પોતાને તથા સાધુને અર્થે ભેળો બનાવેલો આહાર સાધુએ ન લેવો, પણ તેનો ત્યાગ કરવો. ૫૫.

**उग्गमं से अ पुच्छिज्जा, कस्सट्ठा केण वा कडं ।**
**सुच्चा निस्संकिअं सुद्धं,**
**पडिगाहिज्ज संजए ॥५६॥**

**(सं० छा०) उद्गमं तस्य च पृच्छेद्, कस्यार्थं केन वा कृतम्? ।**
**श्रुत्वा निःशङ्कितं शुद्धं, प्रतिगृह्णीयात् संयतः ॥५६॥**

| | |
|---|---|
| ઉગ્ગમં-ઉત્પત્તિને | કડં-કર્યો |
| પુચ્છિજ્જા-પૂછે | સુચ્ચા-સાંભળીને |
| કસ્સટઠા-કોને માટે | નિસ્સંકિઅં-શંકારહિત |
| કેણ-કોણે | સુદ્ધં-શુદ્ધ |

**ભાવાર્થ**-જો આહાર લેતાં (આ દોષવાળો છે એમ) શંકા પડે, તો દાતારને આહારની ઉત્પત્તિ પૂછવી કે-આ કોને માટે તથા કોણે કર્યો છે? પૂછયા બાદ શંકારહિત 'આ નિર્દોષ જ છે'-એમ સાંભળીને સાધુએ તે આહાર ગ્રહણ કરવો. ૫૬.

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**पुप्फेसु हुज्ज उम्मीसं, बीएसु हरिएसु वा ॥५७॥**
**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५८॥**

(सं० छा०) अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
पुष्पैर्भवेदुन्मिश्रं, बीजैर्हरितैर्वा ॥५७॥
तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥५८॥

| | |
|---|---|
| પુપ્ફેસુ-ફૂલથી | બીએસુ-બીજથી |
| હુજ્જ-હોય | હરિએસુ-લીલી વનસ્પતિથી |
| ઉમ્મીસં-મિશ્રિત થયેલો | |

**ભાવાર્થ**-જો ચારેય પ્રકારનો આહાર પુષ્પ-બીજ-લીલી વનસ્પતિથી મિશ્ર મળેલો હોય, તો તે આહાર-પાણી સાધુઓને

અકલ્પનીય હોવાથી દેનારને મના કરવી કે–આવો આહાર સાધુને ન કલ્પે. ૫૭–૫૮.

**असणं पाणगं वावि, साइमं खाइमं तहा ।**
**उदगंमि हुज्ज निक्खित्तं, उत्तिंगपणगेसु वा ॥५९॥**
**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥६०॥**

(सं० छा०) अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
उदके भवेन्निक्षिप्तं, उत्तिंगपनकेषु वा ॥५९॥
तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥६०॥

निक्खित्तं–મૂકેલો | નગરા ઉપર
उत्तिंगपणगेसु–કીડીઓના |

**ભાવાર્થ**–જો ચારેય પ્રકારનો આહાર સચિત્ત પાણી ઉપર અગર કીડીઓના બીલ–દર ઉપર મૂકેલો હોય, તો તે સાધુને અકલ્પનીય હોવાથી દેનારને મના કરવી કે–સાધુઓને તે કલ્પે નહિ. ૫૯–૬૦.

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**तेउम्मि हुज्ज निक्खित्तं, तं च संघट्टिआ दए ॥६१॥**
**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥६२॥**

(सं० छा०) अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
तेजसि भवेन्निक्षिप्तं, तच्च संघट्टय दद्याद् ॥६१॥
तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥६२॥

તેઉમ્મિ-અગ્નિકાયનો | સંઘટ્ટિઆ-સંઘટ્ટીને

**ભાવાર્થ**-જો ચારેય પ્રકારનો આહાર અગ્નિ ઉપર મૂકેલો હોય અને દેવાવાળો અગ્નિનો સંઘટ્ટો કરીને તે આપે, તો તે આહાર સાધુઓને અકલ્પનીય હોવાથી સાધુએ લેવાની મના કરવી. ૬૧-૬૨.

**एवं उस्सक्किया ओसक्किया, उज्जालिया पज्जालिआ ।**
**निव्वाविया उस्सिंचिया,**
**निस्सिंचिया उव्वत्तिया ओयारिया दए ॥६३॥**
**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥६४॥**

(सं० छा०) एवमुत्सिच्यासर्प्य, उज्ज्वाल्य प्रज्वाल्य ।
निर्वाप्योत्सिच्य, निषिच्यापवर्त्यावतार्य दद्याद् ॥६३॥
तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥६४॥

ઉસ્સક્કિઆ-ચૂલામાં લાકડાં નાખીને | ઓસક્કિઆ-લાકડાં કાઢી નાખીને
ઉજ્જાલિઆ-એક વાર લાકડાં નાખીને

પજ્જાલિઆ–ફરી ફરી લાકડાં નાખીને
નિવ્વાવિઆ–ઓલવીને
ઉસ્સિંચિઆ–ઉભરાવાના ભયથી થોડું અન્ન કાઢીને
નિસ્સિંચિઆ–ઉભરાણું જાણી પાણી છાંટીને
ઉવ્વત્તિઆ–બીજા વાસણમાં નાખીને
ઓયારિઆ–હેઠે ઉતારીને

**ભાવાર્થ**–એ રીતે અગ્નિ ઓલવાઈ જવાના ભયથી ચૂલામાં લાકડાં નાખીને, તે બળી જવાના ભયથી બળેલાં લાંકડાં પાછાં કાઢીને, એક વાર અથવા વારંવાર લાકડાં નાખીને, અન્નાદિ બળી જવાના ભયથી અગ્નિને ઓલવીને, ઉભરાઈ જવાના ભયથી કાંઈક અનાજ કાઢીને, અથવા પાણી આદિ છાંટીને અગ્નિ ઉપરનું અન્નાદિ અન્ય પાત્રમાં કાઢીને અથવા નીચું ઉતારીને, જો દાતા આહાર–પાણી આપે, તો તે સાધુને અકલ્પનીય હોવાથી તેને મના કરવી કે–આવી રીતે સાધુને લેવું ન કલ્પે. ૬૩–૬૪.

**हुज्ज कट्ठं सिलं वावि, इट्टालं वावि एगया।**
**ठविअं संकमट्ठाए, तं च होज्ज चलाचलं ॥६५॥**

(सं० छा०) भवेत्काष्ठं शिला वाऽपि, इट्टालं वाऽपि एकदा।
स्थापितं संक्रमार्थं, तच्च भवेच्चलाचलम् ॥६५॥

કટ્ઠં–લાકડું
સિલં–પાષાણ
ઈટ્ટાલં–ઈંટનો કકડો
એગયા–એક વાર
ઠવિઅં–મૂકેલું
સંકમટ્ઠાએ–ચાલવા માટે
ચલાચલં–ડગમગતું

**ભાવાર્થ**–વર્ષાઋતુમાં પાણી ભરાવાથી, ચાલવાને માટે જો લાકડું, પત્થરની શિલા કે ઈંટાળાના કકડા સ્થાપ્યા હોય

અને જો તે ડગમગતાં હોય, તો તેવા રસ્તા ઉપર સાધુઓએ ચાલવું નહિ. ૬૫.

**ण तेण भिक्खू गच्छिज्जा, दिट्ठो तत्थ असंजमो।**
**गंभीरं झुसिरं चेव, सव्विंदियसमाहिए ॥६६॥**

(सं० छा०) न तेन भिक्षुर्गच्छेत्, दृष्टस्तत्रासंयमः ।
गम्भीरं शुषिरं चैव, सर्वेन्द्रियसमाहितः ॥६६॥

| | |
|---|---|
| તેણ-તે વડે | ઝૂસિરં-પોલાણવાળું |
| દિટ્ઠો-જોયો | સવ્વિંદિયસમાહિએ-સર્વેન્દ્રિય સમાહિત |
| ગંભીરં-પ્રકાશ વિનાનું | |

**ભાવાર્થ**-તેવા રસ્તે ચાલતાં, શ્રી તીર્થંકર ભગવંતે ચારિત્રની વિરાધના થાય-એમ દીઠું છે તથા શબ્દાદિ સર્વ ઇન્દ્રિયોના વિષયોમાં સમાધિવંત સાધુએ અંધારામાં રહેલા અને અંદર પોલાં એવાં લાકડાં વગેરે ઉપર પણ ચાલવું નહિ. ૬૬.

**निस्सेणिं फलगं पीढं, उस्सवित्ताणमारुहे ।**
**मंचं कीलं च पासायं, समणट्ठा एव दावए ॥६७॥**
**दुरूहमाणी पवडिज्जा, हत्थं पायं व लूसए ।**
**पुढविजीवे विहिंसिज्जा, जे अ तन्निस्सिया जगे ।६८।**
**एआरिसे महादोसे, जाणिउण महेसिणो ।**
**तम्हा मालोहडं भिक्खं, न पडिगिण्हंति संजया**
**॥६९॥**

(सं० छा०) निश्रेणिं फलकं पीठं, उत्सृत्यारोहेत् ।
मञ्चं कीलं च प्रासादं, श्रमणार्थमेव दायकः ॥६७॥
आरोहन्ती प्रपतेत्, हस्तं पादं च लूषयेत् ।
पृथ्वीजीवान् विहिंस्यात्,
यानि च तन्निश्रितानि जगन्ति ॥६८॥
ईदृशान् महादोषान्, ज्ञात्वा महर्षयः ।
तस्मान्मालापहृतां भिक्षां, न प्रतिगृह्णन्ति संयताः ॥६९॥

| | |
|---|---|
| **નિસ્સેણિં**-નિસરણી | **લુસએ**-ભાંગે |
| **ફલગ**-પાટિયું | **પુઢવીજીવે**-પૃથ્વીકાયના જીવને |
| **પીઢં**-બાજોઠ | **હિંસિજ્જા**-હણે |
| **ઉસ્સવિત્તાણં**-ઉંચો કરીને | **તન્નિસિઆ**-તેની નિશ્રાએ રહેલા |
| **મંચં**-માંચાને | **જગે**-પ્રાણીઓ |
| **કીલં**-ખીલાને | **એઆરિસે**-એવા |
| **પાસાયં**-પ્રાસાદ ઉપર | **મહાદોસે**-મોટા દોષોને |
| **દાવએ**-દાતા | **જાણિઊણ**-જાણીને |
| **દુરૂહમાણી**-દુઃખે કરી ચઢતી | **મહેસિણો**-મોટા ઋષિઓ |
| **પવડિજ્જા**-પડે | **તમ્હા**-તે કારણથી |
| **હત્થં**-હાથ | **માલોહડં**-માળ ઉપરથી લાવેલ |
| **પાયં**-પગ | **ભિક્ખં**-ભિક્ષા |

**ભાવાર્થ**-સાધુને દાન આપવા માટે, દેનાર જો માળ ઉપર ચઢવાને નિસરણી, પાટિયું, બાજોઠ, ખાટલો અને ખીલા આદિને ઉંચા કરીને જો ચઢે, તો કદાચ ચઢતાં પડી જાય અને તેથી હાથ-પગ ભાંગી જાય ! ત્યાં જો પૃથ્વીકાયના જીવો હોય અથવા તે પૃથ્વીને આશ્રયે રહેલા જીવો હોય, તો તેની પણ

વિરાધના થાય! આથી મહાપુરુષોએ આવા મોટા દોષો જાણીને અસ્થિર માળ આદિ ઉપરથી ઉતારેલી ભિક્ષા લેવી નહિ. ૬૭-૬૮-૬૯.

**कंदं मूलं पलंबं वा, आमं छिन्नं व सन्निरं ।**
**तुंबागं सिंगबेरं च, आमगं परिवज्जए ॥७०॥**

(सं० छा०) कन्दं मूलं प्रलम्बं वा, आमं छिन्नं वा सन्निरम् ।
तुम्बाकं शृङ्गबेरं च, आमकं परिवर्जयेद् ॥७०॥

કંદં-કાંદો
મૂલં-મૂળ
પલંબં-તાડનાં ફળ
આમં-કાચું
છિન્નં-છેદેલું
સન્નિરં-પત્ર શાક
તુંબાગં-તુંબડું
સિંગબેરં-આદુ
આમગં-સચિત્ત

**ભાવાર્થ**-સૂરણાદિ કંદ, વિદારિકા આદિ મૂળ, તલ આદિ ફળ, કાચું છેદેલું એવું પત્રશાક, તુંબડાં અને આદુ-આ સર્વ કાચું-સચિત્ત સાધુએ લેવું નહિ. ૭૦.

**तहेव सत्तुचुण्णाइं, कोलचुण्णाइं आवणे ।**
**सक्कुलिं फाणिअं पूअं, अन्नं वावि तहाविहं ॥७१॥**
**विक्कायमाणं पसढं, रएणं परिफासिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥७२॥**

(सं० छा०) तथैव सक्तुचूर्णान्, कोलचूर्णान् आपणे ।
शष्कुलीं फाणितं पूतं, अन्यद्वापि तथाविधम् ॥७१॥

विक्रीयमाणं प्रसह्य, रजसा परिस्पृष्टम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥७२॥

| | |
|---|---|
| **સત્તુચુણ્ણાઇં**–સાથવાનો ભુકો | **અન્નં**–બીજું |
| **તહેવ**–તેમજ | **તહાવિહં**–તેવા પ્રકારનું |
| **કોલચુણ્ણાઇં**–બોરકુટ | **વિક્કાયમાણં**–વેચાતું |
| **આવણે**–હાટમાં (દુકાન) | **પસઢં**–બહુ દિવસ રાખી પ્રગટ કરેલું |
| **સક્કુલિં**–તલસાંકળી | **રએણ**–સચિત્ત રજ વડે |
| **ફાણિઅં**–પાતળો ગોળ | **પરિફાસિઅં**–ખરડ્યું એવું |
| **પૂયં**–પુડલાં | |

**ભાવાર્થ**–તે રીતે તે સાથવાનું ચૂરણ, બોરનું ચૂરણ, તલસાંકળી, નરમ ગોળ, પુડલા અને બીજું પણ તેવા પ્રકારનું દુકાને વેચાતું, અનેક દિવસ રખાયેલું અને સચિત્ત રજથી ખરડાયેલું,–આવી વસ્તુઓ દેનારને સાધુએ નિષેધ કરવો કે–અમને આવું કલ્પે નહિ. ૭૧–૭૨.

**बहुअट्ठियं पुग्गलं, अणिमिसं वा बहुकंटयं ।**
**अत्थियं तिंदुयंबिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥७३॥**
**अप्पे सिआ भोअणज्जाए, बहुउज्झियधम्मियं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥७४॥**

(सं० छा०) बह्वस्थिकं पुद्गलं, अनिमिषं वा बहुकण्टकम् ।
अस्थिकं तिन्दुकं बिल्वं, इक्षुखण्डं वा शाल्मलिम् ॥७३॥
अल्पं स्याद्भोजनजातं, बहूज्झितधर्म्मकमेतत् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥७४॥

| | |
|---|---|
| બહુઅટ્ઠિયં-ઘણા ઠળિયાવાળું | ઉચ્છુખંડં-શેલડીના કકડા |
| પુગ્ગલં-સીતાફળ | સિંબલિં-શીમળાનું ફળ |
| અણિમિસં-અનનાસ | અપ્પે-થોડો |
| બહુકંટયં-ઘણા કાંટાવાળું | સિયા-હોય |
| અચ્છિયં-અસ્તિક વૃક્ષનું ફળ | ભોઅણજ્જાએ-ખાવાયોગ્ય |
| તિંદુઅં-તિંદુક વૃક્ષનું ફળ | બહુ-ઘણું |
| બિલ્લં-બીલું | ઉજ્ઝિયધમ્મિએ-ત્યાજ્ય |

**ભાવાર્થ**-જેની અંદર ઘણા ઠળિયા હોય તેવાં સીતાફળ આદિ ફળો, અનિમિષ નામના ફળો, ઘણાં કાંટાવાળા ફળો, અસ્તિક ફળ, તિંદુક ફળ, બીલાનાં ફળ, શેલડીના કકડા અને શાલ્મલીના ફળો, વાલ વગેરેની ફલી ( પાપડી ), કે જેની અંદરથી થોડું ખાવામાં આવે અને ઘણું નાખી દેવામાં આવે, એવી વસ્તુ દેનારને સાધુએ મના કરવી કે-અમને આવું કલ્પે નહિ. ૭૩-૭૪.

**तहेवुच्चावयं पाणं, अदुवा वारधोअणं ।**
**संसेइमं चाउलोदगं, अहुणाधोअं विवज्जए ॥७५॥**

**(सं० छा०) तथैवोच्चावचं पानं, अथवा वारकधोवनम् ।**
**संस्वेदजं तन्दुलोदकं, अधुनाधौतं विवर्जयेत् ॥७५॥**

| | |
|---|---|
| ઉચ્ચ-કેસરાદિથી સુગંધીદાર ઊંચું | વારધોઅણં-ગોળના ઘડાનું ધોવણ |
| અવયં-વર્ણાદિહીન, નીચી જાતનું | સંસેઈમં-લોટનું ધોવણ |
| અદુવા-અથવા | ચાઉલોદગં-ચોખાનું ધોવણ |
| | અહુણાધોયં-તરતનું ધોયેલું |

ભાવાર્થ—જેમ અનાજ તેમ પાણી પણ ઊંચું, તે વર્ણાદિ ગુણોપેત દ્રાક્ષપાણી વગેરે નીચું, તે વર્ણાદિથી હીન-કોહવાયેલું કાંજી આદિનું પાણી, અથવા ગોળના ઘડાને ધોએલાનું પાણી અને લોટ વગેરેને ધોએલાનું પાણી (ઉત્સર્ગ અને અપવાદથી) સાધુએ લેવું, પણ તરતનું ધોએલું અચિત્તપણે નહિ પરિણમેલું ચોખાનું પાણી લેવું નહિ. ૭૫.

**जं जाणेज्ज चिराधोयं, मईए दंसणेण वा ।**
**पडिपुच्छऊण सुच्चा वा, जं च निस्संकिअं भवे ।७६।**

(सं० छा०) यज्जानीयाच्चिरधौतं, मत्या दर्शनेन वा ।
पृष्ट्वा (गृहस्थं) श्रुत्वा वा, यच्च निःशङ्कितं भवति ॥७६॥

| | |
|---|---|
| ચિરાધોયં—ઘણી વખત પહેલાં ધોયેલું | પડિપુચ્છિઊણ—ગૃહસ્થને પૂછીને |
| મઇએ—સૂત્રાનુસારી બુદ્ધિથી | સુચ્ચા—સાંભળીને |
| દંસણેણ—દેખવા વડે | નિસ્સંકિઅં—શંકારહિત |
| | ભવે—હોય |

ભાવાર્થ—જો ચોખાનું પાણી બુદ્ધિથી, દેખવાથી અને પૂછવાથી નિઃશંક થાય કે—આ વધારે વખતનું ધોએલું છે, તો સાધુ તે ગ્રહણ કરે. ૭૬.

**अजीवं परिणयं नच्चा, पडिगाहिज्ज संजए ।**
**अह संकियं भविज्जा, आसाइत्ताण रोअए ॥७७॥**

(सं० छा०) अजीवं परिणतं ज्ञात्वा, प्रतिगृह्णीयात्संयतः ।
अथ शङ्कितं भवेत्, आस्वाद्य रोचयेद् ॥७७॥

| | |
|---|---|
| અજીવં-જીવરહિત | સંકિયં-શંકાવાળું |
| નચ્ચા-જાણીને | ભવિજ્જા-હોય |
| પડિગાહિજ્જ-ગ્રહણ કરે | આસાઈત્તાણ-ચાખીને |
| સંજએ-સાધુ | રોયએ-નિશ્ચય કરે |
| અહ-હવે | |

**ભાવાર્થ**-ઊષ્ણ વગેરે પાણી અજીવપણે પરિણમેલું જાણીને સાધુઓએ લેવું. જો તેમાં શંકા રહેતી હોય, તો તે ચાખીને નિર્ણય કરવો. ૭૭.

**थोवमासायणट्ठाए, हत्थगंमि दलाहि मे ।**
**मा मे अच्चंबिलं पूइं, नालं तण्हं विणित्तए ॥७८॥**

(सं० छा०) स्तोकमास्वादनार्थं, हस्तके देहि मे ।
मा मे अत्यम्लं पूर्ति, नालं तृष्णाविनिवृत्तये ॥७८॥

| | |
|---|---|
| થોવું-થોડું | અચ્ચંબિલં-ઘણું ખાટું |
| આસાયણટ્ઠાએ-ચાખવા માટે | પૂઇં-કોહેલું |
| હત્થગંમિ-હાથમાં | નાલં-સમર્થ નથી |
| દલાહિ-આપ | તન્હં-તૃષાને |
| મે-મને | વિણિત્તએ-નિવારણ કરવાને |
| મા-નહિ | |

**ભાવાર્થ**-પાણી આપનારને સાધુએ કહેવું કે-મને ચાખવા માટે થોડુંક પાણી આપો! કારણ કે-ઘણું ખાટું અગર કોહેલું પાણી મારી તરસ દૂર કરવામાં સમર્થ ન થાય, તેનું મને પ્રયોજન નથી. ૭૮.

**तं च अच्चंबिलं पूयं, नालं तण्हं विणित्तए।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥७९॥**

(सं० छा०) तच्चात्यम्लं पूतिं, नालं तृष्णानिवृत्तये।
दद्तीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम्॥७९॥

**ભાવાર્થ**–જે ઘણું ખાટું અગર કોહાએલું પાણી તૃષા દૂર કરવામાં કામ ન લાગે, તે પાણી દેનારીને સાધુએ મના કરવી કે–મને ખપે નહિ. ૭૯.

**तं च होज्ज अकामेण, विमणेणं पडिच्छिअं।**
**तं अप्पणा न पिबे, (च) नोवि अन्नस्स दावए॥८०॥**

(सं० छा०) तच्च भवेदकामेन, विमनस्केन प्रतीप्सितम्।
तदात्मना न पिबेच्च, नाप्यन्येभ्यो दापयेत्॥८०॥

**હોજ્જ**–હોય
**અકામેણં**–ઇચ્છા નહિ છતાં
**વિમણેણં**–મન ઠેકાણે નહિ હોવાથી
**'પડિચ્છિઅં'**–ગ્રહણ કર્યું
**અપ્પણા**–પોતે
**પિબે**–પીએ
**અન્નસ્સ**–બીજાને
**દાવએ**–અપાવે

**ભાવાર્થ**–જો કદાચ ગૃહસ્થના આગ્રહથી, અનિચ્છાએ અથવા અન્ય ચિત્તપણાથી તેવું પાણી લેવાઈ ગયું હોય, તો તે પાણી સાધુએ પીવું નહિ અગર બીજાને પણ પાવું નહિ. ૮૦.

**एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिआ।**
**जयं परिट्ठविज्जा, परिट्ठप्प पडिक्कमे॥ ८१॥**

(सं० छा०) एकान्तमवक्रम्य, अचित्तं प्रतिलेख्य ।
यतं परिष्ठापयेत्, परिष्ठाप्य प्રतिक्रामेत् ॥८१॥

| | |
|---|---|
| એગંતં-એકાન્તમાં | પરિઠ્ઠવિજ્જા-પરઠવે |
| અવક્કમિત્તા-જઈને | પરિઠ્ઠપ્પ-પરઠવીને |
| પડિલેહિઆ-પૂંજીને | પડિક્કમે-ઇર્યાવહી પડિક્કમે |
| જયં-જયણાથી | |

ભાવાર્થ-પરન્તુ તે પાણી લઈને, એકાન્ત સ્થળમાં જઈને તથા અચિત્ત ભૂમિ આંખથી અને ઓઘાથી પ્રતિલેખીને તે જયણાપૂર્વક પરઠવી દેવું. બાદ ઉપાશ્રયમાં આવીને ઇરિયાવહી પડિક્કમે. ૮૧.

**सिआ अ गोयरग्गगओ, इच्छिज्जा परिभुत्तुअं ।**
**कुट्ठगं भित्तिमूलं वा, पडिलेहित्ताण फासुअं ॥८२॥**
**अणुन्नवितु मेहावी, पडिच्छन्नंमि संवुडे ।**
**हत्थगं संपमज्जित्ता, तत्थ भुंजिज्ज संजए ॥८३॥**

(सं० छा०) स्याच्च गोचराग्रगतो, इच्छेत् परिभोक्तुम् ।
कोष्ठकं भित्तिमूलं वा, प्रतिलेख्य प्रासुकम् ॥८२॥
अनुज्ञाप्य मेधावी, प्रतिच्छन्ने संवृते ।
हस्तकं संप्रमृज्य, तत्र भुञ्जीत संयतः ॥८३॥

| | |
|---|---|
| સિઆ-કદાચ | અણુન્નવિત્તુ-ગૃહસ્થની આજ્ઞા લઈને |
| ગોયરગ્ગગઓ-ગોચરી ગયેલો | મેહાવી-બુદ્ધિશાળી |
| પરિભુત્તઅં-ખાવાને | પડિચ્છન્નંમિ-તૃણાદિકે ઢાંકેલ |
| કુટ્ઠગં-શૂન્ય ઘરમાં, મઠમાં | સંવુડે-ઉપયોગ સહિત |
| ભિત્તિમૂલં-ભીંત આગળ | સંપમજ્જિત્તા-સારી રીતે પૂંજીને |
| ફાસુયં-નિર્જીવ | |

**ભાવાર્થ**–જો સાધુ ગોચરી માટે બીજે ગ્રામે ગયેલ હોય અને કદાચ તૃષા આદિથી પીડાઈને જો તે આહાર કરવા ઈચ્છે, તો ત્યાં ઉપાશ્રય નહિ હોવાથી સૂનું ઘર, મઠ વગેરેની ભીંતોનો એક ભાગ, બીજાદિથી રહિત પડિલેહીને, તે ગૃહાદિના સ્વામિની રજા લઈને અને ઢાંકેલા પ્રદેશમાં ઉપયોગપૂર્વક ઈરિયાવહી કર્યા બાદ મુહપત્તિ લઈને તથા તેથી શરીરને પ્રમાર્જીને અનાસક્ત રીતે તે આહાર–પાણી કરે. ૮૨–૮૩.

**तत्थ से भुंजमाणस्स, अट्ठिअं कंटओ सिआ।**
**तणकट्ठसक्करं वावि, अन्नं वावि तहाविहं॥८४॥**
**तं उक्खिवित्तु न निक्खिवे, आसएण न छड्डुए।**
**हत्थेण तं गहेऊण, एगंतमवक्कमे॥८५॥**

(सं० छा०) तत्र तस्य भुञ्जानस्य, अस्थिकं कण्टको स्यात्।
तृणकाष्ठशर्करं वाऽपि, अन्यद्वापि तथाविधम्॥८४॥
तदुत्क्षिप्य न निक्षिपेत्, आस्येन नोज्झेत्।
हस्तेन तद्गृहीत्वा, एकान्तमवक्रामेत्॥८५॥

**भुंजमाणस्स**–ખાતા એવા તેને
**અટ્ઠિઅં**–ઠળિયો
**કંટઓ**–કાંટો
**કટ્ઠ**–કાષ્ઠ
**સક્કર**–કાંકરો
**ઉક્ખિવિત્તુ**–ઉપાડીને
**નિક્ખિવે**–છૂટું નાંખે
**આસએણ**–મુખથી
**ન છડ્ડુએ**–ત્યાગ કરે નહિ
**ગહેઊણ**–લઈને
**અવક્કમે**–જાય

ભાવાર્થ-ત્યાં આહાર-પાણી કરતાં કદાચ જો ગૃહસ્થના પ્રમાદથી ઠળિયા અગર કાંટો, તણખલું, લાકડાની કરચ, કાંકરો અને બીજું પણ તેવા પ્રકારનું કાંઈ આવે, તો તેને હાથથી ફેંકવું નહિ તેમ મુખથી પણ ફેંકવું નહિ, પરન્તુ તેને હાથમાં લઈને એકાન્તમાં જવું. ૮૪-૮૫.

**एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिआ ।**
**जयं परिट्ठविज्जा, परिट्ठप्प पडिक्कमे ॥ ८६ ॥**

(सं० छा०) एकान्तमवक्रम्य, अचित्तं प्रत्युपेक्ष्य ।
यतं परिष्ठापयेत्, परिष्ठाप्य प्रतिक्रामेत् ॥८६॥

ભાવાર્થ-એકાન્તમાં જઈને અને અચિત્ત જીવ વિનાની ભૂમિ પડિલેહીને-તપાસીને તેને પરઠવી દેવું. પરઠવ્યા બાદ ઈરિયાવહી પ્રતિક્રમવી. ૮૬.

**सिआ य भिक्खू इच्छिज्जा, सिज्जमागम्म भुत्तुअं ।**
**सपिंडपायमागम्म, उंडुअं पडिलेहिआ ॥८७॥**

(सं० छा०) स्याच्च भिक्षुरिच्छेत्, शय्यामागम्य परिभोक्तुम् ।
सह पिण्डपातेनागम्य, उन्दुकं प्रत्युपेक्ष्य ॥८७॥

સિજ્જમાગમ્મ-ઉપાશ્રયમાં આવીને
ભુત્તુઅં-ભોજન કરવા
સપિંડપાયં-શુદ્ધ ભિક્ષા લઈને
ઉંડુઅં-ભોજનની ભૂમિને

ભાવાર્થ-કદાચ જો ઉપાશ્રયમાં આવ્યા બાદ સાધુ

આહાર કરવા ઈચ્છે, તો તેમણે ઉપાશ્રયમાં આવ્યા બાદ આહાર કરવાની ભૂમિ પડિલેહવી. ૮૭.

**विणएणं पविसित्ता, सगासे गुरुणो मुणी ।**
**इरियावहियमायाय, आगओ अ पडिक्कमे ॥८८॥**

(सं० छा०) विनयेन प्रविश्य, सकाशे गुरोर्मुनिः ।
ईर्यापथिकमादाय, आगतश्च प्रतिक्रामेद् ॥८८॥

| | |
|---|---|
| **વિણએણં**–વિનયપૂર્વક | **ગુરુણો**–ગુરુની |
| **પવિસિત્તા**–પેસીને | **આયાય**–ભણીને |
| **સગાસે**–પાસે | **આગઓ**–આવેલો |

**ભાવાર્થ**–'નિસીહિ–નમો ખમાસમણાણં'–એમ બોલવા રૂપ સાધુ વિનયપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કરીને, ગુરુ પાસે આવી, ઇરિયાવહી પડિક્કમી ગુરુ પાસે કાઉસ્સગ્ગ કરે. ૮૮.

**आभोइत्ताण निसेसं, अईआरं जहक्कमं ।**
**गमणागमणे चेव, भत्तपाणे व संजए ॥८९॥**

(सं० छा०) आभोगयित्वा निःशेषं, अतिचारं यथाक्रमम् ।
गमनागमनयोश्चैव, भक्तपानयोश्च संयतः ॥८९॥

| | |
|---|---|
| **આભોઈત્તા**–જાણીને | **અઈઆરં**–અતિચાર |
| **નીસેસં**–સમસ્ત | **જહક્કમં**–ક્રમવાર |

**ભાવાર્થ**–કાઉસ્સગ્ગમાં, ગોચરીએ જવા–આવવામાં તથા આહાર–પાણી લેવામાં, અનુક્રમે જે અંતિચાર લાગ્યા હોય તે સર્વે સાધુ યાદ કરે ! ૮૯.

**उज्जुप्पन्नो अणुव्विग्गो, अव्वक्खित्तेण चेअसा।**
**आलोए गुरुसगासे, जं जहा गहिअं भवे ॥९०॥**

(सं० छा०) ऋजुप्रज्ञः अनुद्विग्नः, अव्याक्षिप्तेन चेतसा ।
आलोचयेद् गुरुसकासे, यद्यथागृहीतं भवेत् ॥९०॥

| | |
|---|---|
| ઉજ્જુપ્પન્નો–સરલ બુદ્ધિવાળો | રહિત |
| અણુવ્વિગ્ગો–વ્યગ્રપણારહિત | ચેઅસા–મન વડે |
| અવ્વક્ખિત્તેણ–ચંચલપણા- | આલોએ–આલોચે |

ભાવાર્થ–સરલ બુદ્ધિમાન સાધુ, યાદ કરીને, ઉદ્વેગરહિત અને અચંચલ મનપૂર્વક, જેમ જેવા અનુક્રમે આહાર-પાણી લીધા હોય, તે પ્રમાણે ગુરુ પાસે આલોવે. (કહી બતાવે.) ૯૦.

**न सम्ममालोइअं हुज्जा, पुव्विं पच्छा व जं कडं।**
**पुणो पडिक्कमे तस्स, वोसट्ठो चिंतए इमं ॥९१॥**

(सं० छा०) न सम्यगालोचितं भवेत्, पूर्वं पश्चाद्वा यत्कृतम् ।
पुनः प्रतिक्रामेत तस्य, व्युत्सृष्टश्चिन्तये दिदम् ॥९१॥

| | |
|---|---|
| સમ્મં–સારી રીતે | પચ્છા–પાછળથી |
| આલોઇઅં–આલોચ્યું | કડં–કર્મ |
| હુજ્જા–હોય | પુણો–વળી |
| પુવ્વિં–પહેલાં | વોસટ્ઠો–કાઉસ્સગ્ગમાં રહી |

ભાવાર્થ–જે અનુપયોગથી પૂર્વકર્મ, પશ્ચાત્કર્મ આદિ સમ્યક્ પ્રકારે આલોચ્યું ન હોય, તે સાધુ ફરી (ગોઅરચરિ-

યાએ ઈત્યાદિ પાઠથી ) આલોવે અને કાઉસ્સગ્ગ કરીને આ પ્રમાણે ચિંતવે. ૯૧.

**अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ।**
**मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥९२॥**

(सं० छा०) अहो ! जिनैरसावद्या, वृत्तिः साधूनां दर्शिता।
मोक्षसाधनहेतोः, साधुदेहस्य धारणाय ॥९२॥

**અસાવજ્જા**–પાપરહિત
**વિત્તી**–નિર્વાહ
**સાહૂણ**–સાધુઓની
**દેસિઆ**–દેખાડી છે
**મુક્ખસાહણહેઉસ્સ**–મોક્ષ સાધવાનો હેતુ
**દેહસ્સ**–શરીરને
**ધારણા**–ધારણ કરવા માટે

**ભાવાર્થ**–મોક્ષ સાધવાના હેતુભૂત અને સાધુના દેહના નિર્વાહાર્થે, અહો ! શ્રી તીર્થંકરદેવે નિરવદ્ય વૃત્તિ સાધુને દેખાડી છે. ૯૨.

**णमुक्कारेण पारित्ता, करित्ता जिणसंथवं।**
**सज्झायं पट्ठवित्ताणं, वीसमेज्ज खणं मुणी ॥९३॥**

(सं० छा०) नमस्कारेण पारयित्वा, कृत्वा जिनसंस्तवम्।
स्वाध्यायं प्रस्थाप्य, विश्राम्येत् क्षणं मुनिः ॥९३॥

**નમુક્કારેણ**–નવકારથી
**પારિત્તા**–પારીને
**કરિત્તા**–કરીને
**ખણં**–ક્ષણવાર
**જિણસંથવં**–જિનસ્તવનને (લોગસ્સ)
**સજ્ઝાયં**–સ્વાધ્યાય
**પટ્ઠવિત્તાણં**–પૂર્ણ કરીને
**વીસમેજ્જ**–વિસામો લે

**ભાવાર્થ**-આમ ચિંતવ્યા બાદ નમસ્કારથી ( નમો અરિહંતાણું બોલી ) કાઉસ્સગ્ગ પારીને, ઉપર ચતુર્વિંશતિ સ્તવન-લોગસ્સને કહીને અને સજ્ઝાય પૂર્ણ કરીને થોડી વાર સાધુએ આરામ લેવો. ૯૩.

**विसमंतो इमं चिंते, हियमट्ठं लाभमट्ठिओ ।**
**जइ मे अणुग्गहं कुज्जा,**
**साहू हुज्जामि तारिओ ॥९४॥**

(सं० छा०) विश्राम्यन्निदं चिन्तयेत्, हितमर्थं लाभार्थिकः ।
यदि मे अनुग्रहं कुर्युः, साधवः स्यामहं तारितः ॥९४॥

| | |
|---|---|
| વિસમંતો-વિસામો લેતો | કુજ્જા-કરે |
| હિયમટ્ઠં-હિતને માટે | હુજ્જામિ-થાઉં |
| લાભમટ્ઠિઓ-લાભનો અર્થી | તારિઓ-તારેલો |
| અણુગ્ગહં-પ્રસાદને | |

**ભાવાર્થ**-કર્મની નિર્જરાનો અર્થી વિશ્રામ લેતો સાધુ, પોતાના હિતને અર્થે એમ ચિંતવે કે-જો આ પ્રાસુક આહાર લેવા વડે સાધુઓ મારા ઉપર મહેરબાની કરે, તો હું ભવસાગરથી તારેલો થાઉં, અર્થાત્ ભવસાગર તરવામાં આ અનુગ્રહ મને મદદગાર થાય. ૯૪.

**साहवो तो चियत्तेणं, निमंतिज्ज जहक्कमं ।**
**जइ तत्थ केइ इच्छिज्जा,**
**तेहिं सद्धिं तु भुंजए ॥९५॥**

(सं० छा०) साधुस्ततो मनःप्रीत्या, निमन्त्रयेद् यथाक्रमम् ।
यदि तत्र केचनेच्छेयुः, तैः सार्धं तु भुञ्जीत ॥९५॥

| | |
|---|---|
| સાહવો-સાધુઓ | કેઈ-કોઈ |
| ચિયત્તેણં-મનની પ્રીતિથી | ઈચ્છિજ્જા-ઈચ્છે |
| નિમંતિજ્જ-આમંત્રણ કરે | તેહિં-તેઓની |
| જહક્કમં-ક્રમસર | સદ્ધિં-સાથે |

**ભાવાર્થ**-પછી ગુરુની આજ્ઞા લીધા બાદ પ્રીતિપૂર્વક ક્રમસર સાધુઓને આહાર માટે નિમંત્રણા કરવી. જો કોઈ તે આહારમાંથી લેવાને ઈચ્છે, તો તેમને આપ્યા બાદ પોતે તેમની સાથે આહાર કરે. ૯૫.

**अह कोइ न इच्छिज्जा, तओ भुंजिज्ज एक्कओ।**
**आलोए भायणे साहू, जयं अपरिसाडियं ॥९६॥**

(सं० छा०) अथ कश्चिन्नेच्छेत्, ततो भुञ्जीतैककः।
आलोके भाजने साधुः, यतं अपरिशाटयन् ॥९६॥

| | |
|---|---|
| આલોએ-પ્રકાશવાળા | અપરિસાડિયં-હાથ અને મોંમાંથી ન પડે તેમ |
| ભાયણે-ભાજનમાં | |

**ભાવાર્થ**-હવે કોઈ સાધુ જો તેમાંથી આહાર ન લે, તો પછી પ્રકાશવાળા પાત્રમાં (પહોળા મોંઢાવાળા પાત્રમાં), જયણાપૂર્વક, હાથમાંથી કે મોંમાંથી નીચે ન પડે તેમ પોતે એકલો આહાર કરે. ૯૬.

**तित्तगं व कडुअं व कसायं,**
**अंबिलं व महुरं लवणं वा।**
**एअलद्धमन्नत्थ-पउत्तं,**
**महुघयं व भुंजिज्ज संजए ॥९७॥**

(सं० छा०) तिक्तकं वा कटुकं वा कषायं,
अम्लं वा मधुरं लवणं वा ।
एतल्लब्धमन्यार्थप्रयुक्तं,
मधुघृतमिव भुञ्जीत संयतः ॥९७॥

| | |
|---|---|
| તિત્તગં-કડવો પદાર્થ | લદ્ધં-મળેલા |
| કડુઅં-તીખો | અન્નત્થપઉત્તં-બીજાને માટે એટલે દેહને માટે પ્રયોજેલ |
| કસાયં-કષાએલો | મહુ-મધુર |
| અંબિલં-ખાટો | ઘયં-ઘી |
| મહુરં-મીઠો | |
| લવણં-ખારો | |

**ભાવાર્થ**-જો તે આહાર તીખો-કડવો-કષાયેલો-ખાટો-મીઠો કે ખારો હોય તો પણ, આહાર દેહના નિર્વાહાર્થે એટલે મોક્ષને માટે (નહિ કે શરીરના વર્ણાદિ માટે) મને મળેલો છે-એમ જાણી, જાણે સ્વાદિષ્ટ ઘી ન હોય એમ માની, અથવા ઘી આદિ પ્રવાહી જેમ જલદી ઉતારી જવાય છે તેમ અને સ્વાદ વગર, ડાબી બાજુની દાંઢથી જમણી બાજુની દાઢમાં સંચાલન કર્યા વિના સાધુએ તે આહાર કરી લેવો. ૯૭.

**अरसं विरसं वात्रि, सूइअं वा असूइअं ।**
**उल्लं वा जइ वा सुक्कं, मंथुकुम्मास भोअणं ॥९८॥**
**उप्पणणं नाइहीलिज्जा, अप्पं वा बहु फासुअं ।**
**मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोसवज्जिअं ॥९९॥**

(सं० छा०) अरसं विरसं वाऽपि, सूचितं वाऽसूचितम् ।
आर्द्रं वा यदि वा शुष्कं, मन्थुकुल्माषभोजनम् ॥९८॥
उत्पन्नं नातिहीलयेत्, अल्पं वा बहु प्रासुकम् ।
मुधालब्धं मुधाजीवी, भुञ्जीत दोषवर्जितम् ॥९९॥

અરસં–રસ વિનાના
વિરસં–સ્વાદ વિનાના
સૂઇઅં–શાક આદિ સહિત
અસૂઇઅં–શાકાદિ વિનાના
ઉલ્લં–લીલુ
સુક્કં–સુકુ
મંથુ–બોરનો ભૂકો
કુમ્માસ–અડદના બાકળા
ઉપ્પન્નં–પ્રાપ્ત થયેલ
નાઈ–ઘણું નહિ
હીલિજ્જા–નિંદે
અપ્પં–થોડું
મુહાલદ્ધં–ફોગટ મેળવેલું
મુહાજીવી–સર્વથા અનિદાનજીવી

**ભાવાર્થ**–તે આહાર હિંગ આદિના સંસ્કારરહિત હોય અગર વિરસ–પૂરાણા ચોખા આદિ હોય, શાકાદિ સહિત હોય અગર રહિત હોય, ઘણું શાક હોય કે થોડું હોય, કે અડદના બાકળા હોય, પરિપૂર્ણ આહાર મળ્યો હોય કે ન મળ્યો હોય અને જો તે અસાર હોય તો પણ, સિદ્ધાન્તની વિધિએ મળેલા નિર્દોષ આહારને નિંદવો નહિ, કારણ કે–તે મંત્ર–તંત્રાદિ વિના મળેલો છે. સાધુ પોતે મુધાજીવી (જાતિ આદિ દેખાડયા વિના અગર નિયાણું કર્યા વિના જીવનનિર્વાહ કરનાર) છે, માટે તેમણે સંયોજનાદિ- દોષ લગાડયા વિના પોતે તે આહાર કરી લેવો. ૯૮–૯૯.

दुल्लहा उ मुहादाई, मुहाजीवी वि दुल्लहा ।
मुहादाई मुहाजीवी, दोऽवि गच्छंति सुग्गइं ।१००।
त्ति बेमि.

पिंडेसणाए पढमो उद्देसो समत्तो ॥ १ ॥

(सं० छा०) दुर्लभास्तु मुधा दातारः, मुधाजीविनोऽपि दुर्लभाः ।
मुधादातारो मुधाजीविनः, द्वावपि गच्छतः सुगतिम् ।१००।
इति ब्रवीमि.

पिण्डैषणाया प्रथम उद्देशः समाप्तः ॥१॥

દુલ્લહા–દુર્લભ
સુગ્ગઇં–સુગતિને
મુહાદાઈ–પ્રત્યુપકારની ઇચ્છા વિનાનો

ભાવાર્થ–જેમ કાંઈ પણ ઉપકાર કર્યા વિના ફોગટ આહારાદિ દેવાવાળા નિઃસ્વાર્થી દાતા દુર્લભ છે, તેમ મંત્ર–તંત્રાદિ કરામત દેખાડયા વિના કેવળ ધર્મપરાયણ રહી આહાર લેવાવાળા નિઃસ્વાર્થી દાતા સાધુ પણ દુર્લભ છે. આ મુધાદાયી નિષ્કામભાવે આપનાર શ્રાવક તથા મોક્ષ માટે જ જીવનાર મુધાજીવી સાધુ–આ બન્ને સમુદાય સુગતિમાં જાય છે.

ઇતિ પિણ્ડૈષણા અધ્યયનમ્–પ્રથમ ઉદ્દેશઃ સમાપ્ત

### ૫. પિણ્ડૈષણા અધ્યયનમ્-દ્વિતીય ઉદ્દેશઃ

**पडिग्गहं संलिहित्ताणं, लेवमायाए संजए ।**
**दुगंधं वा सुगंधं वा, सव्वं भुंजे न छड्डए ॥१॥**

(सं० छा०) प्रतिग्रहं संलिख्य, लेपमर्यादया संयतः ।
दुर्गन्धि वा सुगन्धि वा, सर्व भुञ्जीत नोज्झेत् ॥१॥

| | |
|---|---|
| પડિગ્ગહં-પાત્રાને | દુગંધં-દુર્ગંધ |
| સંલિહિત્તાણં-સારી પેઠે લોહીને | ભુંજે-ખાય |

**ભાવાર્થ**-સાધુએ આહાર કરતાં, જો તે સુગંધી કે દુર્ગંધીવાળો હોય તો પણ તેનો ત્યાગ ન કરતાં, તે પાત્રને લેપપર્યંત સાફ થાય તેમ સર્વ આહાર લેવો જોઈએ. ૧.

**सेज्जा निसीहियाए, समावन्नो अ गोअरे ।**
**अयावयट्ठा भुच्चाणं, जइ तेणं न संथरे ॥२॥**

(सं० छा०) शय्यायां नैषेधिक्यां, समापन्नश्च गोचरे ।
अयावदर्थं भुक्त्वा, यदि तेन न संस्तरेत् ॥२॥

| | |
|---|---|
| સેજ્જા-ઉપાસરે | અયાવયટ્ઠા-સંયમના નિર્વાહને અર્થે સંપૂર્ણ નહિ |
| નિસીહિઆએ-સ્વાધ્યાય ભૂમિમાં | ભુચ્ચાણં-ભોજન કરીને |
| સમાવન્નો-રહેલો | સંથરે-નિર્વાહ થાય |

**ભાવાર્થ**-ઉપાશ્રય કે સ્વાધ્યાય ભૂમિમાં રહેલા કે ગોચરીએ ગયેલા સાધુએ જો સંપૂર્ણ આહાર ન કરેલો હોય અને જો તેનાથી પોતાનો નિર્વાહ ન થાય તો. ૨.

**तओ कारणमुप्पण्णे, भत्तपाणं गवेसए ।**
**विहिणा पुव्वउत्तेणं, इमेणं उत्तरेण य ॥३॥**

(सं० छा०) ततः कारणे उत्पन्ने, भक्तपानं गवेषयेत् ।
विधिना पूर्वोक्तेन, अनेनोत्तरेण च ॥ ३ ॥

ઉત્પન્ને-ઉત્પન્ન થયે છતે
વિહિણા-વિધિથી
પૂવ્વઉત્તેણં-પૂર્વોક્ત
ઇમેણં-આ
ઉત્તરેણ-આગળ કહેવાશે તે

**ભાવાર્થ**-પૂર્વોક્ત વિધિએ અને આગળ કહેવામાં આવશે તે વિધિથી, કારણ ઉત્પન્ન થયે છતે બીજી વાર ભાત-પાણીની સાધુએ ગવેષણા કરવી. ૩.

**कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।**
**अकालं च विवज्जित्ता, काले कालं समायरे ॥४॥**

(सं० छा०) कालेन निष्क्रामेद् भिक्षुः, कालेन च प्रतिक्रामेद् ।
अकालं च वर्जयित्वा, काले कालं समाचरेद् ॥४॥

કાલેણ-કાલે
નિક્ખમે-ગોચરીએ જવું
પડિક્કમે-પાછા ફરે
વિવજ્જિત્તા-વર્જીને
સમાયરે-સમાચરે

**ભાવાર્થ**-જે ગામમાં જે અવસરે આહારની વેળા હોય તે સમયે સાધુએ ગોચરીએ જવું અને સજ્ઝાય કરવાના કાળે પાછું ફરવું. અકાળને મૂકીને જે કાર્ય કરવાનો અવસર હોય, તે અવસરે તે કામ કરવું. ૪.

अकाले चरसि भिक्खू, कालं न पडिलेहसि।
अप्पाणं च किलामेसि, संनिवेसं च गरिहसि ॥५॥

(सं० छा०) अकाले चरसि भिक्षो !, कालं न प्रत्युपेक्षसे।
आत्मानं च क्लामयसि, संनिवेशं च गर्हसि ॥५॥

| | |
|---|---|
| ન પડિલેહસિ–જોતો નથી | સંનિવેસં–ગામને |
| કિલામેસિ–થકવે છે | ગરિહસિ–નિંદે છે |

**ભાવાર્થ**–હે સાધુ! તું ગોચરીના વખતને જોતો નથી અને અકાળે ગોચરીએ જાય છે. પોતાને ઝાઝું ફરવાથી કિલામણા પમાડે છે અને ગામની નિંદા કરે છે. ૫.

सइ काले चरे भिक्खू, कुज्जा पुरिसकारिअं।
अलाभुत्ति न सोइज्जा, तवुत्ति अहिआसए ॥६॥

(सं० छा०) सति काले चरेद् भिक्षुः, कुर्यात् पुरुषकारम्।
अलाभ इति न शोचयेद्, तप इत्यधिसहेत ॥६॥

| | |
|---|---|
| સઈકાલે–વખત થયે છતે | અલાભુત્તિ–અપ્રાપ્તિ થવાથી |
| ચરે–જાય | સોઇજ્જા–શોચ કરે |
| કુજ્જા–કરે, ફોરવે | તવુત્તિ–તપ થયો એમ |
| પુરિસકારિઅં–પુરૂષકાર | અહિઆસએ–ચિંતવે |

**ભાવાર્થ**–જ્યારે આવી રીતના દોષો છે, તો અકાળે ગોચરીએ ન જતાં ગોચરીને કાળે સાધુએ ગોચરીએ જવું અને પોતાના પુરુષાર્થને ફોરવવો. ફરતાં પણ જો અલાભ થાય, તો શોચ ન કરતાં, 'આજ મને તપસ્યા થઈ'–એમ વિચારી ક્ષુધા સહન કરવી. ૬.

**तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया ।**
**तं उज्जुअं न गच्छिज्जा, जयमेव परक्कमे ॥७॥**

(सं० छा०) तथैवोच्चावचाः प्राणिनो, भक्तार्थं समागताः ।
तदृजुकं न गच्छेत्, यतमेव पराक्रमेद् ॥७॥

| | |
|---|---|
| તહેવ-તેમજ | સમાગયા-એકઠા થયેલા |
| ઉચ્ચાવયા-ઊંચી-નીચી જાતનાં | ઉજ્જુઅં-સન્મુખ |
| પાણા-પ્રાણીઓ | જયં-જતનાએ |
| ભત્તટ્ઠાએ-ખાવાને માટે | પરક્કમે-ચાલવું. |

**ભાવાર્થ**-સાધુને ગોચરીએ જતાં, જો રસ્તામાં બલિ વગેરે ખાવા માટે હંસ, કાગડા વગેરે પ્રાણીઓ એકઠાં થયાં હોય, તો તેની સન્મુખ ન ચાલતાં તેઓને ત્રાસ ન થાય તેમ જયણાપૂર્વક ચાલવું. ૭.

**गोअरग्गपविट्ठो अ, न निसीइज्ज कत्थई ।**
**कहं च न पबंधिज्जा, चिट्ठित्ताण व संजए ॥८॥**

(सं० छा०) गोचराग्रप्रविष्टश्च, न निषीदेत् क्वचिद् ।
कथां च न प्रबध्नीयात्, स्थित्वा वा संयतः ॥८॥

| | |
|---|---|
| ગોયરગ્ગપવિટ્ઠો-ગોચરીએ ગયેલો | કહં-કથા |
| નિસીએજ્જ-બેસે | પબંધિજ્જા-કરે |
| કત્થઇ-કોઇ ઠેકાણે | ચિટ્ઠિત્તાણ-બેસીને |

**ભાવાર્થ**-ગોચરી ગયેલ સાધુએ જેમ કોઈ ઠેકાણે બેસવું નહિ, તેમ બેસીને ધર્મકથા પણ કરવી નહિ. તેમ કરવાથી અનેષણા તથા દ્વેષાદિ દોષનો પ્રસંગ થાય. ૮.

अग्गलं फलिहं दारं, कवाडं वावि संजए ।
अवलंबिआ न चिट्ठिज्जा, गोअरग्गओ मुणी ॥९॥

(सं० छा०) अर्गलं परिघं द्वारं, कपाटं वाऽपि संयतः ।
अवलम्ब्य न तिष्ठेत्, गोचराग्रगतो मुनिः ॥९॥

અગ્ગલં-ભૂગલ અથવા અર્ગલા
ફલિહં-ફલક કે પરિઘ
દારં-બારણાની સાખ
કવાડં-કમાડ
અવલંબિઆ-અવલંબીને કે અઢેલીને

**ભાવાર્થ**-ગોચરીએ ગયેલ સાધુએ ભૂગલ, પરિઘ, બારણાની સાખ અને કમાડને અવલંબીને ઊભા રહેવું નહિ. તેમ કરવાથી લઘુતા કે વિરાધના થવાનો સંભવ છે. ૯.

समणं माहणं वावि, किविणं वा वणीमगं ।
उवसंकमंतं भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥१०॥
तमइक्कमित्तु न पविसे, नवि चिट्ठे चक्खुगोअरे ।
एगंतमवक्किमित्ता, तत्थ चिट्ठिज्ज संजए ॥११॥
वणीमगस्स वा तस्स, दायगस्सुभयस्स वा ।
अप्पत्तिअं सिआ हुज्जा, लहुत्तं पवयणस्स वा ॥१२॥

(सं० छा०) श्रमणं ब्राह्मणं वाऽपि, कृपणं वा वनीपकम् ।
उपसंक्रामन्तं भक्तार्थं, पानार्थं वा संयतः ॥१०॥
तमतिक्रम्य न प्रविशेन्नापितिष्ठेच्चक्षुर्गोचरे ।
एकान्तमवक्रम्य, तत्र तिष्ठेत्संयतः ॥११॥

वनीपकस्य वा तस्य, दायकस्योभयस्य वा ।
अप्रीतिः स्याद्भवेत्, लघुत्वं प्रवचनस्य वा ॥१२॥

માહણં-બ્રાહ્મણ
કિવિણં-કૃપણ
વણીમગં-દરિદ્ર
ઉવસંકમંતં-જતો
ભત્તટ્ઠા-ભોજન અર્થે
પાણટ્ઠા-પાણીને અર્થે
અપ્પત્તિઅં-અપ્રીતિ
અઇક્કમિત્તુ-ઓળંગીને
પવિસે-પેસે
ચક્ખુગોયરે-નજરે પડતાં
અવક્કમિત્તા-જઈને
દાયગસ્સ-આપનારને
ઉભયસ્સ-બન્નેનું
લહુત્તં-લઘુતા
પવયણસ્સ-પ્રવચનની

**ભાવાર્થ**-શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ કે માગણ-એ ચારમાંથી કોઈ પણ આહાર-પાણીને માટે જો નજીક જતો-આવતો હોય, તો સાધુએ તે શ્રમણાદિને ઓળંગીને ગૃહસ્થના ઘરમાં ન પેસતાં, તેમજ તેઓની દૃષ્ટિગોચર થતાં જ ઊભા ન રહેતાં એકાન્ત સ્થળમાં જઈને ઊભા રહેવું. આમ કરવાનું કારણ એ છે કે-તે દરિદ્રાદિને તથા દેવાવાળાને અથવાં બેઉને કદાચ અપ્રીતિ થાય તથા પ્રવચનનું લઘુપણું થાય. ૧૦-૧૧-૧૨.

**पडिसेहिए व दिन्ने वा, तओ तम्मि नियत्तिए ।**
**उवसंकमिज्ज भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥१३॥**

(सं० छा०) प्रतिषिद्धे वा दत्ते वा, ततस्तस्मिन् निवर्त्तिते ।
उपसंक्रामेद्भक्तार्थं, पानार्थं वाऽपि संयतः ॥१३॥

પડિસેહિએ-નિષેધ કર્યે છતે
દિન્ને-આપે છતે
નિયત્તિએ-પાછો વળે
ઉવસંકમિજ્જ-જાય

**ભાવાર્થ**-સાધુની પહેલાં જે શ્રમણાદિ ગૃહસ્થને ઘેર ઊભા રહે છે, તેને ગૃહસ્થે નિષેધ કર્યે છતે અથવા આપ્યે છતે, તે ઘરથી પાછા વળ્યા બાદ સાધુએ ભાત-પાણી માટે તે ગૃહસ્થને ઘેર જવું. ૧૩.

**उप्पलं पउमं वावि, कुमुअं वा मगदंतिअं ।**
**अन्नं वा पुप्फसच्चित्तं, तं च संलुंचिआ दए ॥१४॥**
**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१५॥**

(सं० छा०) उत्पलं पद्मं वाऽपि, कुमुदं वा मगदन्तिकाम् ।
अन्यद्वा पुष्पं सचित्तं, तच्च संलुञ्च्य दद्यात् ॥१४॥
तद्भवेद्भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥१५॥

**ઉપ્પલં**-નીલું કમલ
**પઉમં**-રાતું કમલ
**કુમુઅં**-પોયણી, મેંદી
**મગદંતિઅં**-મોગરાનું ફૂલ
**સંલુંચિઆ**-છેદીને
**દએ**-આપે

**ભાવાર્થ**-ઉત્પલ, પદ્મ, કુમુદ, મેંદી કે માલતી અને બીજા પણ સચિત્ત પુષ્પોને છેદીને, દેનાર જો આહાર-પાણી આપે, તો તે સાધુને અકલ્પનિક છે. સાધુએ દેનારને મના કરવી કે-આવા આહાર-પાણી અમને ન કલ્પે. ૧૪-૧૫.

**उप्पलं पउमं वावि, कुमुअं वा मगदंतिअं ।**
**अन्नं वा पुप्फसच्चित्तं, तं च संमद्दिआ दए ॥१६॥**

तं भवे भत्तपाण तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१७॥

(सं० छा०) उत्पलं पद्मं वाऽपि, कुमुदं वा मगदन्तिकाम् ।
अन्यद्वा पुष्पं सचित्तं, तच्च संमृद्य दद्यात् ॥१६॥
तद्भवेद्भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥१७॥

સંમદ્દિઆ-મર્દન કરીને, બાકીનો શબ્દાર્થ ઉપર મુજબ.

**ભાવાર્થ**-ઉત્પલ, પદ્મ, કુમુદ, મેંદી યા માલતી કે બીજાં પણ સચિત્ત પુષ્પોનું મર્દન કરીને, જો દાતા આહારાદિ આપે, તો તે અકલ્પનિક હોઈ સાધુએ લેતાં મના કરવી. ૧૬-૧૭.

सालुअं वा विरालिअं, कुमुअं उप्पलनालिअं ।
मुणालिअं सासवनालिअं,
उच्छुखंडं अनिव्वुडं ॥१८॥

तरुणगं वा पवालं, रुक्खस्स तणगस्स वा ।
अन्नस्स वावि हरिअस्स, आमगं परिवज्जए ॥१९॥

(सं० छा०) शालूकं वा विरालिकां, कुमुदमुत्पलनालिकम् ।
मृणालिकां सर्षपनालिकां, इक्षुखण्डमनिर्वृतम् ॥१८॥
तरुणं वा प्रवालं, रुक्षस्य तृणकस्य वा ।
अन्यस्य वाऽपि हरितस्य, आमकं परिवर्जयेद् ॥१९॥

સાલુયં-કમળનો કંદ | નાલિઅં-નાલ
વિરાલિયં-પલાશનો કંદ | મુણાલિઅં-કમલના તંતુ

| | |
|---|---|
| **સાસવ**–સરસવ | **રૂક્ખસ્સ**–વૃક્ષનો |
| **તરુણગં**–તરૂણ | **તણગસ્સ**–તૃણના |
| **અનિવ્વુડં**–શસ્ત્રપરિણત નહિ | **હરિઅસ્સ**–હરિતના |
| **પવાલં**–પ્રવાળ | **આમગં**–કાચાં |

**ભાવાર્થ**–શસ્ત્રથી નહિ પરિણમેલાં–સચિત્ત ઉત્પલ, કંદ, પલાશકંદ, કુમુદનાલ, પદ્મનો કંદ, સરસવની ડાંડલી, શેલડીના કકડાઓ તથા વૃક્ષ, તૃણ અને હરિતાદિનાં સચિત્ત તરૂણ પ્રવાલાંઓને સાધુએ લેવાં નહિ. ૧૮-૧૯.

**तरुणिअं वा छिवाडिं, आमिअं भज्जिअं सइं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥२०॥**

(सं० छा०) तरुणां वा छिवाडिं, आमां भर्जितां सकृद् ।
दद‌तीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥२०॥

| | |
|---|---|
| **તરૂણિઅં**–જેમાં દાણો બંધાયો નથી એવી | **આમિઅં**–કાચી |
| **છિવાડિં**–મગફળી | **ભજ્જિઅં**–રાંધેલી |
| | **સઈ**–એક વાર |

**ભાવાર્થ**–જેની અંદર દાણો નહિ બંધાએલ એવી મગ વગેરે કાચી ફળીઓ તથા એક વાર ભૂંજેલી મિશ્ર, જો દેનારી સ્ત્રી આપે, તો સાધુએ તે લેવાની મના કરવી અને કહેવું કે–અમને તેવી કલ્પે નહિ. ૨૦.

**तहा कोलमणुस्सिन्नं, वेलुअं कासवनालिअं ।**
**तिलप्पडगं नीमं, आमगं परिवज्जए ॥ २१ ॥**

(सं० छा०) तथा कोलमस्विन्नं, वेणुकं काश्यपनालिकम् ।
तिलपर्पटकं नीमं, आमकं परिवर्जयेत् ॥ २१ ॥

કોલં-બોર
અણુસિન્નં-નહિ રાંધેલું
વેલુઅં-વાંસકારેલું
કાસવનાલિઅં-સીવણુવૃક્ષનું ફળ
પપ્પડગં-પાપડી
નીમં-નીમ વૃક્ષનાં ફળો

ભાવાર્થ-વળી બોર, વાંસકારેલાં, સીવણુવૃક્ષનું ફળ, તલસાંકળી અને નીમવૃક્ષના ફળો રાંધ્યા વિનાનાં તથા બીજાં પણ શસ્ત્રોથી નહિ પરિણમેલાં સાધુએ લેવાં નહિ. ૨૧.

**तहेव चाउलं पिट्ठं, विअडं वा तत्तनिव्वुडं ।**
**तिलपिट्ठ पूइपिन्नागं, आमगं परिवज्जए ॥२२॥**

(सं० छा०) तथैव तान्दुलं पिष्टं, विकटं वा तप्तनिर्वृतम् ।
तिलपिष्टं पूतिपिण्याकं, आमकं परिवर्जयेद् ॥२२॥

ચાઉલં-ચોખાનો
વિઅડં-કાચું પાણી
તત્તનિવ્વુડં-ત્રણ ઉકાળા આવ્યા વિનાનું પાણી
તિલપિટ્ઠ-તલનો લોટ
પૂઈપિન્નાગં-સરસવનો ખોળ

ભાવાર્થ-વળી ચોખાનો લોટ, કાચું પાણી, ત્રણ ઉકાળા આવ્યા વિનાનું પાણી, તલનો લોટ અને સરસવનો ખોળ-આ પાંચ કાચી વસ્તુઓ સાધુએ લેવી નહિ. ૨૨.

**कविट्ठं माउलिंगं च, मूलगं मूलगत्तिअं ।**
**आमं असत्थपरिणयं, मणसावि न पत्थए ॥२३॥**
**तहेव फलमंथूणि, बीअमंथूणि जाणिअ ।**
**बिहेलगं पियालं च, आमगं परिवज्जए ॥२४॥**

(सं० छा०) कपित्थं मातुलिङ्गं च, मूलकं मूलवर्त्तिकाम् ।
आमामशस्त्रपरिणतां, मनसाऽपि न प्रार्थयेद् ॥२३॥
तथैव फलमन्थून्, बीजमथून् ज्ञात्वा ।
बिभीतकं प्रियालं वा, आमकं परिवर्जयेद् ॥२४॥

કવિટ્ઠં–કોઠું
માઉલિંગં–બીજોરૂં
મૂલગં–મૂળો
મૂલગત્તિઅં–મૂળાનો કાંદો
અસત્થ પરિણયં–શસ્ત્રથી નહિ પરિણમેલું
ન પત્થએ–ન માગે
ફલમંથૂણિ–બોરનું ચૂરણ
બિઅમંથૂણિ–જવ આદિનો લોટ
જાણિઅ–જાણીને
બિહેલગં–બહેડાનું ફળ
પિયાલં–ચારોલીના ઝાડના ફળો

**ભાવાર્થ**–શસ્ત્રથી પરિણમ્યા વિનાનાં કાચાં કોઠાં, બીજોરૂં, મૂળાના પાંદડાં આદિ, મૂળાનો કાંદો–એ સર્વે સાધુએ મનથી પણ ઈચ્છવાં નહિ, તેમજ બોરનું ચૂરણ, જવ વગેરેનો લોટ, બહેડાનું ફળ, ચારોળી અને પરિણમ્યા વિનાનાં કાચાં ફળ પણ સાધુએ લેવાં નહિ. ૨૩–૨૪.

**समुआणं चरे भिक्खू, कुलमुच्चावयं सया ।**
**नीयं कुलमइक्कम्म, उसढं नाभिधारए ॥२५॥**

(सं० छा०) समुदानं चरेद् भिक्षुः, कुलमुच्चावचं सदा ।
नीचं कुलमतिक्रम्य, उत्सृतं नाभिधारयेद् ॥२५॥

સમુઆણં–શુદ્ધ ભિક્ષા માટે
નીયં–નીચું
અઈક્કમં–ઓળંગીને
ઉસઢં–ધનાઢ્ય
નાભિધારએ–જાય નહિ

**ભાવાર્થ**-શુદ્ધ ભિક્ષાને માટે સાધુએ ધનાઢયના તેમજ ગરીબના જે નિંદનીય ન હોય તેવાં ઘેર નિરંતર જવું જોઈએ, પણ રસ્તામાં આવતાં ગરીબના ઘરો ઓળંગીને પૈસાદારને ઘેર જવું નહિ. ૨૫.

**अदीणो वित्तिमेसिज्जा, न विसीइज्ज पंडिए ।**
**अमुच्छिओ भोअणंमि, मायण्णे एसणारए ॥२६॥**

(सं० छा०) अदीनो वृत्तिमेषये, न विषीदेत् पण्डितः ।
अमूर्च्छितो भोजने, मात्राज्ञ एषणारतः ॥२६॥

**અદીણો**-અદીનપણે
**વિત્તિં**-વૃત્તિને
**એસિજ્જા**-ગવેષણા કરે
**વિસીઇજ્જ**-વિષાદ પામે
**પંડિએ**-પંડિત
**અમુચ્છિઓ**-મૂર્ચ્છારહિત
**ભોઅણંમિ**-ભોજનમાં
**માયણ્ણે**-માપને જાણનારો
**એસણારએ**-નિર્દોષ આહાર લેવામાં રક્ત

**ભાવાર્થ**-ભોજનમાં અમૂર્ચ્છિત, પોતાના ભોજનના પરિમાણનો જાણ અને એષણામાં રક્ત, એવા પંડિત સાધુએ આહાર-પાણી ન મળતાં વિષાદ ન પામવો, પણ અદીનપણે વૃત્તિની ગવેષણા કરવી. ૨૬.

**बहुं परघरे अत्थि, विविहं खाइमसाइमं ।**
**न तत्थ पंडिओ कुप्पे, इच्छा दिज्ज परो न वा ॥२७॥**

(सं० छा०) बहु परगृहेऽस्ति, विविधं खाद्यं स्वाद्यम् ।
न तत्र पण्डितः कुप्येत्, इच्छया दद्यात्परो न वा ॥२७॥

| | |
|---|---|
| બહુ–ઘણું | ઈચ્છા–ઈચ્છા હોય તો |
| પરઘરે–પારકે ઘેર | દિજ્જ–આપે |
| અત્થિ–છે | પરો–ગૃહસ્થ |
| કુપ્પે–કોપાયમાન થાય | |

**ભાવાર્થ**–ગૃહસ્થના ઘરમાં નાના પ્રકારનું ખાદ્ય–સ્વાદ્ય ઘણું છે, પણ તે જો ન આપે, તો પંડિત સાધુએ તેના ઉપર કોપ કરવો નહિ, કારણ કે–તેની ઈચ્છા તે આપવાની ન હોય. ૨૭.

**सयणासणवत्थं वा, भत्तं पाणं व संजए ।**
**अदिंतस्स न कुप्पिज्जा, पच्चक्खेविअ दीसओ ॥२८॥**

(सं० छा०) शयनासनवस्त्रं वा, भक्तं पानं वा संयतः ।
अददतो न कुप्येत्, प्रत्यक्षेऽपि च दृश्यमाने ॥२८॥

| | |
|---|---|
| સયણાસણ–શયન અને બેઠક | પચ્ચક્ખે–પ્રત્યક્ષ |
| અદિંતસ્સ–નહિ આપનાર ઉપર | દીસઓ–દેખાતો |
| કુપ્પિજ્જા–કોપ કરે | |

**ભાવાર્થ**–ગૃહસ્થના ઘરમાં પ્રત્યક્ષ દેખાતાં શયન, આસન, વસ્ત્ર અને આહાર–પાણીને જો ગૃહસ્થ ન આપે, તો તેના ઉપર સાધુએ કોપ કરવો નહિ. ૨૮.

**इत्थिअं पुरिसं वावि, डहरं वा महल्लगं ।**
**वंदमाणं न जाइज्जा, नो अणं फरुसं वए ॥२९॥**

(सं० छा०) स्त्रियं पुरुषं वाऽपि, डहरं वा महल्लकम् ।
वन्दमानं न याचेत, न चैनं परुषं ब्रूयात् ॥२९॥

| | |
|---|---|
| ઇત્થિઅં-સ્ત્રી | જાઇજ્જા-યાચે |
| ડહરં-જુવાન | અણું-આને |
| મહલ્લગં-મોટાને | ફરૂસં-કઠોર વચન |
| વંદમાણું-વાંદતાને | વએ-કહે |

**ભાવાર્થ**-સ્ત્રી અગર પુરુષ, જુવાન કે વૃદ્ધ, તે વંદના કરનારની પાસે સાધુએ કોઈ યાચના કરવી નહિ. તેમ કરવાથી તેનો ભાવ તૂટી જાય છે. વળી યાચવા છતાં, આહારના અભાવે જો તે ન આપે, તો તેને કઠોર વચન સાધુએ કહેવા નહિ. (જેમ કે-આહાર-પાણી તો તું આપતો નથી, માટે તારૂં વાંદવું વૃથા છે.) ૨૯.

**जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे ।**
**एवमन्नेसमाणस्स, सामण्णमणुचिट्ठइ ॥३०॥**

**(सं० छा०) यो न वन्दते न तस्मै कुप्येत्, वन्दितो न समुत्कर्षेत् ।**
**एवमन्वेषमाणस्य, श्रामण्यमनुतिष्ठति ॥ ३० ॥**

| | |
|---|---|
| વંદે-વાંદે | આજ્ઞા પાળનારને |
| સે-તેના ઉપર | સામણ્ણં-ચારિત્ર |
| સમુક્કસે-ગર્વ ન કરે | અણુચિટ્ઠઇ-પળાય છે |
| અન્નેસમાણસ્સ-ભગવાનની | |

**ભાવાર્થ**-સાધુએ, જો ગૃહસ્થ વંદના ન કરે તો તેના ઉપર કોપ કરવો નહિ અને જો રાજા વગેરે વંદના કરે તો ગર્વ કરવો નહિ. આમ આ બે પ્રકારે ભગવંતની આજ્ઞા પાળનારનું ચારિત્ર અખંડિત પળાય છે. ૩૦.

**सिआ एगइओ लद्धुं, लोभेण विणिगूहइ ।**
**मामेयं दाइअं संतं, दट्ठूणं सयमायए ॥३१॥**

(सं० छा०) स्यादेको लब्ध्वा, लोभेन विनिगूहते ।
मा ममेदं दर्शितं सद्, दृष्ट्वा स्वयमाददात् ॥३१॥

સિયા-કદાચિત્
એગઇઓ-એક સાધુ
લધ્ધું-પામીને
લોભેણ-લોભથી
વિણિગૂહઈ-સંતાડે છે
મામેયં-મારો આ
દાઇઅં-દેખાડ્યો
સંતં-છતો
દટ્ઠૂણં-જોઇને
સયં-પોતે
આયએ-ગ્રહણ કરશે

ભાવાર્થ-કદાચ કોઈ એકલો સાધુ સરસ ગોચરી લાવીને લોભના વશથી નીરસ આહાર ઉપર નાંખીને છૂપાવે, કેમ કે-જો આ સારો આહાર આચાર્યાદિને બતાવીશ, તો તે દેખીને પોતે ગ્રહણ કરશે. ૩૧.

अत्तट्ठा गुरुओ लुद्धो, बहुं पावं पकुव्वइ ।
दुत्तोसओ अ सो होइ, निव्वाणं च न गच्छइ ॥३२॥

(सं० छा०) आत्मार्थगुरुर्लुब्धो, बहु पापं प्रकरोति ।
दुस्तोषश्च स भवति, निर्वाणं च न गच्छति ॥३२॥

અત્તટ્ઠા-પોતાનો સ્વાર્થ
ગુરુઓ-મોટો
લુધ્ધો-લોભીઓ
પકુવ્વઈ-કરે છે
દુત્તોસઓ-જેવા-તેવા આહારે સંતોષ ન પામવાવાળો
નિવ્વાણં-મોક્ષને

ભાવાર્થ-પોતાના સ્વાર્થને જ પ્રધાન માનવાવાળો લુબ્ધ સાધુ ઘણાં પાપ ઉપાર્જન કરે છે. આ ભવમાં જેવા-તેવા

આહારથી તે સંતોષ પામતો નથી. આ જ કારણથી તે મોક્ષ પામતો નથી: ૩૨.

**सिआ एगइओ लध्धुं, विविहं पाणभोअणं ।**
**भद्दगं भद्दगं भुच्चा, विवन्नं विरसमाहरे ॥३३॥**

(सं० छा०) स्यादेको लब्ध्वा, विविधं पानभोजनम् ।
भद्रकं भद्रकं भुक्त्वा, विवर्णविरसमाहरेद् ॥३३॥

| | |
|---|---|
| વિવિહં-વિવિધ પ્રકારનું | વિવન્નં-વર્ણરહિત |
| ભદ્દગં-સારૂં | વિરસં-રસરહિત |
| ભુચ્ચા-ખાઈને | આહરે-લાવે |

**ભાવાર્થ**-કદાચ કોઈ એકલો સાધુ, ગોચરીમાં નાના પ્રકારનો સરસ આહાર મેળવીને ત્યાં જ સારો સારો આહાર વાપરીને, પછી રસ વિનાનો બીજો આહાર ઉપાશ્રયમાં લાવે. ૩૩.

**जाणंतु ता इमे समणा, आययट्ठी अयं मुणी ।**
**संतुट्ठो सेवए पंतं, लूहवित्ती सुतोसओ ॥३४॥**

(सं० छा०) जानन्तु तावन्मां श्रमणा, आयतार्थी अयं मुनिः ।
सन्तुष्टः सेवते प्रान्तं, रूक्षवृत्तिः सुतोष्यः ॥३४॥

| | |
|---|---|
| જાણંતુ-જાણે | સંતુટ્ઠો-સંતુષ્ટ |
| તા-પ્રથમ | સેવએ-સેવે છે |
| ઈમે-આ | પંતં-પ્રાન્ત, તુચ્છ |
| આયયટ્ઠી-મોક્ષનો અર્થી | લુહવિત્તી-લુખી વૃત્તિવાળો |
| અયં-આ | સુતોસઓ-અતિ સંતોષ પામેલો |

**ભાવાર્થ**—તો (આમ કરવાનું કારણ એ છે કે-) આ બીજા સાધુઓ મનમાં સમજશે કે-આ સાધુ આત્માર્થી, સંતોષવાળો, અંતપ્રાંત આહાર લેવાવાળો, લુખી વૃત્તિવાળો અને સુખે સંતોષી શકાય તેમ છે. ૩૪.

**पूअणट्ठा जसोकामी, माणसम्माणकामए ।**
**बहुं पसवई पावं, मायासल्लं च कुव्वइ ॥३५॥**

(सं० छा०) पूजनार्थं यशस्कामी, मानसन्मानकामः ।
बहु प्रसूते पापं, मायाशल्यं च करोति ॥३५॥

**પૂઅણટ્ઠા**—પૂજાવાનો અર્થી
**જસોકામી**—યશ ઇચ્છનાર
**કામએ**—ઇચ્છા રાખે
**પસવઇ**—ઉત્પન્ન કરે
**માયાસલ્લં**—માયાશલ્ય
**કુવ્વઇ**—કરે છે

**ભાવાર્થ**—આ સાધુ પૂજાનો અર્થી, યશનો કામી અને માન-સન્માનને માટે માયાશલ્યને કરે છે તથા તેનાથી તે ઘણાં પાપ પેદા કરે છે. ૩૫.

**सुरं वा मेरगं वावि, अन्नं वा मज्जगं रसं ।**
**ससक्खं न पिबे भिक्खू, जसं सारक्खमप्पणो ॥३६॥**

(सं० छा०) सुरां वा मेरकं वाऽपि, अन्यं वा माद्यकं रसम् ।
ससाक्षिकं न पिबेद्भिक्षु-र्यशः संरक्षन्नात्मनः ॥३६॥

**સુરં**—જવપિષ્ટાદિ આદિનો દારૂ
**મેરગં**—મહુડાનો દારૂ
**મજ્જગં**—માદક, મદ્ય સંબંધી
**સસક્ખં**—સાક્ષી સહિત
**જસં**—યશ
**અપ્પણો**—પોતાનો
**સારક્ખં**—સંરક્ષણ

**ભાવાર્થ**-પોતાના યશ( સંયમ )ના રક્ષણ કરવાવાળા સાધુએ ( સસાક્ષી ) કેવલી ભગવાને નિષેધ કરેલ જવપિષ્ટાદિથી પેદા થયેલ મદિરા, મહુડા વગેરેનો દારૂ તથા બીજો માદક રસ પીવો નહિ. ૩૬.

**पियए एगओ तेणो, न मे कोइ विआणइ।**
**तस्स पस्सह दोसाइं, निअडिं च सुणेह मे ॥३७॥**

(सं० छा०) पिवत्येकक: स्तेनो, न मां कोऽपि विजानाति।
तस्य पश्यत दोषान्, निकृतिं च शृणुत मम ॥३७॥

| | |
|---|---|
| પિયએ-પીએ છે | પસ્સહ-જુઓ |
| તેણો-ચોર | દોસાઈં-દોષોને |
| વિઆણઈ-જાણે છે | નિઅડિં-માયાને |
| એગઈઓ-એકલો | |

**ભાવાર્થ**-જે કોઈ સાધુ ભગવાનની આજ્ઞાનો ચોર થઈને, મને કોઈ જાણતું નથી-એમ ધારી એકાન્ત સ્થળમાં રહીને દારૂ પીએ છે ( હે શિષ્યો ! હું તમને ), તેના દોષો તથા તેની કરેલી માયા બતાવું છું, તે સાંભળો. ૩૭.

**वड्ढई सुंडिआ तस्स, मायामोसं च भिक्खुणो।**
**अयसो अ अनिव्वाणं, सययं च असाहुआ ॥३८॥**

(सं० छा०) वर्धते शौण्डिका तस्य, मायामृषावादं च भिक्षो:।
अयशश्चानिर्वाणं, सततं चासाधुता ॥३८॥

| | |
|---|---|
| વડ્ઢઈ–વધે છે | અનિવ્વાણં–અશાંતિ |
| સુંડિઆ–આસક્તિ | સયયં–નિરંતર |
| માયામોસં–માયામૃષા | અસાહુઆ–અસાધુતા |
| અયસો–અપયશ | |

**ભાવાર્થ**–તે મદિરાપાયી સાધુને આસક્તિ વધે છે, તેમ કોઈના પૂછવાથી ના પાડે છે કે–મદિરા પીધી નથી તેથી માયામૃષાવાદ પણ લાગે છે, સ્વપક્ષ–પરપક્ષમાં અપકીર્તિ વધે છે, તેમજ તે વસ્તુ નહિ મળવાથી અતૃપ્તિ રહ્યા કરે છે અને ચારિત્રને બાધ આવવાથી લોકોમાં નિરંતર અસાધુતા વધે છે. ૩૮.

**निच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई ।**
**तारिसो मरणंतेवि, न आराहेइ संवरं ॥३९॥**

(सं० छा०) नित्योद्विग्नो यथा स्तेनः, आत्मकर्मभिर्दुर्मतिः ।
तादृशो मरणान्तेऽपि, नाराधयति संवरम् ॥३९॥

| | |
|---|---|
| નિચ્ચુવ્વિગ્ગો–નિત્ય ઉદ્‌વેગ-વાળો | દુમ્મઈ–દુર્મતિ |
| અત્તકમ્મેહિં–પોતાના કર્મોથી | નઆરાહેઈ–ન આરાધે |

**ભાવાર્થ**–જેમ ચોર પોતાના કર્મથી નિરંતર ઉદ્‌વેગ-વાળો રહે છે, તેમ ચોરની માફક સંકિલષ્ટ ચિત્તવાળો આ દુર્મતિ સાધુ મરણાન્ત આવે છતે પણ સંવર આરાધી શકતો નથી. ૩૯.

**आयरिए नाराहेइ, समणे आवि तारिसे ।**
**गिहत्थावि ण गरिहंति, जेण जाणंति तारिसं ॥४०॥**

(सं० छा०) आचार्यान्नाराधयति, श्रमणांश्चापि तादृशान् ।
गृहस्था अप्येनं गर्हन्ते, येन जानाति तादृशम् ॥४०॥

| | |
|---|---|
| આયરિયે-આચાર્યને | ગિહત્થા-ગૃહસ્થો |
| સમણે-સાધુઓને | વિ-પણ |
| આવિ-પણ | ગરિહંતિ-નિંદા કરે છે |

**ભાવાર્થ**-દુષ્ટ શીલવાળો આચાર્યની તેમજ સાધુઓની પણ આરાધના-સેવા કરી શકતો નથી. વળી ગૃહસ્થો પણ તેની નિંદા કરે છે, કારણ કે-તેના આચારને તેઓ જાણે છે. ૪૦.

**एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जए ।**
**तारिसो मरणंतेऽवि, ण आराहेइ संवरं ॥४१॥**

(सं० छा०) एवं त्वगुणप्रेक्षी, गुणानां च विवर्जकः ।
तादृशो मरणान्तेऽपि, नाराधयति संवरम् ॥४१॥

| | |
|---|---|
| અગુણપ્પેહી-અવગુણના સ્થાનને જોનાર | ગુણાણં-ગુણોનો |
| | વિવજ્જઓ-ત્યાગ કરનાર |

**ભાવાર્થ**-એમ પ્રમાદાદિ દોષોને જોનાર અને અપ્રમાદાદિ ગુણોનો ત્યાગ કરનાર, એવો તે ક્લિષ્ટ ચિત્તવાળો મરણાન્તે પણ સંવરને આરાધી શકતો નથી. ૪૧.

**तवं कुव्वइ मेहावी, पणीअं वज्जए रसं ।**
**मज्जप्पमायविरओ, तवस्सी अइउक्कसो ॥४२॥**

(सं० छा०) तपः करोति मेधावी, प्रणीतं वर्जयति रसं ।
मद्यप्रमादविरत-स्तपस्वी अत्युत्कर्षः ॥४२॥

| | |
|---|---|
| કુવ્વઈ–કરે | પ્પમાય–પ્રમાદ |
| મેહાવી–બુદ્ધિમાન | વિરઓ–વિરક્ત |
| પણીઅં–સ્નિગ્ધ | તવસ્વી–તપસ્વી |
| મજ્જ–મદ્ય | અઇઉક્કસો–અતિ ઉત્કર્ષ |

**ભાવાર્થ**–માટે બુદ્ધિમાન, તપસ્વી અને ગર્વરહિત એવા સાધુઓએ, સ્નિગ્ધ ઘૃતાદિ તથા મદિરાપાનના પ્રમાદનો ત્યાગ કરીને તપસ્યા કરવી. ૪૨.

**तस्स पस्सह कल्लाणं, अणेगसाहूपूइअं ।**
**विउलं अत्थसंजुत्तं, कित्तइस्सं सुणेह मे ॥४३॥**

(सं० छा०) तस्य पश्यत कल्याणं, अनेकसाधुपूजितम् ।
विपुलमर्थसंयुक्तं, कीर्तयिष्ये शृणुत मे ॥४३॥

| | |
|---|---|
| પસ્સહ–જુઓ | વિઉલં–વિસ્તીર્ણ |
| કલ્લાણં–ગુણસંપદાવાળા–સંયમ રૂપ કલ્યાણ | અત્થસંજુત્તં–મોક્ષાર્થયુક્ત |
| પૂઇઅં–પૂજિત | કિત્તઇસ્સં–કહીશ |

**ભાવાર્થ**–પૂર્વોક્ત ગુણવાળા સાધુના ગુણસંપદાવાળા સંયમને તમે જુઓ, કે જે અનેક સાધુઓથી સેવાયેલા, વિસ્તીર્ણ અને મોક્ષાર્થ સહિત છે તેનું વર્ણન હું કરીશ, તે તમે સાંભળો. ૪૩

**एवं तु सगुणप्पेही, अगुणाणं च विवज्जए ।**
**तारिसो मरणंतेऽवि, आराहेइ [अ] संवरं ॥४४॥**

(सं० छा०) एवं तु स गुणप्रेक्षी, अगुणानां च विवर्जकः ।
तादृशो मरणान्तेऽपि, आराधयति संवरम् ॥४४॥

**ભાવાર્થ**-એમ અપ્રમાદી ગુણને જોનારો તથા પ્રમાદાદિ અવગુણનો ત્યાગ કરનારો, આવા શુદ્ધ આચારને પાળવાવાળો મરણાન્તે પણ સંવરને આરાધે છે. ૪૪.

**आयरिए आराहेइ, समणे आवि तारिसे ।**
**गिहत्थावि ण पूयंति, जेण जाणंति तारिसं ॥४५॥**

(सं० छा०) आचार्यानाराधयति, श्रमणांश्चापि तादृशः ।
गृहस्था अप्येनं पूजयन्ति, येन जानन्ति तादृशम् ।४५।

પૂયન્તિ-પૂજે છે

**ભાવાર્થ**-આવા ગુણવાળા સાધુ આચાર્યની પણ આરાધના કરે છે અને ગૃહસ્થો પણ તેમની પૂજા કરે છે, કારણ કે-તેમના શુદ્ધ ધર્મને તેઓ જાણે છે. ૪૫.

**तवतेणे वयतेणे, रूवतेणे अ जे नरे ।**
**आयारभावतेणे अ, कुव्वई देवकिव्विसं ॥४६॥**

(सं० छा०) तपःस्तेनो वचःस्तेनो, रूपस्तेनश्च यो नरः ।
आचारभावस्तेनश्च, करोति देवकिल्बिषम् ॥४६॥

તવતેણે-તપનો ચોર
વયતેણે-વચનનો ચોર
રૂવતેણે-રૂપનો ચોર
આયાર-આચાર
ભાવતેણે-ભાવનો ચોર
કુવ્વઈ-પેદા કરે છે
દેવકિવ્વિસં-કિલ્બિષ દેવતા

**ભાવાર્થ**-તપનો, વચનનો, રૂપનો, આચારનો અને

ભાવનો ચોર-આ પાંચ જાતિના ચોરો, ચારિત્ર પાળવા છતાં કિલ્બિષ ( નીચ જાતિના ) દેવોમાં પેદા થાય છે. ૪૬.

**लध्धूणवि देवत्तं, उववन्नो देवकिव्विसे ।**
**तत्थावि से न याणाइ, किं मे किच्चा इमं फलं ॥४७॥**

(सं० छा०) लब्ध्वापि देवत्वं, उपपन्नो देवकिल्बिषे ।
तत्राप्यसौ न जानाति, किं मे कृत्वेदं फलम् ॥४७॥

લધ્ધૂણ-પામીને
દેવત્તં-દેવપણું
ઉવવન્નો-ઉત્પન્ન થયો
તત્થાવિ-તે ભવમાં પણ

**ભાવાર્થ**-પૂર્વોક્ત ક્રિયાકલાપે કરી દેવપણું પામી કિલ્બિષ દેવપણે પેદા થયો. ત્યાં પણ નિર્મળ અવધિજ્ઞાન વિના તેને ખબર પડતી નથી કે-મેં પાછલા ભવમાં શું કાર્ય કર્યું, કે જેથી કિલ્બિષ દેવપણે હું પેદા થયો. ૪૭.

**तत्तोवि से चइत्ताणं, लब्भिही एलमूअयं ।**
**नरगं तिरिक्खजोणिं वा, बोहि जत्थ सुदुल्लहा ।४८।**

(सं० छा०) ततोऽप्यसौ च्युत्वा, लप्स्यते एलमूकताम् ।
नरकं तिर्यग्योनिं वा, बोधिर्यत्र सुदुर्लभः ॥४८॥

તત્તો-ત્યાંથી
ચઈત્તાણં-ચવીને
લબ્ભિહિ-પામશે
એલ-બકરો
મૂઅગં-મૂંગાપણું
નરયં-નરક
તિરિક્ખ-તિર્યંચ યોનિ
બોહિ-સમકિત
જત્થ-જ્યાં
સુદુલ્લહા-અતિશે દુર્લભ

**ભાવાર્થ**-તે સાધુ, તે દેવપણાથી ચ્યવીને મનુષ્યપણામાં બકરાની માફક બોલવાપણું પામશે અને પરંપરાએ નરક તથા તિર્યંચની યોનિને પામશે, કે જ્યાં જૈન ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. ૪૮.

**एअं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासिअं ।**
**अणुमायंपि मेहावी, मायामोसं विवज्जए ॥४९॥**

**(सं० छा०) एतं च दोषं दृष्ट्वा, ज्ञातपुत्रेण भाषितम् ।**
**अणुमात्रमपि मेधावी, मायामृषावादं विवर्जयेद् ॥४९॥**

**એઅં**-આ
**દટ્ઠૂણં**-જોઈને
**ણાયપુત્તેણ**-જ્ઞાતનંદન
મહાવીરસ્વામીએ
**અણુમાયં**-જરાર માત્ર

**ભાવાર્થ**-સાધુપણું પાળવા છતાંય કિલ્બિષ દેવ થવા રૂપ દોષોને દેખીને, જ્ઞાતનંદન શ્રી વર્ધમાનસ્વામીએ કહ્યું છે કે-બુદ્ધિમાન પુરુષોએ જરા માત્ર પણ માયામૃષાવાદનો ત્યાગ કરવો. ૪૯.

**सिक्खिऊण भिक्खेसणसोहिं,**
**संजयाण बुद्धाण सगासे ।**
**तत्थ भिक्खु सुप्पणिहिइंदिए,**
**तिव्वलज्जगुणवं विहरिज्जासि ॥५०॥**

**त्ति बेमि.**

समत्तं पिंडेसणानामज्झयणं पंचमं ॥५॥

(सं० छा०) शिक्षित्वा भिक्षैषणाशुद्धिं,
संयतेभ्यो बुद्धेभ्यः सकाशात् ।
तत्र भिक्षुः सुप्रणिहितेन्द्रिय,
स्तीव्रलज्जो गुणवान् विहरेत् ॥५०॥

इति ब्रवीमि।

समाप्तं पिण्डेषणानामाध्ययनं पञ्चमम् ॥५॥

સિક્ખિઊણ—શીખીને
ભિક્ખેસણસોહિં—ભિક્ષાની ગવેષણાની શુદ્ધિ
બુદ્ધાણ—તત્ત્વના જાણ
સગાસે—પાસે
સુપ્પણિહિઇંદિએ—સમતાભાવે રાખી છે—પાંચ ઇન્દ્રિયો જેણે એવો
તિવ્વલજ્જ—અનાચાર કરવામાં તીવ્ર લાજવાળો
ગુણવં—ગુણવાન
વિહરિજ્જાસિ—તું વિચરજે
ત્તિ બેમિ—એમ હું કહું છું

**ભાવાર્થ**—આ પિણ્ડૈષણાની શુદ્ધિને તત્ત્વના જાણ, સંયમવાન, ગુરુ આદિની પાસે શીખીને, તે એષણાસમિતિમાં પાંચ ઇન્દ્રિયોથી ઉપયોગવાન બનીને તથા અનાચાર કરવામાં તીવ્ર લજ્જાવંત થઈને, પૂર્વે કહેલા સાધુના ગુણોને ધારણ કરી વિચરવું—એમ હું કહું છું. ૫૦.

ઈતિ પિણ્ડૈષણા અધ્યયનમ્—દ્વિતીય ઉદ્દેશઃ સમાપ્ત.

*

## ૬. મહાચાર કથા નામક અધ્યયનમ્

**नाणदंसणसंपन्नं, संजमे अ तवे रयं ।**
**गणिमागमसंपन्नं, उज्जाणम्मि समोसढं ॥१॥**

(सं० छा०) ज्ञानदर्शनसम्पन्नं, संयमे च तपसि रतम् ।
गणिनमागमसंपन्नं, उद्याने समवसृतम् ॥ १ ॥

**रायाणो रायमच्चा य, माहणा अदुव खत्तिआ ।**
**पुच्छंति निहुअप्पाणो, कहं भे आयारगोयरो ॥२॥**

(सं० छा०) राजानो राजामात्याश्च, ब्राह्मणा अथवा क्षत्रियाः ।
पृच्छन्ति निभृतात्मानः, कथं भवतामाचारगोचरः ॥२॥

નાણદંસણસંપન્નં–જ્ઞાનદર્શન સંયુક્ત
રયં–રક્ત, આસક્ત
ગણિમ–આચાર્યને
આગમસંપન્નં–આગમના જાણ
ઉજ્જાણંમિ–ઉદ્યાનમાં
સમોસઢં–સમોસરેલા
રાયાણો–રાજાઓ
રાયમચ્ચા–રાજાના પ્રધાન
માહણા–બ્રાહ્મણ
અદુવ–અથવા
ખત્તિઆ–ક્ષત્રિયો
નિહુઅપ્પાણો–નિશ્ચલ મનથી, હાથ જોડીને
કહં–કેવો
ભે–ભગવંત
આયારગોયરો–આચાર વિષય

**ભાવાર્થ**–જ્ઞાન–દર્શનયુક્ત સંયમ અને તપમાં આસક્ત, આગમસંપન્ન, ઉદ્યાનમાં સમોસરેલા આચાર્ય પ્રત્યે રાજા, પ્રધાન, બ્રાહ્મણ અગર ક્ષત્રિયાદિ હાથ જોડીને પૂછે છે કે–હે મહારાજ ! તમારો આચાર–વિચાર કેવી રીતે છે ? ૧–૨.

**तेसिं सो निहुओ दंतो, सव्वभूअसुहावहो ।**
**सिक्खाए सुसमाउत्तो, आयक्खइ विअक्खणो ॥३॥**

(सं० छा०) तेभ्योऽसौ निभृतो दान्तः, सर्वभूतसुखावहः ।
शिक्षया सुसमायुक्तः, आख्याति विचक्षणः ॥३॥

**નિહુઓ**–અસંભ્રાત
**દંતો**–ઇન્દ્રિયને દમનાર,
**સવ્વભૂઅસુહાવહો**–સર્વ પ્રાણીઓને હિતકારી એવો
**સિક્ખાએ**–શિક્ષા વડે
**સુસમાઉત્તો**–યુક્ત
**આઇક્ખઇ**–કહે
**વિઅક્ખણો**–વિચક્ષણ

**ભાવાર્થ**–અસંભ્રાન્ત, ઇન્દ્રિયો અને મનને દમનાર, સર્વ પ્રાણીઓને હિતકારી અને ગ્રહણ–આસેવના રૂપ શિક્ષાથી યુક્ત, એવા વિચક્ષણ આચાર્યે પ્રશ્ન પૂછનાર તે રાજાદિને ઉત્તર આપવો. ૩.

**हंदि धम्मत्थकामाणं, निग्गंथाणं सुणेह मे ।**
**आयारगोअरं भीमं, सयलं दुरहिट्ठिअं ॥४॥**

(सं० छा०) हन्दि धर्मार्थकामानां, निर्ग्रन्थानां शृणुत मे ।
आचारगोचरं भीमं, सकलं दुरधिष्ठतम् ॥४॥

**હંદિ**–હે (રાજાદિકો)
**ધમ્મત્થકામાણં**–ધર્મ રૂપ પ્રયોજનની ઇચ્છાવાળા
**સુણેહ**–સાંભળો
**મે**–મને
**ભીમં**–ભયંકર
**સયલં**–સઘળો
**દુરહિટ્ઠિયં**–દુઃખે આશ્રય કરવાયોગ્ય

**ભાવાર્થ**—હે રાજાદિકો ! ધર્મના ફલ રૂપ મોક્ષની અભિલાષાવાળા મુમુક્ષુ—નિર્ગ્રંથોના આચાર—ક્રિયાકાંડને હું કહું છું, તે તમે સાંભળો ! આ નિર્ગ્રંથોનો સઘળો આચાર કર્મશત્રુને મહા ભયંકર છે, તેમજ અલ્પ સત્ત્વવાળા પ્રાણીઓને સંપૂર્ણ રીતે દુઃખે આશ્રય કરી શકાય તેમ છે. ૪.

**नन्नत्थ एरिसं वुत्तं, जं लोए परमदुच्चरं ।**
**विउलट्ठाणभाइस्स, न भूअं न भविस्सइ ॥५॥**

(सं० छा०) नान्यत्रेदृशमुक्तं, यल्लोके परमदुश्चरम् ।
विपुलस्थानभाजिनः, न भूतं न भविष्यति ॥५॥

**નન્નત્થ**—બીજે ઠેકાણે નહિ
**એરિસં**—એવું
**વુત્તં**—કહેલું
**દુચ્ચરં**—દુષ્કર
**વિઉલટ્ઠાણભાઇસ્સ**—સંયમ સ્થાનને સેવનારને
**ભૂઅં**—થયું
**ભવિસ્સઈ**—થશે

**ભાવાર્થ**—હે રાજાદિકો ! આવો ઉપરોક્ત જે શુદ્ધ આચાર પ્રાણીલોકમાં અતિ દુષ્કર છે, તે બીજા દર્શનમાં નથી : અને આવો આચાર સંયમસ્થાનના સેવનાર પુરુષોને જિનમતથી અન્યત્ર બીજે સ્થળે થયો નથી અને થશે પણ નહિ. ૫.

**सखुड्डगविअत्ताणं, वाहिआणं च जे गुणा ।**
**अखंडफुडिआ कायव्वा, तं सुणेह जहा तहा ॥६॥**

(सं० छा०) सक्षुल्लकव्यक्तानां, व्याधितानां च ये गुणाः ।
अखण्डास्फुटिताः कर्त्तव्यास्तत् श्रृणुत यथातथा ।६

| | |
|---|---|
| સખુડ્ડગવિઅત્તાણં-બાલક તથા વૃદ્ધ સાધુઓને | અખંડફુડિઆ-દેશવિરાધના અને સર્વવિરાધના રહિત |
| વાહિઆણં-વ્યાધિવાળાઓને | જહા તહા-જેમ છે તેમ |
| કાયવ્વા-કરવા | |

**ભાવાર્થ**-આ આચારધર્મ તરીકે, બાલસાધુઓને તેમજ વૃદ્ધ સાધુઓને, વ્યાધિવાળાને તેમજ વ્યાધિરહિતને આગળ કહેવામાં આવશે તેવા ગુણો, દેશવિરાધનાં તથા સર્વવિરાધના રહિત કરવા. તે જેમ આરાધના છે તેમ કહું છું તે સાંભળો ! ૬.

**दस अट्ठ य ठाणाइं, जाइं बालोऽवरज्झइ ।**
**तत्थ अन्नयरे ठाणे, निग्गंथत्ताउ भस्सइ ॥७॥**

(सं० छा०) दशाष्टौ च स्थानानि, यानि बालोऽपराध्यति ।
तत्रान्यतरे स्थाने, निर्ग्रन्थत्वाद् भ्रश्यति ॥७॥

| | |
|---|---|
| દશ અટ્ઠ ય-અઢાર | અવરજ્જઇ-વિરાધે છે |
| ઠાણાઇં-સ્થાનકોને | તત્થ અન્નેયરે-તેમાંથી એક પણ |
| જાઇં-જેને | નિગ્ગંથત્તાઉ-નિર્ગ્રંથપણાથી |
| બાલો-અજ્ઞાની જીવ | ભસ્સઇ-ભ્રષ્ટ થાય છે |

**ભાવાર્થ**-સંયમનાં અઢાર સ્થાનકો છે, કે જેને અજ્ઞાની જીવ વિરાધે છે. તેમાં એક પણ સ્થાનને વિરાધવાથી નિર્ગ્રંથપણાથી ભ્રષ્ટ થવાય છે. ૭.

**वयछक्कं कायछक्कं, अकप्पो गिहि भायणं ।**
**पलियंक निसेज्जा य, सिणाणं सोहवज्जणं ॥८॥**

(सं० छा०) व्रतषट्कं कायषट्कं, अकल्पो गृहिभाजनम् ।
पर्यङ्को निषद्या च, स्नानं शोभावर्जनम् ॥८॥

| | |
|---|---|
| વયછક્કં–૭ વ્રત | નિસજ્જા–આસન, ગૃહ |
| કાયછક્કં–છકાય | સિણાણં–સ્નાન |
| અકપ્પો–અકલ્પ્ય | સોહ–શોભા |
| ગિહિભાયણં–ગૃહસ્થનું ભાજન | વજ્જણં–વર્જવું |
| પલિયંકં–પલંગ | |

**ભાવાર્થ**–પ્રાણાતિપાત વિરમાણાદિ છ વ્રતો, પૃથ્વી વગેરે છકાય રક્ષણ, અકલ્પ્ય ત્યાગ, ગૃહસ્થીના ભોજનનો ત્યાગ, પલંગત્યાગ, ઘરમાં એક–અનેક રૂપ આસનનો ત્યાગ અને દેશતઃ સર્વતઃ સ્નાનનો ત્યાગ, આ અઢાર (૧૮) સ્થાનકો છે. ૮.

**तत्थिमं पढमं ठाणं, महावीरेण देसिअं ।**
**अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमो ॥९॥**

(सं० छा०) तत्रेदं प्रथमं स्थानं, महावीरेण देशितम् ।
अहिंसा निपुणा दृष्टा, सर्वभूतेषु संयमः ॥९॥

| | |
|---|---|
| તત્થિમં–તેમાં આ | નિઉણા–ભલી |
| પઢમં–પહેલું | દિટ્ઠા–દીઠી |
| દેસિઅં–કહેલું છે | |

**ભાવાર્થ**–આ અઢાર સ્થાનકોમાં પહેલું સ્થાન ભગવાન શ્રી મહાવીરદેવે અહિંસા કહેલું છે. આ અહિંસા આધાકર્માદિ દોષોના ત્યાગે કરી સૂક્ષ્મ રીતે ધર્મના સાધન રૂપે પોતે દીઠી છે. આ જ કારણથી સર્વ જીવો પ્રત્યે સંયમ (દયા) કરવી. ૯.

**जावंति लोए पाणा, तसा अदुव थावरा।**
**ते जाणमजाणं वा, न हणे णोवि घायए ॥१०॥**

(सं० छा०) यावन्तो लोके प्राणिनः, त्रसा अथवा स्थावराः।
तान् जानन्नजानन् वा, न हन्यान्नापि घातयेद् ।१०।

| | |
|---|---|
| જાવંતિ–જેટલા | હણે–હણે, મારે |
| લોએ–લોકમાં | ઘાયએ–ઘાત કરાવે |
| જાણમજાણં–જાણતાં-અજાણતાં | |

**ભાવાર્થ**–આ લોકમાં જેટલા ત્રસ કે સ્થાવર જીવો છે, તે જીવોને જાણતાં કે અજાણતાં પોતે હણવા નહિ, તેમજ બીજા પાસે હણાવવા નહિ અને હણતાને અનુમોદવા નહિ. ૧૦.

**सव्वे जीवावि इच्छंति, जीवीउं न मरिज्जिउं।**
**तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं॥११॥**

(सं० छा०) सर्वे जीवा अपीच्छन्ति, जीवितुं न मर्तुम्।
तस्मात् प्राणिवधं घोरं, निर्ग्रन्था वर्जयन्ति वै ॥११।

| | |
|---|---|
| જીવિઉં–જીવવાને | ઘોરં–ભયંકર |
| મરિજ્જિઉં–મરવાને | વજ્જયંતિ–વર્જે છે |
| પાણિવહં–પ્રાણીનો વધ | |

**ભાવાર્થ**–સર્વે જીવો જીવવાની ઈચ્છા કરે છે પણ કોઈ મરવાની ઈચ્છા કરતો નથી. આ કારણથી ઘોર પ્રાણીવધનો ત્યાગ નિર્ગ્રંથો કરે છે. ૧૧. ઈતિ પહેલું સ્થાન.

**अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया।**
**हिंसगं न मुसं बूआ, नोवि अन्नं वयावए ॥१२॥**

(सं० छा०) आत्मार्थं परार्थं वा, क्रोधाद्वा यदि वा भयाद् ।
हिंसकं न मृषा ब्रूया, नाप्यन्यं वादयेत् ॥१२॥

| | |
|---|---|
| અપ્પણટ્ઠા–પોતાને માટે | હિંસગં–હિંસા થાય તેવું |
| પરટ્ઠા–બીજાને માટે | મુસં–જુટ્ઠું |
| કોહા–ક્રોધથી | બૂઆ–બોલે |
| જઈવા–અથવા, વળી | વયાવએ–બોલાવે |
| ભયા–ભયથી | |

**ભાવાર્થ**–બીજાને પીડા થાય એવું જુટ્ઠું સાધુઓએ પોતાના માટે અગર બીજાને માટે ક્રોધથી અગર ભયથી પોતે બોલવું નહિ, તેમ બીજા પાસે બોલાવવું નહિ. ૧૨.

**मुसावाओ उ लोगम्मि, सव्वसाहूहिं गरिहिंओ।**
**अविस्साओ अ भूआणं, तम्हा मोसं विवज्जए ।१३।**

(सं० छा०) मृषावादस्तु लोके, सर्वसाधुभिर्गर्हितः ।
अविश्वासश्च भूतानां, तस्मान्मृषावादं विवर्जयेत् ।१३।

| | |
|---|---|
| મુસાવાઓ–મૃષાવાદ | અવિસ્સાઓ–અવિશ્વાસ |
| લોગમ્મિ–લોકમાં | ભૂઆણં–પ્રાણીઓને |
| સવ્વસાહૂહિં–સર્વ સાધુપુરુષોએ | મોસં–મૃષાવાદ |
| ગરિહિઓ–નિંદેલો | |

**ભાવાર્થ**–જુટ્ઠું બોલવું તે લોકમાં સર્વે ઉત્તમ પુરુષોએ નિંદિત ગણેલું છે. જુટ્ઠું બોલો પ્રાણીઓને અવિશ્વાસ કરના-

લાયક છે. આ કારણથી અસત્ય બોલવું નહિ. ૧૩. ઈતિ બીજું સ્થાન.

**चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।**
**दंतसोहणमित्तंपि, उग्गहंसि अजाइया ॥१४॥**

(सं० छा०) चित्तवदचित्तवद्वा, अल्पं वा यदि वा बहु ।
दन्तशोधनमात्रमपि, अवग्रहे अयाचित्वा ॥१४॥

**तं अप्पणा न गिण्हंति, नोऽवि गिह्णावए परं ।**
**अन्नं वा गिह्णमाणंपि, नाणुजाणंति संजया ॥१५॥**

(सं० छा०) तदात्मना न गृह्णन्ति, नापि ग्राह्यन्ति परम् ।
अन्यं वा गृह्णन्तमपि, नानुजानन्ति संयताः ॥१५॥

**દંતસોહણમિત્તં**–દાંત ખોતરવાની સળી પણ
**ઉગ્ગહંસિ**–ધણીની પાસે
**અજાઇયા**–નહીં યાચેલી
**અપ્પણા**–પોતે
**ગિણ્હંતિ**–લે
**ગિણ્હાવએ**–લેવરાવે
**પરં**–બીજા પાસે
**ગિણ્હમાણં**–લેતાને
**નાણુજાણંતિ**–સંમતિ ન આપે
**સંજયા**–સંયમીઓ

**ભાવાર્થ**–જે ધણીના તાબે વસ્તુ હોય, તે ધણી પાસે યાચના કર્યા સિવાય, સચિત્ત કે અચિત્ત, થોડી કે ઘણી; તેમજ દાંત ખોતરવા માટે સળી પણ પોતે લેવી નહિ, તેમ બીજા પાસે લેવરાવવી નહિ અને લેવાવાળાની અનુમોદના પણ સાધુઓએ કરવી નહિ. ૧૪-૧૫. ઈતિ ત્રીજું સ્થાન.

**अबंभचरिअं घोरं, पमायं दुरहिट्ठिअं ।**
**नायरंति मुणी लोए, भेआययणवज्जिणो ॥१६॥**

**(सं० छा०) अब्रह्मचर्यं घोरं, प्रमादं दुराश्रयम् ।**
**नाचरन्ति मुनयो लोके, भेदायतनवर्जिनः ॥१६॥**

**અબંભચરિઅં**–અબ્રહ્મચર્ય
**ઘોરં**–રૌદ્ર ગતિના હેતુ રૂપ
**પમાયં**–પ્રમાદ
**દુરહિટ્ઠિઅં**–દુરારાધ્ય
**નાયરંતિ**–ન આચરે
**ભેઆયયણવજ્જિણો**–ચારિત્રના આચારથી ડરનારા

**ભાવાર્થ**–લોકમાં ચારિત્રનો નાશ થાય તેવાં સ્થાનોના ત્યાગ કરનારા, ચારિત્રાચાર, ભીરૂ મુનિઓ, રૌદ્ર અનુષ્ઠાનના હેતુભૂત, સર્વ પ્રમાદના મૂળ રૂપ અને અનંત સંસારનો હેતુ હોવાથી જિનવચનના જાણ પુરુષોએ નહિ આશ્રય કરેલ અનાચરિત એવા અબ્રહ્મચર્યને આદરતા નથી. ૧૬.

**मूलमेयमहम्मस्स, महादोससमुस्सयं ।**
**तम्हा मेहुणसंसग्गं, निग्गंथा वज्जयंति णं ॥१७॥**

**(सं० छा०) मूलमेतदधर्मस्य, महादोषसमुच्छ्रयम् ।**
**तस्मान्मैथुनसंसर्गं, निर्ग्रन्था वर्जयन्ति वै ॥१७॥**

**અહમ્મસ્સ**–અધર્મ, પાપનું
**સમુસ્સયં**–મોટા દોષોના ઢગલા જેવું
**મેહુણસંસગ્ગં**–મૈથુનના સંસર્ગને

**ભાવાર્થ**–આ અબ્રહ્મચર્ય પાપનું મૂળ છે તથા ચોરી

આદિ જે મોટા દોષો તેના ઢગલા જેવું છે. આ કારણથી નિર્ગ્રંથો મૈથુનના સંસર્ગનો ત્યાગ કરે છે. ૧૭. ઇતિ ચોથું સ્થાન.

**बिडमुब्भेइमं लोणं, तिल्लं सप्पिं च फाणिअं।**
**न ते संनिहिमिच्छंति, नायपुत्तवओरया ॥१८॥**

(सं० छा०) बिडमुद्भेद्यं लवणं, तैलं सर्पिश्च फाणितम् ।
न ते संनिधिमिच्छन्ति, ज्ञातपुत्रवचोरताः ॥१८॥

| | |
|---|---|
| બિડં–પકવેલું મીઠું, બિલવણ | સપ્પિં–ઘી |
| ઉબ્ભેઇમં–સમુદ્રનું, સચિત્ત | ફાણિઅં–ઢીલો ગોળ |
| લોણં–મીઠું | સંનિહિ–રાતવાસી રાખવું |
| તિલ્લં–તેલ | વઓરયા–વચનમાં રક્ત |

**ભાવાર્થ**–ભગવાન જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાનસ્વામીના વચનમાં આસક્ત થયેલ સાધુઓ, ગોમૂત્ર આદિથી પકાવેલ પ્રાસુક લૂણ તથા સમુદ્ર આદિનું (અપ્રાસુક) મીઠું, તેલ, ઘી તેમજ ઢીલો ગોળ વગેરે રાતવાસી રાખવાને ઇચ્છતા નથી. ૧૮.

**लोहस्सेस अणुप्फासे, मन्ने अन्नयरामवि ।**
**जे सिया सन्निहिं कामे, गिही पव्वइए न से ॥१९॥**

(सं० छा०) लोभस्यैष–अनुस्पर्शः, मन्यन्तेऽन्यतरामपि ।
यःस्यात् सन्निधिं कामयते, गृही प्रव्रजितो नासौ ।१९।

| | |
|---|---|
| લોહસ્સ–લોભનો | મન્ને–હું માનું છું |
| એસ–આ | અન્નયરામવિ–થોડી પણ |
| અણુફાસે–મહિમા | કામે–સેવે, ઇચ્છે |

| | |
|---|---|
| ગિહી—ગૃહસ્થી | સે—તેઓ |
| પવ્વઇએ—સાધુ | સંનિહિ—રાત્રે રાખી મૂકવું |

ભાવાર્થ—આ જે સંનિધિ રાખવી, તે લોભનો મહિમા છે. આ કારણથી શ્રી તીર્થંકરદેવો અને શ્રી ગણધરભગવાનો કહે છે કે—કોઈ એક થોડી પણ સંનિધિ જો કોઈ સેવે, તો તેને ગૃહસ્થી માનવો પણ ભાવસાધુ કહેવો નહિ, કેમ કે—દુર્ગતિના નિમિત્ત રૂપ ક્રિયા તે કરે છે. ૧૯.

**जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।**
**तंपि संजमलज्जट्ठा, धारंति परिहरंति अ ॥२०॥**

(सं० छा०) यदपि वस्त्रं वा पात्रं वा, कम्बलं पादपुंछनम् ।
तदपि संयमलज्जार्थं, धारयन्ति परिभुञ्जते ॥२०॥

| | |
|---|---|
| જંપિ—જે પણ | તંપિ—તે પણ |
| પાયં—પાત્ર | લજ્જટ્ઠા—લાજ પાળવાને |
| પાયપુંછણં—રજોહરણ | ધારંતિ—ધારણ કરે છે |

ભાવાર્થ—અહીં કોઈ શંકા કરે છે કે—સાધુઓ વસ્ત્રાદિ રાખે છે, તેને સંનિધિ કેમ ન કહેવાય? તેનો ઉત્તર આપે છે કે—જે આ વસ્ત્ર, પાત્ર, કાંબલ અને રજોહરણ સાધુઓ રાખે છે, તે પણ સંયમને માટે રાખે છે અને મૂર્ચ્છારહિત પહેરે છે. ૨૦.

**न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।**
**मुच्छा परिग्गहो वुत्तो, इअ वुत्तं महेसिणा ॥२१॥**

(सं० छा०) नासौ परिग्रह उक्तो, ज्ञातपुत्रेण त्रायिणा ।
मूर्च्छा परिग्रह उक्तः, इत्युक्तं महर्षिणा ॥२१॥

| | |
|---|---|
| **પરિગ્ગહો**–પરિગ્રહ | **મુચ્છા**–મૂર્ચ્છા |
| **વુત્તો**–કહ્યો | **ઈઈ**–આ હેતુથી |
| **તાઇણા**–સ્વ–પરને તારવાવાળા | **મહેસિણા**–મહર્ષિએ, ગણધરે |

**ભાવાર્થ**–સ્વ–પરને તારવાવળા જ્ઞાતપુત્ર શ્રી મહાવીરસ્વામીએ, મમતાભાવ વિના વસ્ત્રાદિ ધારણ કરનારને પરિગ્રહ કહ્યો નથી, પણ મૂર્ચ્છાને જ (આસક્તિને) 'પરિગ્રહ' કહેલ છે: અને આ હેતુથી જ મહર્ષિ શ્રી ગણધરભગવંતે સૂત્રમાં તેમ કહેલું છે. ૨૧.

सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे ।
अवि अप्पणोऽवि देहंमि, नायरंति ममाइयं ॥२२॥

(सं० छा०) सर्वत्रोपधिना बुद्धा, संरक्षणपरिग्रहे ।
अप्यात्मनोऽपि देहे, नाचरन्ति ममत्वम् ॥२२॥

| | |
|---|---|
| **સવ્વત્થ**–સર્વ ઠેકાણે | **અપ્પણો**–પોતાના |
| **ઉવહિણા**–ઉપધિની અપેક્ષાએ | **દેહંમિ**–દેહમાં |
| **બુદ્ધા**–તત્વના જાણ | **નાયરંતિ**–આચરતા નથી |
| **સરંક્ખણ**–સંરક્ષણ માટે | **મમાઇયં**–મમત્વને |

**ભાવાર્થ**–જ્ઞાનીઓ સર્વ ઉચિત દેશકાળમાં વસ્ત્રાદિ (ઉપધિ) સહિત હોય છે, પણ તેઓ છ જીવની કાયાના રક્ષણ અર્થે જ તે અંગીકાર કરે છે, કેમ કે–તેઓ પોતાના શરીર ઉપર પણ મમત્વ રાખતા નથી, તો વસ્ત્રો ઉપર મમત્વ ન રાખે એમાં કહેવું જ શું ? ૨૨. ઇતિ પાંચમું સ્થાન.

**अहो निच्चं तवो कम्मं, सव्वबुद्धेहिं वण्णिअं।**
**जाय लज्जासमावित्ती, एगभत्तं च भोअणं ॥२३॥**

(सं० छा०) अहो नित्यं तपः कर्म, सर्वबुद्धैर्वर्णितम् ।
यायलज्जासमा वृत्तिः, एकभक्तं च भोजनम् ॥२३॥

| | |
|---|---|
| નિચ્ચં–નિત્ય | લજ્જાસમા–સંયમાવિરોધી |
| તવોકમ્મં–તપ કરવો | વિત્તી–વૃત્તિ (દેહપોષણ) |
| સવ્વબુદ્ધેહિં–સર્વ તીર્થંકરોએ | એકભત્તં–એક વાર |
| વન્નિયં–કહેલું છે | ભોયણં–ભોજન |

**ભાવાર્થ**–સંયમની સાથે વિરોધ ન આવે તેવી રીતે દેહના પાલનવાળું, નિત્ય–અપ્રતિપાતી તપઃકર્મ સર્વ તીર્થંકરદેવોએ વર્ણવેલું છે અને એક વાર ભોજન કરવાનું કહેલ છે. ૨૩.

**संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा।**
**जाइं राओ अपासंतो, कहमेसणीअं चरे ॥२४॥**

(सं० छा०) सन्त्येते सूक्ष्माःप्राणिनः, त्रसा अथवा स्थावराः ।
यान् रात्रावपश्यन्, कथमेषणीयं चरेद् ॥२४॥

| | |
|---|---|
| સુહુમા–સૂક્ષ્મ | કહં–શી રીતે |
| અદુવ–અથવા | એસણીઅં–નિર્દોષ ગોચરી માટે |
| રાઓ–રાત્રિમાં | ચરે–પાળશે |
| અપાસંતો–નહિ દેખતો | |

**ભાવાર્થ**–આ પ્રત્યક્ષ દેખાતા એવા કેટલાક બેઇન્દ્રિયાદિ

ત્રસ અથવા પૃથિવી આદિ સ્થાવર પ્રાણીઓ છે, કે જેઓ રાત્રે નેત્રોથી દેખવામાં આવતાં નથી. તે નહિ દેખવાથી સાધુઓ રાત્રે નિર્દોષ ગોચરી માટે કેવી રીતે ફરશે? અગર કેવી રીતે ભક્ષણ કરશે? કેમ કે-રાત્રે ગોચરી માટે ફરવાથી કે વાપરવાથી પ્રાણીઓનો ઘાત થાય છે. ૨૪.

**उदउल्लं बीअसंसत्तं, पाणा निवडिया महिं ।**
**दिआ ताइं विवज्जिज्जा, राओ तत्थ कहं चरे? ॥२५॥**

(सं० छा०) उदकार्द्रं बीजसंसक्तं, प्राणिनो निपतिता मह्याम् ।
दिवा तान् विवर्जयेद्, रात्रौ तत्र कथं चरेद्? ॥२५॥

**ઉદઉલ્લં**-પાણીથી ભીંજાએલ
**બીઅસંસત્તં**-જેમાં બીજ પડ્યા હોય તેવું
**પાણા**-પ્રાણીઓ
**નિવડિઆ**-પડ્યા હોય
**મહીં**-પૃથ્વી ઉપર
**દિવા**-દિવસે
**તાઇં**-તેમને
**વિવજ્જિજ્જા**-વર્જે
**રાઓ**-રાત્રે

**ભાવાર્થ**-રાત્રે ગોચરીએ જતાં તે આહાર પાણીથી ભીંજાએલો હોય અથવા અનાજ આદિ બીજોથી મિશ્ર હોય, તેમજ રસ્તામાં પૃથ્વી ઉપર સંપાતિમ (ઉડતાં) આદિ પ્રાણીઓ રહ્યાં હોય, તે દિવસે તો ત્યાગ કરી શકાય, પણ રાત્રે તેનો ત્યાગ કરીને કેમ ચાલી શકાય? ૨૫.

**एअं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासिअं ।**
**सव्वाहारं न भुंजंति, निग्गंथा राइभोअणं ॥२६॥**

(સં૦ છા૦) एतं च दोषं दृष्ट्वा, ज्ञातपुत्रेण भाषितम् ।
सर्वाहारं न भुञ्जते, निर्ग्रन्था रात्रिभोजनम् ॥२६॥

દટ્ઠૂણં–જોઈને | નાયપુત્તેણ–મહાવીરસ્વામીએ

**ભાવાર્થ**–આ પૂર્વોક્ત દોષો રાત્રિભોજનમાં દેખીને જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાનસ્વામીએ કહ્યું છે કે–સાધુઓએ સર્વથા ચારેય પ્રકારનો આહાર રાત્રે વાપરવો નહિ. ૨૬. ઈતિ છટ્ઠું સ્થાન.

**पुढविकायं न हिंसंति, मणसा वयसा कायसा ।**
**तिविहेणं करणजोएणं, संजया सुसमाहिआ ॥२७॥**

(સં૦ છા૦) पृथ्वीकायं न हिंसन्ति, मनसा वाचा कायेन ।
त्रिविधेन करणयोगेन, संयताः सुसमाहिताः ॥२७॥

પુઢવિકાયં–પૃથ્વીકાયને
તિવિહેણ–ત્રણ પ્રકારના
કરણ–કરવું, કરાવવું અને અનુમોદવું
જોએણ–યોગથી
સંજયા–સાધુઓ
સુસમાહિઆ–સુસમાહિત

**ભાવાર્થ**–સુસમાહિત સાધુઓ પૃથ્વીકાયને, મન-વચન-કાયાએ કરી હણતા, હણાવતા કે અનુમોદતા નથી. ૨૭.

**पुढविकायं विहिंसंतो, हिंसइ उ तयस्सिए ।**
**तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥२८॥**

(સં૦ છા૦) पृथिवीकायं विहिंसन्, हिनस्त्येव तदाश्रितान् ।
त्रसांश्च विविधान् प्राणिनः, चाक्षुषांश्चाचाक्षुषांश्च ॥२८॥

હિંસઈ–હણે છે
તયસ્સિએ–તેને આશ્રીને રહેલા
તસે–ત્રસ જીવો
વિવિહે–અનેક પ્રકારના
પાણે–પ્રાણીઓનો
ચક્ખુસે–ચક્ષુથી દેખાય એવા
અચક્ખુસે–ચક્ષુથી નહિ દેખાય એવા

ભાવાર્થ–પૃથ્વીકાયની હિંસા કરતાં, તેની નિશ્રાએ રહેલા ત્રસ જીવો તથા બીજા પણ વિવિધ પ્રકારના ચક્ષુથી દેખાય એવા અને ચક્ષુથી નહિ દેખાય એવા પ્રાણીઓને હણે છે. ૨૮.

**तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**पुढविकायसमारंभं, जावजीवाइ वज्जए ॥२९॥**

(सं० छा०) तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।
पृथिवीकायसमारंभं यावज्जीवं वर्जयेद् ॥२९॥

તમ્હા–તે કારણ માટે
એઅં–આ
વિઆણિત્તા–જાણીને
દુગ્ગઇવડ્ઢણં–દુર્ગતિને વધારનાર

ભાવાર્થ–પૃથ્વીકાયની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા બીજા જીવો પણ હણાય છે. આવા દોષો દુર્ગતિને વધારનાર છે–એમ જાણીને, પૃથ્વીકાયના સમારંભનો જાવજ્જીવ સુધી ત્યાગ કરવો. ૨૯. ઈતિ સાતમું સ્થાન.

**आउकायं न हिंसंति, मणसा वयसा कायसा ।**
**तिविहेण करणजोएण, संजया सुसमाहिआ ॥३०॥**
**आउकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए ।**
**तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥३१॥**

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
आउकायसमारंभं, जावजीवाइं वज्जए ॥३२॥

(सं० छा०) अप्कायं न हिंसन्ति, मनसा वाचा कायेन ।
त्रिविधेन करणयोगेन, संयताः सुसमाहिताः ॥३०॥
अप्कायं विहिंसन्, हिनस्त्येव तदाश्रितान् ।
त्रसांश्च विविधान् प्राणिनः, चक्षुषांश्चाचाक्षुषांश्च ।३१।
तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।
अप्कायसमारम्भं, यावज्जीवं वर्जयेद् ॥३२॥

આઉક્કાયં-અપકાયને. બાકીનો શબ્દાર્થ ઉપર મુજબ.

ભાવાર્થ-સુસમાહિત સાધુઓ, પાણીના જીવોને મન-વચન-કાયાએ કરી હણતા, હણાવતા કે અનુમોદતા નથી; પાણીની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા ત્રસ તથા બીજા વિવિધ ચક્ષુથી દેખાય કે ન દેખાય તેવા જીવોને હણે છે. આવા દોષો દુર્ગતિના વધારનારા છે-એમ જાણીને અપ્કાયના આરંભનો જાવજીવ ત્યાગ કરવો. ૩૦-૩૧-૩૨. ઈતિ આઠમું સ્થાન.

जायतेअं न इच्छंति, पावगं जलइत्तए ।
तिक्खमन्नयरं सत्थं, सव्वओऽवि दुरासयं ॥३३॥

(सं० छा०) जाततेजसं नेच्छन्ति, पापकं ज्वालयितुम् ।
तीक्ष्णमन्यतरत् शस्त्रं, सर्वतोऽपि दुराश्रयम् ॥३३॥

**જાયતેઅં**-અગ્નિને
**પાવગં**-પાપ રૂપ
**જલઇત્તએ**-જ્વલન કરવાને
**તિક્ખં**-તીક્ષ્ણ
**અન્નયરં**-સર્વ બાજુથી ધાર-વાળું બીજું કોઈ
**સત્થં**-શસ્ત્ર
**સવ્વઓ**-સર્વ સ્થળે
**દુરાસયં**-દુઃખે આશ્રય કરી શકાય એવું

**ભાવાર્થ**-પાપ રૂપ, તીક્ષ્ણ અને સર્વ બાજુથી ધારવાળાં શસ્ત્ર જેવો હોઈ, અનાશ્રયણીય એવા અનેક જીવોનો સંહાર કરનાર શસ્ત્ર સરખા પાપકારી અગ્નિને સળગાવવાનું મુનિઓ ઇચ્છતા નથી. ૩૩.

**पाईणं पडिणं वावि, उड्ढं अणुदिसामवि ।**
**अहे दाहिणओ वावि, दहे उत्तरओवि अ ॥३४॥**

**(सं० छा०) प्राच्यां प्रतीच्यां वापि, ऊर्ध्वमनुदिक्ष्वपि ।**
**अधोदक्षिणतो वापि, दहत्युत्तरतोऽपि च ॥३४॥**

**પાઈણં**-પૂર્વદિશામાં
**પડિણં**-પશ્ચિમદિશામાં
**અણુદિસામવિ**-વિદિશાઓમાં પણ
**અહે**-અધોદિશામાં
**દાહિણઓ**-દક્ષિણદિશામાં
**ઉત્તરઓ**-ઉત્તરદિશામાં
**દહે**-બાળે છે
**ઉડ્ઢં**-ઉર્ધ્વદિશામાં

**ભાવાર્થ**-પૂર્વ, પશ્ચિમ, ઉર્ધ્વ, અધો, વિદિશાઓ, દક્ષિણ અને ઉત્તરમાં પણ અગ્નિ દાહ્ય વસ્તુને બાળે છે. ૩૪.

**भूआणमेसमाघाओ, हव्ववाहो न संसओ ।**
**तं पईवपयावट्ठा, संजया किंचि नारभे ॥३५॥**

(सं० छा०) भूतानामेष आघातो, हव्यवाहो न संशयः ।
तं प्रदीपप्रतापनार्थं, संयताः किञ्चिन्नारभन्ते ॥३५॥

| | |
|---|---|
| ભૂઆણં–પ્રાણીઓને | પઈવ–દીવો |
| એઅં–આ | પયાવટ્ઠા–તાપને માટે |
| આઘાઓ–ઘાત કરનારો | કિંચિ–કિંચિત્‌માત્ર |
| હવ્વવાહો–અગ્નિ | નારભે–આરંભ ન કરે |
| સંસઓ–સંશય | |

**ભાવાર્થ**–આ અગ્નિ સર્વ પ્રાણીઓનો ઘાત કરવાવાળો છે, એમાં કાંઈ સંશય નથી. આ કારણથી સાધુઓ દીવાને માટે તેમજ તાપને માટે જરા માત્ર પણ તેનો આરંભ કરતા નથી ૩૫.

**तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**तेउकायसमारंभं, जावजीवाइ वज्जए ॥३६॥**

(सं० छा०) तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।
तेजःकायसमारम्भं, यावज्जीवं वर्जयेद् ॥३६॥

તેઉકાય–અગ્નિ

**ભાવાર્થ**–દુર્ગતિને વધારનારા અગ્નિથી પેદા થતા દોષોને જાણીને, સાધુઓએ જાવજ્જીવ સુધી અગ્નિકાયના આરંભનો ત્યાગ કરવો. ૩૬. ઇતિ નવમું સ્થાન.

**अणिलस्स समारंभं, बुद्धा मन्नंति तारिसं ।**
**सावज्जबहुलं चेअं, नेअं ताईहिं सेविअं ॥३७॥**

(सं० छा०) अनिलस्य समारम्भं, बुद्धा मन्यन्ते तादृशम् ।
सावद्यबहुलं चैतं, नैनं त्रातृभिः सेवितम् ॥३७॥

| | |
|---|---|
| અણિલસ્સ–વાઉકાયના | એઅં–આ, આ પ્રકારે |
| બુદ્ધા–તીર્થંકરો | તાઇહિં–છકાયના રક્ષકોએ |
| તારિસં–તેવો | સેવિઅં–સેવેલો |
| સાવજ્જબહુલં–ઘણા પાપવાળો | |

**ભાવાર્થ**–તીર્થંકરો વાયરાના આરંભને અગ્નિના આરંભના જેવો માને છે, માટે ઘણા પાપવાળા વાયુઓના આરંભને મુનિઓ સેવતા નથી. ૩૭.

**तालिअंटेण पत्तेण, साहाविहुअणेण वा ।**
**न ते वीइउमिच्छंति, वेआवेऊण वा परं ॥३८॥**

(सं० छा०) तालवृन्तेन पत्रेण, शाखाविधूननेन वा ।
न ते वीजितुमिच्छन्ति, वीजयन्ति(यितुं)वा परैः ॥३८॥

| | |
|---|---|
| તાલિઅંટેણ–તાડના વિંજણાથી | વેઆવેઊણ–વિંઝાવવાને |
| પત્તેણ–પાંદડાથી | વા–વળી |
| સાહા–શાખ | પરં–બીજા પાસે |
| વિહુઅણેણ–હલાવવાથી | |

**ભાવાર્થ**–તાડના વિંજણાથી, પત્રોથી તેમજ શાખાના હલાવવા વગેરેથી સાધુઓ પોતે પવન ખાતા નથી, તેમજ બીજા પાસે પણ વિંઝાવતા નથી અને વિંજનારને અનુમોદતા નથી. ૩૮.

**जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।**
**न ते वायमुईरंति, जयं परिहरंति अ ॥३९॥**

(સં૦ છા૦) यदपि वस्त्रं वा पात्रं वा, कम्बलं पादपुञ्छनम् ।
न ते वातमुदीरयन्ति, यतं परिहरन्ति च ॥३९॥

| | |
|---|---|
| જંપિ–જે પણ | ઉઇરંતિ–ઉદીરણા કરે છે |
| પાયં–પાત્ર | જયં–જયણાથી |
| વાયં–વાયુને | પરિહરંતિ–પરિહરે છે |

**ભાવાર્થ**–જે વસ્ત્ર, પાત્ર, કાંબલ, રજોહરણાદિ ધર્મોપકરણો, તે દ્વારા સાધુઓ વાયુની ઉદીરણા કરતા નથી, પણ જયણાપૂર્વક વાયુકાયની વિરાધનાનો ત્યાગ કરે છે. ૩૯.

**तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**वाउकायसमारंभं, जावजीवाइ वज्जए ॥४०॥**

(સં૦ છા૦) तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।
वायुकायसमारम्भं, यावज्जीवं वर्जयेद् ॥४०॥

**ભાવાર્થ**–દુર્ગતિને વધારનાર દોષો પેદા થતા જાણીને, સાધુઓએ જાવજ્જીવ સુધી વાયુકાયના આરંભનો ત્યાગ કરવો. ૪૦. ઇતિ દશમું સ્થાન.

**वणस्सइं न हिंसंति, मणसा वयसा कायसा ।**
**तिविहेण करणजोएणं, संजया सुसमाहिआ ॥४१॥**

**वणस्सइं विहिंसंतो, हिंसई अ तयस्सिए ।**
**तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥४२॥**

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वणस्सइसमारंभं, जावजीवाइ वज्जए ॥४३॥

(सं० छा०) वनस्पतिं न हिंसन्ति, मनसा वाचा कायेन ।
त्रिविधेन करणयोगेन, संयताः सुसमाहिताः ॥४१॥
वनस्पतिं विहिंसन्, हिनस्त्येव तदाश्रितान् ।
त्रसांश्च विविधान् प्राणिनः, चाक्षुषांश्चाचाक्षुषान् ।४२।
तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।
वनस्पतिसमारम्भं, यावज्जीवं वर्जयेद् ॥४३॥

વિહિંસંતો–હિંસા કરતો | હિંસઇ–હિંસા કરે છે
પાણે–જીવોને

**ભાવાર્થ**–સુસમાહિત સાધુઓ મન–વચન–કાયા દ્વારા કરવા, કરાવવા કે અનુમોદવા રૂપે વનસ્પતિકાયની હિંસા કરતાં નથી. વનસ્પતિની હિંસા કરતાં, તેની નિશ્રાએ રહેલા ત્રસ અને ચક્ષુથી દેખાય કે ન દેખાય તેવા વિવિધ પ્રકારના જીવોને હણે છે અને આ જીવોને હણવાથી દુર્ગતિને વધારનાર દોષો પેદા થતા જાણીને, જાવજ્જીવ સુધી સાધુઓએ વનસ્પતિના આરંભનો ત્યાગ કરવો. ૪૧–૪૨–૪૩. ઇતિ અગિયારમું સ્થાન.

तसकायं न हिंसंति, मणसा वयसा कायसा ।
तिविहेण करणजोएणं, संजया सुसमाहिआ ॥४४॥
तसकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए ।
तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥४५॥

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं।
तसकायसमारंभं, जावजीवाइ वज्जए ॥४६॥

(सं० छा०) त्रसकायं न हिंसन्ति, मनसा वाचा कायेन।
त्रिविधेन करणयोगेन, संयताः सुसमाहिताः ॥४४॥
त्रसकायं विहिंसन, हिनस्त्येव तदाश्रितान्।
त्रसांश्च विविधान् प्राणिनः, चाक्षुषांश्चाचाक्षुषान् ॥४५॥
तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम्।
त्रसकायसमारम्भं यावज्जीवं वर्जयेद् ॥४६॥

ભાવાર્થ-સુસમાહિત સાધુઓ, મન-વચન-કાયા રૂપ ત્રણ યોગો દ્વારા અને કરવા-કરાવવા-અનુમોદવા રૂપ ત્રણ કરણો દ્વારા ત્રસકાયની હિંસા કરતાં નથી. ત્રસકાયની હિંસા કરતાં, તેની નિશ્રાએ રહેલ બીજા ત્રસ તથા ચક્ષુથી દેખાય કે ન દેખાય એવા વિવિધ પ્રકારના જીવોની વિરાધના થાય છે. આ જીવોની હિંસાથી દુર્ગતિને વધારનાર દોષ પેદા થાય છે-એમ જાણીને, જાવજજીવ સુધી સાધુઓએ ત્રસકાયના આરંભનો ત્યાગ કરવો. ૪૪-૪૫-૪૬. ઇતિ બારમું સ્થાન.

जाइं चत्तारि भुज्जाइं, इसिणाऽऽहारमाइणि।
ताइं तु विवज्जंतो, संजमं अणुपालए ॥४७॥

(सं० छा०) यानि चत्वारि अभोज्यानि, ऋषीणामाहारादीनि।
तानि तु विवर्जयन्, संयममनुपालयेद् ॥४७॥

**ભાવાર્થ**-જે આહારાદિ ચાર, સાધુઓને અકલ્પનીય છે, તેનો ત્યાગ કરતાં સાધુએ સંયમનું પાલન કરવું. ૪૭.

**पिंडं सिज्जं च वत्थं च, चउत्थं पायमेव य ।**
**अकप्पिअं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पिअं ॥४८॥**

**(सं० छा०) पिण्डं शय्यां च वस्त्रं च, चतुर्थं पात्रमेव च ।**
**अकल्पिकं नेच्छेत्, प्रतिगृह्णीयात् कल्पिकम् ॥४८॥**

**પિંડં**-આહાર
**સિજ્જં**-શય્યા, ઉપાશ્રય
**ચઉત્થં**-ચોથું
**પાયં**-પાત્ર
**અકપ્પિયં**-અકલ્પનિક
**પડિગાહિજ્જ**-લે
**કપ્પિયં**-કલ્પનિક

**ભાવાર્થ**-૧-આહાર, ૨-ઉપાશ્રય, વગેરે, ૩-વસ્ત્ર, ૪-પાત્ર -આ ચારેય અકલ્પનીય-દોષવાળાં, પોતાના ઉપભોગ માટે સાધુએ ઇચ્છવા નહિ પણ તે નિર્દોષ હોય તો ગ્રહણ કરવા. ૪૮.

**जे नियागं ममायंति, कीअमुद्देसिआहडं ।**
**वहं ते समणुजाणंति, इअ वुत्तं महेसिणा ॥४९॥**

**(सं० छा०) ये नियागं परिगृह्णन्ति, क्रीतमौद्देशिकाहृतम् ।**
**वधं ते समनुजानन्ति, इत्युक्तं च महर्षिणा ॥४९॥**

**નિયાગં**-નિમંત્રિત
**મમાયંતિ**-મારો આ
**કીયં**-વેચાતો લાવેલો
**ઉદ્દેસિય**-ઉદ્દેશીને કરેલો
**આહડં**-સામો આણેલો
**વહં**-વધ
**સમણુજાણંતિ**-અનુમોદન કરે છે
**વુત્તં**-કહ્યું છે
**મહેસિણા**-મહર્ષિએ

ભાવાર્થ–જે કોઈ સાધુ, નિત્ય નિમંત્રિત આહારને ' આ મારો આહાર છે '–એમ જાણીને ગ્રહણ કરે તથા વેચાતો લાવેલો, સાધુને ઉદ્દેશીને કરેલો, ઘરથી કે ગ્રામથી સામો આણેલો આહાર જો ગ્રહણ કરે, તો તે આહાર લાવવા–બનાવવામાં જે છકાયની વિરાધના થઈ છે તેની અનુમોદના કરે છે, એમ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ કહેલું છે. ૪૯.

**तम्हा असणपाणाइं, कीअमुद्देसिआहडं ।**
**वज्जयंति ठिअप्पाणो, निग्गंथा धम्मजीविणो ॥५०॥**

(सं० छा०) तस्मादशनपानादि, क्रीतमौद्देशिकाहृतम् ।
वर्जयन्ति स्थितात्मानो, निर्ग्रन्था धर्म्मजीविनः ॥५०॥

| | |
|---|---|
| ઠિઅપ્પાણો–સ્થિત આત્માવાળા, નિશ્ચલ ચિત્તવાળા | ધમ્મજીવિણો–સંયમ રૂપી જીવનના ધણી |

ભાવાર્થ–આ જ કારણથી સત્ત્વશાળી તેમજ સંયમ રૂપી જીવનધારી મહાત્માઓ, વેચાતું લાવેલા, ઔદ્દેશિક અને સન્મુખ લાવેલા આહાર–પાણી આદિનો ત્યાગ કરે છે. ૫૦.

ઈતિ તેરમું સ્થાન.

**कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो ।**
**भुंजंतो असणपाणाइं, आयारा परिभस्सइ ॥५१॥**

(सं० छा०) कंसेषु कंसपात्रेषु, कुण्डमोदेषु वा पुनः ।
भुञ्जानोऽशनपानादि, आचारात्परिभ्रश्यति ।५१॥

કંસેસુ–કાંસામાં
કંસપાયેસુ–કાંસાના પાત્રમાં
કુંડમોએસુ–માટીના કુંડામાં
પુણો–વળી
આયારા–આચારથી
પરિભસ્સઇ–ભ્રષ્ટ થાય છે

**ભાવાર્થ**–કાંસાના વાડકામાં, કાંસાની થાળીમાં તથા માટી વગેરેના કુંડા આદિ ગૃહસ્થના વાસણમાં અશન–પાન આદિ વાપરતાં સાધુ પોતાના આચારથી ભ્રષ્ટ થાય છે. ૫૧.

**सीओदगसमारंभे, मत्त–धोअण–छड्डणे ।**
**जाइं छिन्नंति (छिप्पंति) भूआइं,**
**दिट्ठो तत्थ असंजमो ॥५२॥**

(सं० छा०) शीतोदकसमारम्भे, मात्रकधावनोज्झने ।
यानि छिद्यन्ते भूतानि, दृष्टस्तत्रासंयमः ॥५२॥

સીઓદગ–ટાઢું પાણી
સમારંભે–વિશેષ આરંભમાં
મત્તધોઅણ–પાત્ર ધોવું
છડ્ડણે–ત્યાગ કરવામાં
છિન્નંતિ–છેદાય છે
તત્થ–ત્યાં

**ભાવાર્થ**–સાધુને વાપરવા માટે, ગૃહસ્થો તે વાસણો કાચા પાણીથી ધોવાનો આરંભ કરે છે અને વાપર્યા બાદ તે પાત્રો ધોવા માટે અને પછી તે પાણી જ્યારે ફેંકી દે છે, ત્યારે પાણી વગેરેના જીવોનો ઘાત થાય છે. આમ ગૃહસ્થના ભાજનમાં વાપરવાથી કેવલી ભગવાને તે સાધુને અસંજમ થાય–એમ દીઠું છે. ૫૨.

**पच्छाकम्मं पुरेकम्मं, सिया तत्थ न कप्पइ ।**
**एअमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ॥५३॥**

(सं० छा०) पश्चात्कर्म्म पुरःकर्म्म, स्यात्तत्र न कल्पते ।
एतदर्थं न भुञ्जते, निर्ग्रन्था गृहिभाजने ॥५३॥

| | |
|---|---|
| પચ્છાકમ્મં–પશ્ચાત્કર્મ | એઅમટ્ઠં–એ કારણ માટે |
| પુરેકમ્મં–પુરઃકર્મ | ગિહિભાયણે–ગૃહસ્થીના વાસણમાં |
| સિયા–કદાચ | |

**ભાવાર્થ**–ગૃહસ્થના ભાજનમાં વાપરવાથી કદાચ પુરઃકર્મ (જમ્યા પહેલાં દોષ લાગે) કે કદાચ પશ્ચાત્કર્મ (જમ્યા બાદ વાસણ ધોવાથી દોષ લાગે) દોષ લાગવાથી તેમાં વાપરવું કલ્પે નહિ. આ જ કારણથી સાધુઓ ગૃહસ્થના વાસણમાં આહાર કરતાં નથી. ૫૩. ઇતિ ચૌદમું સ્થાન.

## आसंदीपलिअंकेसु, मंचमासालएसु वा ।
## अणायरिअमज्जाणं, आसइत्तु सइत्तु वा ॥५४॥

(सं० छा०) आसन्दीपर्यङ्कयोः, मञ्चशालकयोश्च वा ।
अनाचरितमार्याणां, आसितुं स्वपितुं वा ॥५४॥

| | |
|---|---|
| આસંદી–નેતરની ખુરશી | અણાયરિઅં–અનાચરિત |
| પલિઅંકેસુ–પલંગમાં | અજ્જાણં–સાધુઓને |
| મંચ–માંચો, ખાટકો | આસઇત્તુ–બેસવાને |
| આસાલએસુ–ઓઠીંગણવાળા આસનોમાં | સઇત્તુ–સૂવાને |

**ભાવાર્થ**–સાધુઓને, નેતરના આસનો, પલંગ, માંચો, તેમજ ઓઠીંગણવાળાં ખુરશી આદિ આસન ઉપર બેસવા તેમજ સૂવા માટે અનાચરિત છે, કેમ કે–પોલાણ હોવાથી તેમાં રહેલા જીવોની હિંસાનો સંભવ છે. ૫૪.

**नासंदीपलिअंकेसु, न निसिज्जा न पीढए।**
**निग्गंथाऽपडिलेहाए, बुद्धवुत्तमहिट्ठगा ॥५५॥**

(सं० छा०) नासान्दीपर्यङ्कयोः, न निषद्यायां न पीठके।
निर्ग्रन्था अप्रत्युपेक्ष्य, बुद्धोक्ताधिष्ठातारः ॥५५॥

**निसिज्जा**–ગાદી
**पीढए**–બાજોઠ
**अपडिलेहाए**–પડિલેહણ કર્યાં વિના
**बुद्धवुत्तं**–તીર્થંકર ભગવાને કહેલા
**अहिट्ठगा**–માર્ગમાં ચાલનારા

**ભાવાર્થ**–કદાચ રાજકુળ આદિ સ્થળોમાં જો ધર્મકથાદિ માટે સાધુને બેસવું પડે, તો તેનો અપવાદ બતાવે છે કે–શ્રી જિનેશ્વરદેવે કહેલાં અનુષ્ઠાન કરવાવાળા સાધુઓએ, આસન, પલંગ, ખુરશી, બાજોઠ આદિને પડિલેહણ કર્યા વગર તેના ઉપર બેસવું નહિ. ૫૫.

**गंभीरविजया एए, पाणा दुप्पडिलेहगा।**
**आसंदी पलिअंको अ, एअमट्ठं विवज्जिआ ॥५६॥**

(सं० छा०) गम्भीरविजया एते, प्राणिनो दुष्प्रत्युपेक्षणीयाः।
आसन्दी पर्यङ्कश्च, एतदर्थं विवर्जिताः ॥५६॥

**गंभीरविजया**–અપ્રકાશ આશ્રયવાળા
**एए**–આ
**दुप्पडिलेहगा**–દુઃખે પડિલેહણ કરી શકાય એવા
**एअमट्ठं**–એ કારણ માટે
**विवज्जिआ**–વિશેષ પ્રકારે વર્જે

**ભાવાર્થ**–આ નેતરની ખુરશી, પલંગ વગેરે અપ્રકાશ આશ્રયવાળાં છે અને તેના છિદ્રવાળા ભાગોમાં જીવો ભરાઈ

રહે છે, તેથી તેઓ પ્રગટ દેખવામાં આવતા નથી અને બેસવાથી તેઓને પીડા થાય છે. તેમાં ભરાઈ રહેલા પ્રાણીઓની દૃષ્ટિથી તપાસ થઈ શકતી ન હોવાથી તેનો સાધુઓએ ત્યાગ કરવો. ૫૬. ઇતિ પંદરમું સ્થાન.

**गोअरग्गपविट्ठस्स, निसिज्जा जस्स कप्पइ ।**
**इमेरिसमणायारं, आवज्जइ अबोहिअं ॥५७॥**

(सं० छा०) गोचराग्रप्रविष्टस्य, निषद्या यस्य कल्पते ।
एवमीदृशमनाचारं, आपद्यते अबोधिकम् ॥५७॥

| | |
|---|---|
| ઇમેરિસં–આગળ કહેવાશે એવા | આવજ્જઇ–પામે છે |
| અણાયારે–અનાચાર | અબોહિઅં–મિથ્યાત્વરૂપ ફળ |

**ભાવાર્થ**–ગોચરીએ ગયેલ સાધુ, જો ગૃહસ્થને ઘેર બેસે, તો આગળ કહેવામાં આવશે તેવા અનાચારને પામે, કે જેનું ફળ મિથ્યાત્વની પ્રાપ્તિ થાય. ૫૭.

**विवत्ती बंभचेरस्स, पाणाणं च वहे वहो ।**
**वणीमगपडिग्घाओ, पडिकोहो अगारिणं ॥५८॥**
**अगुत्ती बंभचेरस्स, इत्थीओ वावि संकणं ।**
**कुसीलवड्ढणं ठाणं, दूरओ परिवज्जए ॥५९॥**

(सं० छा०) विपत्तिर्ब्रह्मचर्यस्य, प्राणिनां च वधे वधः ।
वनीपकप्रतीघातः, प्रतिक्रोधश्चागारिणाम् ॥५८॥

अगुप्तिर्ब्रह्मचर्यस्य, स्त्रीतश्चापि शङ्कनम् ।
कुशीलवर्धनं स्थानं, दूरतः परिवर्जयेद् ॥५९॥

| | |
|---|---|
| **વિપત્તિ**–નાશ | **અગુત્તી**–નાશ |
| **વહે**–વધમાં | **ઇત્થીઓ**–સ્ત્રીથી |
| **વણીમગ**–ભિખારી | **સંકણં**–શંકા |
| **પડિગ્ઘાઓ**–પ્રત્યાઘાત | **કુસીલવડ્ઢણં**–કુશીલને વધારનાર |
| **પડિકોહો**–સામો ક્રોધ | |

**ભાવાર્થ**–ગૃહસ્થના ઘેર બેસવાથી બ્રહ્મચર્યનો નાશ થાય, પરિચયને લીધે જો આધાકર્માદિ આહાર કરી આપે તો પ્રાણીનો વધ થાય, પ્રાણીવધથી સંયમનો વધ થાય, તેમજ ભિક્ષાચરોને પાછું ફરવું પડે અને ગૃહસ્થોને ભિક્ષાચરનો તિરસ્કાર કરનારા સાધુ પ્રત્યે અગર સ્ત્રી પ્રત્યે સામો ક્રોધ થાય, બ્રહ્મચર્યની અગુપ્તિ ( નાશ ) થાય તથા પોતાની સ્ત્રી તરફ તેના માલિકને શંકા થાય. આ હેતુથી કુશીલને વધારનારા સ્થાનોને સાધુઓએ દૂરથી ત્યાગ કરવાં. ૫૮–૫૯.

**तिण्हमन्नयरागस्स, निसिज्जा जस्स कप्पइ ।**
**जराए अभिभूअस्स, वाहिअस्स तवस्सिणो ॥६०॥**

(सं० छा०) त्रयाणामन्यतरस्य, निषद्या यस्य कल्पते ।
जरयाऽभिभूतस्य, व्याधितस्य तपस्विनः ॥६०॥

| | |
|---|---|
| **તિણ્હં**–ત્રણમાંથી | **અભિભૂઅસ્સ**–પરાભવ પામેલો |
| **અન્નયરાગસ્સ**–કોઈ પણને | **વાહિઅસ્સ**–રોગી |
| **નિસિજ્જા**–બેસવું | **તવસ્સિણો**–તપસ્વીને |
| **જરાએ**–વૃદ્ધાવસ્થાથી | |

**ભાવાર્થ**-જરાથી પીડાએલ (ઘણો ઘરડો), વ્યાધિવાળો (ઘણો અશક્ત) અને તપસ્વી સાધુ (ઉત્કૃષ્ટ તપ કરનારો)-આ ત્રણમાંથી કોઈ કારણે જો ગોચરીએ ગયા હોય, તો તેમને થાક લાગવાથી ગૃહસ્થના ઘેર બેસવું કલ્પે. (ગત સૂત્રનું આ અપવાદ સૂત્ર છે.) ૬૦.

**वाहिओ वा अरोगी वा, सिणाणं जो उ पत्थए।**
**वुक्कंतो होइ आयारो, जढो हवइ संजमो ॥६१॥**

(सं० छा०) व्याधितो वा अरोगी वा, स्नानं यस्तु प्रार्थयते।
व्युत्क्रान्तो भवत्याचारः, त्यक्तो भवति संयमः ॥६१॥

| | |
|---|---|
| **વાહિઓ**-રોગી | **વુક્કંતો**-ભ્રષ્ટ |
| **અરોગી**-નિરોગી | **હોઇ**-થાય છે |
| **સિણાણં**-સ્નાનને | **આયારો**-આચારથી |
| **પત્થએ**-પ્રાર્થના કરે | **જઢો**-નાશ પામવું |

**ભાવાર્થ**-જો સાધુ રોગી કે નિરોગી હોય અને તે જો સ્નાન કરવાની ઇચ્છા કરે, તો તેનો આચાર ચાલ્યો જાય તેમજ સંયમથી ભ્રષ્ટ થાય છે. ૬૧.

**संतिमे सुहुमा पाणा, घसासु भिलुगासु अ।**
**जे अ भिक्खू सिणायंतो, विअडेणुप्पलावए ॥६२॥**

(सं० छा०) सन्त्येते सूक्ष्माः प्राणिनः, घसासु भिलुगासु च।
यांश्च भिक्षुः स्नान्, विकृतेनोत्प्लावयति ॥६२॥

| | |
|---|---|
| ઘસાસુ-પોલાણવાળી જમીનમાં | વિઅડેણ-પ્રાસુક પ્રાણીથી |
| ભિલુગાસુ-ફાટોમાં | ઉપ્પલાવએ-પલાળે |
| સિણાયંતો-સ્નાન કરતો એવો | |

**ભાવાર્થ**-વળી પોલી જમીનમાં તથા ફાટોવાળી જમીનમાં સૂક્ષ્મ જીવો રહે છે. તેઓ અચિત્ત પાણી વડે કરીને સાધુ સ્નાન કરવાથી પલળે છે અને તેથી તે જીવોની વિરાધના થાય છે. ૬૨.

**तम्हा ते न सिणायंति, सीएण उसिणेग वा ।**
**जावज्जीवं वयं घोरं, असिणाणमहिट्टगा ॥६३॥**

(सं० छा०) तस्मात्ते न स्नान्ति, शीतेनोष्णेन वा ।
यावज्जीवं व्रतं घोरं, अस्नानमधिष्ठातारः ॥६३॥

| | |
|---|---|
| સિએણ-ટાઢા પાણીથી | ઘોરં-ભયંકર |
| ઉસિણેણ-ગરમ જળથી | અસિણાણમહિટ્ઠગા-અસ્નાનનો આશ્રય કરનારા |
| વયં-વ્રત | |

**ભાવાર્થ**-આ જ કારણથી ઠંડા કે ગરમ જળથી સાધુઓ સ્નાન કરતા નથી, પણ જાવજ્જીવ સુધી સ્નાન ન કરવા રૂપ ઘોર વ્રતનો આશ્રય કરનારા થાય છે. ૬૩.

**सिणाणं अदुवा कक्कं, लुद्धं पउमगाणि अ ।**
**गायस्सुव्वट्टणट्ठाए, नायरंति कयाइवि ॥६४॥**

(सं० छा०) स्नानमथवा कल्कं, लोध्रं पद्मकानि च ।
गात्रस्योद्वर्त्तनार्थं, नाचरन्ति कदाचिदपि ॥६४॥

કક્કં–કલ્ક ( ચંદનાદિ સુગંધી દ્રવ્ય )
લુદ્ધં–લોધ્ર, લોદર
પઉમગાણિ–કેસર
ગાયસ્સ–શરીરના
ઉવ્વટ્ટણટ્ઠાએ–ઉદ્વર્તન અર્થે
નાયરંતિ–આચરતા નથી

**ભાવાર્થ**–વળી સ્નાન અથવા ચંદનાદિ લેપ, લોધ્ર, કેસરાદિ વિવિધ પ્રકારના સુગંધી દ્રવ્યો શરીરને ચોળાવવા નિમિત્તે સાધુ વાપરતા નથી. ૬૪. ઇતિ સત્તરમું સ્થાન.

**नगिणस्स वावि मुंडस्स, दीहरोमनहंसिणो ।**
**मेहुणा उवसंतस्स, किं विभूसाइ कारिअं ॥६५॥**

(सं० छा०) नग्नस्य वापि मुण्डस्य, दीर्घरोमनखवतः (खांशिनः)
मैथुनादुपशान्तस्य, किं विभूषया कार्यम् ॥६५॥

નગિણસ્સ–નગ્ન, પ્રમાણોપેત વસ્ત્રધારી
મુંડસ્સ–સાધુને
દીહ–દીર્ઘ
રોમ–રૂંવાટાં
નહંસિણો–દીર્ઘ નખવાળા
ઉવસંતસ્સ–ઉપશાન્ત થયેલાને
વિભૂસાઇ–શોભાથી
કારિઅં–કરવું

**ભાવાર્થ**–નગ્ન અથવા થોડા પ્રમાણોપેત વસ્ત્ર રાખવાવાળા, દ્રવ્ય–ભાવથી મુંડિત થએલ, દીર્ઘ રોમ અને નખવાળાં જિનકલ્પિને તથા મૈથુનથી શાન્તિ પામેલા સ્થવિરકલ્પીઓને ભૂષા કરવાનું શું પ્રયોજન છે? કોઈ નહિ. ૬૫.

**विभूसावत्तिअं भिक्खू, कम्मं बंधइ चिक्कणं ।**
**संसारसायरे घोरे, जेणं पडइ दुरुत्तरे ॥६६॥**

(सं० छा०) विभूषाप्रत्ययं भिक्षुः, कर्म्म बध्नाति चिक्कणम् ।
संसारसागरे घोरे, येन पतति दुरुत्तरे ॥६६॥

| | |
|---|---|
| વિભૂસાવિત્તિયં–આભૂષણ નિમિત્તે | પડઈ–પડે છે |
| ચિક્કણં–ચીકણું | સંસારસાયરે–સંસારસમુદ્રમાં |
| | દુરુત્તરે–દુઃખે ઉતરી શકાય એવા |

**ભાવાર્થ**–સાધુઓ વિભૂષા નિમિત્તે ઘણાં ચીકણાં કર્મ બાંધે છે, કે જેથી દુઃખે ઉતરી શકાય એવા ઘોર સંસારસમુદ્રમાં તેઓ પડે છે. ૬૬.

**विभूसावत्तिअं चेअं, बुद्धा मन्नंति तारिसं ।**
**सावज्जबहुलं चेअं, नेअं ताईहिं सेविअं ॥६७॥**

(सं० छा०) विभूषाप्रत्ययं चेतः, बुद्धा मन्यन्ते तादृशम् ।
सावद्यबहुलं चैतत्, नैतत् त्रातृभिः सेवितम् ॥६७॥

| | |
|---|---|
| વિભૂસાવત્તિઅં–વિભૂષાના સંકલ્પ સહિત | સાવજ્જબહુલં–ઘણા પાપનું કારણ |
| ચેઅં–ચિત્તને | તાઇહિં–આત્મારામી |
| બુદ્ધા–તીર્થંકરો | ન સેવિઅં–નહિ સેવેલું |

**ભાવાર્થ**–વિભૂષા સંબંધી સંકલ્પવાળા ચિત્તને પણ શ્રી તીર્થંકરદેવો વિભૂષાના જેવું માને છે, માટે આર્ત્તધ્યાન દ્વારા ઘણા પાપવાળા એવા ચિત્તને આત્મારામી મુનિઓ સેવતા નથી. ૬૭. ઇતિ અઢારમું સ્થાન.

**खवंति अप्पाणममोहदंसिणो,**
**तवे रया संजमअज्जवे गुणे ।**

धुणंति पावाइं पुरेकडाइं,
नवाइं पावाइं न ते करंति ॥६८॥

(सं० छा०) क्षपयन्त्यात्मानममोहदर्शिनः,
तपसि रताः संयमार्जवगुणे ।
धुन्वन्ति पापानि पुराकृतानि,
नवानि पापानि न ते कुर्वन्ति ॥६८॥

| | |
|---|---|
| ખવંતિ–શોધે છે | સંજમ–સંયમ |
| અપ્પાણં–આત્માને | અજ્જવે–આર્જવ ગુણ છે જેમાં એવા |
| અમોહદંસિણો–મોહરહિત વસ્તુને જોનારા | ધુણંતિ–ખપાવે છે |
| તવે–તપમાં | પુરેકડાઇં–પૂર્વે કરેલાં |
| રયા–રક્ત | નવાઇં–નવાં |

**ભાવાર્થ**–વસ્તુધર્મને યથાવસ્થિત દેખનારા મુનિઓ, તે તે મનોયોગથી અનુપશાન્ત આત્માને શમની સાથે જોડી જીવને શાન્ત કરનારા, તેમજ સંયમ અને આર્જવના ગુણવાળા, તપમાં રસિક થઈને પૂર્વસંચિત પાપોને ખપાવે છે અને નવાં પાપોને તેઓ કરતા નથી ૬૮.

सओवसंता अममा अकिंचणा,
सविज्जविज्जाणुगया जसंसिणो ।
उउप्पसन्ने विमलेव चंदिमा,
सिद्धिं विमाणाइं उवेंति तायिणो ॥६९॥

त्ति बेमि.

छट्ठं धम्मत्थकामज्झयणं समत्तं ।

(सं० छा०) सदोपशान्ता अममा अकिञ्चनाः,
स्वविद्यविद्यानुगता यशस्विनः ।
ऋतौ प्रसन्ने विमल इव चन्द्रमाः,
सिद्धिं विमानान्युपयान्ति त्रायिनः ॥६९॥

इति ब्रवीमि.

षष्ठं धर्मार्थकामाध्ययनं समाप्तम् ।

| | |
|---|---|
| સઓવસંતા–નિરંતર ઉપશાન્ત | ઉઉઉપ્પસન્ને–શરદઋતુમાં |
| અમમા–મમતારહિત | વિમલ–નિર્મલ |
| અકિંચણા–પરિગ્રહરહિત | ચંદિમા–ચંદ્રમા |
| સવિજ્જવિજ્જાણુગયા–પોતાની પરલોકોપકારિણી વિદ્યાયુક્ત | સિદ્ધિં–મોક્ષમાં |
| જસંસિણો–યશસ્વી | વિમાણાઇં–વિમાનમાં |
| | ઉવંતિ–ઉત્પન્ન થાય છે |

**ભાવાર્થ**–નિરંતર ઉપશાન્ત, મમતારહિત, પરિગ્રહરહિત, પરલોકોપકારિણી, આત્મવિદ્યા સહિત, યશસ્વી, શરદઋતુના ચંદ્રની માફક નિર્મલ–ભાવમલરહિત અને સ્વ–પરરક્ષક સાધુઓ મોક્ષમાં જાય છે તથા જો કર્મ શેષ રહ્યાં હોય, તો તેઓ વૈમાનિક દેવલોકમાં જાય છે. ૬૯.

–ઇતિ મહાચાર કથા નામક ષષ્ઠં અધ્યયનમ્.

❋

## ૭. સુવાક્યશુદ્ધિ નામક અધ્યયનમ્

**चउण्हं खलु भासाणं, परिसंखाय पन्नवं ।**
**दुण्हं तु विणयं सिक्खे, दो न भासिज्ज सव्वसो ॥१॥**

(सं० छा०) चतसृणां खलु भाषाणां, परिसंख्याय प्रज्ञावान् ।
द्वाभ्यां तु विनयं शिक्षेत, द्वे न भाषते सर्वशः ॥१॥

ચઉણ્હં–ચાર
ભાષાણં–ભાષાઓને
પરિસંખાય–જાણીને
પન્નવં–બુદ્ધિમાન
દુણ્હં–બેનો
વિણયં–શુદ્ધ પ્રયોગ કરવાને
સિક્ખે–શીખે, જાણે
ભાસિજ્જ–બોલે
સવ્વસો–સર્વ પ્રકારે

**ભાવાર્થ**–બુદ્ધિમાન પુરુષોએ સત્ય આદિ ચાર ભાષાને જાણીને, તેમાંથી બે ભાષાઓને નિર્દોષ રૂપે બોલવામાં ઉપયોગ કરવો અને બીજી બે ભાષાઓ સર્વથા બોલવી નહિ. ૧.

**जा अ सच्चा अवत्तव्वा, सच्चामोसा अ जा मुसा ।**
**जा अ बुद्धेहिं नाइन्ना, न तं भासिज्ज पन्नवं ॥२॥**

(सं० छा०) या च सत्या अवक्तव्या, सत्यामृषा च या मृषा ।
या च बुद्धैरनाचरिता, नैनां भाषेत प्रज्ञावान् ॥२॥

જા–જે
અસચ્ચા–અસત્ય
અવત્તવ્વા–નહિ બોલવાયોગ્ય
સચ્ચામોસા–સત્યામૃષા
મુસા–અસત્ય
નાઇણ્ણા–અનાચીર્ણ

ભાવાર્થ-ભાષા ચાર પ્રકારની છે. ૧-સત્યભાષા, ૨-અસત્યભાષા, ૩-સત્યામૃષા એટલે મિશ્ર, કાંઈક સાચી અને કાંઈક જુટ્ઠી, અને ૪-અસત્યામૃષા ( વ્યવહારભાષા-સાચી તથા જુટ્ઠી પણ નહિ ). આ ચાર પ્રકારની ભાષામાં પ્રથમ ભાષા સત્ય બોલવું તે છે. પરંતુ જો સત્ય વચન હોવા છતાં સાવદ્ય (પાપકારી) હોય અને બીજાને નુકશાન થાય તેવું હોય, તો સાધુને તે બોલવાલાયક નથી. (૧) મિશ્રભાષા અને અસત્યભાષા-આ બે ભાષા તો સર્વથા બોલવાલાયક નથી, કેમ કે-શ્રી તીર્થંકરદેવે તે ભાષા આદરી નથી, તેમજ ચોથી જે વ્યવહારભાષા, તે પણ અયોગ્ય રીતે બુદ્ધિમાન સાધુએ બોલવી નહિ. ૨.

**असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं ।**
**समुप्पेहमसंदिद्धं, गिरं भासिज्ज पन्नवं ॥३॥**

(सं० छा०) असत्यामृषां सत्यां च, अनवद्यामकर्कशाम् ।
सम्प्रेक्ष्यासंदिग्धां, गिरं भाषेत प्रज्ञावान् ॥३॥

| | |
|---|---|
| અસચ્ચમોસં-અસત્યામૃષા | સમુપ્પેહં-સારી રીતે વિચારી |
| સચ્ચં-સત્યભાષા | અસંદિદ્ધં-સંદેહ વિનાની |
| અણવજ્જં-નિર્દોષ | ગિરં-વાણી |
| અકક્કસં-કઠોરતા રહિત | ભાસિજ્જ-બોલે |

ભાવાર્થ-નિર્દોષ, પાપ વિનાની, કઠોરતા રહિત, સ્વ-પર ઉપકારી અને સંદેહશૂન્ય, એવી વ્યવહારભાષા તથા સત્યભાષા-આ બે પ્રકારની ભાષા બુદ્ધિમાન સાધુએ બોલવી. ૩.

**एअं च अट्ठमन्नं वा, जं तु नामेइ सासयं ।**
**स भासं सच्चमोसंपि, तंपि धीरो विवज्जए ॥४॥**

(सं० छा०) एतं चार्थमन्यं वा, यस्तु नामयति शाश्वतम् ।
सभाषा सत्यामृषामपि, तामपि धीरो विवर्जयेद् ।४।

એઅં–આ
અટ્ઠં–વિષય
અન્નં–બીજો
જં–જે
સાસયં–શાશ્વત, મોક્ષ
નામેઇ–હરકત કરે
સચ્ચમોસં–સત્યામૃષા
ધીરો–ડાહ્યો માણસ
વિવજ્જએ–વિશેષે ત્યાગે

ભાવાર્થ–પૂર્વે નિષેધ કરેલી સાવદ્ય તથા કઠોર ભાષા અને તેના જેવી બીજી પણ ભાષા, કે જે ભાષા મોક્ષને પ્રતિકૂળ છે, તેવી વ્યવહારભાષા તથા સત્યભાષા બુદ્ધિમાન સાધુએ બોલવી નહિ. ૪.

**वितहंपि तहामुत्तिं, जं गिरं भासए नरो ।**
**तम्हा सो पुट्ठो पावेणं, किं पुणं जो मुसं वए? ॥५॥**

(सं० छा०) वितथमपि तथामूर्तिं, यां गिरं भाषते नरः ।
तस्मादसौ स्पृष्टः पापेन, किं पुनर्यो मृषा वक्ति ।५।

વિતહં–સત્ય
તહામુત્તિં–તથામૂર્તિ, સાચા જેવો
નરો–માણસ
પુટ્ઠો–સ્પર્શાયેલો, લેપાએલો
પાવેણં–પાપથી
કિં પુણં–તો શું કહેવું
વએ–બોલે

**ભાવાર્થ**-અસત્ય છતાં સત્ય વસ્તુના જેવા સ્વરૂપને પામેલો, તેનો આશ્રય લઈને તેવું વચન બોલતાં, તે બોલનાર પુરુષ પાપથી લેપાય છે ( પાપ બાંધે છે ), તો જે માણસ અસત્ય બોલે છે, તે પાપથી લેપાય તેમાં શું કહેવું ? ૫.

**तम्हा गच्छामो वक्खामो, अमुगं वा णे भविस्सइ ।**
**अहं वा णं करिस्सामि, एसो वा णं करिस्सइ ॥६॥**

(सं० छा०) तस्माद् गमिष्यामि वक्ष्यामः,
अमुकं वा नो भविष्यति ।
अहं वेदं करिष्यामि, एष वा वै करिष्यति ॥६॥

**एवमाइ उ जा भासा, एसकालंमि संकिआ ।**
**संपयाइअमट्ठे वा, तंपि धीरो विवज्जए ॥७॥**

(सं० छा०) एवमाद्यातु या भाषा, एष्यत्काले शङ्किता ।
साम्प्रतातीर्थयोर्वा, तामपि धीरो विवर्जयेद् ॥७॥

ગચ્છામો-જઈશું
વક્ખામો-કહીશું
અમુગં-અમુક
ણે-અમારૂં
ભવિસ્સઇ-થશે
ણં-આ, અમારૂં
એસો-એ સાધુ
કરિસ્સઈ-કરશે
એવમાઇ ઉ-ઇત્યાદિક
એસકાલંમિ-ભવિષ્યકાળમાં
સંકિઆ-શંકિત
સંપયાઈઅમટ્ઠે-વર્તમાન, ભૂતની વાતો

**ભાવાર્થ**-અસત્ય છતાં સત્ય વસ્તુના જેવું સ્વરૂપ પામેલી વસ્તુ આશ્રયી વચનથી કર્મ બંધાય છે, તો "અમે જઈશું જ,

અમે આમ કહીશું, અમારૂં અમુક કામ થશે નહિ, અથવા અમે આ કામ કરીશું અથવા આ અમારૂં કામ કરશે ' ઈત્યાદિ આવતા કાળ સંબંધી શંકાવાળી ભાષા, તેમજ વર્તમાનકાળ સંબંધી તથા અતીતકાળ સંબંધી ભાષા, બુદ્ધિમાન સાધુઓએ બોલવી નહિ; કેમ કે–બોલ્યા પ્રમાણે કોઈ કારણથી જો ન બન્યું, તો અસત્યનો દોષ તથા લોકમાં લઘુતા વગેરે થાય છે. ૬–૭.

**अईअंमि अ कालंमि, पच्चुप्पण्णमणागए ।**
**जमट्ठं तु न जाणिज्जा, एवमेअं ति नो वए ॥८॥**

(सं० छा०) अतीते च काले, प्रत्युत्पन्नेऽनागते ।
यमर्थं तु न जानीयात्, एवमेतदिति न ब्रूयात् ।८।

| | |
|---|---|
| અઇયંમિ–અતીતમાં | જમટ્ઠં–જે વસ્તુને માટે |
| કાલંમિ–કાળમાં | જાણિજ્જા–જાણે |
| પચ્ચુપ્પણ્ણં–વર્તમાન | એવમેઅં–આ એ જ |
| અણાગએ–ભવિષ્યમાં | નો વએ–બોલે નહિ |

ભાવાર્થ–અતીતકાળ સંબંધી તેમજ વર્તમાનકાળ તથા ભવિષ્યકાળ સંબંધી જે વસ્તુને પોતે ન જાણી હોય, તેના સંબંધમાં ' તે આમ જ છે કે આ પ્રમાણે હતી ' –એમ સાધુઓએ બોલવું નહિ. ૮.

**अईअंमि अ कालंमि, पच्चुप्पन्नमणागए ।**
**जत्थ संका भवे तं तु, एवमेअं ति नो वए ॥९॥**

(सं० छा०) अतीते काले, प्रत्युत्पन्नेऽनागते ।
यत्र शङ्का भवेत्तं तु, एवमेतदिति न ब्रूयात् ॥९॥

જત્થ–જ્યાં | ભવે–થાય, હોય
સંકા–વહેમ, શંકા

**ભાવાર્થ**–અતીત, ભવિષ્ય કે વર્તમાનકાળ સંબંધી જે વસ્તુમાં શંકા હોય, તે વસ્તુના સંબંધમાં 'તે વસ્તુ આમ જ છે'–એમ સાધુઓએ બોલવું નહિ. ૯.

**अईअंमि अ कालंमि, पच्चुप्पण्णमणागए।**
**निस्संकिअं भवे जं तु, एवमेअं तु निद्दिसे ॥१०॥**

(सं० छा०) अतीते च काले, प्रत्युत्पन्नेऽनागते ।
निःशङ्कितं भवेद्यत्तु, एवमेतदिति तु निर्दिशेत्।१०।

નિસ્સંકિઅં–વહેમ વગરનું | નિદ્દિસે–કહે

**ભાવાર્થ**–ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં જે વસ્તુનાં સંબંધમાં નિઃશંકપણું હોય તથા તે નિષ્પાપ હોય, તો તે વસ્તુ આ પ્રમાણે છે–એમ સાધુઓએ કહેવું. ૧૦.

**तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी ।**
**सच्चावि सा न वत्तवा, जओ पावस्स आगमो ॥११॥**

(सं० छा०) तथैव परुषा भाषा, गुरुभूतोपघातिनी ।
सत्यापि सा न वक्तव्या, यतः पापस्यागमः ॥११॥

તહેવ–તેમજ
ફરુસા–કઠોર
ગુરુભૂઓવઘાઈણી–ઘણા પ્રાણીઓનો ભક્ષ કરનારી
ન વત્તવ્વા–ન બોલવી
જઓ–જેથી

**ભાવાર્થ**-વળી કઠોર ( ભાવસ્નેહ વગરની ) તથા જેનાથી પાપની પ્રાપ્તિ થાય તેવી અને મહા જીવોનો નાશ કરનારી સત્ય ભાષા પણ સાધુઓએ બોલવી નહિ. ૧૧.

**तहेव काणं काणत्ति, पंडगं पंडगत्ति वा ।**
**वाहिअं वावि रोगत्ति, तेणं चोरत्ति नो वए ॥१२॥**

(सं० छा०) तथैव काणं काण इति, पण्डकं पण्डक इति ।
व्याधितं वाऽपि रोगीति, स्तेनं चोर इति नो वदेत् ।१२।

| | |
|---|---|
| કાણં-કાણાને | વાહિઅં-રોગીને |
| પંડગં-નપુંસકને | તેણં-ચોરને |

**ભાવાર્થ**-વળી કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગવાળાને રોગી અને ચોરને ચોર સાધુઓએ કહેવો નહિ. તેમ કહેવાથી અપ્રીતિ, લજ્જાનો નાશ, સ્થિર રોગ અને જ્ઞાનવિરાધના વગેરે દોષો પેદા થાય છે. ૧૨.

**एएणऽन्नेण अट्ठेणं, परो जेणुवहम्मइ ।**
**आयारभावदोसन्नू, न तं भासिज्ज पन्नवं ॥१३॥**

(सं० छा०) एतेनान्येनार्थेन, परो येनोपहन्यते ।
आचारभावदोषज्ञो, न तं भाषेत प्रज्ञावान् ॥१३॥

| | |
|---|---|
| એએણ-એ વડે | જેણ-જે વડે |
| અણ્ણેણ-બીજા વડે | ઉવહમ્મઇ-હણાય |
| અટ્ઠેણં-શબ્દ વડે, અર્થ વડે | આયારભાવદોસન્નૂ-આચાર, ભાવ, દોષના જાણ |
| પરો-બીજો | |

**ભાવાર્થ**-આચાર, ભાવ અને દોષના જાણ બુદ્ધિમાન સાધુઓએ, આ પૂર્વે કહેલા તથા બીજા પણ શબ્દો દ્વારા બીજાને દુ:ખ થાય તેવા શબ્દો બોલવા નહિ. ૧૩.

**तहेव होले गोलित्ति, साणे वा वसुलित्ति अ।**
**दुमए दुहए वावि, नेवं भासिज्ज पन्नवं ॥१४॥**

(सं० छा०) तथैव होलो गोल इति, श्वा वा वसुल इति च।
द्रमको दुर्भगो वाऽपि, नैवं भाषेत प्रज्ञावान् ॥१४॥

| | |
|---|---|
| હોલે-મૂર્ખ | ઇતિ-એમ |
| ગોલ-જારથી પેદા થયેલ | દુમ્મએ-ભિખારી |
| સાણે-કુતરા | દુહએ-દુર્ભાગ્ય |
| વસુલ-છીનાળવા | |

**ભાવાર્થ**-વળી બુદ્ધિમાન સાધુએ, મૂર્ખ, જારથી પેદા થએલ, કુતરા, છીનાળવા, ભિખારી અને દુર્ભાગી-એવા શબ્દો પણ કોઈને કહેવા નહિ. ૧૪.

**अज्जिए पज्जिए वावि, अम्मो माउसिअत्ति अ।**
**पिउस्सिए भायणिज्जत्ति, धूए णत्तुणिअत्ति अ ॥१५॥**
**हले हलित्ति अन्नित्ति, भट्टे सामिणि गोमिणि।**
**होले गोले वसुलित्ति, इत्थिअं नेवमालवे ॥१६॥**

(सं० छा०) आर्यिके प्रार्यिके वाऽपि, अम्ब ! मातृष्वस इति च।
पितृष्वसः ! भागिनेयीति, दुहितः ! नप्त्रीति च ॥१५॥

(सं० छा०) हले हले इति अन्ने इति, भट्टे स्वामिनि ! गोमिनि ! ।
होले गोले वसुले इति, स्त्रियं नैवमालपेत् ॥१६॥

| | |
|---|---|
| અજ્જિએ–આર્યિકે | ભાયણિજ્જ–ભાણેજી |
| પજ્જિએ–પ્રાર્યિકે | ધૂએ–પુત્રી |
| અમ્મો–માતા | ણત્તુણિઅ–પૌત્રી |
| માઉસિઉ–માસી | ભટ્ટે–હે ભટ્ટે |
| હલે હલિત્તિ–હલે અલી, એમ | સામિણિ–હે સ્વામિનિ |
| અન્નિત્તિ–હે અન્ને, એમ | ગોમિણિ–ગોમિનિ |
| પિઉસિએ–ફોઇ | |

**ભાવાર્થ**–હે આર્યિકે, (દાદી) હે પ્રાર્યિકે (અપરદાદી), માતા, માસી, ફોઈ, ભાણેજી, પુત્રી, પૌત્રી, હલે, અલી, અન્ને, ભટ્ટે, સ્વામિનિ, ગોમિનિ, હોલે, ગોલે, છીનાલણ આદિ શબ્દોથી સ્ત્રીને બોલાવવી નહિ. આમાંથી હોલા વગેરે કેટલાક શબ્દો બીજા દેશોની અપેક્ષાએ નિંદાવાચક છે, તેમ કેટલાક શબ્દો પ્રીતિ ઉત્પન્ન કરનારા છે. આમ બોલવાથી નિંદા, દ્વેષ અને પ્રવચનની લઘુતા થાય છે. ૧૫–૧૬.

नामघिज्जेण णं बूआ, इत्थीगुत्तेण वा पुणो ।
जहारिहमभिगिज्झ, आलविज्ज लविज्ज वा ॥१७॥

(सं० छा०) नामधेयेनैनां ब्रूयात्, स्त्रियं गोत्रेण वा पुनः ।
यथार्हमभिगृह्य, आलपेल्लपेद्वा ॥१७॥

| | |
|---|---|
| નામધિજ્જેણ–નામ દઈને | ઈત્થીગુત્તેણ–સ્ત્રીના ગોત્ર વડે |
| ણં–આને | પુણો–વળી |
| બૂઆ–બોલાવે | જહારિહં–યથાયોગ્ય |

| | |
|---|---|
| **અભિગિજ્ઝ**–દેશકાળને અનુસારી | **આલવિજ્જ**–થોડું બોલાવે<br>**લવિજ્જ**–ઘણું બોલાવે |

**ભાવાર્થ**–કોઈ પણ કારણ પડવાથી સાધુઓએ તે સ્ત્રીનું નામ લઈને બોલાવવી અથવા સ્ત્રીના ગોત્રથી યથાયોગ્ય દેશ-કાળને અનુસરી, ગુણ–દોષ વિચારીને થોડું અગર ઝાઝું બોલાવે. જેમ કે–હે દેવદત્તા! કાશ્યપગોત્રી, બાલા, વૃદ્ધા, ધર્મશીલા, ધર્મપ્રિયા વગેરે શબ્દોથી બોલાવવી. ૧૭.

**अज्जए पज्जए वावि, वप्पो चुल्लपिउ त्ति अ।**
**माउला भाइणिज्जत्ति, पुत्ते नत्तुणिअ त्ति अ॥१८॥**
**हे हो हलि त्ति अन्नित्ति, भट्टे सामिअ गोमिअ।**
**होल गोल वसुलि त्ति, पुरिसं नेव-मालवे॥१९॥**

(सं० छा०) आर्यक! प्रार्यक! वाऽपि, वप्प! चुल्लपितरिति च।
मातुल! भागिनेयेति, पुत्र! नप्तर्! इति च॥१८॥
हे भो हलेति अन्नेति, भर्त्तः! स्वामिन् गोमिन्!
होल! गोल! वसुल इति, पुरुषं नैवमालपेद्॥१९॥

| | |
|---|---|
| **બપ્પો**–બાપા, પિતા | **પુત્ત**–પુત્ર |
| **ચુલ્લપિઉ**–કાકા | **ણત્તુણિઅ**–પૌત્ર |
| **માઉલ**–મામા | **હે, હો**–ભો, અરે |
| **ભાઇણિજ્જ**–ભાણેજ | **આલવે**–બોલાવે |

**ભાવાર્થ**–હે આર્યક, પ્રાર્યક, પિતા, કાકા, મામા, ભાણેજ, પુત્ર, પૌત્ર, હે, ભો, હલ, અન્ન, ભટ્ટ, સ્વામી, ગોમી, હોલ, ગોલ, વસુલ, એ આદિ નામોથી પુરુષોને બોલાવવા નહિ.

આમ બોલવાથી રાગ, દ્વેષ, અપ્રીતિ આદિ દોષોનો સંભવ થાય છે. ૧૮-૧૯.

**नामधिज्जेण जं बूआ, पुरिसगुत्तेण वा पुणो ।**
**जहारिह-मभिगिज्झ, आलविज्ज लविज्ज वा ॥२०॥**

(सं० छा०) नामधेयेन यं ब्रूयात्, पुरुषं गोत्रेण वा पुनः ।
यथार्हमभिगृह्य, आलपेल्लपेद्वा ॥२०॥

**પુરિસગુત્તે**-પુરુષના ગોત્રથી

**ભાવાર્થ**-જે પુરુષને બોલાવવો હોય, તેનું નામ લઈ બોલાવવો અથવા ગોત્રવડે કરી અથવા યથાયોગ્ય ગુણ-દોષ વિચારીને થોડું યા ઝાઝું બોલાવે. ૨૦.

**पंचिंदिआण पाणाणं, एस इत्थी अयं पुमं ।**
**जाव णं न वि जाणिज्जा, ताव जाइत्ति आलवे ॥२१॥**

(सं० छा०) पञ्चेन्द्रियाणां प्राणिनां, एषा स्त्री अयं पुमान् ।
यावदेतन्न विजानीयात्तावज्जातिमित्यालपेत् ॥२१॥

પંચિંદિઆણ-પંચેન્દ્રિય
પાણાણં-જીવોને
એસ-આ
અયં-આ
પુમં-પુરુષ
જાઈત્તિ-જાતિને આશ્રીને

**ભાવાર્થ**-પંચેન્દ્રિય પ્રાણીઓમાં 'આ સ્ત્રી રૂપ ગાય છે' અગર 'આ પુરુષ રૂપ બળદ છે'-એમ દૂર રહેલા તિર્યંચોમાં સ્ત્રીનો કે પુરુષનો જ્યાં સુધી નિર્ણય ન થયો હોય, ત્યાં સુધી કોઈ કાર્યપ્રસંગે તે સંબંધમાં જો બોલવાની

જરૂર પડે, તો તેની જાતિથકી બોલાવવાં. જેમ કે-આ પશુનાં ટોળાંથી ગામનો માર્ગ કેટલેક દૂર છે? આમ ન બોલવાથી મૃષાવાદનો દોષ લાગે છે. ૨૧.

**तहेव माणुसं पसुं, पक्खिं वावि सरीसवं ।**
**थूले पमेइले वज्जे, पाइमे त्ति अ नो वए ॥२२॥**

(सं० छा०) तथैव मानुषं पशुं, पक्षिणं वाऽपि सरीसृपम् ।
स्थूलः प्रमेदुरो वध्यः, पाक्य इति च नो वदेत् ।२२।

| | |
|---|---|
| **પસું**-પશુને | **પમેઇલે**-ઘણા મેદવાળો |
| **પક્ખિં**-પક્ષીને | **વજ્જે**-વધ કરવાલાયક |
| **સરીસવં**-સર્પને, અજગરને | **પાઇમે**-પકાવવા લાયક |
| **થુલે**-જાડો | |

**ભાવાર્થ**-વળી મનુષ્ય, પશુ, પક્ષી અને સર્પાદિ પ્રત્યે આ જાડો છે, ઘણા મેદવાળો છે, અગર વધ કરવાયોગ્ય છે તથા પકાવવા લાયક છે, યા કાળને પ્રાપ્ત છે, એ પ્રમાણે સાધુએ બોલવું નહિ, કારણ કે-તેને તેથી અપ્રીતિ તથા વધાદિની શંકા થાય છે. ૨૨.

**परिवूढ त्ति णं बूआ, बूआ उवचिअ त्ति अ ।**
**संजाए पीणिए वा वि, महाकायत्ति आलवे ॥२३॥**

(सं० छा०) परिवृद्ध इत्येनं ब्रूयाद्, ब्रूयादुपचित इति च ।
संजातः प्रीणितो वाऽपि, महाकाय इति चालपेत् ।२३।

| | |
|---|---|
| **પરિવૂઢ**-પરિવૃદ્ધ, બળવાન | **પીણિએ**-પુષ્ટ |
| **ઉવચિઅ**-ઉપચિત શરીરવાળો | **મહાકાયં**-મોટા શરીરવાળો |
| **સંજાએ**-સારો ઉછરેલો | |

**ભાવાર્થ**–કારણ પડચે છતે, પૂર્વોક્ત જાડા માણસ આદિને આ બળવાન છે, અગર ઉપચિત શરીરવાળો છે તથા સારી રીતે ઉછરેલો, પુષ્ટ અને મહા કાયવાળો છે–એ પ્રમાણે સાધુએ બોલવું ૨૩.

**तहेव गाओ दुज्झाओ, दम्मा गोरहग त्ति अ।**
**वाहिमा रहजोगि त्ति, नेवं भासिज्ज पन्नवं ॥२४॥**

(सं० छा०) तथैव गावो दोह्या, दम्या गोरथका इति च।
वाह्या रथयोग्या इति, नैवं भाषेत प्रज्ञावान् ॥२४॥

| | |
|---|---|
| ગાઓ–ગાયો | વાહિમા–વહેવાયોગ્ય |
| દુજ્જાઓ–દોહવાલાયક | રહજોગ–રથયોગ્ય છે |
| દમ્મા–દમવાલાયક | પન્નવં–બુદ્ધિમાન |
| ગોરહગ–બળદ | |

**ભાવાર્થ**–વળી આ ગાયો દોવો અગર દોવાલાયક છે, આ બળદો (પલોટવા) લાયક છે, ભાર વગેરે ઉપાડનાર છે, અથવા રથમાં જોડવાલાયક છે, એ પ્રમાણે બુદ્ધિમાન સાધુઓએ બોલવું નહિ. આમ બોલવાથી તેના પાપમાં કારણ રૂપ તથા ત્યાગમાર્ગની લઘુતા આદિ દોષો પેદા થાય છે. ૨૪.

**जुवं गवित्ति णं बूआ, धेणुं रसदय त्ति अ।**
**रहस्से महल्लए वावि, वए संवहणि त्ति अ ॥२५॥**

(सं० छा०) युवा गौरिति वै ब्रूयाद्, धेनुं रसदेति च।
ह्रस्वं महल्लकं वाऽपि, वदेत् संवहनमिति च ॥२५॥

| | |
|---|---|
| જુવં ગવિત્તિ–જુવાન બળદ છે | રહસ્સે–નાનો |
| ધેણું–થોડા દિવસ ઉપર પ્રસવ પામેલી ગાય | મહલ્લએ–મોટો |
| રસદયત્તિ–દૂધ આપનારી | સંવહણ–ધોરી |

**ભાવાર્થ**–કોઈ કાર્ય આવ્યે છતે, દમવાલાયક બળદોને દેખી એમ કહેવું કે–'આ બળદ જુવાન છે, ગાય દૂધ આપનારી છે;' ભાર વગેરે ઉપાડનાર બળદોને જોઈ, આ બળદ નાના કે મોટા છે અને રથને યોગ્ય દેખીને આ ધોરી બળદ છે; આ વગેરે નિષ્પાપ શબ્દો સાધુએ બોલવા. ૨૫.

**तहेव गंतुमुज्झाणं, पव्वयाणि वणाणि अ ।**
**रुक्खा महल्ल पेहाए, नेवं भासिज्ज पन्नवं ॥२६॥**
**अलं पासाय–खंभाणं, तोरणाणं गिहाण अ ।**
**फलिहग्गल–नावाणं, अलं उदग–दोणिणं ॥२७॥**

(सं० छा०) तथैव गत्वोद्यानं, पर्वतान् वनानि च ।
वृक्षान् महतो प्रेक्ष्य, नैवं भाषेत प्रज्ञावान् ॥२६॥
अलं प्रासादस्तम्भयोः, तोरणानां गृहाणां च ।
परिघार्गलानावां वा, अलमुदकद्रोणीनाम् ॥२७॥

| | |
|---|---|
| ગંતું–જઈને | મહલ્લ–મોટા |
| ઉજ્જાણં–બાગ, વાડીમાં | પેહાએ–જોઈને |
| પવ્વયાણિ–પર્વતો ઉપર | અલં–યોગ્ય |
| વણાણિ–વનમાં | પાસાએ–મહેલોના |
| રુક્ખા–વૃક્ષો | ખંભાણં–થાંભલાને |

| | |
|---|---|
| તોરણાણું–નગરના દરવાજાઓને | અગ્ગલ–આગળીઓ, અર્ગલા |
| ગિહાણ–ઘરોને માટે | નાવાણં–હોડીઓને |
| ફલિહ–ભોગળ | દોણિણં–રેંટની કુંડીઓને |

**ભાવાર્થ**–વળી ઉદ્યાનમાં, પર્વતો ઉપર અથવા વનમાં જઈને, મોટા વૃક્ષો જોઈને, બુદ્ધિમાન સાધુએ આમ કહેવું ન જોઈએ કે–આ વૃક્ષો મહેલ બાંધવામાં (થાંભલામાં, નગરના તોરણમાં, દરવાજાના બારણામાં, કમાનમાં), ઘર બાંધવામાં, પરિઘમાં (કમાડ બંધ કરી પછવાડે નાંખેલ લાકડાનો દંડ), અર્ગલામાં, નાવમાં તેમજ ઉદક દ્રોણી (રેંટને–જળને ધારણ કરનારી કાષ્ઠની બનાવટ) બનાવવા લાયક છે. ૨૬–૨૭.

**पीढए चंगबेरे अ, नंगले मइयं सिआ ।**
**जंतलट्ठी व नाभी वा, गंडिआ व अलं सिआ ॥२८॥**

**(सं० छा०) पीठकाय चंगबेराय, लाङ्गलाय मयिकाय स्यात् ।**
**यन्त्रयष्टयेवा नाभयेवा, गण्डिकायै वाऽलं स्युरेते ।२८।**

| | |
|---|---|
| પીઢએ–બાજોઠ | જંતલટ્ઠી–યંત્રની લાકડી |
| ચંગબેરે–કાષ્ઠપાત્ર | નાભિ–નાડી |
| નંગલે–હળ | ગંડિઆ–એરણ |
| મઈઅં–મયિક નામની વાવેલાં બીજને ઢાંકવામાં આવતી વસ્તુ | સિઆ–થશે |

**ભાવાર્થ**–વળી આ વૃક્ષો પીઠકને માટે, કાષ્ઠપાત્ર માટે, હળ માટે, વાવેલા બીજને ઢાંકવાના મયિક માટે, યંત્રની લાકડી માટે, ગાડાના પૈડા માટે અને એરણ માટે સમર્થ–લાયક છે, તેમ પણ સાધુએ ન કહેવું. ૨૮.

**आसणं सयणं जाणं, हुज्जा वा किंचुवस्सए।**
**भूओवघाइणिं भासं, नेवं भासिज्ज पन्नवं ॥२९॥**

(सं० छा०) आसनं शयनं यानं, भवेद्वा किञ्चिदुपाश्रये ।
भूतोपघातिनीं भाषां, नैवं भाषेत प्रज्ञावान् ॥२९॥

| | |
|---|---|
| જાણું-રથ | ભૂઓવઘાઇણિં-પ્રાણીઓને |
| ઉવસ્સએ-ઉપાશ્રયમાં. | પીડા કરનારી |

**ભાવાર્થ**-વળી ખુરશી-આસંદિકા, ખાટ, પલંગ, રથ આદિ યાન અથવા કાંઈક ઉપાશ્રયને ઉપયોગી વસ્તુ થશે, આવી રીતની પ્રાણીઓના ઘાત કરવાવાળી ભાષા બુદ્ધિમાન સાધુઓએ ન બોલવી. ૨૯.

**तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि अ।**
**रुक्खा महल्ल पेहाए, एवं भासिज्ज पन्नवं ॥३०॥**
**जाइमंता इमे रुक्खा, दीहवट्टा महालया ।**
**पयायसाला विडिमा, वए दरिसणि त्ति अ ॥३१॥**

(सं० छा०) तथैव गत्वोद्यानं, पर्वतान् वनानि च ।
वृक्षान् महतो प्रेक्ष्य, एवं भाषेत प्रज्ञावान् ॥३०॥
जातिमन्त एते वृक्षा, दीर्घवृत्ता महालयाः ।
प्रजातशाखा विटपिनः, वदेद्दर्शनीया इति च ॥३१॥

| | |
|---|---|
| જાઇમંતા-ઉંચી જાતના | વટ્ટા-ગોળાકાર |
| દીહ-દીર્ઘ | મહાલયા-મોટા વિસ્તારવાળા |

**પયાયસાલા**–ઉત્પન્ન થઈ છે ઘણી શાખાઓ જેમને એવા
**વિડિમા**–પ્રશાખાવાળાં
**વએ**–બોલે
**દરિસણિત્તિ**–દેખવા લાયક

**ભાવાર્થ**–ઉદ્યાન, પર્વત તથા વનમાં કે વન તરફ જતાં મોટાં વૃક્ષો દેખીને, બુદ્ધિમાન સાધુએ કારણ પડયે છતે (વિસામો કે તેનાથી નજીક માર્ગકથન આદિ કારણ પડયે છતે) આ પ્રમાણે બોલવું કે–આ વૃક્ષો જાતિવંત છે, (ઉત્તમ જાતિના) દીર્ઘ, ગોળ, મોટા વિસ્તારવાળા, શાખાવાળાં, પ્રતિશાખાવાળાં અને દર્શનીય છે. ૩૦–૩૧.

**तहा फलाइं पक्काइं, पायखज्जाइं नो वए ।**
**वेलोइयाइं टालाइं, वेहिमाइं ति नो वए ॥३२॥**

**(सं० छा०) तथा फलानि पक्कानि, पाकखाद्यानि नो वदेत् ।**
**वेलोचितानि टालानि, द्वैधिकानीति नो वदेत् ॥३२॥**

**ફલાઇં**–ફલો
**પક્કાઇં**–પાકાં
**પાયખજ્જાઇં**–ઘાસમાં રાખી પકાવીને
**વેલોઇયાઇં**–અતિ પાકેલ હોવાથી
**ટાલાઇં**–કોમળ
**વેહિમાઇં**–બે ભાગ કરવાલાયક

**ભાવાર્થ**–વળી આ આંબા આદિના ફળો પાકયા છે અથવા પકાવીને ખાવાલાયક છે તેમ ન કહેવું; તેમજ આ ફળો અતિશય પાકયાં હોવાથી તેને લઈ લેવાનો અવસર થયો છે, અગર કોમળ છે અથવા તે બે ભાગ કરવાલાયક છે; આ પ્રમાણે સાધુએ ન બોલવું. ૩૨.

असंथडा इमे अंबा, वहुनिव्वडिमा फला।
वइज्ज बहु संभूआ, भूअरूव त्ति वा पुणो ॥३३॥

(सं० छा०) असमर्था एते आम्राः, बहुनिर्वर्त्तितफलाः।
वदेद् बहुसंभूताः, भूतरूपा इति वा पुनः ॥३३॥

અસંથડા-ફળનો ભાર ધારણ કરવા અસમર્થ
અંબા-આંબાનાં
બહુનિવ્વડિમા ફલા-ઘણી ગોટલીવાળાં ફળો
ભૂઅરૂવ-ગોટલી બંધાયા વિનાનાં ફળો

**ભાવાર્થ**-આ આંબાનાં વૃક્ષો અતિ ભારે કરીને ફળને ધારણ કરવા અસમર્થ છે. આ વૃક્ષ ઉપર ગોટલીવાળાં ઘણાં ફળો બનેલાં છે, તથા આ ફળો અતિશય પાકયાં હોઈ લઈ લેવાને લાયક થયાં છે અને ગોટલી બંધાયા વિનાના ફળો પણ છે; આવી રીતે નિર્દોષ વચન સાધુએ બોલવા. ૩૩.

[तहेवो] तहोसहिओ पक्काओ,
नीलिआओ छवीइ अ।
लाइमा भज्जिमाउत्ति,
पिहुखज्ज त्ति नो वए ॥३४॥

(सं० छा०) तथौषधयः पक्वा, नीलाश्छवय इति च।
लवनवत्यो भर्जनवत्यः, पृथुकभक्ष्या इति नो वदेत् ।३४।

ઓસહિઓ-ડાંગર વગેરે અનાજ
પક્કાઓ-પાકેલી
નીલિઆઓ છવીઇ-વાલ, ચોળા
લાઇમા-લણવાલાયક

ભજ્જિમાઓ–સેકવાલાયક | પિહુખજ્જ–પોંક કરીને ખાવાલાયક

**ભાવાર્થ**–વળી ડાંગર આદિ ઔષધિઓ તથા વાલ, ચોળા વગેરે કઠોળ પાકયાં છે, તે લણવાલાયક, ભૂંજવાલાયક અને પોંક કરીને ખાવાલાયક છે, એમ સાધુએ બોલવું નહિ. ૩૪.

**रूढा बहुसंभूआ, थिरा ओसढा वि अ ।**
**गब्भिआओ पसूआओ, ससाराउ त्ति आलवे ॥३५॥**

**(सं० छा०) रूढा बहुसंभूताः, स्थिरा उत्सृता अपि च ।**
**गर्भिताः प्रसूताः, ससारा इत्यालपेत् ॥३५॥**

રૂઢા–ઉગેલી
બહુસંભૂઆ–નિપજવા આવેલી
થિરા–સંપૂર્ણ નિપજેલી
ઓસઢા–ઉપઘાતથી નીકળેલી
ગબ્ભિઆઓ–જેના ડોડા બહાર નીકળ્યા નથી એવી
પસૂઆઓ–ડોડા બહાર નીકળ્યા છે એવી
સસારાઉ–ડાંગર આદિ સાર વસ્તુ જેને માથે તૈયાર થયેલી

**ભાવાર્થ**–માર્ગ દેખાડવા રૂપ કારણ પડયેથી તે, આ ડાંગર વગેરે ઉગી છે, નીપજવા આવી છે, સંપૂર્ણ નીપજી છે, ઉપઘાતથી નીકળી છે, ડોડાઓ બહાર આવ્યા નથી અગર આવ્યા છે તથા ડાંગર આદિ સારી રીતે પેદા થઈ છે,–આ પ્રમાણે નિર્દોષ ભાષા સાધુએ બોલવી. ૩૫.

**तहेव संखडिं नच्चा, किच्चं कज्जं ति नो वए ।**
**तेणगं वावि वज्झत्ति, सुतित्थि त्ति अ आवगा ।३६।**

(सं० छा०) तथैव संखडिं ज्ञात्वा, कृत्यं कार्यमिति नो वदेत्।
स्तेनकं वाऽपि वध्य इति, सुतीर्था इति च आपगा ।३६।

સંખડિં–જેમાં પ્રાણીઓનાં આયુષ્યો ખંડિત થાય છે એવી ક્રિયાને
નચ્ચા–જાણીને
કિચ્ચં–કામ, કૃત્ય
કજ્જં–કરવાયોગ્ય
તેણગં–ચોરને
વજ્ઝિત્તિ–વધ કરવાયોગ્ય એમ
સુતિત્થિ ત્તિ–સુખે તરવાયોગ્ય એમ
આવગા–નદીઓ

**ભાવાર્થ**–પિતૃ આદિની તૃપ્તિને અર્થે જો કોઈ જમણ કરતું હોય, તો આ કરવાલાયક છે–એમ કહેવું નહિ, તથા ચોર વધ કરવાલાયક છે–એમ પણ કહેવું નહિ, તેમજ કોઈએ પૂછ્યે છતે આ નદી સુખે ઉતરવાલાયક છે–એમ પણ સાધુએ કહેવું નહિ. ૩૬.

**संखडिं संखडिं ब्रूआ, पणिअट्ठं ति तेणगं ।**
**बहुसमाणि तित्थाणि, आवगाणं विआगरे ॥३७॥**

(सं० छा०) संखडिं संखडिं ब्रूयात्, पणितार्थ इति स्तेनकम्।
बहुसमानि तीर्थानि, आपगानां व्यागृणीयात् ।३७।

પણિઅટ્ઠં–પોતાના જીવને જોખમમાં નાખી સ્વાર્થસાધક
સમાણિ–સરખા
તિત્થાણિ–ઉતરી જવાના માર્ગો
વિઆગરે–કહે

**ભાવાર્થ**–જો કાર્યપ્રસંગે બોલવાની જરૂર પડે, તો સંખડીને સંખડી કહેવી, ચોરને પોતાના જીવને જોખમમાં નાંખીને સ્વાર્થ સાધનાર કહેવો અને નદીને ઉતરવાનો રસ્તો ઘણો સરખો છે,–આવી ભાષા સાધુએ બોલવી. ૩૭.

**तहा नइओ पुण्णाओ, कायतिज्ज त्ति नो वए ।**
**नावाहिं तारिमाओ त्ति, पाणिपिज्ज त्ति नो वए ।३८।**

(सं० छा०) तथा नद्यः पूर्णाः, कायतरणीया इति नो वदेत् ।
नौभिस्तरणीया इति, प्राणिपेया इति नो वदेत् ।३८।

| | |
|---|---|
| **પુણ્ણાઓ**–પૂર્ણ ભરેલી | **તારિમાઓ**–તરવાયોગ્ય |
| **કાયતિજ્જ**–શરીરથી તરવાયોગ્ય | **પાણિપિજ્જ**–પ્રાણીઓથી પીવા-યોગ્ય |
| **નાવાહિં**–હોડીઓથી | |

**ભાવાર્થ**–વળી આ નદીઓ ભરેલી છે. તે શરીરથી તરી શકાય તેમ છે અથવા નાવથી ઉતરી શકાય તેમ છે અને કાંઠે રહીને પ્રાણીઓથી પાણી પી શકાય તેમ છે,–આવી રીતે સાધુઓએ બોલવું નહિ. ૩૮.

**बहुवाहडा अगाहा, बहुसलिलुप्पिलोदगा ।**
**बहुवित्थडोदगा आवि, एवं भासिज्ज पन्नवं ॥३९॥**

(सं० छा०) बहुभृता अगाधा, बहुसलिलोत्पीलोदकाः ।
बहुविस्तीर्णोदकाश्चापि, एवं भाषेत प्रज्ञावान् ॥३९॥

| | |
|---|---|
| **બહુવાહડા**–પ્રાયઃ ભરેલી | હઠાવનારી |
| **અગાહા**–પ્રાયઃ ઉંડી | **બહુવિત્થડોદગા**–જેમાં પાણી ઘણું વિસ્તાર પામેલું છે તેવી |
| **બહુસલિલુપ્પિલોદગા**–બીજી નદીઓના પ્રવાહોને પાછળ | |

**ભાવાર્થ**–પ્રસંગને લઈ બોલવાની જરૂર પડચે છતે, પ્રાયઃ કરી નદી ભરેલી છે, પ્રાયઃ કરીને ઉંડી છે, બીજી

નદીઓના પ્રવાહને પાછી હઠાવનારી છે, તેમજ નદીના કિનારા પણ ભીંજાઈ જાય તેવા વિસ્તારવાળી છે,–આવી રીતે બુદ્ધિમાન સાધુઓએ બોલવું જોઈએ. ૩૯.

**तहेव सावज्जं जोगं, परस्सट्ठाए निट्ठिअं ।**
**कीरमाणं ति वा नच्चा, सावज्जं नालवे मुणी ।४०।**

(सं० छा०) तथैव सावद्यं योगं, परस्यार्थाय निष्ठितम् ।
क्रियमाणं वा ज्ञात्वा, सावद्यं नालपेन्मुनिः ॥४०॥

| | |
|---|---|
| સાવજ્જં જોગં–પાપવાળા યોગ | નિટ્ઠિઅં–પૂર્વે થઈ રહેલું |
| પરસ્સટ્ઠાએ–પારકાના અર્થે | કીરમાણં–કરાતું |

**ભાવાર્થ**–વળી બીજાને નિમિત્તે પાપવાળા વ્યાપાર પૂર્વે થયા હોય તેને જાણીને, સાધુઓએ તે સંબંધી સાવદ્ય કરાવવા કે અનુમોદવા રૂપે કાંઈ પણ બોલવું નહિ. ૪૦.

**सुकडित्ति सुपक्कित्ति, सुच्छिन्ने सुहडे मडे ।**
**सुनिट्ठिए सुलट्ठित्ति, सावज्जं वज्जए मुणी ॥४१॥**

(सं० छा०) सुकृतमिति सुपक्वमिति, सुच्छिन्नं सुहृतं सुमृतमिति ।
सुनिष्ठितं सुलष्टमिति, सावद्यं वर्जयेन्मुनिः ॥४१॥

| | |
|---|---|
| સુકડ–સારી રીતે કરાયેલું | મડે–મરી ગયેલું |
| સુપક્ક–સારૂં પકાવેલું | સુનિટ્ઠિએ–સારી રીતે નાશ પામેલું |
| સુચ્છિન્ને–સારૂં છેદાયેલું | સુલટ્ઠિત્તે–સારૂં સુંદર |
| સુહડે–સારૂં હરણ કરાયું | |

ભાવાર્થ—જેમ કે—આ સભા વગેરે બહુ સારી બનાવી છે, સહસ્રપાક આદિ તેલ સારૂં પકાવ્યું છે, વન આદિ સારી રીતે છેદ્યું છે. સારૂં થયું કે—આ નીચ કે લોભીનું ધન હરાયું! ઠીક થયું કે—આ શત્રુ મરણ પામ્યો! સારૂં થયું કે—આ અભિમાનીનું ધન નાશ પામ્યું! અથવા આ કન્યા ઘણી સુંદર છે, એમ આ પ્રકારના સાવદ્ય વચનો સાધુઓએ બોલવાં નહિ. ૪૧.

**पयत्तपक्के (क्क) त्ति व पक्कमालवे ।**
**पयत्तछिन्न त्ति व छिन्नमालवे ।**
**पयत्तलट्ठि (ट्ठ) त्ति व कम्महेउअं,**
**पहारगाढ त्ति व गाढमालवे ॥४२॥**

(सं० छा०) प्रयत्नपक्वमिति वा पक्वमालपेत्,
प्रयत्नच्छिन्नमिति वा छिन्नमालपेद् ।
प्रयत्नलष्टेति वा कर्महेतुकं,
प्रहारगाढमिति वा गाढमालपेद् ॥४२॥

પયત્ત—પ્રયત્નથી
પયત્તલટ્ઠ—દીક્ષા લે, તો આ સુંદર કન્યાનું પ્રયત્નથી રક્ષણ કરવું
કમ્મહેઉઅં—કર્મ, જેનો હેતુ છે એવું
પહારગાઢ—ગાઢ પ્રહાર લાગેલો

ભાવાર્થ—સાધુને ગ્લાનાદિ પ્રયોજન આવ્યે છતે, આ સહસ્રપાકાદિ તેલ ઘણા પ્રયત્નથી પકાવેલું છે: તથા સાધુને આપસમાં જો કોઈ પ્રજાજનને લઈ કહેવાની જરૂર જણાય, તો કહે કે—આ વન ઘણા પ્રયત્નથી છેદાયેલું છે: તથા આ સુંદર

કન્યાને જો દીક્ષા દેવામાં આવે, તો પ્રયત્નપૂર્વક તેનું પાલન કરવું પડે, તથા સર્વકૃતાદિ ક્રિયા કર્મના હેતુ રૂપ છે: તથા કોઈ પ્રયોજન આવ્યે છતે, ગાઢ પ્રહારવાળાને દેખી આને પ્રહાર લાગ્યો છે,–આમ યતનાપૂર્વક કોઈને અપ્રીતિ આદિ પેદા ન થાય તેમ સાધુઓએ બોલવું. ૪૨.

**सव्वुक्कसं परग्घं वा, अउलं नत्थि एरिसं ।**
**अविक्किअमवत्तव्वं, अविअत्तं चेव नो वए ॥४३॥**

(सं० छा०) सर्वोत्कृष्टं परार्घं वा, अतुलं नास्तीदृशम् ।
असंस्कृतमवक्तव्यं, अप्रीतिकरं चैव नो वदेत् ॥४३॥

**સવ્વુક્કસં**–સર્વોત્કૃષ્ટ
**પરગ્ઘં**–ઘણા મૂલવાળી
**અઉલં**–વધુ, અતુલ
**નત્થિ**–નથી
**એરિસં**–એવું
**અવિક્કિઅં**–ચોક્ખી કરેલી નહિ.
**અવત્તવ્વં**–અવક્તવ્ય
**અવિઅત્તં**–અપ્રીતિ ઉત્પન્ન કરનારી

**ભાવાર્થ**–કોઈ ચાલતા વ્યવહારિક કાર્યમાં જો પૂછે, તો વગરપૂછયે પણ આ વસ્તુ સર્વથી ઉત્કૃષ્ટ છે (નિસર્ગતઃ સુંદર છે), મહા મૂલ્યવાળી છે, આના જેવી બીજી કોઈ નથી: આ વસ્તુ તો સુલભ છે અથવા અનંત ગુણવાળી છે: અગર અપ્રીતિ કરવાવાળી છે, આવી રીતે સાધુઓએ બોલવું નહિ, કેમ કે–તેમ બોલવાથી અધિકરણ, અંતરાય આદિ દોષો પેદા થાય છે. ૪૩.

**सव्वमेअं वइस्सामि, सव्वमेअं ति नो वए ।**
**अणुवीई सव्वं सव्वत्थ, एवं भासिज्ज पन्नवं ॥४४॥**

(सं० छा०) सर्वमेतद्वक्ष्यामि, सर्वमेतदिति नो वदेत् ।
अनुचिन्त्य सर्वं सर्वत्र, एवं भाषेत प्रज्ञावान् ॥४४॥

વઇસ્સામિ–કહીશ | અણુવીઈ–વિચારીને

ભાવાર્થ–કોઈએ બીજાને કહેવા માટે જો કાંઈ સંદેશો આપ્યો હોય, તો તેને એમ ન કહેવું કે–હું આ સર્વ બીજાને કહીશ અથવા આ સર્વ તમે બીજાને કહેજો તેમ પણ ન કહેવું, કારણ કે–સર્વ વ્યંજન, સ્વર આદિ યુક્ત સર્વને કોઈ બીજાને કહી શકે નહિ અને જો સંપૂર્ણ ન કહેવાય, તો મૃષાવાદનો દોષ લાગે, માટે બુદ્ધિમાન સાધુઓએ સર્વ ઠેકાણે વિચારીને બોલવું. ૪૪.

**सुक्कीअं वा सुविक्कीअं, अकिज्जं किज्जमेव वा ।**
**इमं गिण्ह इमं मुंच, पणीयं नो विआगरे ॥४५॥**

(सं० छा०) सुक्रीतं वा सुविक्रीतं, अक्रेयं क्रेयमेव वा ।
इदं गृहाणेदं मुञ्च, पणितं नो व्यागृणीयात् ॥४५॥

સુક્કીઅં–સારું ખરીદ કર્યું
સુવિક્કીઅં–સારું વેચ્યું
અકિજ્જં–નહિ ખરીદ કરવા લાયક
કિજ્જમેવ–ખરીદવા લાયક જ
ગિણ્હ–લે
મુંચ–મુક
પણીયં–કરિયાણું
વિઆગરે–કહે

ભાવાર્થ–કોઈએ કાંઈ વેચાતું લઈને સાધુને દેખાડયે છતે, સાધુઓએ તેમ કહેવું ન જોઈએ કે–ઠીક વેચાતું લીધું અથવા સારું થયું કે–વેચી નાંખ્યું, અગર ખરીદવા લાયક

નથી કે ખરીદવા લાયક છે: તથા આ કરિયાણું લઈ રાખો, આગળ મોંઘું થશે અથવા વેચી નાખો, આગળ સોંઘું થશે. આવી રીતે બોલવાથી અપ્રીતિ તથા અધિકરણાદિ દોષો લાગે છે. ૪૫.

**अप्पग्घे वा महग्घे वा, कए वा विक्कए वि वा।**
**पणिअट्ठे समुप्पन्ने, अणवज्जं विआगरे ॥४६॥**

(सं० छा०) अल्पार्घे वा महार्घे वा, क्रये वा विक्रयेऽपि वा।
पणितार्थे समुत्पन्ने, अनवद्यं व्यागृणीयात् ॥४६॥

| | |
|---|---|
| **અપ્પગ્ઘે**–થોડી કીંમતવાળું | **વિક્કએ**–વેચાણમાં |
| **મહગ્ઘે**–ઘણી કીંમતવાળું | **પણિઅટ્ઠે**–કરિયાણાનો પદાર્થ |
| **કએ**–ખરીદીમાં | **સમુપ્પન્ને**–આવી પડ્યે છતે |

**ભાવાર્થ**–થોડી કીંમતવાળા અથવા ઘણી કીંમતવાળા કરિયાણા લેવામાં અગર વેચવાનાં સંબંધમાં જો કોઈ ગૃહસ્થ પ્રશ્ન કરે, તો તેને સાધુઓએ નિર્દોષ–નિષ્પાપ ઉત્તર આપવો કે–આ વસ્તુનો વ્યાપાર સાધુઓને ન હોવાથી તે સંબંધમાં અમને બોલવાનો અધિકાર નથી. ૪૬.

**तहेवासंजयं धीरो, आस एहि करेहि वा।**
**सयं चिट्ठ वयाहि त्ति, नेवं भासिज्ज पन्नवं ॥४७॥**

(सं० छा०) तथैवासंयतं धीरः, आस्स्व एहि कुरु वा।
शेष्व तिष्ठ व्रजेति, नैवं भाषेत प्रज्ञावान् ॥४७॥

| | |
|---|---|
| અસંજયં–અવિરતિ (ગૃહસ્થને) | કરેહિ–કર |
| ધીરો–ધૈર્યવાન | સયં–સૂઈ રહે |
| આસ–બેસ | ચિટ્ઠ–ઊભો રહે |
| એહિ–આવ | વયાહિ–ફલાણે ઠેકાણે જા |

**ભાવાર્થ**–વળી ધીર અને બુદ્ધિમાન સાધુઓએ ગૃહસ્થને અહીં જ બેસો, અહીંથી અહીં આવો, આ કામ કરો, સૂવો, ઊભા રહો અગર જાઓ આદિ કાંઈ કહેવું નહિ. ૪૭.

**वहवे इमे असाहू, लोए वुच्चंति साहुणो ।**
**न लवे असाहुं साहुत्ति, साहुं साहुत्ति आलवे ।४८।**

(सं० छा०) वहव एतेऽसाधवः, लोके तूच्यन्ते साधवः ।
नालपेदसाधुं साधुमिति, साधुं साधुमित्यालपेत् ।४८।

| | |
|---|---|
| બહુવે–ઘણા | સાહુણો–સાધુઓ |
| અસાહૂ–અસાધુઓ | લવે–કહે |
| વુચ્ચંતિ–કહેવાય છે | |

**ભાવાર્થ**–જનસમૂહ રૂપ લોકોમાં તો આ પ્રત્યક્ષ દેખાતા ગોશાલા વગેરે મતાનુયાયી, અર્થાત્ લોકોદ્વારા સાધુ શબ્દથી બોલાવાતા મોક્ષમાર્ગને નહિ સાધનાર અસાધુને સાધુ કહે છે. આમ સાધુઓએ અસાધુને સાધુ કહેવો નહિ, પણ જે સાધુ હોય તેને જ સાધુ કહેવો. ૪૮.

**नाण-दंसण-संपन्नं, संजमे अ तवे रयं ।**
**एवं गुण-समाउत्तं, संजयं साहुमालवे ॥४९॥**

(सं० छा०) ज्ञानदर्शनसम्पन्नं, संयमे च तपसि रतम् ।
एवंगुणसमायुक्तं, संयतं साधुमालपेत् ॥४९॥

| | |
|---|---|
| સંપન્નં-સંયુક્ત | ગુણસમાઉત્તં-ગુણયુક્ત |
| તવે-તપમાં | સંજયં-સંયમીને |
| રયં-રક્તને | |

ભાવાર્થ-જ્ઞાન-દર્શન સહિત હોય તથા સત્તર પ્રકારના સંયમને બાર પ્રકારના તપમાં જે આસક્ત હોય, એવા ગુણવાન સંયમીને સાધુ કહેવો, પણ દ્રવ્યલિંગ( વેષ માત્ર )ધારીને સાધુ ન કહેવો. ૪૯.

**देवाणं मणुआणं च, तिरिआणं च वुग्गहे ।**
**अमुगाणं जओ होउ, मा वा होउ त्ति नो वए ।५०।**

(सं० छा०) देवानां मनुजानां च, तिरश्चां च विग्रहे ।
अमुकानां जयो भवतु, मा वा भवत्विति नो वदेत् ॥५०॥

| | |
|---|---|
| દેવાણં-દેવોના | અમુગાણં-અમુકોનો |
| મણુઆણં-મનુષ્યોના | જઓ-જય |
| તિરિઆણં-તિર્યંચોના | હોઉ-હોજો, થાઓ |
| વુગ્ગહે-સંગ્રામમાં | |

ભાવાર્થ-દેવ, મનુષ્ય કે તિર્યંચોને આપસમાં લડાઈ ચાલતે છતે, અમુકનો જય થાઓ અને અમુકનો પરાજય થાઓ,-આમ સાધુઓએ બોલવું નહિ. ૫૦.

**वाओ वुट्ठं च सीउण्हं, खेमं धायं सिवंति वा ।**
**कया णु हुज्ज एआणि? मा वा होउ त्ति नो वए ।५१।**

(सं० छा०) वातो वृष्टं च शीतोष्णं, क्षेमं ध्रातं शिवमिति वा।
कदानु भवेयुरेतानि? मा वा भवेयुरिति नो वदेत् ॥५१॥

| | |
|---|---|
| વાઓ–પવન | કયા–ક્યારે |
| વુટ્ઠં–વરસાદ | હુજ્જ–થશે |
| સી–ટાઢ | એઆણિ–આ |
| ઉન્હં–તાપ | મા–નહિ |
| ખેમં–ક્ષેમ | વા–અથવા |
| ધાયં–સુકાળ | હોઉ–થાઓ |
| સિવં–ઉપસર્ગ રહિત | |

**ભાવાર્થ**–ઉનાળાના વખતમાં તાપ આદિથી પીડાએલા સાધુઓએ આમ ન કહેવું કે–આ વાયરો, વરસાદ, ટાઢ, તાપ, ક્ષેમ, (સારી રીતે રક્ષણ) સુકાળ, ઉપદ્રવરહિતપણું ઇત્યાદિ ક્યારે થશે? અથવા તો વાયરા વગેરે ન થાઓ. આમ કહેવાથી અધિકરણાદિ દોષ તથા વાયરા વગેરે થયે છતે પ્રાણીઓને પીડાની પ્રાપ્તિ, એવં આર્ત્તધ્યાનાદિ દોષો લાગે છે. ૫૧.

तहेव मेहं व नहं व माणवं,
न देवदेवत्ति गिरं वइज्जा।
समुच्छिए उन्नए वा पओए,
वइज्ज वा वुट्ठ बलाहये त्ति ॥५२॥

(सं० छा०) तथैव मेघं वा नभो वा मानवं,
न देवदेवेति गिरं वदेत्।

संमूर्छित (समुच्छ्रित) उन्नतो वा पयोदो,
वदेद्वा वृष्टो बलाहक इति ॥५२॥

| | |
|---|---|
| મેહં–મેઘને | ઉન્નએ–ઉંચો થયેલ છે |
| નહં–આકાશને | પઓએ–મેઘ |
| માણવં–માણસને | વુટ્ઠે–વરસ્યો |
| ગિરં–વાણી પ્રત્યે | બલાહયે–મેઘ |
| સમુચ્છિએ–ચઢયે છતે | |

**ભાવાર્થ**–વળી મેઘ, આકાશ અને રાજાદિને દેખીને, 'આ દેવ છે'–આવી વાણી સાધુઓએ બોલવી નહિ, પણ ઉંચા મેઘને દેખીને આ મેઘ ચઢયો છે અથવા આ મેઘ ઉંચો છે: તથા આ વરસાદ વરસ્યો એમ કહેવું, પરંતુ વરસાદ, આકાશ અને રાજાને દેવ કહેવાથી મિથ્યાપણું અને લઘુત્વાદિ દોષો પેદા થાય છે. ૫૨.

अंतलिक्ख त्ति णं बूआ, गुज्झाणुचरिअ त्ति अ।
रिद्धिमंतं नरं दिस्स, रिद्धिमंतं ति आलवे ॥५३॥

(सं० छा०) अन्तरिक्षमिति वै ब्रूयाद्, गुह्यानुचरितमिति च।
ऋद्धिमन्तं नरं दृष्ट्वा, ऋद्धिमन्तमित्यालपेत् ॥५३॥

| | |
|---|---|
| અંતલિક્ખ–અંતરિક્ષ (આકાશ) | સેવિત |
| બૂઆ–કહે | રિદ્ધિમંતે–ઋદ્ધિવાળાને |
| ગુજ્ઝાણુચરિઅ–દેવતા વડે | દિસ્સ–જોઈને |

**ભાવાર્થ**–આકાશને અંતરિક્ષ તથા ગુહ્યાનુચરિત (દેવતાઓથી સેવાએલ) એમ કહેવું, તેમજ આ બે શબ્દો વરસાદને

માટે બોલવા. વળી ઋદ્ધિવાળા માણસને જોઈને આ ઋદ્ધિમાન છે, એમ કહીને બોલાવવા. ૫૩.

**तहेव सावज्जणुमोअणी गिरा,**
**ओहारिणी जा य परोवघाइणी ।**
**से कोह लोह भय हास माणवो,**
**न हासमाणो वि गिरं वइज्जा ॥५४॥**

**(सं० छा०) तथैव सावद्यानमोदिनी गीः,**
**अवधारिणी या च परोपघातिनी ।**
**तां क्रोधाल्लोभाद्भयाद्धासाद्वा,**
**ना हसन्नपि गिरं वदेत् ॥५४॥**

**સાવજ્જણુમોઅણી**–સાવદ્ય ક્રિયાને અનુમોદનારી
**ગિરા**–વાણી
**ઓહારણી**–જકારવાળી (નિશ્ચયાત્મક)
**પરોવઘાઇણી**–પરને પીડા કરનારી
**કોહ, લોહ, ભય હાસ**–ક્રોધ, લોભ, ભય અને હાસ્યથી
**માણવો**–સાધુ
**હાસમાણો**–હાંસી કરતાં

**ભાવાર્થ**–વળી સાધુઓએ સાવદ્ય કાર્યને અનુમોદના કરવાવાળી, અવધારણવાળી (આ કાર્ય આમ જ છે તેવી) અથવા સંશયકારિણી તથા પરનો ઉપઘાત કરવાવાળી વાણી ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી પણ બોલવી નહિ, કેમ કે–તેવી વાણી બોલવાથી ઘણાં કર્મ બંધાય છે. ૫૪.

सुवक्कसुद्धिं समुपेहिआ मुणी,
गिरं च दुट्ठं परिवज्जए सया ।
मिअं अदुट्ठं, अणुवीइ भासए,
सयाण मज्झे लहइ पसंसणं ॥५५॥

(सं० छा०) सद्वाक्यशुद्धिं सम्प्रेक्ष्य मुनिः,
गिरं च दुष्टां परिवर्जयेत्सदा ।
मितमदुष्टमनुविचिन्त्य भाषमाणः,
सतां मध्ये लभते प्रशंसनम् ॥५५॥

| | |
|---|---|
| સુવક્કસુદ્ધિં-સુવાક્યની શુદ્ધિને | અદુટ્ઠં-દોષ વિનાનું |
| સમુપેહિઆ-જોઈને | અણુવીઈ-વિચારીને |
| દુટ્ઠં-દુષ્ટ | ભાસએ-બોલે |
| પરિવજ્જએ-સમ્યક્ પ્રકારે વર્જે | સયાણ મજ્જે-સત્પુરુષોમાં |
| સયા-હંમેશાં | લહઈ-પામે |
| મિઅં-પરિમિત | પસંસણં-પ્રશંસાને |

**ભાવાર્થ**-આવી રીતે મુનિઓએ ઉત્તમ વાક્યશુદ્ધિને જાણીને દુષ્ટ ( સદોષ ) વાણી બોલવી નહિ, પણ મિત ( થોડી ) અને તે પણ નિર્દોષ વાણી વિચાર કરીને બોલવી. તેમ બોલવાથી તેઓ સત્પુરુષોમાં પ્રશંસા પામે છે. ૫૫.

भासाइ दोसे अ गुणे अ जाणिआ,
तीसे अ दुट्ठे परिवज्जए सया ।

छसु संजए सामणिए सया जए,
वइज्ज बुद्धे हिअमाणुलोमिअं ॥५६॥

(सं० छा०) भाषाया दोषांश्च गुणांश्च ज्ञात्वा,
तस्याश्च दुष्टायाः परिवर्जकः सदा ।
षट्सु संयतः श्रामण्ये सदायतो,
वदेद् बुद्धो हितानुलोमम् ॥५६॥

ભાસાઇ–ભાષાના
દોસે–દોષોને
જાણિઆ–જાણીને
તીસે–તે
દુટ્ઠે–દુષ્ટ ભાષાને
છસુ–૭ જીવનિકાયમાં
સંજએ–સારી પેઠે યતના રાખનાર
સામણિએ–શ્રમણભાવમાં
સયા–હંમેશાં, નિરંતર
જએ–ઉદ્યમવાન
બુદ્ધે–જ્ઞાની સાધુ
હિઅમાણુલોમિઅં–હિતકારી અને અનુકૂળ (મધુર)

**ભાવાર્થ**–ભાષાના દોષો અને ગુણોને યથાર્થ જાણી, દુષ્ટ ભાષાનો વર્જક, છ જીવનિકાયને વિષે સંયમવાન અને ચારિત્રમાં નિરંતર ઉદ્યમવાન સાધુએ સદોષ ભાષાનો નિરંતર ત્યાગ કરવો અને પરિણામે સુંદર તથા મનોહર ભાષા બોલવી. ૫૬.

परिक्खभासी सुसमाहि-इंदिए,
चउक्कसाया-वगए अणिस्सिए ।
स निद्धुणे धुतमलं पुरेकडं,
आराहए लोगमिणं तहा परं ॥५७॥
त्ति बेमि.

(सं० छा०) परीक्ष्यभाषी सुसमाहितेन्द्रियः,
अपगतचतुष्कषायोऽनिश्रितः ।
स निर्धूय धूतमलं पुराकृतं,
आराधयति लोकमेनं तथा परमिति ब्रवीति ॥५७॥

इति सद्वाक्यशुद्धयध्ययनं समाप्तम् ॥ ७ ॥

પરિક્ખભાસી–પરીક્ષા કરીને બોલનાર
સુસમાહિઇંદિએ–સર્વે ઇન્દ્રિયોને વશમાં રાખનાર
ચઉક્કસાયા વગએ–ચાર કષાયો જેમના ગયા છે એવા
અણિસ્સિએ–અનિશ્રિત, દ્રવ્ય-ભાવ નિશ્રારહિત
નિદ્ધુણે–કાઢી નાંખી
ધુતમલં–પાપરૂપ મલને
પુરેકડં–પૂર્વભવે કરેલાં
આરાહએ–આરાધે છે
લોગમિણં–આલોકને
તહાપરં–તેમજ પરલોકને

**ભાવાર્થ**–વિચાર કરીને બોલનાર, ઇન્દ્રિયોને વશમાં રાખનાર, ક્રોધ આદિ ચાર કષાયોને રોકનાર તથા દ્રવ્ય-ભાવ નિશ્રારહિત, અર્થાત્ કોઈ પણ જાતના મમતાના બંધનરહિત,–આવા મહાત્માઓ જન્માન્તરમાં કરેલ પાપમલને દૂર કરીને આલોક વાણીસંયમથી મનુષ્યલોકને તથા પરલોકને–નિર્વાણ-લોકને આરાધે છે, એમ શ્રી સુધર્માસ્વામી પોતાના જંબૂ નામના શિષ્યને કહે છે. ૫૭.

ઇતિ સુવાક્યશુદ્ધિનામકં સપ્તમમ્ અધ્યયનમ્.

❋

## ૮. આચારપ્રણિધિ નામકમ્ અધ્યયનમ્

आयार-प्पणिहिं लद्धुं, जहा कायव्व भिक्खुणा।
तं भे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥१॥

(सं० छा०) आचारप्रणिधिं लब्ध्वा, यथा कर्त्तव्यं भिक्षुणा।
तं भवद्भ्य उदाहरिष्यामि, आनुपूर्व्या शृणुत मे ॥१॥

આયારપ્પણિહિં–આત્મીય, ઇન્દ્રિય, મન, સંવર આદિ શુદ્ધ આચાર
લદ્ધું–પામીને
કાયવ્વ–ક્રિયા કરવી
ભે–તમોને
ઉદાહરિસ્સામિ–કહીશ
સુણેહ–સાંભળો
મે–મારા તરફથી

**ભાવાર્થ**–ભગવાન શ્રી મહાવીરદેવના જ્યેષ્ઠ શિષ્ય શ્રી ગૌતમાદિ પોતાના શિષ્યોને એમ કહે છે કે–હું તમોને અનુક્રમે આચારપ્રણિધિ કહીશ તે તમો સાંભળો. તે આચારપ્રણિધિને પામીને અથવા જાણીને, સાધુઓએ તે પ્રમાણે બરાબર ક્રિયા કરવી જોઈએ. ૧.

पुढवी-दग-अगणिमारुअ, तण रुक्ख सबीयगा।
तसा अ पाणा जीव त्ति, इई वुत्तं महेसिणा ॥२॥

(सं० छा०) पृथिव्युदकाग्निमारुतास्तृणवृक्षाःसबीजकाः।
त्रसाश्च प्राणिनो जीवा इति, इति प्रोक्तं महर्षिणा ॥२॥

તણરુક્ખ–તૃણ, વૃક્ષ
સબીયગા–બીજ સહિત
તસાપાણા–ત્રસ પ્રાણીઓ
જીવત્તિ–જીવો છે
ઇઇ–એ પ્રકારે

**ભાવાર્થ**-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, તૃણ, વૃક્ષો બીજ અને ત્રસ જે બેઇન્દ્રિય આદિ પ્રાણીઓ છે, તે સર્વની અંદર જીવ છે અર્થાત્ તે જીવો છે-એમ શ્રી વર્ધમાનસ્વામીએ કહેલું છે. ૨.

**तेसिं अच्छण-जोएण, निच्चं होअव्वयं सिआ।**
**मणसा काय-वक्केणं, एवं हवइ संजए ॥३॥**

(सं० छा०) तेषामक्षणयोगेन, नित्यं भवितव्यं स्यात्।
मनसा कायवाक्येन, एवं भवति संयतः ॥३॥

**અચ્છણજોએણ**-જીવ રક્ષણવાળા
**હોઅવ્વયં સિઆ**-થવું જોઇએ
**વક્કેણં**-વાક્ય વડે

**ભાવાર્થ**-આ જ કારણથી મુનિઓએ મન, વચન અને કાયા વડે તે પૃથ્વી આદિ જીવોના અહિંસાવ્યાપાર રૂપ રક્ષણ કરવાવાળા થવું જોઈએ અને તેમ થવાથી જ તેઓમાં સંયતપણું સંભવે છે. ૩.

**पुढविं भित्तिं सिलं लेलुं, नेव भिंदे न संलिहे।**
**तिविहेण करण-जोएण, संजए सुसमाहिए ॥४॥**

(सं० छा०)पृथिवीं भित्तिं शिलां लेष्टुं, नैव भिन्द्यात् नो संलिखेत्।
त्रिविधेन करणयोगेन, संयतः सुसमाहितः ॥४॥

**ભિત્તિં**-ભીંતને
**સિલં**-શિલાને
**લેલું**-પથ્થરના ઢેફાને
**ભિંદે**-કટકા કરે
**સુસમાહિએ**-નિર્મળ સ્વભાવવાળા
**સંલિહે**-ઘસે

**ભાવાર્થ**-નિર્મળ ભાવવાળા મુનિઓએ, શુદ્ધ પૃથ્વી, નદીના કિનારાની ભીંત, શિલા અને પથ્થરના કટકાઓ, કે જે સચિત્ત હોય, તેમને મન-વચન-કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવા રૂપ ત્રણ કરણ અને ત્રણ યોગથી ભેદવા તથા ઘસવા નહિ. ૪.

**सुद्धपुढवीए न निसीए, ससरक्खंमि अ आसणे।**
**पमज्जित्तु निसीइज्जा, जाइत्ता जस्स उग्गहं ॥५॥**

(सं० छा०) शुद्धपृथिव्यां न निषीदेत्, सरजस्के च आसने।
प्रमृज्य निषीदेत्, याचित्वा यस्यावग्रहम् ॥५॥

| | |
|---|---|
| સુદ્ધપુઢવીએ-સચિત્ત પૃથ્વી ઉપર | નિસીઇજ્જા-બેસે |
| ન નિસીએ-ન બેસે | જાઇત્તા-યાચીને |
| સસરક્ખંમિ-સચિત્ત રજવાળી | જસ્સ-જેના |
| પમજ્જિત્તુ-પૂંજીને | ઉગ્ગહં-અવગ્રહને |

**ભાવાર્થ**-મુનિઓએ, સચિત્ત પૃથ્વી ઉપર તથા સચિત્ત રજથી ખંરડાયેલ આસન ઉપર બેસવું નહિ, પણ અચિત્ત પૃથ્વી જાણીને, તેને પ્રમાર્જીને તથા તે ભૂમિ જેની માલિકીની હોય તેની રજા મેળવ્યા બાદ જરૂર જણાય તો ત્યાં બેસવું. ૫.

**सीओदगं न सेविज्जा, सिलावुट्ठं हिमाणि अ।**
**उसिणोदगं तत्त-फासुअं, पडिगाहिज्ज संजए ॥६॥**

(सं० छा०) शीतोदकं न सेवेत, शिलावृष्टं हिमानि च।
उष्णोदकं तप्तप्रासुकं, प्रतिगृह्णीयात्संयतः ॥६॥

સીઓદગં-સચિત્ત જલને
સેવિજ્જા-સેવે
સિલાવુટ્ઠં-વરસેલા કરાને
હિમાણિ-બરફ
ઉસિણોદગં-ઉના પાણીને
તત્તફાસુઅં-તપાવી અચિત્ત કરેલું
પડિગાહિજ્જ-લે

**ભાવાર્થ**-મુનિઓએ, પૃથ્વીમાંથી નીકળેલું કાચું પાણી, કરાનું પાણી, વરસાદનું પાણી અને બરફનું પાણી પીવું નહિ, પણ ઊનું અર્થાત્ ત્રણ વાર ઉભરા આવેલું અચિત્ત થએલું પાણી લેવું. ૬.

**उदउल्लं अप्पणो कायं, नेव पुंछे न संलिहे ।**
**समुप्पेह तहाभूअं, नो णं संघट्टए मुणी ॥७॥**

(सं० छा०) उदकार्द्रमात्मनः कायं, नैव पुञ्छयेन्न संलिखेत् ।
सम्प्रेक्ष्य तथाभूतं, नैव संघट्टयेन्मुनिः ॥७॥

ઉદઉલ્લં-પાણીથી ભીનું થયેલું
અપ્પણો-પોતાના
કાયં-શરીરને
નેવ-નહિ
પુંછે-લુવે
સંલિહે-સ્પર્શ કરે
સમુપ્પેહ-બરાબર જોઇને
તહાભૂઅં-તેવું થએલું
નો ણં સંઘટ્ટએ-થોડો સ્પર્શ ન કરે

**ભાવાર્થ**-નદી ઉતર્યા પછી અથવા તો ગોચરી આદિ પ્રસંગે બહાર જતાં, રસ્તામાં વરસાદ થવાથી સાધુઓએ ભીંજાએલા પોતાના શરીરને લુગડાં વગેરેથી લુંછવું નહિ, તેમજ હાથ આદિથી ચોળવું પણ નહિ, અર્થાત્ પાણીથી ભીંજાએલા શરીરને જોઈને જરા પણ તેનો સંઘટ્ટ (સ્પર્શ) કરવો નહિ. ૭.

**इंगालं अगणिं अच्चिं, अलायं वा सजोइयं ।**
**न उंजिज्जा न घट्टिज्जा, नो णं निव्वावए मुणी ॥८॥**

(सं० छा०) अङ्गारमग्निमर्चिः, अलातं वा सज्योतिः ।
नोत्सिञ्चेन्न घट्टयेन्नैनं निर्वापयेन्मुनिः ॥८॥

| | |
|---|---|
| અચ્ચિં-અગ્નિથી છૂટી પડેલી જ્વાળા | અલાયં-ઉંબાડાને |
| | સજોઈઅં-અગ્નિ સહિત |

**ભાવાર્થ**-જ્વાળા વિનાની, લોઢાના તપાવેલ ગોળામાં રહેલી, છેદાયેલી અને જ્વાલાવાળી અગ્નિ, તેમજ અગ્નિવાળું ઉંબાડીઉં, એ આદિ અગ્નિને સાધુઓએ ઉજાળવી નહિ, સંઘટ્ટવી નહિ અને બૂઝાવવી પણ નહિ. ૮.

**तालिअंटेण पत्तेण, साहाए विहुयणेण वा ।**
**न वीइज्ज अप्पणो कायं, बाहिरं वा वि पुग्गलं ॥९॥**

(सं० छा०) तालवृन्तेन पत्रेण, शाखया विधूवनेन वा ।
न वीजयेदात्मनः कायं, बाह्यं वापि पुद्गलम् ॥९॥

| | |
|---|---|
| તાલિઅંટેણ-વીંજણા વડે | બાહિરં-બહાર રહેલા |
| વિહુયણેણ-મોરપીંછી વડે | પુગ્ગલં-પુદ્ગલને |
| વીઈજ્જ-વીંઝે, પવન નાંખે | |

**ભાવાર્થ**-ઉનાળા આદિ ઋતુમાં પોતાને ગરમી થતાં, સાધુઓએ તાડવૃક્ષના વીંજણાથી, કમળ વગેરેના પત્રો દ્વારા, વૃક્ષની ડાળી દ્વારા તથા બીજા પણ વીંજણા આદિથી પોતાના શરીર ઉપર વાયરો નાખવો નહિ, તેમજ બીજાં પણ ભોજન,

પાણી આદિ ગરમ પુદ્ગલોને ઠંડા કરવા માટે વીંજણા વગેરેનો ઉપયોગ કરવો નહિ. ૯.

**तणरुक्खं न छिंदिज्जा, फलं मूलं च कस्सई ।**
**आमगं विविहं बीअं, मणसा वि न पत्थए ॥१०॥**

(सं० छा०) तृणरुक्षं न छिन्द्यात्, फलं मूलं च कस्यचित् ।
आमकं विविधं बीजं, मनसाऽपि न प्रार्थयेत् ॥१०॥

**છિંદિજ્જા**–કાપે
**કસ્સઈ**–કોઈ પણ
**આમગં**–કાચા, સચિત્ત
**વિવિહં**–વિવિધ પ્રકારના
**બીઅં**–બીજ પ્રત્યે
**પત્થએ**–ઇચ્છે

**ભાવાર્થ**–સાધુઓએ તૃણ, વૃક્ષ તથા કોઈ પણ જાતના ફળ તથા મૂળને છેદવાં નહિ, તેમજ અનેક પ્રકારનાં કાચાં બીજને મનથી પણ લેવાની ઈચ્છા કરવી નહિ. ૧૦.

**गहणेसु न चिट्ठिज्जा, बीएसु हरिएसु वा ।**
**उदगंमि तहा निच्चं, उत्तिंग-पणगेसु वा ॥११॥**

(सं० छा०) गहनेषु न तिष्ठेत्, बीजेषु हरितेषु वा ।
उदके तथा नित्यं, उत्तिङ्गपनकयोर्वा ॥ ११ ॥

**ગહણેસુ**–વૃક્ષોની ઘટામાં
**હરિએસુ**–લીલોતરીમાં
**ઉદગંમિ**–અનંત નામની વનસ્પતિમાં
**ઉત્તિંગ**–બિલાડીનો ટોપ, કીડિયારૂં
**પણગેસું**–લીલફુલમાં

**ભાવાર્થ**–સાધુઓએ જ્યાં ઊભા રહેવાથી વનસ્પતિનો સંઘટ્ટો થાય, તેવા વનના નિકુંજોમાં ( ગાઢ ઝાડીમાં ) ઊભા

રહેવું નહિ, તેમજ બીજ, લીલોતરી, ઉદગ કે અનન્ત નામની વનસ્પતિ, ઉત્તિંગ, તે પંચવર્ણની લીલફુલ-સેવાળના ઉપર પણ ઊભા રહેવું નહિ. ૧૧.

**तसे पाणे न हिंसिज्जा, वाया अदुव कम्मुणा।**
**उवरओ सव्वभूएसु, पासेज्ज विविहं जगं ॥१२॥**

(सं० छा०) त्रसप्राणिनो न हिंस्याद्, वाचाऽथवा कर्मणा।
उपरतः सर्वभूतेषु, पश्येद्विविधं जगत् ॥ १२ ॥

તસેપાણે-ત્રસ જીવોને
વાયા-વચન વડે
અદુવ-અથવા
કમ્મુણા-કાયા વડે
ઉવરઓ-પાછો હડેલો (દંડનો ત્યાગ કરનાર)
સવ્વભૂએસુ-સર્વ જીવોમાં
પાસેજ્જ-જુએ
જગં-જગતને

**ભાવાર્થ**-સાધુઓએ મન, વચન અને કાયા વડે ત્રસ જીવોને હણવા નહિ, પણ સર્વ પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થઇને, નિર્વેદને માટે વિવિધ પ્રકારના અને કર્મને પરાધીન થએલા નરકાદિ ગતિરૂપ જગતના સંબંધમાં વિચાર કરવો. ૧૨.

**अट्ठ सुहुमाई पेहाए, जाइं जाणित्तु संजए।**
**दयाहिगारी भूएसु, आस चिट्ठ सएहि वा ॥१३॥**

(सं० छा०) अष्टौ सूक्ष्माणि प्रेक्ष्य, यानि ज्ञात्वा संयतः।
दयाधिकारी भूतेषु, आसीत तिष्ठेच्छयीत वा ॥१३॥

**અટ્ઠ**–આઠ
**સુહુમાઈ**–સૂક્ષ્મ આદિ
**પેહાએ**–જાણીને
**દયાહિગારી**–દયાનો અધિકારી
**સએહિ**–સુએ

**ભાવાર્થ**–સાધુઓએ આઠ જાતના આગળ કહેવાતા સૂક્ષ્મ જીવોને જાણવા જોઈએ. તે આઠ જાતના સૂક્ષ્માદિ જીવોને જાણવાથી સાધુ જીવદયાનો અધિકારી થાય છે. તેમ થવાથી સૂક્ષ્માદિ જીવોને દેખીને ઉપયોગપૂર્વક બેસવું, ઊભા રહેવું અને સુવા વગેરે કાર્યો નિર્દોષ તરીકે કરાય છે. ૧૩.

**कयराइं अट्ठ सुहुमाइं, जाइं पुच्छिज्ज संजए।**
**इमाइं ताइं मेहावी, आइक्खिज्ज विअक्खणे ॥१४॥**

(सं० छा०) कतराण्यष्टौ सूक्ष्माणि, यानि पृच्छेत्संयतः ?।
अमूनि तानि मेधावी, आचक्षीत विचक्षणः ॥१४॥

**કયરાઈં**–ક્યાં ક્યાં
**પુચ્છિજ્જ**–પૂછે
**મેહાવી**–બુદ્ધિશાલી
**આઈક્ખિજ્જ**–કહે
**વિયક્ખણે**–વિચક્ષણ, ડાહ્યા

**ભાવાર્થ**–હે ભગવન્! તે આઠ સૂક્ષ્મ (જીવો) ક્યાં છે? કે જે દયાના અધિકારી થવા માટે સાધુઓએ ગુરુને પ્રશ્ન કરે! (ગુરુ ઉત્તર આપે છે) કે–હે શિષ્ય! આગળ કહેવામાં આવશે, તે આઠ સૂક્ષ્મ જીવોને બુદ્ધિના વિચક્ષણ ગુરુએ શિષ્યને કહેવા જોઈએ. ૧૪.

**सिणेहं पुप्फसुहुमं च, पाणुत्तिंगं तहेव य।**
**पणगं बीअ–हरिअं च, अंडसुहुमं च अट्ठमं ॥१५॥**

(सं० छा०) स्नेहं पुष्पसूक्ष्मं च, प्राण्युत्तिगं तथैव च ।
पनकं बीजहरितं च, अण्डसूक्ष्मं चाष्टमम् ॥१५॥

સિણેહં–સ્નેહ (સૂક્ષ્મ)
પુપ્ફસુહુમં–પુષ્પસૂક્ષ્મ
પાણુત્તિંગં–પ્રાણીસૂક્ષ્મ (કીડિયારું)
પણગં–પંચવર્ણી લીલફુલ
બીઅ–બીજ
હરિઅં–હરિત
અંડસુહુમં–અંડસૂક્ષ્મ
અટ્ઠમં–આઠમું

**ભાવાર્થ**–(૧) હિમ, કરા આદિ સ્નેહસૂક્ષ્મ, (૨) વડ આદિના પુષ્પોને પુષ્પસૂક્ષ્મ, (૩) જેઓ ચાલે ત્યારે દેખાય છે પણ સ્થિર હોય ત્યારે દેખી શકાતા નથી તે કુંથુઆ આદિ પ્રાણીસૂક્ષ્મ, (૪) કીડીના નગરમાં રહેલી કીડીઓ તથા બીજા સૂક્ષ્મ જીવો ઉત્તિંગસૂક્ષ્મ, (૫) પંચવર્ણની લીલફુલ આદિ પનકસૂક્ષ્મ, (૬) તુષના મુખ આદિ બીજસૂક્ષ્મ, (૭) નવું પેદા થએલ અને પૃથ્વીના સમાન વર્ણવાળું તે હરિતસૂક્ષ્મ, તથા (૮) માખી આદિના ઇંડાઓને ઇંડાસૂક્ષ્મ કહેવાય છે. ૧૫.

**एवमेआणि जाणित्ता, सव्वभावेण संजए ।**
**अप्पमत्तो जए निच्चं, सव्विंदिअ–समाहिए ॥१६॥**

(सं० छा०) एवमेतानि ज्ञात्वा, सर्वभावेन संयतः ।
अप्रमत्तो यतेत नित्यं, सर्वेन्द्रिय समाहितः ॥१६॥

એવમેઆણિ–એમ ઇત્યાદિ
જાણિત્તા–જાણીને
સવ્વભાવેણ–યથાશક્તિ સર્વ પ્રકારે
અપ્પમત્તો–પ્રમાદરહિત
જએ–યતના કરે
સવ્વિંદિય–સર્વ ઇન્દ્રિય

**ભાવાર્થ**–પાંચેય ઇન્દ્રિયોના વિષયમાં રાગ–દ્વેષરહિત

પ્રવૃત્તિ કરનાર મુનિઓએ, પૂર્વોક્ત આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોને જાણીને, અપ્રમાદીપણે, શક્તિ અનુસાર તેનું રક્ષણ કરવા માટે પ્રયત્ન કરવો. ૧૬.

**धुवं च पडिलेहिज्जा, जोगसा पायकंवलं ।**
**सिज्ज–मुच्चारभूमिं च, संथारं अदुवासणं ॥१७॥**

(सं० छा०) ध्रुवं छ प्रत्युपेक्षेत, योगे सति पात्रकम्बलम् ।
शय्यामुच्चारभूमिं च, संस्तारकमथवाऽऽसनम् ।१७।

**ધુવં**–નિત્ય
**જોગસા**–પોતાની છતી શક્તિએ
**પાયકંબલં**–પાત્ર, કંબલ
**સિજ્જં**–શય્યા, ઉપાશ્રય
**ઉચ્ચારભૂમિં**–સ્થંડિલભૂમિ ( નિર્જીવ જમીન )
**સંથારં**–સંથારો
**આસણં**–આસન

**ભાવાર્થ**–પોતાની છતી શક્તિએ, જે વખતે પડિલેહણાદિ કરવાનું હોય, તે વખતે પાત્ર, કાંબળ, ઉપાશ્રય, સ્થંડિલભૂમિ, સંથારો અને આસન આદિનું સાધુઓએ પડિલેહણ કરવું. ૧૭.

**उच्चारं पासवणं, खेलं सिंधाणजल्लिअं ।**
**फासुअं पडिलेहित्ता, परिट्ठाविज्ज संजए ॥१८॥**

(सं० छा०) उच्चारं प्रस्रवणं, श्लेष्मं सिंधाणजल्लिकम् ।
प्रासुकं प्रत्युपेक्ष्य, परिष्ठापयेत्संयतः ॥१८॥

**ઉચ્ચારં**–વડીનીતિ
**પાસવણં**–લઘુનીતિ
**ખેલં**–ગળફો
**સિંઘાણજલ્લિઅં**–નાક અને કાનનો મેલ
**ફાસુઅં**–અચિત્ત, નિર્જીવ

**ભાવાર્થ**—સાધુઓએ જીવ વિનાની ભૂમિને પડિલેહીને વડીનીતિ, લઘુનીતિ, કફ અને નાસિકાનો મેલ પરઠવવો. ૧૮.

**पविसित्तु परागारं, पाणट्ठा भोअणस्स वा ।**
**जयं चिट्ठे मिअं भासे, न य रूवेसु मणं करे ॥१९॥**

(सं० छा०) प्रविश्य परागारं, पानार्थं भोजनस्य वा ।
यतं तिष्ठेन्मितं भाषेत, न च रूपेषु मनः कुर्यात् ।१९

| | |
|---|---|
| પવિસિત્તુ—પેસીને | જયં—યતનાપૂર્વક |
| પરાગારં—ગૃહસ્થના ઘરમાં | મિઅં—પરિમિત |
| પાણટ્ઠા—જલાદિ માટે | રૂવેસુ—રૂપમાં |
| ભોઅણસ્સ—ભોજનને માટે | |

**ભાવાર્થ**—ગૃહસ્થને ઘેર પાણી કે ગોચરીને અર્થે પ્રવેશ કરનાર સાધુઓએ ત્યાં જયણાપૂર્વક ઊભા રહેવું તથા જયણાથી બોલવું તથા દાતાર સ્ત્રી વગેરે પ્રત્યે જરા માત્ર આસક્ત મન ન કરવું. ૧૯.

**बहुं सुणेहि कन्नेहिं, बहुं अच्छीहिं पिच्छई ।**
**न य दिट्ठं सुअं सव्वं, भिक्खू अक्खाउमरिहइ ।२०।**

(सं० छा०) बहु शृणोति कर्णाभ्यां, बहु अक्षिभ्यां पश्यति ।
न च दृष्टं श्रुतं सर्वं, भिक्षुराख्यातुमर्हति ॥२०॥

| | |
|---|---|
| કન્નેહિં—કાનોથી | દિટ્ઠં—દીઠેલું |
| અચ્છીહિં—આંખોથી | અક્ખાઉં—કહેવાને |
| પિચ્છઈ—જુએ | અરિહઈ—યોગ્ય છે |

**ભાવાર્થ**—ગોચરી આદિ કાર્યાર્થે ગએલા સાધુઓએ, કાનેથી ઘણું સાંભળ્યું તથા આંખોથી ઘણું દેખ્યું હોય તો પણ, સ્વ–પર અહિતકારી દેખેલું કે સાંભળેલું બીજાને કહેવું ન જોઈએ. ૨૦.

**सुअं वा जई वा दिट्ठं, न लविज्जोवघाइअं ।**
**न य केण उवाएणं; गिहिजोगं समायरे ॥२१॥**

(सं० छा०) श्रुतं वा यदि वा दृष्टं, नालपेदौपघातिकम् ।
न च केनचिदुपायेन, गृहियोगं समाचरेत् ॥२१॥

| | |
|---|---|
| **न लविज्ज**—ન બોલે | **केण उवाएणं**—કોઈ ઉપાયથી |
| **उवघाइअं**—ઉપઘાત થાય એવું | **गिहिजोगं**—ગૃહસ્થના વ્યાપારને |

**ભાવાર્થ**—સાધુઓએ સાંભળેલું કે દીઠેલું પરને ઉપઘાત કરવાવાળું વચન બોલવું નહિ, તેમજ કોઈ પણ ઉપાયથી તેના બાળકને લેવા આદિ રૂપ ગૃહસ્થના વ્યાપારને કરવો નહિ. ૨૧.

**निट्ठाणं रसनिज्जूढं, भद्दगं पावगंति वा ।**
**पुट्ठो वा वि अपुट्ठो वा, लाभालाभं न निद्दिसे ॥२२॥**

(सं० छा०) निष्ठानं रसनिर्यूढं, भद्रकं पापकमिति वा ।
पृष्टो वाऽपि अपृष्टो वा, लाभालाभं न निर्दिशेत् ।२२।

| | |
|---|---|
| **निट्ठाणं**—સર્વ ગુણવડે યુક્ત આહાર | **पावगं**—ખરાબ |
| **रसनिज्जूढं**—નીરસ આહાર | **पुट्ठो**—પૂછાએલો |
| **भद्दगं**—સારો | **न निद्दिसे**—ન કહે |

**ભાવાર્થ**–કોઇએ પૂછયે છતે અગર વગર પૂછયે, આ રસવાળો આહાર ઘણો સુંદર છે અને આ રસ વગરનો આહાર ખરાબ છે, તેવું સાધુઓએ બોલવું નહિ તથા ગોચરી આદિનો લાભ થયે છતે પણ આ નગર સારૂં છે અગર ખરાબ છે વગેરે કાંઈ કહેવું નહિ. ૨૨.

**न य भोअणंमि गिद्धो, चरे उंछं अयंपिरो ।**
**अफासुअं न भुंजिज्जा, कीय–मुद्देसि–आहडं ॥२३॥**

**(सं० छा०) न च भोजने गृद्धः, चरेदुञ्छमजल्पनशील: ।**
**अप्रासुकं न भुञ्जीत, क्रीतमौद्देशिकाहृतम् ॥२३॥**

| | |
|---|---|
| ગિદ્ધો–આસક્ત | ન ચરે–ન જાય |
| 'ઉંછં'–ધનાઢયને ઘેર | |

**ભાવાર્થ**–મુનિઓએ આહારમાં આસક્ત થઇને ધનાઢય ગૃહસ્થોને જ ઘેર ન જવું જોઈએ, પણ મૌનપણું ધારણ કરીને ધર્મલાભ માત્ર બોલતાં, જાણતાં અને અજાણતાં, ધનાઢયનાં તેમજ ગરીબોનાં ઘેર ગોચરીએ જવું જોઈએ. ત્યાંથી જો અજાણતાં સચિત્ત વસ્તુ આવી ગઈ હોય તો તે વાપરવી ન જોઈએ, તેમજ વેચાતું લાવેલું, સાધુને અર્થે બનાવેલું અને સન્મુખ લાવેલો પણ આહાર વાપરવો નહિ. ૨૩.

**संनिहिं च न कुव्विज्जा, अणुमायं पि संजए ।**
**मुहाजीवी असंबद्धे, हविज्ज जगनिस्सिए ॥२४॥**

**(सं० छा०) संनिधिं च न कुर्यात्, अणुमात्रमपि संयतः ।**
**मुधाजीवी असम्बद्धः, भवेज्जगन्निश्रितः ॥२४॥**

ન કુવ્વિજ્જા—ન કરે
અણુમાયં—કિંચિત્ માત્ર
હુવિજ્જ—થાય
જગનિસ્સિએ—જગતની નિશ્રાએ રહેનાર

**ભાવાર્થ**—સાધુઓએ જરા માત્ર પણ આહારાદિ રાત્રે વાસી રાખવો ન જોઈએ, પણ સાવદ્ય વ્યાપારના ત્યાગવાળા, ગૃહસ્થોની સાથે નહીં લેપાયેલા તથા જગતના જીવોના રક્ષણ કરવાવાળા થવું જોઈએ. ૨૪.

**लूहवित्ती सुसंतुट्ठे, अप्पिच्छे सुहरे सिआ ।**
**आसुरत्तं न गच्छिज्जा, सुच्चाणं जिण-सासणं ।२५।**

(सं० छा०) रूक्षवृत्तिः सुसंतुष्टः, अल्पेच्छः सुभरः स्यात् ।
आसुरत्वं न गच्छेत्, श्रुत्वा जिनशासनम् ॥२५॥

લૂહવિત્તી—લુખો આહાર
સુસંતુટ્ઠે—ઘણા સંતોષી
અપ્પિચ્છે—અલ્પ ઇચ્છાવાળા
સુહરે—સુખથી
સિયા—હોય
આસુરત્તં—ક્રોધ પ્રત્યે
ન ગચ્છિજ્જા—ન જાય
સુચ્ચાણં—સાંભળીને
જિણસાસણં—જિનશાસ્ત્રને

**ભાવાર્થ**—સાધુઓએ લુખી વૃત્તિવાળા, સંતોષી, અલ્પ ઇચ્છાવાળા અને અલ્પ આહારવાળા બનવું જોઈએ, તેમજ ક્રોધના વિપાકને કહેવાવાળા શ્રી વીતરાગદેવના વચનોને સાંભળી તેઓએ ક્રોધ ન કરવો જોઈએ. ૨૫.

**कन्नसुक्खेहिं सद्देहिं, पेमं नाभिनिवेसए ।**
**दारुणं कक्कसं फासं, काएण अहिआसए ॥२६॥**

(સં૦ છા૦) कर्णसौख्येषु शब्देषु, प्रेम नाभिनिवेशयेत् ।
दारुणं कर्कशं स्पर्शं, कायेनाधिसहेत ॥२६॥

| | |
|---|---|
| કન્નસુક્ખેહિં–કાનને સુખ ઉપજાવનારા | દારુણં–ભયંકર |
| સદ્દેહિં–શબ્દોથી | કક્કસં–કઠણ |
| પેમં–રાગ | ફાસં–સ્પર્શને |
| નાભિનિવેસએ–ન કરે | અહિઆસએ–સહન કરે |

**ભાવાર્થ**–સાધુઓએ કાનને સુખાકારી વાંસળી, વીણા વગેરેના શબ્દોને સાંભળીને તેમાં રાગ ન કરવો જોઈએ, તેમજ દારુણ અને કર્કશ સ્પર્શોને કાયાએ કરી સહન કરવા જોઈએ. ૨૬.

**खुहं पिवासं दुस्सिज्जं, सी-उण्हं अरइं भयं ।**
**अहिआसे अव्वहिओ, देहदुक्खं महाफलं ॥२७॥**

(સં૦ છા૦) क्षुधं पिपासां दुःशय्यां, शीतोष्णमरतिं भयम् ।
अधिसहेताऽव्यथितः, देहदुःखं महाफलम् ॥२७॥

| | |
|---|---|
| ખુહં–ભૂખ | ભયં–ભયને |
| પિવાસં–તરસ | અવ્વહિઓ–દીનતા વિના |
| દુસ્સિજ્જં–વિષમ ભૂમિ | દેહદુક્ખં–દેહથી ઉત્પન્ન થયેલું દુઃખ |
| સી-ઉણ્હં–ટાઢ, તાપ | |
| અરઈં–દુઃખ | |

**ભાવાર્થ**–મુનિઓએ ભૂખ, તરસ, વિષમ ભૂમિ (સ્થાન), ટાઢ, તડકો, અરતિ અને ભયને દીનતા વિના સહન કરવાં, કેમ કે–દેહને વિષે ઉત્પન્ન થતાં દુઃખોને સમ્યક્ પ્રકારે સહન કરવાથી મહા ફળ પ્રાપ્ત થાય છે. ૨૭.

**अत्थंगयंमि आईच्चे, पुरत्था अ अणुग्गए ।**
**आहार-माईयं सव्वं, मणसा वि न पत्थए ॥२८॥**

(सं० छा०) अस्तंगत आदित्ये, पुरस्ताच्चानुद्गते ।
आहारादिकं सर्वं, मनसाऽपि न प्रार्थयेत् ॥२८॥

**અત્થંગયંમિ**-આથમી ગયે છતે
**આઈચ્ચે**-સૂર્ય
**પુરત્થા**-સવારમાં
**અણુગ્ગએ**-ન ઉગ્યે
**આહારમાઇઅં**-આહારાદિકને

**ભાવાર્થ**-સૂર્ય આથમ્યા બાદ જ્યાં સુધી પ્રાતઃકાળમાં સૂર્યનો ઉદય ન થાય, ત્યાં સુધીમાં આહારાદિ સર્વ, મન થકી ખાવાને ઈચ્છવાં નહિ. ૨૮.

**अतिंतिणे अचवले, अप्पभासी मिआसणे ।**
**हविज्ज उअरे दंते, थोवं लद्धुं न खिंसए ॥२९॥**

(सं० छा०) अतिन्तिणोऽचपलः, अल्पभाषी मिताशनः ।
भवेदुदरे दान्तः, स्तोकं लब्ध्वा न खिंसयेत् ॥२९॥

**અતિંતિણે**-કંઈ પણ ન બોલનારા
**અચવલે**-સ્થિર
**અપ્પભાસી**-થોડું બોલનારા
**મિઆસણે**-મિતાહારી
**હવિજ્જ**-હોય
**ઉઅરે દંતે**-પોતાનું પેટ વશ રાખનાર
**ન ખિંસએ**-નિંદા ન કરે

**ભાવાર્થ**-સાધુઓએ દિવસે જો ન મળે, તો પણ જે તે ન બોલવાવાળા, સ્થિર, અલ્પભાષી, મિતાહારી અને જે તે આહારથી નિર્વાહ કરવાવાળા થવું જોઈએ તથા થોડો આહાર મળ્યે છતે દાતારની નિંદા ન કરવી. ૨૯.

**न बाहिरं परिभवे, अत्ताणं न समुक्कसे ।**
**सुअलाभे न मज्जिज्जा, जच्चा तवस्सि-बुद्धिए ।३०।**

(सं० छा०) न बाह्यं परिभवेद्, आत्मानं न समुत्कर्षयेत् ।
श्रुतलाभाभ्यां न माद्येत, जात्या तापस्येन बुद्ध्या ।३०।

બાહિરં-બીજાને
પરિભવે-તિરસ્કારે
અત્તાણં-પોતાને
સમુક્કસે-વખાણે
સુઅ-શ્રુત
લાભે-વસ્તુનો લાભ
મજ્જિજ્જા-મદ કરે
જચ્ચા-જાતિનો
તવસ્સિ-તપનો
બુદ્ધિએ-બુદ્ધિનો

ભાવાર્થ-મુનિઓએ જેમ કોઈનો તિરસ્કાર ન કરવો, તેમ પોતાનો ઉત્કર્ષ ન કરવો તથા શ્રુત, લાભ, કુળ બળ, રૂપ, જાતિ, તપ અને વિદ્યાનો મદ પણ ન કરવો જોઈએ. ૩૦.

**से जाणमजाणं वा, कट्टु आहम्मिअं पयं ।**
**संवरे खिप्पमप्पाणं, बीअं तं न समायरे ॥३१॥**

(सं० छा०) स जानन्नजानन् वा, कृत्वाऽधार्मिकं पदम् ।
संवरेत् क्षिप्रमात्मानं, द्वितीयं तन्न समाचरेत् ॥३१॥

કટ્ટુ-કરીને
આહમ્મિઅં-અધાર્મિક
પયં-પદ
સંવરે-આલોયણા કરે
ખિપ્પં-જલ્દીથી
અપ્પાણં-પોતાના આત્માને
બીઅં-બીજું

ભાવાર્થ-મુનિઓએ રાગ-દ્વેષે કરીને જાણતાં કે અજા-

છુતાં જો મૂલ-ઉત્તરગુણુની વિરાધના કરી હોય, તો તેવા ભાવથી તત્કાલ નિવર્તીને આલોયણા આદિ ગ્રહણુ કરવી અને બીજી વાર તેવું કામ ન કરવું. ૩૧.

**अणायारं परक्कम्मं, नेव गूहे न निन्हवे ।**
**सुई सया वियडभावे, असंसत्ते जिइंदिए ॥३२॥**

(सं० छा०) अनाचारं पराक्रम्य, नैव गूहयेन्न निह्नुवीत ।
शुचिः सदा विकटभावः, असंसक्तो जितेन्द्रियः ॥३२॥

**અણાયારં**-અનાચાર
**પરક્કમ્મં**-સેવીને
**ગૂહે**-છૂપાવે
**ન નિન્હવે**-સર્વથા ન છૂપાવે
**સુઈ**-પવિત્ર
**વિયડભાવે**-પ્રગટ ભાવને ધારણુ કરનારા
**અસંસત્તે**-અપ્રતિબદ્ધ
**જિઇંદિએ**-જિતેન્દ્રિય

**ભાવાર્થ**-નિરંતર પવિત્ર બુદ્ધિવાળા, પ્રગટ ભાવવાળા, અપ્રતિબદ્ધ અને જિતેન્દ્રિય મુનિઓએ કર્મના ઉદયથી અનાચારને સેવીને, ગુરુની પાસે આલોચના કરતાં તેને છૂપાવવો નહિ, તેમજ સર્વથા અપલાપ પણુ ન કરવો અને તે નથી કર્યો એમ પણુ ન કહેવું. ૩૨.

**अमोहं वयणं कुज्जा, आयरिअस्स महप्पणो ।**
**तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥३३॥**

(सं० छा०) अमोघं वचनं कुर्याद्, आचार्याणां महात्मनाम् ।
तत्परिगृह्य वाचा, कर्मणोपपादयेत् ॥३३॥

| | |
|---|---|
| અમોહં–સફળ | મહપ્પણો–મહાત્માનું |
| વયણં–વચન | પરિગિજ્ઝ–અંગીકાર કરીને |
| કુજ્જા–કરવું જોઈએ | ઉવવાયએ–સંપાદન કરે |
| આયરિઅસ્સ–આચાર્યનું | (મેળવે) |

ભાવાર્થ–મુનિઓએ મહાત્મા આચાર્યનું વચન અમોઘ (સત્ય) કરવું જોઈએ. આચાર્યના વચનને વચનથી સ્વીકારી ક્રિયા દ્વારા તે કાર્ય કરી આપવું. ૩૩.

**अधुवं जीविअं नच्चा, सिद्धिमग्गं विआणिआ।**
**विणिअट्टिज्ज भोगेसु, आउं परिमिअमप्पणो ॥३४॥**

(सं० छा०) अध्रुवं जीवितं ज्ञात्वा, सिद्धिमार्गं विज्ञाय ।
विनिवर्तेत भोगेभ्यः, आयुः परिमितमात्मनः ॥३४॥

| | |
|---|---|
| અધુવં–અનિત્ય | વિણિઅટ્ટિજ્જ–પાછો હઠે |
| જીવિઅં–જીવન | ભોગેસુ–ભોગોથી |
| નચ્ચા–જાણીને | આઉં–આયુષ્ય |
| સિદ્ધિમગ્ગં–મોક્ષમાર્ગને | પરિમિઅં–પ્રમાણવાળું |
| વિઆણિઆ–જાણીને | અપ્પણો–પોતાનું |

ભાવાર્થ–આ જીવનને અનિત્ય જાણીને, પોતાના આયુષ્યને પરિમિત સમજીને અને જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપ મોક્ષમાર્ગને નિરંતર સુખ રૂપ વિચારીને, મુનિઓએ કર્મબંધના હેતુભૂત વિષયોથી પાછા હઠવું. ૩૪.

**बलं थामं च पेहाए, सद्धा–मारुग्ग–मप्पणो।**
**खित्तं कालं च विन्नाय, तहप्पाणं निजुंजए ॥३५॥**

**जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ।**
**जाविंदिआ न हायंति, ताव धम्मं समायरे ॥३६॥**

(सं० छा०) बलं स्थाम च प्रेक्ष्य, श्रद्धामारोग्यमात्मनः।
क्षेत्रं कालं च विज्ञाय, तथात्मानं नियुञ्जीत ॥३५॥
जरा यावन्न पीडयति, व्याधिर्यावन्न वर्धते ।
यावदिन्द्रियाणिन हीयन्ते, तावद्धर्मं समाचरेत्।३६।

**બલં**-ઇન્દ્રિયોની શકિત
**થામં**-શરીરની શકિત
**પેહાએ**-જોઈને
**સદ્ધાં**-શ્રદ્ધાને
**આરુગ્ગં**-રોગરહિતપણું
**વિન્નાય**-જાણીને
**નિજુંજએ**-જોડે
**પીડેઈ**-પીડે
**વાહી**-રોગ
**વડ્ઢઈ**-વધે
**હાયંતિ**-ઘટે

**ભાવાર્થ**-મુનિઓએ માનસિક બળ, શારીરિક બળ, શ્રદ્ધા અને નીરોગીપણું જોઈને તથા ક્ષેત્ર અને કાળને જાણીને, તે પ્રમાણે પોતાના આત્માને ધર્મકાર્યમાં જોડવો. જ્યાં સુધી જરા અવસ્થા પીડા કરતી નથી, જ્યાં સુધી વ્યાધિ વૃદ્ધિ પામી નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયોનું બળ ઘટયું નથી, તે પહેલાં ધર્મમાં પ્રયત્ન કરી લેવો. ૩૫-૩૬.

**कोहं माणं च मायं च, लोभं च पाव-वड्ढणं।**
**वमे चत्तारि दोसे उ, ईच्छंतो हिअमप्पणो ॥३७॥**

(सं० छा०) क्रोधं मानं च मायां च, लोभं च पापवर्धनम्।
वमेच्चतुरो दोषान्, इच्छंश्च हितमात्मनः ॥३७॥

પાવવડ્ઢણં-પાપ વધારનાર
વમે-ત્યાગ કરે.
હિયમપ્પણો-પોતાના હિતને

**ભાવાર્થ**-આત્માના હિતની ઇચ્છા કરનાર પુરુષોએ ક્રોધ, માન, માયા અને લોભ-આ ચાર પાપને વધારનાર દોષો છે, એમ જાણીને તેનો ત્યાગ કરવો. ૩૭.

**कोहो पीइं पणासेइ, माणो विणय-नासणो।**
**माया मित्ताणि नासेई, लोभो सव्व-विणासणो।३८।**

**(सं० छा०) क्रोधः प्रीतिं प्रणाशयति, मानो विनयनाशनः।**
**माया मित्राणि नाशयति, लोभः सर्वविनाशनः ॥३८॥**

પીઇં-પ્રીતિને
પણાસેઇ-નાશ કરે
વિણયનાસણો-વિનયનો નાશ કરનાર
નાસેઇ-નાશ કરે
સવ્વવિણાસણો-સર્વવિનાશક

**ભાવાર્થ**-ક્રોધ પ્રીતિનો વિનાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વ વસ્તુઓનો નાશ કરનાર છે. ૩૮.

**उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे।**
**मायं चज्जवभावेण, लोभं संतोसओ जिणे॥३९॥**

**(सं० छा०) उपशमेन हन्यात् क्रोधं, मानं मार्दवतो जयेत्।**
**मायां चार्जवभावेन, लोभं सन्तोषतो जयेत् ॥३९॥**

ઉવસમેણ-ક્ષમા વડે
હણે-નાશ કરે
મદ્દવયા-કોમલતા વડે
જિણે-જીતે
અજ્જવભાવેણ-સરલ ભાવથી
સંતોસઓ-સંતોષથી

**ભાવાર્થ**–મુનિઓ ઉપશમથી ક્રોધને હણે !, કોમલતા દ્વારા માનને જીતે ! અને સંતોષ દ્વારા લોભને જીતે !. ૩૯.

**कोहो अ माणो अ अणिग्गहीआ,**
**माया अ लोभो अ पवड्ढमाणा ।**
**चत्तारि एए कसिणा कसाया,**
**सिंचन्ति मूलाइं पुणब्भवस्स ॥४०॥**

(सं० छा०) क्रोधश्च मानश्चानिगृहीतो,
माया च लोभश्च प्रवर्धमानौ ।
चत्वार एते कृत्स्नाः कषायाः,
सिञ्चन्ति मूलानि पुनर्भवस्य ॥४०॥

| | |
|---|---|
| **અણિગ્ગહિઆ**–વશ નહિ કરેલા | **કસિણા**–સંપૂર્ણ |
| **પવઢ્ઢમાણા**–વધતા | **પુણબ્ભવસ્સ**–પુનર્જન્મનાં |

**ભાવાર્થ**–મુનિઓ વશ નહિ કરેલા ક્રોધ અને માન, તેમજ વૃદ્ધિ પામેલ માયા અને લોભ,–આ ચારેય સંપૂર્ણ કે ક્લિષ્ટ કષાયો, પુનર્જન્મ રૂપી વૃક્ષના તથાવિધ કર્મ રૂપી મૂલોને અશુભ ભાવ રૂપી જલથી સિંચે છે. ૪૦.

**रायणिएसु विणयं पउंजे,**
**धुवसीलयं सययं न हावईज्जा ।**
**कुम्मुव्व अल्लीण–पलीण–गुत्तो,**
**परक्कमिज्जा तव–संजमंमि ॥४१॥**

(सं० छा०) रत्नाधिकेषु विनयं प्रयुञ्जीत,
ध्रुवशीलतां सततं न हापयेत् ।
कूर्म इवालीनप्रलीनगुप्तः,
पराक्रमेत तपःसंयमे ॥ ४१ ॥

**રાયણિએસુ**–વિશેષ દીક્ષા-પર્યાયવાળાનો
**પઉંજે**–કરે
**ધ્રુવસીલયં**–નિશ્ચય શિયળને
**સયયં**–નિરંતર
**કુમ્મુવ્વ**–કાચબાની માફક
**અલ્લીણ પલ્લીણ ગુત્તો**–પોતાના અંગોપાંગ સમ્યક્ પ્રકારે રાખનાર
**પરક્કમિજ્જા**–પ્રવૃત્ત થાય
**તવ–સંજમંમિ**–તપ–સંયમને વિષે

**ભાવાર્થ**–મુનિઓએ રત્નાધિકોનો અભ્યુત્થાનાદિક વિનય કરવો, અઢાર હજાર શીલાંગ રૂપે ધ્રુવ શિયળ યથાશક્તિ નિરંતર સાચવવું જોઈએ તથા કાચબાની માફક પોતાના અંગોપાંગને ગોપવી રાખી તપ અને સંયમને વિષે પ્રવૃત્તિ કરવી જોઈએ. ૪૧.

**निद्दं च न बहु मन्निज्जा, सप्पहासं विवज्जए ।**
**मिहो कहाहिं न रमे, सज्झायंमि रओ सया ॥४२॥**

(सं० छा०) निद्रां च न बहु मन्येत, सप्रहासं विवर्जयेत् ।
मिथःकथासु न रमेत, स्वाध्याये रतः सदा ॥४२॥

**નિદ્દં**–નિદ્રાને
**બહુમન્નિજ્જા**–બહુમાન આપે
**સપ્પહાસં**–હાંસી–મશ્કરીવાળાં (વચનને)
**મિહો**–એકબીજા સાથે
**કહાહિં**–વાતોમાં
**સજ્ઝાયંમિ**–સ્વાધ્યાયમાં
**રઓ**–રક્ત

**ભાવાર્થ**–મુનિઓએ નિદ્રાને બહુમાન ન આપવું, તેમજ કોઈની હાંસી કરવી નહિ, અગર ઘણું હસવું નહિ તથા આપસમાં વિકથાદિ કરવી નહિ, પરંતુ નિરંતર સ્વાધ્યાય-ધ્યાનમાં આસક્ત રહેવું. ૪૨.

**जोगं च समणधम्मंमि, जुंजे अणलसो धुवं ।**

**जुत्तो अ समणधम्मंमि, अट्ठं लहइ अणुत्तरं ॥४३॥**

(सं० छा०) योगं च श्रमणधर्मे, युञ्जीतानलसो ध्रुवम् ।

युक्तश्च श्रमणधर्मे, अर्थं लभतेऽनुत्तरम् ॥ ४३ ॥

**જોગં**–જોગને
**સમણધમ્મંમિ**–શ્રમણધર્મમાં
**જુંજે**–જોડે
**અણલસો**–આળસરહિત
**અણુત્તરં**–સર્વોત્કૃષ્ટ

**ભાવાર્થ**–મુનિઓએ આળસ રાખ્યા વિના પોતાના મન-વચન-કાયાના યોગોને શ્રમણધર્મમાં જોડવા, કારણ કે-દશ પ્રકારના શ્રમણધર્મમાં જોડાયેલ સાધુ અનુત્તર-અર્થ જે કેવલજ્ઞાન તેને પામે છે. ૪૩.

**ईहलोग–पारत्त–हिअं, जेणं गच्छई सुग्गई ।**

**बहुस्सुअं पज्जुवासिज्जा,**

**पुच्छिज्जत्थ विणिच्छयं ॥४४॥**

(सं० छा०) इहलोक–परत्रहितं, येन गच्छति सुगतिम् ।

बहुश्रुतं पर्युपासीत, पृच्छेदर्थविनिश्चयम् ॥४४॥

**ઇહલોગ પારત્તહિઅં**–આલોક તથા પરલોકમાં હિત કરનાર
**બહુસ્સુઅં**–બહુશ્રુત–આગમના જાણ

પજ્જુવાસિજ્જા-સેવા કરે
પુચ્છિજ્જ-પૂછે
અત્થવિણિચ્છયં-અર્થના નિર્ણયને

**ભાવાર્થ**-જેનાથી આલોક તથા પરલોકનું હિત થાય છે તથા જેનાથી સારી ગતિમાં જવાય છે, એવા જ્ઞાનાદિને માટે મુનિઓએ બહુશ્રુત-આગમના જાણ-ગીતાર્થ આચાર્ય મહારાજની સેવા કરવી અને સેવા કર્યા બાદ પોતાનું કલ્યાણ થાય તેવા અર્થના નિર્ણયો પૂછવા. ૪૪.

**हत्थं पायं च कायं च, पणिहाय जिइंदिए ।**
**अल्लीण-गुत्तो निसिए, सगासे गुरुणो मुणी ।४५।**

(सं० छा०) हस्तं पादं च कायं च, प्रणिधाय जितेन्द्रियः ।
आलीनगुप्तो निषीदेत्, सकाशे च गुरोर्मुनिः ॥४५॥

પણિહાય-એકાગ્ર ચિત્તે
અલ્લીણગુત્તો-સંકોચીને, ગોપવીને
નિસિએ-બેસે
સગાસે-પાસે
ગુરુણો-ગુરુની

**ભાવાર્થ**-ગુરુ પાસે કેવી રીતે બેસવું ? જિતેન્દ્રિય થઈ હાથ, પગ અને શરીર સંયમીને ઉપયોગપૂર્વક સાધુઓએ ગુરુની પાસે બેસવું. ૪૫.

**न पक्खओ न पुरओ, नेव किच्चाण पिट्ठओ ।**
**न य उरुं समासिज्ज, चिट्ठिज्जा गुरुणंतिए ॥४६॥**

(सं० छा०) न पक्षतो न पुरतो, नैव कृत्यानां पृष्ठतः ।
न चोरुं समाश्रित्य, तिष्ठेद् गुरूणामन्तिके ॥४६॥

પક્ખઓ–પડખે
પુરઓ–આગળ
કિચ્ચાણ–આચાર્ય જે તેમના
પિટ્ઠઓ–પાછળ
ઉરૂં સમાસિજ્જિ–સાથળ ઉપર સાથળ ચડાવીને
ચિટ્ઠિજ્જા–બેસે
ગુરૂણંતિએ–ગુરુની સમીપે

**ભાવાર્થ**–આચાર્યની પડખે, મોઢા આગળ તથા પાછળ બેસવું નહિ, તેમજ ગુરુની પાસે સાથળ ઉપર સાથળ ચડાવીને બેસવું નહિ. ૪૬.

**अपुच्छिओ न भासिज्जा, भासमाणस्स अंतरा।**
**पिट्ठिमंसं न खाइज्जा, मायामोसं विवज्जए।४७।**

**(सं० छा०) अपृष्टो नैव भाषेत, भाषमाणस्य चान्तरा।**
**पृष्ठिमांसं न खादेच्च, मायामृषां (मृषावाचं) विवर्जयेत् ॥४७॥**

અપુચ્છિઓ–પૂછયા વગર
ભાસમાણસ્સ–ગુરુ બોલતા હોય ત્યારે
અંતરા–વચ્ચે
પિટ્ઠિમંસં ખાઇજ્જા–પરોક્ષમાં નિંદા કરવી તે
માયામોસં–સકપટ અસત્ય વચન

**ભાવાર્થ**–ગુરુએ પૂછયા વિના બોલવું નહિ તથા ગુરુ બોલતા હોય તેમની વચ્ચે પણ બોલવું નહિ, તેમજ ગુરુની પાછળ તેમના દોષ પણ બોલવા નહિ અને માયા–મૃષાવાદનો ત્યાગ કરવો. ૪૭.

**अप्पत्तिअं जेण सिआ, आसु कुप्पिज्ज वा परो।**
**सव्वसो तं न भासिज्जा, भासं अहिअगामिणिं।४८।**

(સં૦ છા૦) अप्रीतिकं येन स्यात्, आशु कुप्येच्च वा परः ।
सर्वशस्तां न भाषेत, भाषामहितगामिनीम् ॥४८॥

| | |
|---|---|
| અપ્પત્તિઅં-અપ્રીતિ કરનારૂં | પરો-બીજાને |
| જેણ-જે ભાષાથી | અહિઅગામિણિં-અહિત કરનારી |
| કુપ્પિજ્જ-ક્રોધ પેદા થાય | |

**ભાવાર્થ**-જે ભાષા બોલવાથી બીજાને અપ્રીતિ પેદા થાય તથા જલ્દી બીજાને ક્રોધ પેદા થાય, તેમજ ઉભય લોકમાં વિરુદ્ધ એવી ભાષા મુનિઓએ કોઈ વખત બોલવી નહિ. ૪૮.

**दिट्ठं मिअं असंदिद्धं, पडिपुन्नं विअं जिअं ।**
**अयंपिर-मणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥४९॥**

(સં૦ છા૦) दृष्टां मितां असंदिग्धां, प्रतिपूर्णां व्यक्तां जिताम् ।
अजल्पनशीलामनुद्विग्नां, भाषां निसृजेदात्मवान् ॥४९॥

| | |
|---|---|
| અસંદિદ્ધં-સંશયરહિત | અણુવ્વિગ્ગં-ઉદ્વેગને નહિ કરાવવાવાળી |
| પડિપુન્નં-સ્પષ્ટ ઉચ્ચાર હોવાથી, પ્રગટ એવી | નિસિર-બોલે |
| અયંપિરં-ન ઊંચે | અત્તવં-ચેતનાવંત |

**ભાવાર્થ**-આત્મવાન મુનિઓએ, દૃષ્ટાર્થ વિષય (પોતે દેખેલા પદાર્થ સંબંધી) મિત, શંકારહિત, પ્રતિપૂર્ણ, પ્રગટ, પરિચયવાળી, અતિ ઊંચે નહિ અને ઉદ્વેગને કરાવે નહિ, એવી ભાષા બોલવી. ૪૯.

**आयार-पन्नत्ति-धरं, दिट्ठिवाय-महिज्जगं ।**
**वायविक्खलिअं नच्चा, न तं उवहसे मुणी ॥५०॥**

(सं० छा०) आचारप्रज्ञप्तिधरं, दृष्टिवादमधीयानम् ।
वाग्विस्खलितं ज्ञात्वा, न तमुपहसेन्मुनिः ॥५०॥

**આયારપન્નત્તિધરં**-આચાર અને પ્રજ્ઞપ્તિને ધારણ કરનાર
**દિટ્ઠિવાયમહિજ્જગં**-દૃષ્ટિવાદનું અધ્યયન કરનાર
**વાયવિક્ખલિઅં**-વચન બોલતાં સ્ખલના, ભૂલ પામેલા

**ભાવાર્થ**-આચાર અને પ્રજ્ઞપ્તિને ધારણ કરનાર તથા દૃષ્ટિવાદને ભણનાર, એવા પણ મુનિ કદાચ પ્રકૃતિ, પ્રત્યય, લોપ, આગમ, વર્ણવિકાર, કાલ, કારકાદિ અને વચનાદિનું જ્ઞાન હોવા છતાં, બોલવામાં લિંગ, ભેદ વગેરેથી સ્ખલના પામે, પણ તેમની હાંસી કરવી નહિ. ૫૦.

**नक्खत्तं सुमिणं जोगं, निमित्तं मंत-भेसजं ।**
**गिहिणो तं न आइक्खे, भूआहिगरणं पयं ॥५१॥**

(सं० छा०) नक्षत्रं स्वप्नं योगं, निमित्तं मन्त्रभेषजम् ।
गृहिणां तन्नाचक्षीत, भूताधिकरणं पदम् ॥५१॥

**નક્ખત્તં**-નક્ષત્ર
**સુમિણં**-સ્વપ્ન
**મંતભેસજં**-મંત્ર અને ઔષધ
**આઇક્ખે**-કહે
**ભૂઆહિગરણં પયં**-પ્રાણીઓની પીડાનું સ્થાનક

**ભાવાર્થ**-મુનિઓએ નક્ષત્ર, સ્વપ્ન, વશીકરણાદિ યોગ, નિમિત્ત, મંત્ર, ઔષધ આદિ ગૃહસ્થીઓને કહેવાં નહિ, કારણ કે-તેમ કહેવાથી એકેન્દ્રિયાદિ જીવોની વિરાધના થાય છે; પણ ગૃહસ્થીઓની અપ્રીતિ દૂર કરવા માટે એમ કહેવું કે-આ કાર્યોમાં બોલવા માટે મુનિઓને અધિકાર નથી. ૫૧.

अन्नट्ठं पगडं लयणं, भइज्ज सयणासणं ।
उच्चारभूमि–संपन्नं, इत्थी–पसु–विवज्जिअं ॥५२॥

(सं० छा०) अन्यार्थं प्रकृतं लयनं, भजेच्च शयनासनम् ।
उच्चारभूमिसम्पन्नं, स्त्रीपशुविवर्जितम् ॥५२॥

અન્નટ્ઠં–બીજાને માટે
પગડં–કરેલું
લયણં–વસતિ
ભઈજ્જ–સેવે
સયણાસણં–સંથારો અને આસન
ઉચ્ચારભૂમિસંપન્નં–સ્થંડિલ–માત્રાની જગ્યાયુક્ત
ઇત્થીપસુવિવજ્જિઅં–સ્ત્રી, પશુથી વર્જિત

**ભાવાર્થ**–બીજાને માટે બનાવેલ, સ્થંડિલ–માત્રાની જગ્યાયુક્ત અને સ્ત્રી, પશુ આદિ રહિત, એવા સ્થાનમાં મુનિઓએ રહેવું તથા સંથારો તેમજ પાટલા વગેરે પણ બીજાને અર્થે કરેલા હોય તેવાં વાપરવાં. ૫૨.

विवित्ता अ भवे सिज्जा, नारीणं न लवे कहं ।
गिहि–संथवं न कुज्जा, कुज्जा साहूहिं संथवं ॥५३॥

(सं० छा०) विविक्ता च भवेच्छय्या, नारीणां न लपेत्कथाम् ।
गृहिसंस्तवं न कुर्यात्, कुर्यात्साधुभिः संस्तवम् ।५३।

વિવિત્તા–બીજાથી રહિત
ભવે–હોય
સિજ્જા–વસતિ
નારીણં–સ્ત્રીઓને
ગિહિ સંથવં–ગૃહસ્થીઓનો પરિચય
સાહૂહિં–સાધુઓની સાથે

ભાવાર્થ-બીજા મુનિઓ આદિથી રહિત જો ઉપાશ્રય હોય, તો સાધુએ (એકલી) સ્ત્રીઓને ધર્મકથા ન કહેવી, કેમ કે-તેથી શંકાદિ દોષોનો સંભવ છે, તેમજ ગૃહસ્થીઓનો પરિચય મુનિઓએ ન કરવો પણ મુનિઓની સાથે પરિચય કરવો. ૫૩.

**जहा कुक्कुड-पोअस्स, निच्चं कुललओ भयं।**
**एवं खु बंभयारिस्स, ईत्थी-विग्गहओ भयं॥५४॥**

(सं० छा०) यथा कुक्कुटपोतस्य, नित्यं कुललतो भयम्।
एवं खु ब्रह्मचारिणः, स्त्रीविग्रहतो भयम्॥५४॥

કુક્કુડપોઅસ્સ-કુકડીના બચ્ચાને
કુલલઓ-બિલાડીથી
બંભયારિસ્સ-બ્રહ્મચારીને
ઇત્થીવિગ્ગહઓ-સ્ત્રીના શરીરને

ભાવાર્થ-જેમ કુકડીનાં બચ્ચાંને નિરંતર બિલાડીથી ભય હોય છે, તેમ બ્રહ્મચારીઓને સ્ત્રીના શરીરથી ભય હોય છે, માટે સ્ત્રીઓનો પરિચય તો કોઈ વખત મુનિઓએ ન કરવો. ૫૪.

**चित्तभित्तिं न निज्झाए, नारिं वा सु-अलंकिअं।**
**भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे॥५५॥**

(सं० छा०) चित्रगतां न निरीक्षेत, नारीं वा स्वलङ्कृताम्।
भास्करमिव दृष्ट्वा, दृष्टिं प्रतिसमाहरेद्॥ ५५ ॥

ચિત્તભિત્તિં-ચિત્રમાં ચિતરેલી
નિજ્ઝાએ-જુએ
સુઅલંકિઅં-સારા અલંકારવાળી
ભક્ખરં પિવ-સૂર્યને જેમ
દટ્ઠૂણં-જોઈને
પડિસમાહરે-પાછી વાળે

**ભાવાર્થ**-મુનિઓએ ચિત્રામણમાં ચિતરેલી સ્રીને જોવી નહિ, તેમજ અલંકારવાળી અને અલંકાર વિનાની સચેતન સ્રીને પણ જોવી નહિ; જો કદાચ તેમ જોવામાં આવે, તો સૂર્યને જોઈને જેમ દૃષ્ટિ ખેંચી લે, તેમ સ્રીને જોઈને સાધુઓએ પોતાની દૃષ્ટિ પાછી ખેંચી લેવી. ૫૫.

**हत्थ-पाय-पडिच्छिन्नं, कन्न-नास-विगप्पिअं।**
**अवि वाससयं नारिं, बंभयारी विवज्जए ॥५६॥**

(सं० छा०) हस्तपादप्रतिच्छिन्नां, कर्णनासाविकृत्ताम् ।
अपि वर्षशतिकां नारीं, ब्रह्मचारी विवर्जयेत् ॥५६॥

હત્થપાયપડિચ્છિન્નં-હાથ-પગ કપાએલી
કન્નનાસવિગપ્પિઅં-કાન અને નાક કપાએલી
અવિ વાસસયં-સો વર્ષની પણ

**ભાવાર્થ**-બ્રહ્મચારીઓએ, જેણીના હાથ-પગ તથા નાક-કાન કપાયેલા છે, એવી સો વર્ષની પણ સ્રીનો પરિચય કરવો નહિ. પછી જુવાન સ્રીના પરિચયની તો વાત જ શી કરવી? ૫૬.

**विभूसा इत्थि-संसग्गो, पणीअं रसभोअणं।**
**नरस्सत्त-गवेसिस्स, विसं तालउडं जहा ॥५७॥**

(सं० छा०) विभूषा स्त्रीसंसर्गः, प्रणीतं रसभोजनम् ।
नरस्यात्मगवेषिणो, विषं तालपुटं यथा ॥५७॥

વિભૂસા-વસ્ત્ર, અલંકાર દ્વારા જે શોભા
ઇત્થિસંસગ્ગો-સ્ત્રીપરિચય
નરસ્સ-મનુષ્યને
પણીઅં રસભોઅણં-ઘી આદિ સ્નિગ્ધ આહારનું ભોજન
અત્તગવેસિસ્સ-આત્માર્થીને
વિસં તાલઉડં-તાલપુટ વિષ

**ભાવાર્થ**-આત્મકલ્યાણના અર્થી પુરુષને, વિભૂષા, સ્ત્રીજનનો પરિચય અને ઘી, દૂધ આદિ સ્નિગ્ધ પદાર્થોનું ભોજન તાલપુટના વિષ સરખું છે. જેમ તાલપુટ વિષથી તત્કાળ માણસ મરણ પામે છે, તેમ પૂર્વોક્ત ત્રણથી બ્રહ્મચર્યનો નાશ થાય છે. ૫૭.

**अंग-पच्चंग-संठाणं, चारुल्लविअ-पेहिअं ।**
**इत्थीणं तं न निज्झाए, कामराग-विवड्ढणं ॥५८॥**

(सं० छा०) अङ्गप्रत्यङ्गसंस्थानं, चारुलपितप्रेक्षितम् ।
स्त्रीणां तन्न निरीक्षेत, कामरागविवर्द्धनम् ॥५८॥

અંગપચ્ચંગ સંઠાણં-દરેક અંગ-પ્રત્યંગની રચના
ચારૂલ્લવિઅપેહિઅં-મનોહર આલાપ તથા દૃષ્ટિને
કામરાગવિવડ્ઢણં-કામરાગની વૃદ્ધિ કરનાર

**ભાવાર્થ**-આત્માર્થી પુરુષે સ્ત્રીઓના મસ્તક આદિ અંગો અને નયન વગેરે પ્રત્યંગની આકૃતિને તથા સુંદર વદનને અને તેના મનોહર નયનને જોવાં નહિ. તેમ જોવાથી વિષયાભિલાષની વૃદ્ધિ થાય છે. ૫૮.

**विसएसु मणुन्नेसु, पेमं नाभिनिवेसए ।**
**अणिच्चं तेसिं विन्नाय, परिणामं पुग्गलाण य ।५९।**

(सं० छा०) विषयेषु मनोज्ञेषु, प्रेम नाभिनिवेशयेत् ।
अनित्यं तेषां विज्ञाय, परिणामं पुद्गलानां च ।५९।

| | |
|---|---|
| મણુન્નેસુ–મનોહરોમાં | તેસિં–તેઓને |
| નાભિનિવેસએ–ન સ્થાપન કરે | પુગ્ગલાણ–પુદ્ગલોના |
| અણિચ્ચં–અનિત્ય | |

**ભાવાર્થ**–આત્મકલ્યાણાર્થીએ, શબ્દાદિક પરિણામ રૂપે પરિણમેલા પુદ્ગલોના પરિણામને અનિત્ય જિનવચનાનુસાર જાણીને મનોજ્ઞ વિષયોમાં રાગ ન કરવો, તેમજ ખરાબ પુદ્ગલોમાં દ્વેષ ન કરવો, કેમ કે–જે સારા પુદ્ગલો છે, તે કારણ પામીને થોડા વખતમાં ખરાબ બને છે અને જે ખરાબ છે તે કારણાન્તરથી થોડી જ વારમાં મનોહર બને છે. ૫૯.

**पुग्गलाणं परिणामं, तेसिं नच्चा जहा तहा ।**
**विणीअतण्हो विहरे, सीईभूएण अप्पणा ॥६०॥**

(सं० छा०) पुद्गलानां परिणामं, तेषां ज्ञात्वा यथातथा ।
विनीततृष्णो विहरेत्, शीतीभूतेन चात्मना ॥६०॥

| | |
|---|---|
| વિણીઅતણ્હો–તૃષ્ણાને દૂર કરતો | વિહરે–વિચરે |
| | સીઇભૂએણ–શીતળ થઈને |

**ભાવાર્થ**–આત્માર્થી મહાપુરુષે, મનોહર પુદ્ગલો અશુભ થાય છે અને અશુભ પુદ્ગલો શુભ થાય છે, તેથી પુદ્ગલના પરિણામને જાણીને તેના ઉપભોગમાં તૃષ્ણારહિત થઈ તથા ક્રોધાદિ અગ્નિના અભાવથી શીતળ થઈને વિચરવું. ૬૦.

**जाइ सद्धाई निक्खंतो, परिआयट्ठाण-मुत्तमं।**
**तमेव अणुपालिज्जा, गुणे आयरिअ-संमए ॥६१॥**

(सं० छा०) यया श्रद्धया निष्क्रान्तः, पर्यायस्थानमुत्तमम् ।
तामेवानुपालयेद्, गुणेष्वाचार्यसंमतेषु ॥ ६१ ॥

| | |
|---|---|
| **જાઈ**–જે | **અણુપાલિજ્જા**–રક્ષણ કરે |
| **સદ્ધાઈ**–શ્રદ્ધાથી | **ગુણે**–મૂલગુણ રૂપ શ્રદ્ધાને |
| **નિક્ખંતો**–નીકળ્યો છતા | **આયરિઅસંમએ**–આચાર્યને બહુ સંમત |
| **પરિઆયટ્ઠાણં**–ઉત્તમ સ્થાનક | |

**ભાવાર્થ**–જે શ્રદ્ધાથી ગૃહસ્થાશ્રમમાંથી–અવિરતિના કાદવમાંથી નીકળીને પ્રવજ્યા રૂપ ઉત્તમ સ્થાનને પ્રાપ્ત કર્યું છે, તેવા સાધુએ પૂ. આચાર્ય મહારાજ અર્થાત્ તીર્થંકરદેવાદિ બહુસંમત મૂલગુણાદિ રૂપ ગુણોને અપ્રતિપાતિ શ્રદ્ધાપૂર્વક ચડતા પરિણામે પાલન કરવા જોઈએ. ૬૧.

**तवं चिमं संजम–जोगयं च,**
**सज्झाय–जोगं च सया अहिट्ठिए ।**
**सूरे व सेणाइ समत्त–माउहे,**
**अलमप्पणो होइ अलं परेसिं ॥६२॥**

(सं० छा०) तपश्चेदं संयमयोगं च,
स्वाध्याययोगं च सदाऽधिष्ठाता ।
शूर इव सेनया समाप्तायुधः,
अलमात्मनो भवत्यलं परेषाम् ॥६२॥

**સંજમ જોગયં**–સંયમ વ્યાપાર
**સજ્ઝાય જોગં**–વાચના વગેરે વ્યાપાર
**સેણાઇ**–સેનાથી
**સમત્તમાઉહે**–તપસ્યા આદિ આયુધવાળો
**અહિટ્ઠિએ**–કરનાર એવા સાધુ
**સૂરે**–શૂરવીર પુરુષ જેમ
**અલં**–સમર્થ
**પરેસિં**–(બીજા) શત્રુઓને

**ભાવાર્થ**–બાર પ્રકારની તપસ્યા, ષટ્કાયની રક્ષા રૂપ સંયમયોગ અને વાચના વગેરે સજ્ઝાયોમાં નિરંતર રહેલા સાધુઓ, જેમ ચતુરંગી સેનાથી ઘેરાયેલો શૂરવીર પુરુષ હથિયારની મદદથી તેનાથી મુક્ત થાય છે, તેમ કષાય રૂપી સેનાથી રોકાયેલા સાધુઓ પૂર્વોક્ત તપસ્યાદિ હથિયારોથી અને ઇન્દ્રિય-વિષય-કષાયાદિ શત્રુસેનાથી પોતાને મૂકાવવાને સમર્થ થાય છે, તેમજ તેને દૂર કરવાને પણ સમર્થ થાય છે. ૬૨.

**सज्झाय–सज्झाण–रयस्स ताइणो,**
**अपाव–भावस्स तवे रयस्स ।**
**विसुज्झइ जं सि मलं पुरेकडं,**
**समीरिअं रुप्पमलं व जोइणा ॥६३॥**

(सं० छा०) स्वाध्यायसद्ध्यानरतस्य तायिनो,
अपापभावस्य तपसि रतस्य ।
विशुद्ध्यते यदस्य मलं पुराकृतं,
समीरितं रूप्यमलमिव ज्योतिषा ॥६३॥

**સજ્ઝાય-સજ્ઝાણ-રયસ્ય-** સ્વાધ્યાય રૂપ શુભ ધ્યાનમાં આસક્ત
**તાઇણો**-સ્વ-પર રક્ષણ કરનાર
**અપાવભાવસ્સ**-શુદ્ધ ચિત્તવાળા
**સમીરિઅં**-અગ્નિથી તપાવેલ
**રૂપ્પમલં**-રૂપાનો મેલ
**જોઇણા**-અગ્નિથી

**ભાવાર્થ**-સ્વાધ્યાય રૂપ શુભ ધ્યાનમાં આસક્ત, સ્વ-પર રક્ષક, શુદ્ધ પરિણામવાળા અને તપસ્યામાં આસક્ત, એવા મુનિઓએ પૂર્વે કરેલાં પાપો, જેમ અગ્નિથી તપાવેલ રૂપાનો મેલ શુદ્ધ થાય છે, તેમ શુદ્ધ થાય છે અર્થાત્ નિર્જરી જાય છે. ૬૩.

**से तारिसे दुक्खसहे जिइंदिए,**
**सुएण जुत्ते अममे अकिंचणे ।**
**विरायई कम्म-घणंमि अवगए,**
**कसिणब्भ-पुडावगमेव व चंदिमे ॥त्ति बेमि॥६४॥**

**(सं० छा०) स तादृशो दुःखसहो जितेन्द्रियः,**
**श्रुतेन युक्तोऽममोऽकिञ्चनः ।**
**विराजते कर्मघनेऽपगते,**
**कृत्स्नाभ्रपुटावगम इव चन्द्रमाः ॥ इति ब्रवीमि ।६४।**

તારિસે-તેવો સાધુ
**દુક્ખસહે**-દુઃખને સહન કરનાર
**જિઇંદિએ**-જિતેન્દ્રિય
**સુએણ**-શ્રુતજ્ઞાનથી
**અમમે**-મમતારહિત
**અકિંચણે**-પરિગ્રહરહિત
વિરાયઇ-શોભે છે
**કમ્મઘણંમિ**-કર્મરૂપી વાદળાં
**અવગએ**-દૂર થયે છતે
**ચંદિમે**-ચંદ્રમા
**કસિણબ્ભપુડાવગમે**-સમગ્ર વાદળાં દૂર થયે છતે

ભાવાર્થ-પૂર્વે કહેલાં ગુણો સહિત તેમજ પરીષહને જીતવાવાળો, જિતેન્દ્રિય, શ્રુતજ્ઞાનયુક્ત, મમતા વગરનો અને સુવર્ણાદિ પરિગ્રહરહિત સાધુ, જેમ સમગ્ર વાદળોના પડલો નીકળી જવાથી ચંદ્રમા શોભે છે, તેમ તેમના કર્મ રૂપ વાદળોના જવાથી તે કેવલજ્ઞાન રૂપી પ્રકાશ-જ્યોતિધારી શોભે છે. ૬૪.

ઇતિ આચારપ્રણિધિ નામકમ્ અષ્ટમમ્ અધ્યયનમ્

*

## ૯. વિનયસમાધિ નામકમ્ અધ્યયનમ્

### પ્રથમોદ્દેશકઃ

थंभा व कोहा व मयप्पमाया,
गुरुस्सगासे विणयं न सिक्खे ।
सो चेव उ तस्स अभूईभावो,
फलं व कीअस्स वहाय होई ॥१॥

(सं० छा०) स्तम्भाद्वा क्रोधाद्वा मायाप्रमादाद्,
गुरोःसकाशे विनयं न शिक्षते ।
स एव तु तस्याभूतिभावः,
फलमिव कीचकस्य वधाय भवति ॥१॥

થંભા-માનથી
મયપ્પમાયા-માયાના પ્રમાદથી
ગુરુસ્સગાસે-ગુરુની પાસે
અભૂઇભાવો-અજ્ઞાન ભાવ
કીઅસ્સ-વાંસના
વહાય-નાશને માટે

**ભાવાર્થ**-જે શિષ્ય માનથી, ક્રોધથી કે માયાના પ્રમાદથી ગુરુની પાસે વિનય શીખતો નથી, તે શિષ્યને આ માનાદિ પ્રમાદ (જેમ વાંસને ફળ આવવાથી વાંસનો નાશ થાય છે તેમ) જ્ઞાનાદિ ભાવપ્રાણનો નાશ કરવાવાળા થાય છે. ૧.

**जे आवि मंदित्ति, गुरुं विइत्ता,**
**डहरे इमें अप्पसुअसत्ति नच्चा।**
**हीलंति मिच्छं पडिवज्जमाणा,**
**करंति आसायण ते गुरूणं ॥२॥**

(सं० छा०) ये चापि मन्द इति गुरुं विदित्वा,
डहरोऽयमल्पश्रुत इति ज्ञात्वा ।
हीलयन्ति मिथ्यात्वं प्रतिपद्यमाना,
कुर्वन्त्याशातनां ते गुरूणाम् ॥ २ ॥

**મંદિત્તિ**-મંદ બુદ્ધિવાળો એ પ્રકારે
**વિઇત્તા**-જાણીને
**ડહરે**-નાની ઉમ્મરના
**અપ્પસુઅત્તિ**-અલ્પ શ્રુતવાળા
**હીલંતિ**-હિલના કરે છે
**પડિવજ્જમાણા**-અંગીકાર કરત

**ભાવાર્થ**-જે કોઈ સાધુઓ પોતાના ગુરુને મંદ બુદ્ધિવાળા જાણીને, તેમજ નાની ઉંમરવાળા અને અલ્પ શ્રુતવાળા જાણીને, મિથ્યાત્વને અંગીકાર કરી ગુરુની હિલના કરે છે, તે ખરેખર ગુરુઓની મહાન્ આશાતના કરે છે. આ કારણથી ગુરુની હિલના ન કરવી. ૨.

पगईइ मंदा वि भवंति एगे,
डहरा वि अ जे सुअबुद्धोववेआ।
आयारमंता गुणसुट्ठिअप्पा,
जे हीलिआ सिहिरिव भास कुज्जा ॥३॥

(सं० छा०) प्रकृत्या मन्दा अपि भवन्त्येके,
डहरा अपि च ये श्रुतबुद्ध्युपेताः।
आचारवन्तो गुणसुस्थितात्मनो,
ये हीलिताः शिखीव भस्मसात्कुर्युः ॥३॥

પગઈઈ-સ્વભાવથી
આયારમંતા-આચારવાળા
સુઅબુદ્ધોવવેઆ-શ્રુત અને બુદ્ધિએ સહિત
ગુણસુટ્ઠિઅપ્પા-ગુણને વિષે સ્થિર છે આત્મા જેનો
સિહિરિવ-અગ્નિની માફક
ભાસ-ભસ્મ
કુજ્જા-કરે છે

ભાવાર્થ-મુનિઓએ પોતાના ગુરુની હિલના ન કરતાં તે સંબંધી આ પ્રમાણે વિચાર કરવો જોઈએ, તે બતાવે છે. અહો! કેટલાક મુનિઓ ઉંમરમાં નાના હોય છે, તો પણ શુદ્ધ બુદ્ધિવાળા, જ્ઞાનાદિ આચારવાળા અને ગુણાધિષ્ઠિત આત્માવાળા શિષ્યોએ, ગુરુને મંદ બુદ્ધિવાળા જાણીને તેમની હિલના કોઈ પણ વખત ન કરવી. અગ્નિ જેમ વસ્તુને બાળીને નાશ કરે છે, તેમ ગુરુની હિલના, નિંદા કે અવજ્ઞા તે જ્ઞાનાદિ ગુણોનો નાશ કરે છે. ૩.

जे आवि नागं डहरं ति नच्चा,
आसायए से अहिआय होइ ।
एवायरिअं पि हु हीलयंतो,
निअच्छई जाइपहं खु मंदो ॥४॥

(सं० छा०) यश्चापि नागं डहरं इति ज्ञात्वा,
आशातयति सोऽहिताय भवति ।
एवमाचार्यमपि हीलयन्,
निर्गच्छति जातिपन्थानं तु मन्दः ॥४॥

| | |
|---|---|
| **नागं**-સર્પને | નિઅચ્છઈ-પામે છે |
| **અહિયાય**-અહિતને માટે | જાઈપહં-જાતિમાર્ગ |

**ભાવાર્થ**-જેમ કોઈ મૂર્ખ માણસ સર્પને નાનો જાણીને તેને સળી વગેરેથી કદર્થના કરે છે અને તેથી કદર્થના પામેલો નાગ કદર્થના કરનારને ડસવાથી મરણને માટે થાય છે, તેમ કોઈ કારણથી નાની ઉંમરમાં આચાર્યપદે સ્થાપેલ નાના આચાર્ય, તેની હિલના કરતો મંદ બુદ્ધિવાળો શિષ્ય બેઇન્દ્રિયાદિ જન્મ-મરણના માર્ગને પ્રાપ્ત કરે છે, અર્થાત્ ઘણો કાળ સંસારમાં રઝળવા રૂપ અહિતને-દુઃખને પામે છે. ૪.

आसीविसो वा वि परं सुरुट्ठो,
किं जीवनासाउ परं न कुज्जा ।
आयरिअपाया पुण अप्पसन्ना,
अबोहि-आसायण नत्थि मुक्खो ॥५॥

(सं० छा०) आशीविषश्चापि परं सुरुष्टः,
किं जीवितनाशात्परं न कुर्यात् ?।
आचार्यपादाः पुनरप्रसन्नाः,
अबोध्याशातनया नास्ति मोक्षः ॥ ५ ॥

| | |
|---|---|
| આસીવિસો-દાઢમાં વિષવાળો સર્પ | અપ્પસન્ના-અપ્રસન્ન થયેલા |
| સુરુટ્ઠો-ઘણો કોપેલો (ક્રોધવાળો) | અબોહિ-મિથ્યાત્વ |
| જીવનાસાઓ-જીવના નાશથી | મુક્ખો-મોક્ષ |
| | નત્થિ-નથી |

**ભાવાર્થ**-જેમ આશીવિષ સર્પ ઘણો રોષાયમાન થયે છતે પણ જીવિતવ્યનો નાશ કરવા કરતાં બીજો કાંઈ પણ દોષ કરતો નથી, તેમ હિલના કરવાથી અપ્રસન્ન થયેલા આચાર્ય તો મિથ્યાત્વના કારણ રૂપ થાય છે, કેમ કે-આચાર્યની હિલના-આશાતના કરવાથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. જો આમ છે, તો ગુરુની આશાતના કરવાવાળાને મોક્ષ નથી. ૫.

**जो पावगं जलिअ-मवक्कमिज्जा,**
**आसीविसं वा वि हु कोवइज्जा।**
**जो वा विसं खायइ जीविअट्ठी,**
**एसोवमासायणया गुरूणं ॥६॥**

(सं० छा०) यः पावकं ज्वलितमपक्रामेद्,
याशीविषं वाऽपि हि कोपयेत्।

यो वा विषं खादति जीवितार्थी,
एषोपमाशातनया गुरूणाम् ॥ ६ ॥

| | |
|---|---|
| જાલઅં-બળતી | ખાયઇ-ખાય છે. |
| અવક્કમિજ્જા-વળગી રહે | જીવિઅટ્ઠી-જીવવાને અર્થે |
| કોવઇજ્જા-ક્રોધ પમાડે | એસોવમા-આ ઉપમા |
| વિસં-વિષને | |

**ભાવાર્થ**-જેમ કોઈ માણસ જીવવાને માટે બળતા અગ્નિમાં ઊભો રહે અથવા આશીવિષ સર્પને ક્રોધ પમાડે અથવા જીવવાને માટે ઝેર ખાય, તેમ આ ઉપમાઓ ગુરુની આશાતના કરવાવાળાઓને સંભવે છે. એટલે જેમ જીવવાને માટે ઉપર કહેલી વાતો કરવામાં આવે તો ઉલ્ટું તેનાથી મરણ થાય છે, તેમ ગુરુની આશાતના કરવાથી સંસારની વૃદ્ધિ થાય છે. ૬.

सिया हु से पावय नो डहेज्जा,
आसीविसो वा कुविओ न भक्खे ।
सिआ विसं हालहलं न मारे,
न यावि मोक्खो गुरु-हीलणाए ॥७॥

(सं० छा०) स्यात्खल्वसौ पावको नो दहेत्,
आशीविषो वा कुपितो न भक्षयेत् ।
स्याद्विषं हालाहलं न मारयेत्,
न चापि मोक्षो गुरुहीलनातः ॥ ७ ॥

| | |
|---|---|
| સિયા-કદાચ | ન ભક્ખે-કરડે નહિ |
| પાવય-અગ્નિ | હાલહલં-હાલાહલ નામનું ઝેર |
| નો ડહેજ્જા-બાળે નહિ | ન મારે-મારે નહિ |
| કુવિઓ-ક્રોધ પામેલો | |

**ભાવાર્થ**-કદાચ જો મંત્રાદિથી બંધાએલ અગ્નિ માણસને બાળે નાહ, કોપાયમાન થએલ આશીવિષ સાપ કરડે નહિ અને હાલાહલ વિષ ખાવાથી મરણ પણ ન થાય, તો પણ ગુરુની હિલના કરવાવાળાને તો મોક્ષ ન જ થાય. ૭.

**जो पव्वयं सिरसा भेत्तु-मिच्छे,**
**सुत्तं व सीहं पडिबोहएज्जा ।**
**जो वा दए सत्ति-अग्गे पहारं,**
**एसोवमासायणया गुरूणं ॥८॥**

(सं० छा०) यः पर्वतं शिरसा भेत्तुमिच्छेत्,
सुप्तं वा सिंहं प्रतिबोधयेत् ।
यो वा ददाति शक्त्यग्रे प्रहारं,
एषोपमाऽऽशातनया गुरूणाम् ॥ ८ ॥

| | |
|---|---|
| પવ્વયં-પર્વતને | સીહં-સિંહને |
| સિરસા-મસ્તકથી | પડિબોહએજ્જા-જગાડે |
| ભેત્તું-ભેદવાને | દએ-કરે |
| ઇચ્છિે-ઇચ્છા કરે | સત્તિઅગ્ગે-શક્તિની ધાર પર |
| સુત્તં-સુતેલા | પહારં-પ્રહારને |

**ભાવાર્થ**-જેમ કોઈ માણસ પર્વતને પોતાના માથાથી

ભાંગવા ઈચ્છે અથવા સુતેલા સિંહને જગાડે અથવા શક્તિ નામના શસ્ત્ર ઉપર હાથથી કોઈ પ્રહાર કરે અને તેથી તેમ કરનારાને ગેરફાયદો જ થાય, તેમ ગુરુની આશાતના કરવાવાળાને પણ ગેરફાયદો જ થાય છે. ૮.

**सिया हु सीसेण गिरिं पि भिन्दे,**
**सिया हु सीहो कुविओ न भक्खे।**
**सिया न भिन्दिज्ज व सत्ति-अग्गं;**
**न या वि मोक्खो गुरु-हीलणाए ॥९॥**

(सं० छा०) स्याद्वा शीर्षेण गिरिमपि भिन्द्यात्,
स्याद्वा सिंहः कुपितो न भक्षयेत्।
स्यान्न भिन्द्याद्वा शक्त्यग्रं,
न चापि मोक्षो गुरुहीलनया ॥९॥

गिरिं-પહાડને | भिन्दे-ભાંગે
वि-પણ

**ભાવાર્થ**-કદાચિત્ જો કોઈ પ્રભાવક અતિશયના બળે માથાથી પર્વત પણ ભેદાય, મંત્રાદિના સામર્થ્યથી કુપિત સિંહ પણ ભક્ષણ ન કરે અને શક્તિ નામના શસ્ત્રથી શરીર પણ ન ભેદાય, તો પણ ગુરુની હિલનાથી મોક્ષ થાય નહિ. ૯.

**आयरिय-पाया पुण अप्पसन्ना,**
**अबोहि-आसायण नत्थि मुक्खो।**

तम्हा अणाबाह–सुहाभिकंखी,

गुरुप्पसायाभिमुहो रमेज्जा ॥१०॥

(सं० छा०) आचार्यपादाः पुनरप्रसन्नाः,

अबोध्याशातनया नास्ति मोक्षः ।

तस्मादनाबाधसुखाभिकाङ्क्षी,

गुरुप्रासादाभिमुखो रमेत ॥१०॥

**અણાબાહસુહાભિકંખી**–અનાબાધ સુખના અભિલાષી
**રમેજ્જા**–રહેવું, વર્તવું
**પસાયાભિમુહો**–પ્રસન્નતા રાખવાને તત્પર

**ભાવાર્થ**–જેમ અપ્રસન્ન થયેલ આચાર્યથી સદ્બોધના અભાવે મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે, તેમ ગુરુની આશાતના કરવાથી મોક્ષ થતો નથી. જો આમ છે, તો અનાબાધ–પૂર્ણ–શાશ્વત સુખના અભિલાષીઓએ જેવી રીતે ગુરુ પોતાના ઉપર પ્રસન્ન રહે તેવી રીતે વર્તવું. ૧૦.

जहाहि–अग्गी जलणं नमंसे,

नाणाहुई–मन्त–पया–भिसित्तं ।

एवायरियं उवचिट्ठएज्जा,

अणन्त–नाणोवगओ वि सन्तो ॥११॥

(सं० छा०) यथाऽऽहिताग्निर्ज्वलनं नमस्यति,

नानाहुतिमन्त्रपदाभिषिक्तम् ।

एवमाचार्यमुपतिष्ठेत्,
अनन्तज्ञानोपगतोऽपि सन् ॥११॥

**જહાહિઅગ્ગી**–જેમ હોમ કરનારો બ્રાહ્મણ
**જલણં**–અગ્નિને
**નમંસે**–નમસ્કાર કરે
**નાણાહુઈ**–નાના પ્રકારની આહુતિથી
**ઉવચિટ્ઠએજ્જા**–સેવે
**મંતપયાભિસિત્તં**–મંત્રપદોથી સંસ્કારવાળો કરેલો
**અણંતનાણોવગઓવિ**–અનંત જ્ઞાનવાળો હોય તો પણ

**ભાવાર્થ**–જેમ હોમ કરનારો બ્રાહ્મણ નાના પ્રકારની આહુતિ અને મંત્રપદોથી સંસ્કારયુક્ત કરાયેલ અગ્નિને નમસ્કાર કરે, તેમ પોતે અનંત જ્ઞાનવાળો હોવા છતાં પણ આચાર્યની વિનયથી સેવા કરે. આવો જ્ઞાની શિષ્ય પણ જો આચાર્યશ્રીની સેવા કરે, તો પછી બીજા સાધુઓએ આચાર્યની સેવા કરવી તેમાં તો કહેવું જ શું? ૧૧.

**जस्सन्तिए धम्मपयाइं सिक्खे,**
**तस्सन्तिए वेणइयं पउंजे ।**
**सक्कारए सिरसा पंजलीओ,**
**काय-ग्गिरा भो मणसा य निच्चं ॥१२॥**

(सं० छा०) यस्यान्तिके धर्मपदानि शिक्षेत्,
तस्यान्तिके वैनयिकं प्रयुञ्जीत ।
सत्कारयेच्छिरसा प्राञ्जलिः सन्,
कायेन गिरा भो मनसा च नित्यम् ॥१२॥

| | |
|---|---|
| જસ્સન્તિએ-જેની પાસે | પઉંજે-કરે |
| ધમ્મપયાઇં-ધર્મપદોને | સક્કારએ-સત્કાર કરે |
| તસ્સન્તિએ-તેની આગળ | પંજલીઓ-હાથ જોડીને |
| વિણઇઅં-વિનયને | કાયગ્ગિરા-કાય અને વચનથી |

**ભાવાર્થ**-જેની પાસેથી ધર્મનાં પદો ગ્રહણ કરે તેનો વિનય કરવો જોઈએ. તે વિનય એવી રીતે કરવો કે-જ્યારે ગુરુ આવે ત્યારે ઊભા થઈને તેમનો સત્કાર કરવો તથા તેમને હાથ જોડીને મસ્તક નમાવવા રૂપ કાયાએ કરી વિનય કરવો. 'મત્થએણ વંદામિ'-એમ વચન બોલીને તથા ભાવ-યુક્ત મનથી નિરંતર વિનય કરવો. આમ કહેવાથી ભણવા વિનાના બાકીના કાળમાં પણ વિનય કરવો, એમ પણ સાથે સમજી લેવું. ૧૨.

**लज्जा-दया-संजम-बंभचेरं,**
**कल्लाण-भागिस्स विसोहि-ठाणं ।**
**जे मे गुरु सयय-मणुसासयन्ति,**
**तेऽहं गुरुं सययं पूययामि ॥१३॥**

(सं० छा०) लज्जा दया संयमो ब्रह्मचर्यं,
कल्याणभागिनो विशोधिस्थानम् ।
ये मां गुरवः सततमनुशासयन्ति,
तानहं गुरून् सततं पूजयामि ॥१३॥

| | |
|---|---|
| લજ્જા-શરમ | અભિલાષીને |
| દયા-કૃપા | વિસોહિ-વિશુદ્ધિ |
| કલ્લાણભાગિસ્સ-મોક્ષના | પૂયયામિ-પૂજું છું |

**ભાવાર્થ**-લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય-આ ચાર સ્થાનકો મોક્ષના અભિલાષી સાધુઓને પરમ વિશુદ્ધિના સ્થાનકો છે. આને માટે મારા ગુરુશ્રી મને નિરંતર આ બાબતની શિખામણ આપે છે, માટે મારા પરમ ઉપકારી ગુરુજીની હું નિરંતર પૂજા કરીશ. આવી રીતે શિષ્યોએ મનમાં વિચારવું જોઈએ. ૧૩.

**जहा निसन्ते तवणच्चिमाली,**
**पभासई केवल-भारहं तु ।**
**एवायरिओ सुय-सील-बुद्धिए,**
**विरायइ सुरमज्झे व इन्दो ॥१४॥**

(सं० छा०) यथा निशान्ते तपन्नर्चिर्माली,
प्रभासयति केवल-भारतं तु ।
एवमाचार्यः श्रुतशीलबुद्धया,
विराजते सुरमध्य इवेन्द्रः ॥१४॥

**નિસંતે**-રાતને છેડે
**તવણચ્ચિમાલી**-પ્રકાશતો સૂર્ય
**પભાસઇ**-પ્રકાશ કરે
**ભારહં**-ભરતક્ષેત્રને
**વિરાયઇ**-શોભે છે

**ભાવાર્થ**-જેમ રાત્રિ ગયા બાદ સૂર્ય સંપૂર્ણ ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેમ શુદ્ધ શ્રુત, શીલ, બુદ્ધિસંપન્ન આચાર્ય જીવાદિ પદાર્થોને પ્રકાશિત કરે છે. વળી જેમ દેવતાઓના સમૂહમાં ઈન્દ્ર શોભે છે, તેમ તેવા આચાર્ય સાધુઓના સમુદાયમાં શોભે છે. ૧૪.

जहा ससी कोमुई–जोग–जुत्तो,
नक्खत्त–तारागण–परिवुडप्पा ।
खे सोहइ विमले अब्भुमक्के,
एवं गणी सोहई भिक्खुमज्झे ॥१५॥

(सं० छा०) यथा शशी कौमुदीयोगयुक्तः,
नक्षत्रतारागणपरिवृतात्मा ।
खे शोभते विमलेऽभ्रमुक्ते,
एवं गणी शोभते भिक्षुमध्ये ॥१५॥

કોમુઈ–કાર્તિક પૂર્ણિમાની રાત્રિનો ચંદ્રપ્રકાશ
નક્ખત્ત–નક્ષત્રો
તારાગણ–તારાઓનો સમૂહ
પરિવુડપ્પા–પરિવરાએલો
ખે–આકાશમાં
અબ્ભમુક્કે–વાદળાં વગરના

ભાવાર્થ–જેમ વાદળાં રહિત નિર્મલ આકાશમાં કાર્તિક પૂર્ણિમાના યોગવાળો અને નક્ષત્ર તથા તારાના સમૂહથી વિંટાયેલો ચંદ્રમા શોભે છે, તેમ સાધુઓના સમુદાયમાં રહેલા આચાર્ય મહારાજ શોભે છે. ૧૫.

महागारा आयरिया महेसी,
समाहि–जोगे सुय–सील–बुद्धिए ।
सम्पाविउ–कामे अणुत्तराइं,
आराहए तोसइ धम्म–कामी ॥१६॥

(सं० छा०) महाकरा आचार्या महैषिणः,
समाधियोगश्रुतशीलबुद्धिभिः ।
सम्प्राप्तुकामोऽनुत्तराणि,
आराधयेत्तोषयेद्धर्मकामी ॥१६॥

**મહાગરા**-મહાન ખાણ જેવા
**મહેસી**-મોક્ષની મોટી ઇચ્છા રાખનારા
**અણુત્તરાઇં**-સર્વોત્કૃષ્ટ
**સંપાવિઉકામે**-મોક્ષની પ્રાપ્તિની ઇચ્છા રાખનારા
**તોસએ**-સંતાપ કરે
**ધમ્મકામી**-ધર્મની ઇચ્છા કરનાર

**ભાવાર્થ**-જ્ઞાનાદિ ભાવરત્નોની ખાણ સમાન અને સમાધિ, યોગ, શ્રુત, શીલ તથા બુદ્ધિ દ્વારા મોક્ષ પામવાના અભિલાષી, એવા આચાર્યશ્રીની પાસેથી સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિની પ્રાપ્તિ માટે શિષ્યોએ વિનય કરવા દ્વારા આરાધના કરવી. એક વાર વિનય કરવો એમ નહિ, પણ કર્મની નિર્જરાર્થે વારંવાર વિનય કરવા દ્વારા આચાર્યને પ્રસન્ન કરવા. ૧૬.

**सुच्चाण मेहावि-सुभासियाइं,**
**सुस्सूसए आयरिअप्पमत्तो ।**
**आराहइत्ताण गुणे अणेगे,**
**से पावइ सिद्धिमणुत्तरं ॥ त्ति बेमि ॥१७॥**

(सं० छा०) श्रुत्वा मेधावी सुभाषितानि,
शुश्रूषयेदाचार्यानप्रमत्तः ।
आराध्य गुणाननेकान्
स प्राप्नोति सिद्धिमनुत्तराम् ॥ इति ब्रवीमि ॥१७॥

સુભાસિયાઈં–સુંદર વચનોને
સુસ્સૂસએ–સેવે
અપ્પમત્તો–પ્રમાદરહિત
આરાહઇત્તાણ–આરાધીને

**ભાવાર્થ**–ગુરુની આરાધનાના ફળને કહેવાવાળાં સુંદર વચનોને સાંભળીને બુદ્ધિમાન સાધુઓએ નિરંતર આચાર્યશ્રીની અપ્રમત્તપણે સેવા કરવી. એમ પૂર્વોક્ત રીતે ગુરુની શુશ્રૂષા કરનારો સાધુ અનેક જ્ઞાનાદિ ગુણોને આરાધી અનુક્રમે મોક્ષને પામે છે, એમ હું તમને કહું છું. ૧૭.

ઇતિ વિનયસમાધિ નામકમ્ નવમા અધ્યયનનો પહેલો ઉદ્દેશો.

*

## ૯. વિનયસમાધિ નામકમ્ અધ્યયનમ્
## દ્વિતીયઃ ઉદ્દેશઃ

**मूलाउ खन्धप्पभवो दुमस्स,**
**खन्धाउ पच्छा समुवेन्ति साहा ।**
**साहप्पसाहा विरुहन्ति पत्ता,**
**तओ से पुप्फं च फलं रसो य ॥१॥**

(सं० छा०) मूलात् स्कन्धप्रभवो द्रुमस्य,
स्कन्धात्पश्चात्समुपयान्ति शाखाः ।
शाखाभ्यः प्रशाखा विरोहन्ति पत्राणि,
ततस्तस्य पुष्पं च फलं रसश्च ॥१॥

મૂલાઓ–મૂળથી
ખંધ–થડની
પ્પભવો–ઉત્પત્તિ
સમુવેન્તિ–સમ્યક્ ઉત્પન્ન થાય છે
વિરુહન્તિ–વિશેષે ઉત્પન્ન થાય છે

**ભાવાર્થ**-મૂળ થકી વૃક્ષનો સ્કંધ પેદા થાય છે અને સ્કંધથી પછી શાખા પેદા થાય છે, શાખાથી નાની ડાળીઓ પેદા થાય છે અને નાની ડાળીઓથી પાંદડાઓ પેદા થાય છે, તેમજ પાન પછી ફૂલ અને ફળમાં અનુક્રમે રસ પેદા થાય છે. ૧.

**एवं धम्मस्स विणओ, मूलं परमो से मुक्खो।**
**जेण किर्त्ति सुअं सिग्घं, नीसेसं चाभिगच्छइ ॥२॥**

(सं० छा०) एवं धर्मस्य विनयो, मूलं परमस्तस्य मोक्षः।
येन कीर्ति श्रुतं श्लाघ्यं, निःशेषं चाधिगच्छति ॥२॥

| | |
|---|---|
| સિગ્ઘં-વખાણવા લાયક | અભિગચ્છઇ-પામે છે |
| નિસ્સેસં-સમસ્ત | |

**ભાવાર્થ**-એ રીતે ધર્મ રૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષપ્રાપ્તિ થવી તે રૂપ ફળનો ઉત્તમ રસ જાણવો, તેમજ સ્કંધ, શાખાદિ, દેવલોકમાં ગમન અને સુકુલમાં ઉત્પત્તિ આદિ જાણવું. ઈત્યાદિ ફળને માટે વિનય કરવાની સર્વને પૂર્ણ જરૂર છે. તે વિનયથી સાધુઓ કીર્તિ, શ્રુતજ્ઞાન અને પ્રશંસાલાયક સર્વ વસ્તુઓને પામે છે. ૨.

**जे य चण्डे मिए थद्धे, दुव्वाई नियडी सढे।**
**वुज्झई से अविणीयप्पा, कट्ठं सोयगयं जहा ॥३॥**

(सं० छा०) यश्च चण्डो मृगः स्तब्धो, दुर्वादी निकृतिमान् शठः।
उह्यतेऽसावविनीतात्मा, काष्ठं स्रोतोगतं यथा ॥३॥

| | |
|---|---|
| ચણ્ડે-ક્રોધી | વુજ્ઝઇ-તણાઇ જાય |
| મિએ-અજ્ઞાણ | અવિણીયપ્પા-અવિનીતાત્મા |
| થદ્ધે-સ્તબ્ધ, અહંકારી | કટ્ઠં-લાકડું |
| નિયડી-કપટી | સોયગયં-પ્રવાહગત |
| સઢે-શઠ | |

**ભાવાર્થ**-તીવ્ર રોષવાળો, હિત કહેવાથી પણ રોષ કરવાવાળો, જાતિ આદિ મદવાળો, અપ્રિય બોલનારો, કપટી, શઠ, સંયમયોગમાં અનાદર-શિથિલતા કરનારો, ઇત્યાદિ દોષોથી જે સાધુ ગુરુ આદિનો વિનય કરતો નથી, તે અવિનીતાત્મા, જેમ નદી આદિના પ્રવાહમાં પડેલું કાષ્ઠ તણાય છે, તેમ સંસાર-પ્રવાહમાં તણાય છે, અર્થાત્ અવિનીત ચાર ગતિમાં રોળાય છે. ૩.

**विणयं पि जो उवाएणं, चोईओ कुप्पई नरो।**
**दिव्वं सो सिरिमिज्जन्ति, दंडेण पडिसेहए ॥४॥**

(सं० छा०) विनयमपि य उपायेन, चोदितः कुप्यति नरः ।
दिव्यामसौ श्रियमागच्छन्तीं, दण्डेन प्रतिषेधयति ॥४॥

| | |
|---|---|
| વિણયંપિ-વિનયના | દિવ્વં-દિવ્ય |
| ઉવાએણં-ઉપાયથી | ઇજ્જન્તિ-આવતી એવી |
| ચોઈઓ-પ્રેરેલો | દંડેણ-લાકડીથી |
| કુપ્પઈ-ક્રોધ કરે | પડિસેહએ-પાછી વાળે |

**ભાવાર્થ**-વિનયને માટે એકાન્તે મધુર વચનથી ગુરુએ પ્રેરણા કર્યા છતાં જે શિષ્ય કોપાયમાન થાય છે, તે શિષ્ય પોતાની પાસે આવતી દિવ્ય લક્ષ્મીને લાકડી વડે નિષેધ કરે

છે-પાછી વાળે છે. તાત્પર્ય એ છે કે-વિનય એ સંપદાનું મૂળ છે, માટે અવશ્ય તેનું સેવન કરવું. ૪.

**तहेव अवणीअप्पा, उववज्झा हया गया।**
**दीसन्ति दुहमेहन्ता, आभिओग-मुवट्ठिया ॥५॥**

(सं० छा०) तथैवाविनीतात्मनः, औपवाह्या हया गजाः।
दृश्यन्ते दुःखमेधयन्तः, आभियोग्यमुपस्थिताः ।५।

**ભાવાર્થ**-રાજા, સેનાપતિ, પ્રધાન આદિના વિનય વગરના હાથી, ઘોડા વગેરે તેઓ ક્લેશ રૂપ દુઃખને અનુભવતા ભાર માત્ર ઉપાડવાવાળા થાય છે. ૫.

**तहेव सुविणीअप्पा, उववज्झा हया गया।**
**दीसन्ति सुहमेहन्ता, इड्ढिं पत्ता महायसा ॥६॥**

(सं० छा०) तथैव सुविनीतात्मानः, औपवाह्या हया गजाः।
दृश्यन्ते सुखमेधमानाः, ऋद्धिं प्राप्ता महायशसः ।६।

**ઉવવજ્ઝા**-રાજા આદિ લોકના
**હયા**-ઘોડા
**ગયા**-હાથીઓ
**દીસંતિ**-દેખાય છે
**સુહં**-સુખને
**એહન્તા**-ભોગવતા એવા
**ઇડ્ઢિં**-ઋદ્ધિને
**પત્તા**-પામેલા
**મહાયસા**-મોટી કીર્તિવાળા

**ભાવાર્થ**-તેમજ વિનયવાન રાજા આદિના હાથી, ઘોડા વગેરે સુખને અનુભવતા નિરંતર રહે છે તથા સારાં આભૂષણો, રહેવાનું મકાન અને ઉત્તમ ખોરાકને પામીને પોતાના સદ્-

ગુણોએ કરીને પ્રખ્યાતિ પામે છે. જો તિર્યંચો પણ વિનય-ગુણથી તિર્યંચપણામાં સુખ અનુભવે છે, તો મનુષ્યો વિનયથી સુખ પામે તેમાં શું કહેવું ? માટે વિનય કરવો. ૬.

**तहेव अविणीअप्पा, लोगंसि नर-नारिओ ।**
**दीसन्ति दुहमेहन्ता, छाया विगलिन्दिया ॥७॥**

(सं० छा०) तथैवाविनीतात्मानो, लोके नरनार्यः ।
दृश्यन्ते दुःखमेधमानाः,
छाताः विगलितेन्द्रिया ॥७॥

છાયા–ચાબૂકના મારથી ઘવાયેલા શરીરવાળા

**ભાવાર્થ**–તિર્યંચોની માફક અવિનીત નર-નારીઓ, આ લોકમાં નાના પ્રકારના દુઃખોને ભોગવતાં તથા ચાબૂક વગેરેના પ્રહારથી વ્રણ-ઘા પડેલ શરીરવાળા, તેમજ પરસ્ત્રીગામી આદિ દોષોથી નાક વગેરે ઇન્દ્રિયો જેમની કપાએલી છે એવા દેખવામાં આવે છે. ૭.

**दण्ड-सत्थ-परिजुण्णा, असब्भ-वयणेहि य ।**
**कलुणा विवन्न-छन्दा, खुप्पिवासा-परिगया ॥८॥**

(सं० छा०) दण्डशस्त्रपरिजीर्णाः, असभ्यवचनैश्च ।
करुणाव्यापन्नच्छन्दसः, क्षुत्पिपासापरिगताः ॥८॥

પરિજુણ્ણા–દુર્બળ થયેલા
કલુણા–દયા ઉપજાવે એવા
વિવન્નછન્દા–પરાધીન રહેલા
અસબ્ભવયણેહિં–અસભ્ય વચનોથી
ખુપ્પિવાસપરિગ્ગયા–ભૂખ-તરસથી પીડાયેલા

**ભાવાર્થ**-અવિનીત નર-નારીઓ દંડ, શસ્ત્ર, મહા કઠોર વચનોથી દુર્બલ થએલા, તેથી જ કરૂણાપાત્ર, દીન, પરાધીન અને ભૂખ-તરસથી પીડિત બની વિવિધ દુઃખો અનુભવે છે. એમ અવિનયથી આ ભવમાં દુઃખ ભોગવે છે, તેમજ પરભવમાં પણ મહાં દુઃખ પામે છે. ૮.

**तहेव सुविणीअप्पा, लोगंसि नर-नारिओ।**
**दीसन्ति सुहमेहन्ता, इड्ढि पत्ता महायसा ॥९॥**

**(सं० छा०) तथैव सुविनीतात्मानो, लोकेऽस्मिन्नरनार्यः।**
**दृश्यन्ते सुखमेधमानाः, ऋद्धिं प्राप्ता महायशसः।९।**

**ભાવાર્થ**-તિર્યંચની માફક વિનીત નર-નારીઓ, આ લોકમાં વિવિધ જાતના સુખોને ભોગવનારા અને ઋદ્ધિસંપન્નો તથા મોટા યશવાળા દેખાય છે. વિનય કરનારને આ લોકમાં ગુરુ આદિની આરાધના થાય છે અને તેથી પરલોક પણ સફળ થાય છે. ૯.

**तहेव अविणीअप्पा, देवा जक्खा य गुज्झगा।**
**दीसन्ति दुहमेहन्ता, आभिओग-मुवट्ठिया ॥१०॥**

**(सं० छा०) तथैवाविनीतात्मानो, देवा यक्षाश्च गुह्यकाः।**
**दृश्यन्ते दुःखमेधमानाः, आभियोग्यमुपस्थिताः ॥१०॥**

ગુજ્ઝગા-ભવનપતિ | ઉવટ્ઠિઆ-પામેલા
આભિઓગં-દાસપણાને

**ભાવાર્થ**-તેમજ જન્માન્તરમાં વિનય નહિ કરનારને

વૈમાનિક, જ્યોતિષી, વ્યંતર કે ભવનપતિના દેવો, બીજા દેવોની આજ્ઞામાં રહેનાર ચાકર દેવપણે દુઃખ ભોગવનારા થાય છે, એમ શાસ્ત્ર રૂપી ભાવનયનથી દેખાય છે. ૧૦.

**तहेव सुविणीअप्पा, देवा जक्खा अ गुज्झगा ।**
**दीसन्ति सुहमेहन्ता, इड्ढिं पत्ता महायसा ॥११॥**

(सं० छा०) तथैव सुविनीतात्मानो, देवा यक्षाश्च गुह्यकाः ।
दृश्यन्ते सुखमेधमाना, ऋद्धिं प्राप्ता महायशसः ।११।

**ભાવાર્થ**–તેમજ ભવાન્તરમાં વિનય કરનારા અને નિરતિચાર ધર્મના પાલક, વૈમાનિક, જ્યોતિષી, વ્યંતર અને ભવનપતિ દેવો, ઇન્દ્રપણું આદિની વિશિષ્ટ દિવ્ય ઋદ્ધિને પામેલા, મહા યશસ્વી બનેલા શ્રી અરિહંત કલ્યાણક આદિમાં સુખ–મહાનંદને ભોગવતા દેખાય છે. ૧૧.

**जे आयरिय-उवज्झायाणं, सुस्सूसा-वयणंकरा ।**
**तेसिं सिक्खा पवड्ढन्ति, जलसित्ता इव पायवा ।१२।**

(सं० छा०) य आचार्योपाध्याययोः, शुश्रूषावचनकराः ।
तेषां शिक्षाः प्रवर्द्धन्ते, जलसिक्ता इव पादपाः ।१२।

| | |
|---|---|
| પવડ્ઢન્તિ–વધે છે | જલસિત્તા–જલથી સિંચાયેલા |
| પાયવા–વૃક્ષો | |

**ભાવાર્થ**–જે શિષ્યો આચાર્યની તથા ઉપાધ્યાયની સેવા કરવામાં અને આજ્ઞામાં રહેનારા હોય છે, તેઓને જેમ પાણી

સિંચવાથી વૃક્ષ વૃદ્ધિને પામે છે, તેમ ગ્રહણશિક્ષા તથા આસેવનશિક્ષા વૃદ્ધિ પામે છે. ૧૨.

अप्पणट्ठा परट्ठा वा, सिप्पा नेउणियाणि य।
गिहिणो उवभोगट्ठा, इह लोगस्स कारणा ॥१३॥
जेण बन्धं वहं घोरं, परिआवं च दारुणं।
सिक्खमाणा नियच्छन्ति,
जुत्ता ते ललिइन्दिआ ॥१४॥
तेऽवि तं गुरुं पूयन्ति, तस्स सिप्पस्स कारणा।
सक्कारेन्ति नमंसन्ति, तुट्ठा निद्देस-वत्तिणो ॥१५॥
किं पुण जे सुअग्गाही, अणन्त-हियकामए।
आयरिया जं वए भिक्खू, तम्हा तं नाईवत्तए ॥१६॥

(सं० छा०) आत्मार्थं परार्थं वा, शिल्पानि नैपुण्यानि च।
गृहिण उपभोगार्थं, इहलोकस्य कारणम् ॥१३॥
येन बन्धं वधं घोरं, परितापं च दारुणम्।
शिक्षमाणा नियच्छन्ति, युक्तास्ते ललितेन्द्रियाः ॥१४॥
तेऽपि तं गुरुं पूजयन्ति, तस्य शिल्पस्य कारणात्।
सत्कारयन्ति नमस्यन्ति, तुष्टा निर्देशवर्त्तिनः ॥१५॥
किं पुनर्यः श्रुतग्राही, अनन्तहितकामुकः।
आचार्या यद्वदन्ति भिक्षुः, तस्मात्तन्नातिवर्त्तेत ॥१६॥

| | |
|---|---|
| અપ્પણટ્ઠા–પોતાના માટે | લલિઇન્દિયા–ગર્ભશ્રીમંત |
| પરટ્ઠા–પરને માટે | નિદ્દેસવત્તિણો–આજ્ઞામાં રહેનાર |
| સિપ્પા–શિલ્પકળા | સુયગ્ગાહિ–શ્રુતજ્ઞાનગ્રાહી |
| નેઉણિયાણિ–ડહાપણ | અણંતહિયકામએ–મોક્ષકામી |
| ગિહિણો–ગૃહસ્થ | નાઇવત્તએ–ઉલ્લંઘન ન કરે |
| ઉવભોગટ્ઠા–ઉપભોગને માટે | |

**ભાવાર્થ**–જે ગૃહસ્થીઓ, આ લોકના અર્થે અને અન્ન–પાનાદિના ઉપભોગને માટે પોતાના અર્થે, અગર પર જે પુત્રાદિ તેને અર્થે, શિલ્પ, લુહાર, કુંભાર આદિના કાર્યો તથા ચિત્રામણ વગેરે કળાઓ પોતાના કલાચાર્ય ગુરુ પાસેથી શીખતાં રાજકુમાર જેવાઓ પણ ઘોર વધબંધનને તથા દારૂણ પરિતાપને કલાચાર્ય તરફથી પામે છે, છતાં પણ તે શિલ્પ-કળા વગેરે શીખવાને માટે તે કલાચાર્ય ગુરુને પૂજે છે, સત્કાર કરે છે, નમસ્કાર કરે છે અને તુષ્ટમાન થઈને તેમની આજ્ઞામાં પણ વર્તે છે. તો પછી જે સાધુઓ પરમ પુરુષ-પ્રણિત શ્રુતજ્ઞાન ભણવાની અભિલાષાવાળા તથા મોક્ષની કામનાવાળા તેઓએ તો આચાર્ય મહારાજની સેવા અવશ્ય કરવી જ જોઈએ. આ જ કારણથી જે વચન આચાર્ય મહા-રાજ કહે, તે વચન સાધુઓએ બીલકુલ ઉલ્લંઘવું ન જ જોઈએ. ૧૩–૧૪–૧૫–૧૬.

**नीअं सेज्जं गई ठाणं, नीयं च आसणाणि य।**
**नीयं च पाए वन्दिज्जा, नीयं कुज्जा य अंजलिं ॥१७॥**

(सं० छा०) नीचां शय्यां गतिं स्थानं, नीचानि चासनानि च।
नीचं च पादौ वन्देत, नीचं कुर्याच्चाञ्जलिम् ॥१७॥

અંજલિં–હાથ જોડીને

**ભાવાર્થ**–સાધુઓએ ગુરુના સંથારાથી પોતાનો સંથારો નીચે કરવો તથા આચાર્યની પાછળ ચાલવું. આચાર્યના સ્થાનથી પોતાનું સ્થાન નીચું રાખવું અને પાટ વગેરે આસનો આચાર્યના આસનથી નીચાં રાખવાં. પોતાનું મસ્તક નીચુ નમાવીને આચાર્ય મહારાજના પગમાં નમસ્કાર કરવો અને કોઈ પણ કાર્યપ્રસંગે કાયાને નીચી નમાવીને હાથ જોડવા. ૧૭.

**संघट्टइत्ता काएणं, तहा उवहिणामवि।**
**खमेह अवराहं मे, वइज्ज न पुणु त्ति अ ॥१८॥**

(सं० छा०) संघट्टय कायेन, तथोपधिनाऽपि च।
क्षमस्वपराधं मे, वदेच्च न पुनरिति ॥१८॥

| | |
|---|---|
| **સંઘટ્ટઇત્તા**–સ્પર્શ કરીને | **અવરાહં**–અપરાધને |
| **ઉવહિણામવિ**–ઉપધિને પણ | **વએજ્જ**–કહે |
| **ખમેહ**–ખમો | |

**ભાવાર્થ**–અજાણપણે જો આચાર્ય મહારાજનો અવિનય થયો હોય, તો શિષ્યે આચાર્ય મહારાજની આગળ જઈને પોતાને હાથે અગર મસ્તકે ગુરુના પગને સ્પર્શીને, અગર કોઈ કારણે તથાપ્રકારના પ્રદેશમાં જો બેઠા હોય કે સ્પર્શ ન થઈ શકે, તો તેમની ઉપધિ ઉપર હાથ સ્થાપન કરીને એમ કહેવું કે–હે ગુરુ! અમારા કરેલા અપરાધને આપ ક્ષમા કરો! આ અપરાધ 'મંદભાગી એવો' હું હવેથી કોઈ વખત નહિ કરૂં. ૧૮.

दुग्गओ वा पओएणं, चोइओ वहइ रहं ।
एवं दुबुद्धि किच्चाणं, वुत्तो वुत्तो पकुव्वई ॥१९॥

(सं० छा०) दुर्गौरिव प्रतोदेन, चोदितो वहति रथम् ।
एवं दुर्बुद्धिः कृत्यानां, उक्त उक्तः प्रकरोति ॥१९॥

દુગ્ગઓ–ગળીઓ બળદ
પઓએણં–પરોણાથી
વહઇ–વહન કરે છે
વુત્તોવુત્તો–વારંવાર કહેવાથી
પકુવ્વઈ–કરે છે

**ભાવાર્થ**–જેમ ગળીઓ બળદ પરોણાથી પ્રેર્યો છતો રથને વહન કરે છે, તેમ દુર્બુદ્ધિ શિષ્ય વારંવાર પ્રેરણા કર્યે છતે આચાર્યનું કાર્ય કરે છે. ૧૯.

आलवन्ते लवन्ते वा, न निसिज्जाइ पडिस्सुणे ।
मुत्तूणं आसणं धीरो, सुस्सूसाए पडिस्सुणे ॥
कालं छन्दोवयारं च, पडिलेहित्ताण हेउहिं ।
तेणं तेणं उवाएणं, तं तं संपडिवायए ॥२०॥

(सं० छा०) आलपन् लपन् वा, न निषद्यायां प्रतिशृणुयात् ।
मुक्त्वा चासनं धीरः, शुश्रूषया प्रतिशृणुयात् ॥
कालं छन्दोपचारं च, प्रत्युपेक्ष्य च हेतुभिः ।
तेन तेनोपायेन, तत्तत्संप्रतिपादयेत् ॥ २० ॥

આલવંતે–એકવાર કહે છતે
લવંતે–વારંવાર કહે છતે
નિસિજ્જાએ–આસન ઉપર
પડિસ્સુણે–ઉત્તર આપવો

મુત્તુણું-મૂકીને | સંપડિવાયએ-સંપાદન કરે
છંદોવયાર-ગુરુની ઇચ્છાને

**ભાવાર્થ**-"આચાર્ય શિષ્યને એક વાર કે વારંવાર બોલાવ્યા છતાં શિષ્યે આસન ઉપર બેઠાં ઉત્તર ન આપવો, પણ પોતાનું આસન મૂકીને નજીક આવી હાથ જોડીને ઉત્તર આપવો." શિષ્યોએ ગુરુભક્તિને માટે અવસર, ગુરુની ઇચ્છા, સેવા કરવાના ભેદ તથા દેશ૰ વગેરેને હેતુપૂર્વક જાણી, તે ઉપાયોથી તે તે વસ્તુઓ સંપાદન કરી આપવી.૨૦.

**विवत्ती अविणीयस्स, सम्पत्ती विणियस्स अ ।**
**जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छई ॥२१॥**

**(सं० छा०) विपत्तिरविनीतस्य, सम्प्राप्तिर्विनीतस्य च ।**
**यस्यैतदुभयतो ज्ञातं, शिक्षामसावधिगच्छति ॥२१॥**

વિવત્તી-વિનાશ | અભિગચ્છઇ-પામે છે

**ભાવાર્થ**-અવિનીત શિષ્યને જ્ઞાનાદિ ગુણનો વિનાશ થાય છે અને વિનીત શિષ્યને જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. જેમણે આ બન્ને ભેદ જાણ્યા છે, તે પુરુષ ગ્રહણ આસેવના રૂપ શિક્ષાને પામે છે, કારણ કે-ભાવથી ઉપાદેય વસ્તુનું જ્ઞાન તેને થયું છે. ૨૧.

**जे आवि चण्डे मई-इड्ढि-गारवे,**
**पिसुणे नरे साहस-हीणपेसणे ।**

**अदिट्ठ–धम्मे विणए अकोविए,**

**असंविभागी न हु तस्स मुक्खो ॥२२॥**

**(सं० छा०) यश्चापि चण्ड ऋद्धिगौरवमतिः,**

**पिशुनो नरः साहसिको हीनप्रेषणः ।**

**अदृष्टधर्मा विनयेऽकोविदः,**

**असंविभागी नैव तस्य मोक्षः ॥ २२ ॥**

**ઇડ્ઢિગારવે**–ઋદ્ધિગારવ માનનારો.
**પિસુણે**–ચાડી કરનારો.
**સાહસ**–અકૃત્ય કરવામાં તત્પર
**અકોવિએ**–નહિ જાણનાર.
**હીણ પેસણે**–ગુરુની આજ્ઞા નહિ માનનારો.
**અદિટ્ઠધમ્મે**–શ્રુતધર્માદિને નહિ પામેલો.
**અસંવિભાગી**–બીજાને ભાગ નહિ આપનાર

**ભાવાર્થ**–જે મનુષ્ય ચારિત્ર લીધા પછી પણ ક્રોધી, ઋદ્ધિગારવવાળો, બીજાની પાછળ અવર્ણવાદ બોલનારો, અકૃત્ય કરવામાં તત્પર, ગુરુની આજ્ઞા નહિ માનનાર, શ્રુત આદિ ધર્મને નહિ પામેલો, વિનયને નહિ જાણનાર અને અસંવિભાગી એટલે પોતાની મેળવેલ વસ્તુમાંથી બીજા સાધુઓને નિમંત્રણ નહિ કરનાર, આટલા પ્રકારના ક્લિષ્ટ અધ્યવસાયવાળા અધમને કોઈ વખત મોક્ષ મળતો નથી. ૨૨.

**निद्देसवत्ती पुण जे गुरूणं,**

**सुयत्थ–धम्मा विणयम्मि कोविया ।**

तरित्तु ते ओहमिणं दुरुत्तरं,
खवित्तु कम्मं गइमुत्तमं गय ॥त्ति बेमि॥२३॥

(सं० छा०) निर्देशवर्तिनः पुनर्ये गुरूणां,
श्रुतार्थधर्मा विनये कोविदाः ।
तीर्त्वा ते ओघमेनं दुरुत्तारं,
क्षपयित्वा कर्म गतिमुत्तमां गताः ।
इति ब्रवीमि ॥२३॥

નિદ્દેસવત્તી-આજ્ઞામાં રહેનાર   કોવિયા-નિપુણ
સુયત્થધમ્મા-ગીતાર્થ થયેલા   ઓહં-સંસારસમુદ્રને

**ભાવાર્થ**-જે શિષ્યો નિરંતર ગુરુની આજ્ઞામાં વર્તે છે, ગીતાર્થ થએલા છે અને વિનય કરવામાં નિપુણ છે, તે શિષ્યો આ દુઃખે તરી શકાય એવા સંસારસમુદ્રને તરીને-સમગ્ર કર્મને ખપાવીને ઉત્તમ ગતિ જે સિદ્ધિગતિ તેને પ્રાપ્ત કરે છે. ૨૩.

ઇતિ વિનયસમાધિ નામકમ્ નવમા અધ્યયનનો બીજો ઉદ્દેશો.

*

## ૯. વિનયસમાધિ નામકમ્ અધ્યયનમ્
### તૃતીયઃ ઉદ્દેશઃ

आयरियं अग्गि-मिवाहिअग्गी,
सुस्सूसमाणो पडिजागरिज्जा ।
आलोईयं इंगिअमेव नच्चा,
जो छन्दमाराहयइ स पुज्जो ॥१॥

(सं० छा०) आचार्यमग्निमिवाहिताग्निः,
शुश्रूषमाणः प्रतिजागृयात् ।
आलोकितमिङ्गितमेव ज्ञात्वा,
यश्छन्दमाराधयति स पूज्यः ॥ १ ॥

સુસ્સૂમાણો–સેવા કરતો
પડિજાગરેજ્જા–જાગૃત રહે
આલોઇયં–નજર
ઇંગિયં–ઇગિત (બહારના આકારમાં થયેલો ફેરફાર)
છન્દ–આચાર્યની ઇચ્છાની માફક

**ભાવાર્થ**–જેમ અગ્નિહોત્રીઓ બ્રાહ્મણ અગ્નિની શુશ્રૂષા કરતો સાવધાન રહે છે, તેમ શિષ્યોએ આચાર્ય કે જેમની નિશ્રામાં રહીને વિહાર કરતા હોય તે પર્યાયજ્યેષ્ઠ તેમનાં તે તે કાર્યો કરીને સેવા કરવી, અર્થાત્ આચાર્ય આદિનું આલોકિત એટલે જોવું. જેમ કે–તેઓ ટાઢ પડતે છતે વસ્ત્ર સામે નજર કરે, ત્યારે સમજવું કે–કામળી આદિનો ઉપયોગ જણાય છે તો તે તરત આપવી. એવી જ રીતે ઇંગિત આકારને જાણીને જે આચાર્યના અભિપ્રાયને અનુસાર વર્તન કરે, તે શિષ્ય પૂજ્ય થાય છે અને કલ્યાણને પામે છે. ૧.

आयारमट्ठा विणयं पउंजे,
सुस्सूसमाणो परिगिज्झ वक्कं ।
जहोवइट्ठं अभिकंखमाणो,
गुरुं तु नासाययई स पुज्जो ॥२॥

(सं० छा०) आचारार्थं विनयं प्रयुङ्क्ते,
शुश्रूषन् परिगृह्य वाक्यम् ।
यथोपदिष्टमभिकाङ्क्षन्,
गुरुं तु नाशातयति स पूज्यः ॥२॥

આયારમટ્ઠા–આચારને અર્થે
પરિગિજ્ઝ–ગ્રહણ કરે
જહોવઈટ્ઠં–જેમ કહ્યું હોય તેમ
અભિકંખમાણો–ઇચ્છતો એવો
નાસાયયઇ–આશાતના ન કરે

**ભાવાર્થ**–શિષ્ય જ્ઞાનાદિ આચારને માટે વિનય કરે છે, તેમ તેણે આચાર્ય મહારાજની શી આજ્ઞા છે, તેમ સાંભળવાની ઇચ્છા રાખતાં, ગુરુએ કોઈ કાર્ય કરવા માટે આજ્ઞા આપ્યે છતે, તે ગુરુના વચનને અંગીકાર કરીને જેમ ગુરુએ કહ્યું હોય તેમ શ્રદ્ધાપૂર્વક કરવાની ઇચ્છા રાખતાં વિનય કરવો, પણ ગુરુએ કહ્યું હોય તેનાથી અન્યથા કરીને ગુરુની આશાતના ન કરે. તે શિષ્ય પૂજ્ય બને છે. ૨.

रायणिएसु विणयं पउंजे,
डहरा वि य जे परियाय–जेट्ठा ।

**नियत्तणे वट्टई सच्चवाइ,**
**ओवायवं वक्ककरे स पुज्जो ॥३॥**

(सं० छा०) रात्निकेषु विनयं प्रयुङ्क्ते,
डहरा अपि च ये पर्यायज्येष्ठाः ।
नीचत्वे वर्त्तते सत्यवादी,
अवपातवान् वाक्यकरः स पूज्यः ॥३॥

પરિયાયજેટ્ઠા–પર્યાયથી મોટા
નિયત્તણે–અધિક ગુણીને નમતો એવો
વટ્ટઈ–વર્તે છે
સચ્ચવાઇ–સત્યવાદી
ઓવાયવં–વંદના કરનારો
વક્કકરે–આજ્ઞા માનનારો

ભાવાર્થ–જે સાધુ રત્નાધિકોનો યથાયોગ્ય વિનય કરે છે તથા ઉંમરમાં નાના હોય પણ શ્રુતજ્ઞાનથી કે દીક્ષાપર્યાયથી જ્યેષ્ઠ હોય તેમનો પણ વિનય સાચવે છે, પોતાથી અધિક ગુણવાન પ્રત્યે નમ્રભાવથી વર્તન કરે છે, તે સત્યવાદી, આચાર્યને વંદન કરનારો અથવા આચાર્યની નજીક રહેનારો અને તેમના વચન મુજબ ચાલનારો પૂજ્ય બને છે. ૩.

**अन्नायउंछं चरई विसुद्धं,**
**जवणट्ठया समुयाणं च निच्चं ।**
**अलद्धुयं नो परिदेवएज्जा,**
**लध्धुं न विकत्थइ स पुज्जो ॥४॥**

(सं० छा०) आज्ञातोञ्छं चरति विशुद्धं,
यापनार्थं समुदानं च नित्यम् ।
अलब्ध्वा न परिदेवयेत्,
लब्ध्वा न विकत्थते स पूज्यः ॥४॥

અન્નાયઉંછં-પરિચય વગરના ઘરોથી
જવણટ્ઠયા-નિર્વાહને માટે
સમુયાણં-યોગ્ય આહાર
અલદ્ધુયં-ન મળે
પરિદેવએજ્જા-નિંદા કરે
વિકત્થવઇ-કહે

**ભાવાર્થ**-નિરંતર પરિચય વિનાના ઘરોથી ઉચિત ભિક્ષામાં મળેલ નિર્દોષ આહાર, સંયમભારને વહન કરનાર સાધુ શરીરના નિર્વાહને માટે ભક્ષણ કરે! પૂર્વકથિત આહાર જો ન મળે તો ખેદ ન કરે! અને જો લાયક આહાર મળે તો દેનારની કે દેશની પ્રશંસા ન કરે, તે સાધુ પૂજ્ય બને છે. ૪.

**संथार-सेज्जासण-भत्तपाणे,**
**अप्पिच्छया अइलाभे वि सन्ते ।**
**जो एवमप्पाणभितोसएज्जा,**
**संतोस-पाहन्न-रए स पुज्जो ॥५॥**

(सं० छा०) संस्तारकशय्यासनभक्तपानानि,
अल्पेच्छताऽतिलाभेऽपि सति ।
य एवमात्मानमभितोषयति,
सन्तोषप्राधान्यरतः स पूज्यः ॥५॥

| | |
|---|---|
| અપ્પિચ્છયા–થોડી ઇચ્છા રાખે એવો | સંતોસપાહન્નરએ–સંતોષ |
| અઇલ્લાભે–અતિ લાભ | રાખવામાં મુખ્ય એવા |
| અભિતોસએજ્જા–સંતોષ | |

ભાવાર્થ–જે સાધુ સંથારો, શય્યા, આસન, આહાર અને પાનાદિ ઘણું મળતું હોય તો પણ મૂર્છા ન રાખે અને સંતોષને જ પ્રધાન રાખીને જેવા–તેવા સંથારાદિથી પણ પોતાનો નિર્વાહ કરે, તે સાધુ પૂજ્ય કહેવાય છે. ૫.

**सक्का सहेउं आसाइ कंटया,**
**अओमया उच्छहया नरेणं ।**
**अणासए जो उ सहेज्ज कंटए,**
**वइमए कण्णसरे स पुज्जो ॥६॥**

**(सं० छा०) शक्याः सोढुं, आशया कण्टकाः,**
**अयोमया उत्सहता नरेण ।**
**अनाशया यस्तु सहेत कण्टकान्,**
**वचोमयान् कर्णसरान् स पूज्यः ॥६॥**

| | |
|---|---|
| સક્કા–શક્ય | ઉચ્છહયા–ઉત્સાહથી |
| સહેઉં–સહવાને | અણાસએ–ઇચ્છારહિતપણે |
| આસાઇ–આશાથી | સહેજ્જ–સહે |
| કંટયા–કાંટા | વઇમએ–કઠોર વચન |
| અઓમયા–લોઢાના | કણ્ણસરે–કાનમાં પેસતાં એવાં |

ભાવાર્થ–ધન મેળવવાને ઉત્સાહવાળા મનુષ્યો ધનની આશાએ લોઢાના કાંટાઓને સહે છે, પણ તેઓ વચન રૂપી

કાંટાઓને સહી શકતા નથી. આત્મસુખના અભિલાષી જે સાધુઓ કોઈ પણ જાતની ઈચ્છા રાખ્યા વગર કાનમાં પેસતાં કઠિન વચન રૂપી કાંટાઓને સહે છે, તે પૂજ્ય બને છે. ૬.

**मुहुत्त-दुक्खा उ हवन्ति कंटया,**
**अओमया ते वि तओ सु-उद्धरा ।**
**वायादुरुत्ताणि दुरुद्धराणि,**
**वेराणुबन्धीणि महब्भयाणि ॥७॥**

(सं० छा०) मुहूर्त्तदुःखास्तु भवन्ति कण्टकाः,
अयोमयास्तेऽपि ततः सूद्धराः ।
वाचादुरुक्तानि दुरुद्धराणि,
वैरानुबन्धीनि महाभयानि ॥७॥

**મુહુત્તદુક્ખા**–મુહૂર્ત્ત દુઃખ કરનારા
**સુઉદ્ધરા**–સુખે કાઢી શકાય એવા
**વાયાદુરુત્તાણિ**–કઠોર વચનો
**દુરુદ્ધરાણિ**–દુઃખે કાઢી શકાય એવા
**વેરાણુબન્ધીણિ**–વૈરને ઉપજાવનારા
**મહબ્ભયાણિ**–મોટા ભયને પેદા કરનાર

**ભાવાર્થ**–આ લોઢના કાંટાઓ એક મુહૂર્ત્ત માત્ર દુઃખ આપનારા છે. તેમજ તેનો ઉદ્ધાર પણ શરીરમાંથી સુખે કરી શકાય છે તથા તેવાં દુર્વચનોથી વૈરાનુબંધી વૈર તથા કુગતિમાં પાડવા રૂપ મહા ભય ઉત્પન્ન થાય છે. ૭.

**समावयन्ता वयणाभिघाया,**
**कण्णंगया दुम्मणियं जणन्ति ।**

धम्मो त्ति किच्चा परमग्गसूरे,
जिइन्दिए जो सहई स पुज्जो ॥८॥

(सं० छा०) समापतन्तो वचनाभिघाताः,
कर्णं गता दौर्मनस्यं जनयन्ति ।
धर्म इति कृत्वा परमाग्रशूरो,
जितेन्द्रियो यः सहते स पूज्यः ॥८॥

| | |
|---|---|
| સમાવયન્તા-સામા આવતા | દુમ્મણિયં-મનના દુષ્ટ વિકારને |
| વયણાભિઘાયા-વચનરૂપી પ્રહાર | ધમ્મોત્તિ-ધર્મ, એ હેતુથી |
| કુણ્ણંગયા-કાને આવ્યા એવા | કિચ્ચા-જાણીને |
| જણન્તિ-પેદા કરે છે | પરમગ્ગસૂરે-મહા શૂરવીર |

**ભાવાર્થ**-સન્મુખ આવતા કઠોર વચન રૂપી પ્રહાર કાનમાં પ્રાપ્ત થવાથી મનમાં દુષ્ટ ભાવને પેદા કરે છે. જે મહા શૂરવીર અને જિતેન્દ્રિય સાધુ આ કઠોર વચન રૂપ પ્રહારને ધર્મ જાણીને સમભાવે સહન કરે છે, તે પૂજ્ય છે. ૮.

अवण्णवायं च परम्मुहस्स,
पच्चक्खओ पडिणीयं च भासं ।
ओहारिणिं अप्पियकारिणिं च,
भासं न भासेज्ज सया स पुज्जो ॥९॥

(सं० छा०) अवर्णवादं च पराङ्मुखस्य,
प्रत्यक्षतश्च प्रत्यनीकां च भाषाम् ।

अवधारिणीमप्रियकारिणीं च,

भाषां न भाषेत सदा स पूज्यः ॥९॥

| | |
|---|---|
| અવણ્ણવાયં–અવર્ણવાદ | ઓહારિણિં–નિશ્ચય રૂપ |
| પરમ્મુહસ્સ–પાછળ | અપ્પિયકારિણિં–અપ્રીતિકારી |
| પડિણીયં–દુઃખદ | |

**ભાવાર્થ**–પાછળ નિંદા રૂપ, રૂબરૂમાં 'તું ચોર છે' ઇત્યાદિ અપકાર કરનારી ભાષા તથા 'તું ખરાબ જ' છે, એવી 'જ'કારવાળી અને સાંભળનારને અપ્રિય કરનારી ભાષા જે હંમેશાં ન બોલે, તે સાધુ પૂજ્ય બને છે. ૯.

**अलोलुए अक्कुहए अमाई,**

**अपिसुणे यावि अदीणवित्ती ।**

**नो भावए नो विय भावियप्पा,**

**अकोउहल्ले य सया य पुज्जो ॥१०॥**

(सं० छा०) अलोलुपोऽकुहकोऽमायी,

अपिशुनश्चाप्यदीनवृत्तिः ।

नो भावयेन्नोऽपि च भावितात्मा,

अकौतुकश्च सदा स पूज्यः ॥१०॥

| | |
|---|---|
| અલોલુએ–લાલચુ નહિ એવા | અદિણવિત્તી–દીનપણું નહિ કરનાર |
| અકુકુહએ–જાદુ નહિ કરનાર | ભાવિયપ્પા–પોતાને વખાણનાર |
| અમાઇ–નિષ્કપટી | અકોઉહલ્લે–કુતૂહલ વિનાના |
| અપિસુણે–ચાડી નહિ કરનાર | |

**ભાવાર્થ**-વળી જે સાધુ આહારાદિમાં લોલુપી ન હોય, ઇન્દ્રજાલાદિ ન કરનાર, કુટિલતા રહિત, ચાડી નહિ કરનાર, દીનપણા રહિત, બીજાના અશુભ ભાવમાં પોતે નિમિત્ત ન બને અથવા પોતે બીજા પ્રત્યે અશુભ વિચાર ન કરે ! પોતે પોતાના ગુણોનું વર્ણન નહિ કરનાર, બીજાની પાસે પોતાના ગુણોનુ વર્ણન નહિ કરાવનાર અને નિરંતર નાટકાદિ કૌતુક જોવાની ઇચ્છા રહિત હોય, તે પૂજ્ય બને છે. ૧૦.

**गुणेहिं साहू अगुणेहिंऽसाहू,**
**गेण्हाहि साहु-गुण मुंचऽसाहू ।**
**वियाणिया अप्पग-मप्पएणं,**
**जो रागदोसेहिं समो स पुज्जो ॥११॥**

(सं० छा०) गुणैश्च साधुरगुणैसाधुः,
गृहाण साधुगुणान् मुञ्चासाधुगुणान् ।
विज्ञापयत्यात्मानमात्मना,
यो रागद्वेषयोः समः स पूज्यः ॥ ११ ॥

ગુણેહિં-ગુણો વડે
અગુણેહિં-દોષો વડે
અસાહૂ-અસાધુ
ગેણ્હાહિ-ગ્રહણ કરે
મુંચ-છોડી દે
વિયાણિયા-વિવિધ પ્રકારે જણાવે
અપ્પગં-આત્માને
અપ્પએણ-આત્માથી
રાગદોસેહિં-રાગ-દ્વેષને વિષે
સમો-સમપરિણામવાળો
પુજ્જો-પૂજ્ય

**ભાવાર્થ**-પૂર્વકથિત વિનયાદિ ગુણવાળા સાધુઓ કહે-

વાય છે અને તે ગુણો વિનાના સાધુઓ કહેવાતા નથી. જો આમ છે, તો (હે શિષ્ય !) સાધુના ગુણોને ગ્રહણ કર અને અસાધુના દોષોનો ત્યાગ કર ! જે સાધુ આવી રીતે પોતે પોતાના આત્માને સમજાવે છે તથા રાગ–દ્વેષના સમયે સમપરિણામવાળો રહે છે, તે સાધુ પૂજ્ય છે. ૧૧.

**तहेव डहरं व महल्लगं वा,**
**ईत्थीं पुमं पव्वइयं गिहिं वा ।**
**नो हीलए नोऽवि य खिंसएज्जा,**
**थंभं च कोहं च चए स पुज्जो ॥१२॥**

(सं० छा०) तथैव डहरं वा महल्लकं वा,
स्त्रियं पुमांसं प्रव्रजितं गृहिणं वा ।
न हीलयति नापि च खिंसयति,
स्तम्भं च क्रोधं च त्यजति स पूज्यः ॥१२॥

**તહેવ**–તેમજ
**ડહરં**–નાનાને
**મહલ્લગં**–મોટાને
**પવ્વઈયં**–પ્રવ્રજિતને
**ગિહિં**–ગૃહસ્થીને
**હીલએ**–એક વાર નિંદે
**ખિંસએજ્જા**–ઘણી વાર નિંદે
**થંભં**–માનને
**કોહં**–ક્રોધને
**ચએ**–ત્યાગ કરે

**ભાવાર્થ**–વળી જે સાધુ નાના સાધુ કે મોટા સાધુની, સ્ત્રીની કે પુરુષની અને પ્રવજિત કે ગૃહસ્થીની હિલના ન કરે કે વારંવાર ખીંસના ન કરે તથા હિલનાના અને ખીંસનાના નિમિત્તભૂત માન અને ક્રોધનો ત્યાગ કરે, તે પૂજ્ય છે. ૧૨.

जे माणिया सययं माणयन्ति,
उत्तेण कन्नं व निवेसयन्ति ।
ते माणए माणरिहे तवस्सी,
जिइन्दिए सच्चरए स पुज्जो ॥१३॥

(सं० छा०) ये मानिताः सततं मानयन्ति,
यत्येन कन्यामिव निवेशयन्ति ।
तान् मानयति मानार्हान् तपस्वी,
जितेन्द्रियः सत्यरतः स पूज्यः ॥१३॥

| | |
|---|---|
| માણિયા-માનીતા | માણએ-માન આપે છે |
| સયયં-નિરંતર | માણરિહે-માન આપવાને યોગ્ય |
| માણયંતિ-માન આપે છે | તવસ્સી-તપસ્વી |
| જત્તેણ-યત્નથી | જિઇન્દિએ-જિતેન્દ્રિય |
| કન્નંવ-કન્યાની માફક | સચ્ચરએ-સત્યમાં રક્ત |
| નિવેસયંતિ-સ્થાપન કરે છે | |

**ભાવાર્થ**-જે શિષ્યો ગુરુને આવતા દેખી ઊભા થઈને સન્મુખ જવા આદિ દ્વારા નિરંતર ગુરુનો સત્કાર કરે છે, જે ગુરુઓ પોતાના શિષ્યોને શ્રુતના ઉપદેશમાં પ્રેરણા આદિ કરવા દ્વારા આગળ વધારે છે; તેમજ જેમ માતા-પિતા કન્યાને યત્નપૂર્વક મોટી કરી લાયક ભર્તારની સાથે મેળવી આપે છે, તેમ જે આચાર્ય પણ શિષ્યોને વિનીત, ગુણવાન અને યોગ્ય બનાવી આચાર્યપદે સ્થાપન કરે છે, તેવા માનને લાયક

અને પૂજવાલાયક ગુરુશ્રીને તપસ્વી, જિતેન્દ્રિય અને સત્યપરાયણ શિષ્યે માન આપવું જોઈએ. તે રીતે માન આપનાર શિષ્ય પૂજ્ય છે. ૧૩.

**तेसिं गुरूणं गुणसायराणं,**
**सोच्चाण मेहावी सुभासियाइं ।**
**चरे मुणी पंच-रए तिगुत्तो,**
**चउक्कसाया-वगए स पुज्जो ॥१४॥**

(सं० छा०) तेषां गुरूणां गुणसागराणां,
श्रुत्वा मेधावी सुभाषितानि ।
चरति मुनिः पञ्चरतस्त्रिगुप्तः,
चतुःकषायापगतः स पूज्यः ॥१४॥

| | |
|---|---|
| **ગુણસાયરાણં**-ગુણોના દરિયા | **સુભાસિયાઇં**-સુભાષિતોને |
| **સોચ્ચાણ**-સાંભળીને | **પંચરએ**-પંચમહાવ્રતમાં રક્ત |
| **મેહાવી**-બુદ્ધિમાન | **ચઉક્કસાયાવગએ**-ચાર કષાયોથી રહિત |
| **ચરે**-આદરે, પાળે | |

**ભાવાર્થ**-પાંચ મહાવ્રત અને ત્રણ ગુપ્તિ સહિત તથા ચાર કષાય રહિત બુદ્ધિમાન શિષ્યે, ગુણોના દરિયા એવા ગુરુ પાસેથી પૂર્વોક્ત શુભ ઉપદેશ સાંભળીને તે પ્રમાણે આચરવું જોઈએ. આમ તે શિષ્ય પૂજ્ય છે. ૧૪.

**गुरुमिह सययं पडियरिय मुणी,**
**जिणमय-निउणे अभिगम-कुसले ।**

धुणिय रयमलं पुरेकडं,
भासुर-मउलं गइं वइ ॥ त्ति बेमि ॥१५॥

(सं० छा०) गुरुमिह सततं परिचर्य मुनिः,
जिनमतनिपुणोऽभिगमकुशलः ।
विधूय रजोमलं पुराकृतं,
भास्वरामतुलां गतिं व्रजति ॥
इति ब्रवीमि ॥१५॥

| | |
|---|---|
| ગુરું-ગુરુને | સાધુની વૈયાવચ્ચમાં કુશળ |
| ઇહ-અહીં | રયમલં-કર્મ રૂપી રજમલ |
| પડિયરિય-સેવીને | પુરેકડં-પહેલા કરેલું |
| જિણમયનિઉણે-જિનાગમમાં કુશળ એવા | ભાસુરં-દેદીપ્યમાન |
| ધુણિય-ખપાવીને | અઉલં-અતુલ |
| અભિગમકુસલે-પરોણા | ગઇં-ગતિને |
| | વઇ-જાય છે |

**ભાવાર્થ**-શ્રી જિનેશ્વર ભગવાનના કહેલ ધર્મમાં નિપુણ અને ગ્રામાન્તરથી આવેલ અભ્યાગત મુનિ આદિની વૈયાવચ્ચ કરવામાં કુશલ સાધુ, અહીં નિરંતર આચાર્યાદિની સેવા કરીને અને પૂર્વોપાર્જિત આઠ પ્રકારના કર્મને ખપાવીને જ્ઞાનથી તેજોમય અનુપમ એવી ઉત્તમ સિદ્ધિગતિમાં જાય છે. ૧૫.

ઇતિ વિનયસમાધિ નામકમ્ નવમા અધ્યયનનો ત્રીજો ઉદ્દેશો.

❋

## ૯. વિનયસમાધિ નામકમ્ અધ્યયનમ્

### ચતુર્થ: ઉદ્દેશઃ

सुयं मे आउसं! तेणं भगवया एवमक्खायं, इह खलु थेरेहिं भगवन्तेहिं चत्तारि विणय-समाहिट्ठाणा पन्नत्ता, कयरे खलु ते थेरेहिं भग-वन्तेहिं चत्तारि विणय-समाहि-ट्ठाणा पन्नत्ता ? इमे खलु ते थेरेहिं भगवन्तेहिं चत्तारि विणय-समाहि-ट्ठाणा पन्नत्ता, तं जहा—विणयसमाहि सुयसमाहि, तवसमाहि, आयारसमाहि ॥१॥

(सं० छा०) श्रुतं मयाऽऽयुष्मंस्तेन भगवतैवमाख्यातम्, इह खलु स्थविरैर्भगवद्भिश्चत्वारि विनयसमाधि-स्थानानि प्रज्ञप्तानि, कतराणि खलु तानि स्थविरैर्भगवद्भिः, चत्वारि विनयसमाधिस्था-नानि प्रज्ञप्तानि ? अमूनि खलु तानि स्थविरै-र्भगवद्भिश्चत्वारि विनयसमाधिस्थानानि प्रज्ञप्तानि तद्यथा विनयसमाधिः, श्रुतसमाधिः, तपःसमाधिः, आचारसमाधिः ॥ १ ॥

| | |
|---|---|
| સુયં–સાંભળ્યું | તેણ ભગવયા–તે ભગવંતે |
| આઉસં–હે આયુષ્મન્ | થેરેહિં–સ્થવિરોએ |

**એવમક્ખાયં**-એમ કહ્યું છે
**વિનયસમાહિટ્ઠણા**-વિનયસ-માધિનાં સ્થાનકો
**પન્નત્તા**-પ્રરૂપ્યાં
**કેયરે**-ક્યા
**ઇમે**-આ
**સુયસમાહિ**-શ્રુતસમાધિ
**તવસમાહિ**-તપસમાધિ
**આયારસમાહિ**-આચારસમાધિ
**વિણયસમાહિ**-વિનયસમાધિ

**ભાવાર્થ**-શ્રી સુધર્માસ્વામી પોતાના જંબૂ નામના શિષ્યને કહે છે કે-હે આયુષ્મન્ ! મેં તે ભગવાન પાસેથી સાંભળ્યું છે વગેરે ષડ્જીવનિકા માફક સમજવું. અહીં ગણધર ભગવંતે વિનયસમાધિનાં ચાર સ્થાનકો કહ્યાં છે, (શિષ્ય પ્રશ્ન) હે ભગવન્! કયા વિનયનાં ચાર સ્થાનો કહ્યાં છે ? (ગુરુ ઉત્તર) આ હું બતાવું છું, તે ચાર સ્થાનો ગણધર ભગવંતે કહ્યા છે. તે આ પ્રમાણે-વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ અને આચારસમાધિ. આત્માના હિતવાળા સુખ રૂપ સ્વાસ્થ્યને સમાધિ કહે છે. વિનયથી કે વિનયમાં સમાધિ તે વિનયસમાધિ. એમ ચારેયમાં યથાયોગ્ય જોડવું. ૧.

**विणए सुए अ तवे, आयारे निच्च पंडिया ।**
**अभिरामयन्ति अप्पाणं, जे भवंति जिइन्दिया ।२।**

**(सं० छा०) विनये श्रुते च तपसि, आचारे नित्यं पण्डिताः,**
**अभिरामयन्ति आत्मानं, ये भवन्ति जितेन्द्रिया ।२**

**અભિરામયન્તિ**-જોડે છે, રમાડે છે.

**ભાવાર્થ**-જે સાધુઓ વિનયમાં, શ્રુતમાં, તપસ્યામાં અને આચારમાં પોતાના આત્માને નિરતંર જોડે છે તથા જે જિતેન્દ્રિય છે, તે જ ખરેખર પંડિત છે. ૨.

चउव्विहा खलु विणयसमाहि भवई, तं जहा-अणुसासिज्जन्तो सुस्सूसइ १, सम्मं सम्पडिवज्जइ २, वेयमाराहइ ३, न य भवइ अत्तसम्पग्गहिए ४, चउत्थं पयं भवइ य एत्थ सिलोगो॥३॥

(सं० छा०) चतुर्विधः खलु विनयसमाधिर्भवति, तद्यथा अनुशास्यमानः शुश्रूषति १ सम्यक् संप्रतिपद्यते २ वेदमाराधयति ३ न च भवत्यात्मसंप्रगृहीतः ४ चतुर्थं पदं भवति, चात्र श्लोकः ॥ ३ ॥

ચઉવ્વિહા–ચાર પ્રકારની
અણુસાસિજ્જન્તો–અનુશાસન કરાતો, કાર્યમાં પ્રેરાતો
સમ્મં–સમ્યક્ પ્રકારે
સમ્પડિવજ્જઇ–બરાબર સમજે
વેયમારાહયઇ–શ્રુતજ્ઞાનને આરાધે
અત્તસમ્પગ્ગહિએ–આત્મપ્રશંસા કરનાર
એત્થ–અહીં
સિલોગો–શ્લોક

**ભાવાર્થ**–વિનયસમાધિ ચાર પ્રકારે છે તે બતાવે છે. ગુરુએ તે તે કાર્યમાં પ્રેરણા–આદેશ કર્યે છતે (૧) તેના અર્થી બનીને જો સાંભળવાની ઇચ્છા કરે, (૨) પછી આદેશાનુસાર તે કાર્યને સમ્યક્ પ્રકારે જ્ઞાનપૂર્વક અંગીકાર કરે, (૩) પછીથી કથિત કાર્ય કરવા દ્વારા શ્રુતજ્ઞાનને સફળ કરે, અને (૪) વિશુદ્ધ પ્રવૃત્તિ પછી હું વિનીત સુસાધુ છું–એમ પોતાની પ્રશંસા ન કરે. આ જ અર્થને જણાવનાર શ્લોક કહે છે. ૩.

पेहेई हियाणुसासणं,
सुस्सूसइ तं च पुणो अहिट्ठिए।

**न य माण-मएण मज्जई,**

**विणय-समाही आययट्ठिए ॥४॥**

(सं० छा०) प्रार्थयते हितानुशासनं,

शुश्रूषति तच्च पुनरधितिष्ठति ।

न च मानमदेन माद्यति,

विनयसमाधावायतार्थिकः ॥ ४ ॥

| | |
|---|---|
| પેહેઈ-પ્રાર્થના કરે | અહિટ્ઠિએ-આચરણુ કરે |
| હિયાણુસાસણં-હિતકારી શિક્ષા | મજ્જઈ-મદ કરે |
| સુસ્સૂસઈ-સાંભળવાની ઇચ્છા કરે | આયયટ્ઠિએ-મોક્ષાર્થી સાધુ |

ભાવાર્થ-આત્મહિતાર્થી સાધુ હિતશિક્ષાને સાંભળવા ઈચ્છે, સારી રીતે તેનું સમ્યગ્જ્ઞાન કરી સ્વીકાર કરે અને સ્વીકારીને તે પ્રમાણે બરાબર આચરે, પણ વિનયસમાધિમાં માન-મદ દ્વારા ગર્વિત ન બને ! ૪.

**चउव्विहा खलु सुयसमाहि भवइ, तं जहा-सुयं मे भविस्सइत्ति अज्झाईयव्वं भवइ १, एगग्गचित्तो भविस्सामित्ति अज्झाईयव्वं भवई २, अप्पाणं ठावइस्सामित्ति अज्झाईयव्वं भवई ३, ठिओ परं ठावइस्सामित्ति अज्झाईयव्वं भवई ४, चउत्थं पय भवई, भवई य एत्थ सिलोगो ॥५॥**

(सं० छा०) चतुर्विधः खलु श्रुतसमाधिर्भवति तद्यथा- श्रुतं मे भविष्यतीत्यध्येतव्यं भवति १ एकाग्रचित्तो भविष्यामीत्यध्येतव्यं भवति २ आत्मानं स्थापयिष्यामीत्यध्येतव्यं भवति ३ स्थितः परं स्थापयिष्यामीत्यध्येतव्यं भवति ४ चतुर्थं पदं भवति, भवति चात्र श्लोकः ॥५॥

| | |
|---|---|
| અજ્ઝાઇયવ્વં-ભણવાયોગ્ય | ઠાવઇસ્સામિ-સ્થાપીશ |
| એગગ્ગચિત્તો-એકાગ્ર ચિત્તવાળો | ઠિઓ-સ્થિત |

**ભાવાર્થ**-શ્રુતસમાધિ ચાર પ્રકારે છે તે બતાવે છે. ૧ મને શ્રુત( દ્વાદશાંગી )ની પ્રાપ્તિ થશે-એવી બુદ્ધિથી ભણવું જોઈએ પણ માનાદિ માટે નહિ. (૨) ભણવાથી હું એકાગ્ર ચિત્તવાળો થઈશ-એ હેતુએ ભણવું, (૩) ભણવાથી ધર્મતત્ત્વવેત્તા બની શુદ્ધ ધર્મમાં આત્માને સ્થાપીશ-એ હેતુએ ભણવું, (૪) અધ્યયન ફલસ્વરૂપ શુદ્ધ ધર્મમાં હું પોતે રહીને બીજા વિનયાદિને તે શુદ્ધ ધર્મમાં સ્થાપીશ-એ હેતુએ ભણવું થાય છે. આ અર્થને જણાવનાર શ્લોક કહે છે. ૫.

**नाणमेगग्ग-चित्तो य, ठिओ य ठावई परं।**
**सुयाणि य अहिज्जित्ता, रओ सुय-समाहिए॥६॥**

(सं० छा०) ज्ञानमेकाग्रचित्तश्च, स्थितश्च स्थापयति परम्।
श्रुतानि चाधीत्य, रतः श्रुतसमाधौ ॥ ६ ॥

| | |
|---|---|
| પરં-બીજાને | અહિજ્જિત્તા-ભણીને |

**ભાવાર્થ**-ભણવામાં નિરંતર તત્પર રહેવાથી જ્ઞાન થાય છે, ચિત્તની એકાગ્રતા થાય છે, પોતે વિવેકથી ધર્મમાં સ્થિર થાય છે અને બીજાને સ્થિર કરે છે તથા નાના પ્રકારના સિદ્ધાન્તો ભણીને શ્રુતસમાધિમાં રક્ત બને છે. ૬.

**चउव्विहा खलु तवसमाही भवइ, तं जहा–नो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा १, नो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा २, नो कित्ति-वण्णसद्दसिलोगट्ठयाए तवमहिट्ठिज्जा ३, नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठिज्जा ४, चउत्थं पयं भवइ, भवइ य एत्थ सिलोगो ॥ ७ ॥**

(सं० छा०) चतुर्विधः खलु तपःसमाधिर्भवति, तद्यथा–नेहलोकार्थं तपोऽधितिष्ठेत् १ नो परलोकार्थं तपोऽधितिष्ठेत् २ नो कीर्तिवर्णशब्दश्लाघार्थं तपोऽधितिष्ठेत् ३ नान्यत्र निर्जरार्थम् तपोऽधितिष्ठेत् ४ चतुर्थं पदं भवति, भवति चात्र श्लोकः ॥७॥

ઇહલોગટ્ઠયાએ–આ લોક માટે
પરલોગટ્ઠયાએ–પરલોક માટે
અહિટ્ઠિજ્જા–કરે
કિત્તિ–કીર્તિ
વણ્ણ–વર્ણ
સદ્દ–શબ્દ
સિલોગટ્ઠયાએ–શ્લોક–પ્રશંસા માટે

**ભાવાર્થ**-તપસમાધિ ચાર પ્રકારની છે, તે આ પ્રમાણે. (૧) આ લોકમાં લબ્ધિ આદિ મને મળે–એ ઇચ્છાથી અનશ-

નાદિ તપ કરવો. (૨) પરલોકમાં ભોગ આદિ મને મળે–એ ઇચ્છાથી તપ ન કરવો. (૩) સર્વ દિશામાં વ્યાપક પ્રસિદ્ધિ તે કીર્તિ, એક દિશામાં વ્યાપક પ્રખ્યાતિ તે વર્ણ, (યશ) અર્ધી દિશામાં વ્યાપક પ્રશંસા તે શબ્દ, તે જ સ્થાનમાં પ્રશંસા તે શ્લોક; એટલે કીર્તિ આદિની ઇચ્છાથી તપ ન કરવો. (૪) પરંતુ કશીય ઇચ્છા રાખ્યા સિવાય માત્ર કર્મની નિર્જરા માટે તપસ્યા કરવી. આ જ અર્થને જણાવનાર અહીં શ્લોક છે તે બતાવે છે. ૭.

विविह गुण-तवो-रए य निच्चं,
भवइ निरासए निज्जरट्ठिए ।
तवसा धुणइ पुराण-पावगं,
जुत्तो सया तव-समाहिए ॥८॥

(सं० छा०) विविधगुणतपोरतश्च नित्यं,
भवति निराशो निर्जरार्थिकः ।
तपसा धुनोति पुराणपापं,
युक्तः सदा तपःसमाधौ ॥ ८ ॥

વિવહગુણતવોરઓ–અનેક પ્રકારના ગુણવાળી તપસ્યામાં રક્ત
નિરાસએ–આશારહિત
ધુણઇ–દૂર કરે છે
નિજ્જરટ્ઠિએ–નિર્જરાને માટે
પુરાણપાવગં–પૂર્વના કરેલાં પાપ

**ભાવાર્થ**–જે સાધુ વિવિધ પ્રકારના ગુણવાળી તપસ્યામાં નિરંતર આસક્ત રહે છે, ઇહલોક આદિની આશારહિત હોય

નાદિ તપ કરવો. (૨) પરલોકમાં ભોગ આદિ મને મળે-એ ઈચ્છાથી તપ ન કરવો. (૩) સર્વ દિશામાં વ્યાપક પ્રસિદ્ધિ તે કીર્તિ, એક દિશામાં વ્યાપક પ્રખ્યાતિ તે વર્ણ, (યશ) અર્ધી દિશામાં વ્યાપક પ્રશંસા તે શબ્દ, તે જ સ્થાનમાં પ્રશંસા તે શ્લોક; એટલે કીર્તિ આદિની ઈચ્છાથી તપ ન કરવો. (૪) પરંતુ કશીય ઈચ્છા રાખ્યા સિવાય માત્ર કર્મની નિર્જરા માટે તપસ્યા કરવી. આ જ અર્થને જણાવનાર અહીં શ્લોક છે તે બતાવે છે. ૭.

**विविह गुण-तवो-रए य निच्चं,**
**भवइ निरासए निज्जरट्ठिए ।**
**तवसा धुणइ पुराण-पावगं,**
**जुत्तो सया तव-समाहिए ॥८॥**

(सं० छा०) विविधगुणतपोरतश्च नित्यं,
भवति निराशो निर्जरार्थिकः ।
तपसा धुनोति पुराणपापं,
युक्तः सदा तपःसमाधौ ॥ ८ ॥

વિવહગુણતવોરએ-અનેક પ્રકારના ગુણવાળી તપસ્યામાં રક્ત
નિરાસએ-આશારહિત
ધુણઇ-દૂર કરે છે
નિજ્જરટ્ઠિએ-નિર્જરાને માટે
પુરાણપાવગં-પૂર્વના કરેલાં પાપ

**ભાવાર્થ**-જે સાધુ વિવિધ પ્રકારના ગુણવાળી તપસ્યામાં નિરંતર આસક્ત રહે છે, ઈહલોક આદિની આશારહિત હોય

આચાર ન પાળવો. (૩) તેમજ કીર્તિ, વર્ણ, શબ્દ અને શ્લોકને અર્થે આચાર ન પાળવો, અને (૪) પરંતુ શ્રી અરિહંત ભગવંતે સિદ્ધાન્તમાં કહેલ અનાશ્રવપણા આદિ હેતુને માટે (અર્થાત્ જેથી અવશ્ય મોક્ષ જ થાય એવા સંવરાદિના હેતુએ) આચાર પાળવો. આ જ અર્થને કહેવાવાળો શ્લોક કહે છે. ૯.

**जिणवयण-रए अतिन्तिणे,**
**पडिपुण्णायय-माययट्ठिए ।**
**आयारसमाहि-संवुडे,**
**भवई य दन्ते भाव-सन्धए ॥१०॥**

(सं० छा०) जिनवचनरतोऽतिन्तिनः,
प्रतिपूर्ण आयतमायतार्थिकः ।
आचारसमाधिसंवृतो,
भवति च दन्ते भावसन्धकः ॥ १० ॥

**જિણવયણએ**-જિનવચનમાં રક્ત
**પડિપુન્ન**-સૂત્રાદિથી પરિપૂર્ણ
**અતિન્તિણે**-કટુ વચન કહ્યાં છતાં તે જ વચનને ન કહેનાર
**આયયં**-અતિશય
**દન્તે**-ઇન્દ્રિયોને દમનાર
**આયારસમાહિસંવુડે**-આચારસમાધિ રાખવાથી આશ્રવને રોકનાર
**ભાવસન્ધએ**-આત્માને મોક્ષની પાસે લઈ જનાર

**ભાવાર્થ**-આચારમાં સમાધિ રાખવાથી, આશ્રવદ્વારને રોકનાર, જિનાગમમાં આસક્ત, અક્લેશી, શાન્ત, સૂત્રાદિથી

પરિપૂર્ણ, અત્યંત-ઉત્કૃષ્ટ મોક્ષાર્થી તથા ઇન્દ્રિય અને મનને દમનાર આત્માને મોક્ષ નજીક કરનારો થાય છે. ૧૦.

**अभिगम चउरो समाहिओ,**
**सुविसुद्धो सुसमाहियप्पओ ।**
**विउल-हियं-सुहावहं पुणो,**
**कुव्वई सो पय-खेममप्पणो ॥११॥**

**(सं० छा०) अभिगम्य चतुरः समाधीन् ,**
**सुविशुद्धः सुसमाहितात्मा ।**
**विपुलहितंसुखावहं पुनः,**
**करोत्यसौ पदं क्षेममात्मनः ॥११॥**

અભિગમ-જાણીને
સમાહિઓ-સમાધિવાળો
સુવિસુદ્ધો-સારી વિશુદ્ધિવાળો
સુહાવહં-સુખદાયી
સુસમાહિયપ્પઓ-સારી રીતે સમાધિમાન આત્મા
વિઉલહિયં-મહાન્ હિતકારી
કુવ્વઇ-કરે છે
ખેમં-કલ્યાણને

**ભાવાર્થ**-મન-વચન-કાયાએ વિશુદ્ધ અને સત્તર પ્રકારના સંયમમાં સુસમાહિત સાધુ, ઉપરોક્ત ચાર પ્રકારની સમાધિને જાણીને વિસ્તારવાળું, તત્કાલ અને ભવિષ્યમાં હિતકારી, એવા સુખદ પોતાના પદને ( મોક્ષસ્થાનને ) શિવ રૂપ ( ઉપદ્રવ વિનાનું સરલ-સુગમ ) બનાવે છે. ૧૧.

**जाइमरणाओ मुच्चई,**
**इत्थंत्थं च चएई सव्वसो ।**

सिद्धे वा भवई सासए,
देवो वा अप्परए महड्डिए ॥ त्ति बेमि ॥१२॥

(सं० छा०) जातिमरणान्मुच्यते,
इत्थंस्थं च त्यज्यति सर्वशः ।
सिद्धो वा भवति शाश्वतः,
देवो वा, अल्परतो महर्द्धिकः ॥
इति ब्रवीमि ॥ १२ ॥

**જાઈમરણાએ**–જન્મ-મરણથી
**મુચ્ચઇ**–મૂકાય છે
**ચએઇ**–ત્યાગ કરે છે
**સવ્વસો**–સર્વથા
**ઇત્થંત્થં**–નારક આદિના વ્યવહારના બીજ રૂપ વર્ણ, સંસ્થાન આદિ
**સિદ્ધે**–સિદ્ધ
**સાસએ**–શાશ્વત
**દેવો**–દેવતા
**મહડ્ડિએ**–મોટી ઋદ્ધિવાળા
**અપ્પરએ**–અલ્પ કામવિકારવાળા, અલ્પ કર્મવાળા

**ભાવાર્થ**–આ સમાધિવાળો સાધુ જન્મ-મરણથી મુક્ત થાય છે અને આ નરકાદિના વર્ણ, શરીર, સંસ્થાન વગેરેનો ફરી નહિ ગ્રહણ કરવા રૂપે સર્વથા ત્યાગ કરે છે તથા સંસારમાં ફરી નહિ આવવા રૂપે શાશ્વત સિદ્ધ થાય છે. કદાચ કર્મ શેષ–બાકી હોય તો અલ્પ કામવિકાર છે, જેના એવા મહર્દ્ધિક દેવોમાં અર્થાત્ અનુત્તર, વૈમાનિક આદિ રૂપે પેદા થાય છે.

ઈતિ વિનયસમાધિ નામકમ્ નવમા અધ્યયનનો ચોથો ઉદ્દેશ.

*

## ૧૦. સભિક્ષુ અધ્યયનમ્

निक्खम्ममाणाइ य बुद्धवयणे,
निच्चं चित्तसमाहिओ हविज्जा ।
इत्थीण वसं न यावि गच्छे,
वन्तं नो पडियायइ जे स भिक्खू ॥१॥

(सं० छा०) निष्क्रम्य आज्ञया च बुद्धवचने,
नित्यं चित्तसमाहितो भवेत् ।
स्त्रीणां वशं न चापि गच्छेद्,
वान्तं नो प्रत्यापिबति यः स भिक्षुः ॥१॥

નિક્ખમ્મ–ગૃહવાસથી નીકળીને
આણાઈ–તીર્થંકર આદિના ઉપદેશથી
બુદ્ધવયણે–તીર્થંકરના વચનમાં
હવિજ્જા–થાય
ચિત્તસમાહિઓ–ચિત્તની સમાધિવાળા
ઈત્થીણં–સ્ત્રીઓની
વસં–પરતંત્રતાને
ગચ્છે–આવે
વંતં–ત્યાગ કરેલા
પડિયાયઇ–પાન કરે, સેવે

**ભાવાર્થ**–તીર્થંકર, ગણધર આદિના ઉપદેશથી ગૃહસ્થાશ્રમથી નીકળીને, તીર્થંકર–ગણધરના વચનમાં અને શાસ્ત્રમાં સર્વદા સમાહિત અર્થાત્ અતિ પ્રસન્ન ચિત્તવાળા જિનાગમકુશલ સાધુએ બનવું જોઈએ. ચિત્તસમાધિનો ઉપાય એ છે કે–સર્વ અસત્ કાર્યના બીજ રૂપ સ્ત્રીઓને આધીન ન બનવું, કેમ કે–સ્ત્રીવશ બનેલો સાધુ નિયમા વમેલા વિષયારસને પીવે છે. સબબ કે–શ્રી જિનવચનમાં મનને પરોવનાર, અને સ્ત્રીને આધીન નહિ

બનનાર, છોડેલા વિષયારસના કાદવ-કિચડને જાણતાં કે અજાણતાં જરા પણ જે પીતો નથી, તે ભાવસાધુ કહેવાય છે. ૧.

पुढविं न खणे न खणावए,
सीओदगं न पिए न पियावए ।
अगणि-सत्थं जहा सुनिसियं,
तं न जले न जलावए जे स भिक्खू ॥२॥

(सं० छा०) पृथिवीं न खनति न खानयति,
शीतोदकं न पिबति न पाययति ।
अग्निः शस्त्रं यथा सुनिशितं,
तं न ज्वलित न ज्वलयति यः स भिक्षुः ।२।

પુઢવિં-જમીનને
ખણે-ખોદે
ખણાવએ-ખોદાવે
સીઓદગં-કાચા પાણીને
અગણિં-અગ્નિને
સત્થં જહા-ખડ્ગની માફક
સુનિસિયં-ઘણી તીક્ષ્ણ ધારવાળુ

ભાવાર્થ-સચિત્ત પૃથ્વીને સાધુ ખોદે નહિ અને બીજા પાસે ખોદાવે નહિ, કાચું પાણી પોતે પીવે નહિ અને બીજાને પીવરાવે નહિ, તીક્ષ્ણ ખડ્ગની માફક નુકસાન કરનાર ષડ્જીવઘાતક અગ્નિ પોતે સળગાવે નહિ અને બીજાની પાસે સળગાવરાવે નહિ, તેને મુનિ કહીએ. ૨.

अनिलेण न वीए न वीयावए,
हरियाणि न छिन्दे न छिन्दावए ।

वीयाणि सया विवज्जयन्तो,

सचित्तं नाहारए जे स भिक्खू ॥३॥

(सं॰ छा॰) अनिलेन न वीजयति न वीजयति,

हरितानि न छिनत्ति न छेदयति ।

बीजानि सदा विवर्जयन्,

सचित्तं नाहारयति यः स भिक्षुः ॥३॥

અનિલેણ-પવન ઉત્પન્ન થાય એવા
વીએ-વીંજે
વીયાવએ-વીંજાવે
હરિયાણિ-વનસ્પતિકાયને
બીયાણિ-શાલિ વિ. બીજો
વિવજ્જયંતો-વર્જતો છતો
સચિત્તં-સચિત્ત વસ્તુને
નાહારએ-આહાર ન કરે

**ભાવાર્થ**-જે મુનિ વસ્ત્ર કે પંખા વગેરેથી વાયરાને વીંજે નહિ, બીજા પાસે વીંજાવે નહિ, વનસ્પતિને પોતે છેદે નહિ, બીજા પાસે છેદાવે નહિ, ડાંગર વગેરેનાં સંઘટ્ટાનો સદા ત્યાગ કરે અને સચિત્ત આહારનું ભક્ષણ ન કરે, તેને સાધુ કહીએ. ૩.

वहणं तस-थावराण होइ,

पुढवि-तण-कट्ठ-निस्सियाणं ।

तम्हा उद्देसियं न भुंजे,

नो वि पए न पयावए जे स भिक्खू ॥४॥

(सं॰ छा॰) वधनं त्रसस्थावराणां भवति,

पृथिवीतृणकाष्ठनिश्रितानाम् ।

तस्मादौदेशिकं न भुङ्क्ते,
नाऽपि पचति न पाचयति यः स भिक्षुः ॥४॥

**ત્રહણં**-હિંસા
**તસથાવરાણ**-ત્રસ-સ્થાવર જીવોને
**તણકટ્ઠ**-ઘાસ અને લાકડાંના જીવોને
**નિસ્સિયાણં**-આશ્રય કરી રહેલા
**ઉદ્દેસિઅં**-સાધુને અર્થે (બનાવેલા) ઉદ્દેશિકાદિ આહારને
**પએ**-રાંધે
**પયાવએ**-રંધાવે

**ભાવાર્થ**-પૃથ્વી, તૃણ તથા કાષ્ઠાદિની નિશ્રાએ રહેલા ત્રસ અને સ્થાવર જીવોનો વધ થાય છે. આ જ કારણથી સાધુને અર્થે બનાવેલા ઉદ્દેશિકાદિ આહારને જે સાધુઓ વાપરતા નથી, તેમજ પોતે આહાર પકાવતા નથી અને બીજા પાસે પકાવરાવતા નથી, તે સાધુ કહેવાય છે. ૪.

**रोईय-नायपुत्त-वयणे,**
**अत्तसमे मन्नेज्ज छप्पि काए ।**
**पंच य फासे महव्वयाइ,**
**पंचासव-संवरए जे स भिक्खू ॥५॥**

(सं० छा०) रोचयित्वा ज्ञातपुत्रवचनं,
आत्मसमान् मन्यते षडपि कायान् ।
पञ्च च स्पृशति महाव्रतानि,
पञ्चाश्रवसंवृतश्च यः स भिक्षुः ॥५॥

**રોઇય**-રુચિ ધારણ કરીને
**નાયપુત્તવયણે**-શ્રી મહાવીરસ્વામીના વચનમાં
**અત્તસમે**-પોતાના સરખા
**મન્નેજ્જ**-માને
**છપ્પિકાએ**-છ કાયને પણ

મહવ્વયાઈં-મહાવ્રતોને
ફાસે-સેવે
પંચાસવ-સંવરએ-પાંચ આશ્રવને રોકનારા

**ભાવાર્થ**-જ્ઞાતપુત્ર શ્રીમાન્ વર્ધમાનસ્વામીના વચનો ઉપર રૂચિ ધારણ કરીને ( શ્રદ્ધા રાખીને ), જે મુનિ છ જીવનિકાયને પોતાના આત્માતુલ્ય માને છે તથા પાંચ મહાવ્રતોને પાળે છે અને પાંચ આશ્રવોને રોકે છે, તે સાધુ કહેવાય છે. ૫.

**चत्तारि वमे सया कसाए,**
**धुवजोगी हविज्ज बुद्धवयणे ।**
**अहणे निज्जाय-रूवरयए,**
**गिहिजोगं परिवज्जए जे स भिक्खू ॥६॥**

(सं० छा०) चतुरो वमति सदा कषायान् ,
ध्रुवयोगी भवति बुद्धवचने ।
अधनो निर्जातरूपरजतो,
गृहियोगं परिवर्जयति यः स भिक्षुः ॥६॥

કસાએ-કસાય
ધુવજોગી-સ્થિર યોગવાળા
અહણે-પશુથી રહિત
નિજ્જાય-રૂવરયએ-સોનું, રૂપું વગેરેનો ત્યાગી
ગિહિજોગં-ગૃહસ્થ સાથે સંબંધ
પરિવજ્જએ-સર્વ પ્રકારે છોડે

**ભાવાર્થ**-જે સાધુ ચાર કષાયોનો સદા ત્યાગ કરે છે, આગમના વચનોથી મન-વચન-કાયાના યોગોને સ્થિર રાખે

છે, પશુઓ તથા સોના-રૂપાનો ત્યાગ કરે છે અને ગૃહસ્થીઓ સાથે પરિચય-સંબંધ રાખતા નથી, તે સાધુ કહેવાય છે. ૬.

**सम्मद्दिट्ठि सया अमूढे,**
**अत्थि हु नाणे तवे संजमे य ।**
**तवसा धुणई पुराण-पावगं,**
**मण-वय-काय-सुसंवुडे जे स भिक्खू ॥७॥**

(सं० छा०) सम्यग्दृष्टिः सदा अमूढः,
अस्ति तु ज्ञानं तपः संयमश्च ।
तपसा धुनोति पुराणपापकं,
मनोवाक्कायसुसंवृतो यः स भिक्षुः ॥७॥

**સમ્મદ્દિટ્ઠિ**-સમ્યગ્દૃષ્ટિવાળા
**અમૂઢે**-ચિત્તમાં વિક્ષેપ ન રાખનાર
**ધુણઇ**-નાશ કરે
**સુસંવુડે**-સારી રીતે આશ્રવને રોકનાર

**ભાવાર્થ**-સમ્યગ્દૃષ્ટિ અને સદા ચિત્તમાં વિક્ષેપ વિનાનો સાધુ એમ માને છે કે-હેય-ઉપાદેય વસ્તુદર્શક તે જ્ઞાન છે તથા કર્મમેલને ધોવા માટે જલસમાન તપસ્યા છે, તેમજ આવતાં કર્મને રોકવા માટે સંયમ છે. આવા દૃઢ ભાવવાળો સાધુ તપસ્યાથી પૂરાણા પાપનો નાશ કરે છે. વળી મન-વચન-કાયાના સંવરવાળો અર્થાત્ ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિવાળો જે હોય, તે સાધુ કહેવાય છે. ૭.

**तहेव असणं पाणगं वा,**
**विविहं खाइम-साइमं लभित्ता ।**

होही अट्ठो सुए परे वा,
तं न निहे निहावए जे स भिक्खू ॥८॥

(सं० छा०) तथैव अशनं पानकं वा,
विविधं खाद्यं स्वाद्यं लब्ध्वा ।
भविष्यति अर्थः श्वः परश्वो वा,
तन्न निधत्ते न निधापयति यः स भिक्षुः ॥८॥

| | |
|---|---|
| હોહી-થશે | પરે-પરમ દિવસ |
| અટ્ઠો-કામને માટે | નિહે-રાખે |
| સુએ-કાલે | નિહાવએ-રખાવે |

**ભાવાર્થ**-વળી નાના પ્રકારનાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમને પામીને, તે મને કાલે કે પરમ દિવસે કામ આવશે-એમ ધારીને, મુનિ તે આહારાદિ રાત્રે વાસી રાખે નહિ અને બીજા પાસે રખાવે નહિ. આમ જે સંનિધિનો (રાત્રિએ વાસી રખવાનો) ત્યાગ કરે છે, તે સાધુ કહેવાય છે. ૮.

तहेव असणं पाणगं वा,
विविहं खाइम-साइमं लभित्ता ।
छन्दिय साहम्मिआण भुंजे,
भोच्चा सज्झाय-रए य जे स भिक्खू ॥९॥

(सं० छा०) तथैव अशनं पानकं वा,
विविधं खाद्यं स्वाद्यं लब्ध्वा ।

छन्दित्वा साधर्मिकान् भुङ्क्ते,

भुक्त्वा स्वाध्यायरतश्च यः स भिक्षुः ॥९॥

| | |
|---|---|
| છન્દિય-બોલાવીને | ભોચ્ચા-ભોજન કરીને |
| સાહમ્મિઆણ-સાધર્મિકોને | સજ્ઝાયરએ-સ્વાધ્યાયમાં રક્ત |
| ભુંજે-ભોજન કરે | |

ભાવાર્થ-વળી નાના પ્રકારના અશન, પાન, ખાદિમ અને સ્વાદિમને પામીને જે મુનિ પોતાના સ્વધર્મી સાધુઓને બોલાવી નિમંત્રણ કરે છે, તેમ કરીને આહાર કરે છે અને આહાર કર્યા બાદ સ્વાધ્યાય-ધ્યાનમાં તત્પર રહે છે, તે મુનિ કહેવાય છે. ૯.

न य वुग्गहियं कहं कहेज्जा,

न य कुप्पे निहुइन्दिए पसन्ते ।

संजमे धुवं जोगेण जुत्ते,

उवसन्ते अविहेडए जे स भिक्खू ॥१०॥

(सं० छा०) न च वैग्रहिकीं कथां कथयति,

न च कुप्यति निभृतेन्द्रियः प्रशान्तः ।

संयमे ध्रुवं योगेन युक्तः,

उपशान्तोऽविहेडको यः स भिक्षुः ॥१०॥

| | |
|---|---|
| વુગ્ગહિયં-કલેશવાળી | નિહુઇન્દિએ-ઇન્દ્રિયોને શાન્ત રાખવાવાળા. |
| કહં-કથાને | પસન્તે-પ્રશાન્ત, રાગ-દ્વેષરહિત |
| કહેજ્જા-કરે | ઉવસંતે-ઉપશાન્ત |
| કુપ્પે-કોપ કરે | |

| | |
|---|---|
| સંજમેધુવંજોગજુત્તે-સંયમમાં સ્થિર યોગથી યુક્ત | અવિહેડએ-ઉચિત કાર્યને અનાદર કરનાર |

**ભાવાર્થ**-જે કલેશવાળી કથાને કહેતા નથી, વળી સદ્વાદ કથાદિમાં પારકા ઉપર પણ કોપ કરતા નથી પરંતુ ઇન્દ્રિયોને શાન્ત રાખે છે તથા રાગાદિ રહિતપણે વિશેષ પ્રકારે શાન્ત રહે છે, તેમજ સંયમમાં નિરંતર મન-વચન-કાયાના યોગોને ધારી રાખે છે તથા કાયાની ચપલતા રહિત અને ઉચિત કાર્યમાં અનાદર કરતા નથી તે મુનિ કહેવાય છે. ૧૦.

**जो सहइ हु गाम-कण्टए,**
**अक्कोस-पहार-तज्जणाओ य ।**
**भय-भेरव-सद्द-सप्पहासे,**
**सम-सुह-दुक्ख-सहे य जे स भिक्खू ॥११॥**

(सं० छा०) यः सहते खलु ग्रामकण्टकान्,
आक्रोशप्रहारतर्जनाश्च ।
भयभैरवशब्दसप्रहासे,
समसुखदुःखसहश्च यः स भिक्षुः ॥११॥

| | |
|---|---|
| ગામકંટએ-ઇદ્રિયોને દુઃખનું કારણ | ભેરવસદ્-વૈતાલ આદિના શબ્દ |
| તજ્જણાઓ-તર્જના, મત્સરનાં વચન | સપ્પહાસે-અટ્ટહાસ્યવાળું |
| | સમસુહદુક્ખસહે-સમતાથી સુખ-દુઃખને સહન કરે |

**ભાવાર્થ**-જે મુનિ ઇન્દ્રિયોને દુઃખનું કારણ હોવાથી કાંટા સમાન આક્રોશ, પ્રહાર અને તર્જનાદિ સહન કરે છે તથા અત્યંત રૌદ્ર, ભયાનક, અટ્ટહાસ્ય આદિ શબ્દોને દેવાદિના ઉપસર્ગ પ્રસંગે સમતાથી સહન કરે છે, તે સાધુ કહેવાય છે. ૧૧.

**पडिमं पडिवज्जिया मसाणे,**
**नो भीयए भय भेरवाई दिअस्स ।**
**विविह गुण तवो-रए य निच्चं,**
**न सरीरं चाभिकंखइ जे स भिक्खू ॥१२॥**

(सं० छा०) प्रतिमां प्रतिपद्य स्मशाने,
नो बिभेति भयभैरवानि दृष्ट्वा ।
विविधगुणतपोरतश्च नित्यं,
न शरीरं चाभिकाङ्क्षते यः स भिक्षुः ॥१२॥

**પડિમં**-પ્રતિમાને
**પડિવજ્જિયા**-અંગીકાર કરીને
**મસાણે**-સ્મશાને
**ભીયએ**-ભય પામે
**ભય ભેરવાઇ**-ભય-ભૈરવો
**દિઅસ્સ**-જોઇને
**અભિકંખએ**-ઇચ્છા રાખે

**ભાવાર્થ**-જે સાધુ સ્મશાનમાં પ્રતિમા અંગીકાર કરીને રૌદ્ર ભયના હેતુભૂત વૈતાલ આદિના શબ્દ અને રૂપાદિ દેખીને ભય પામતો નથી તથા વિવિધ પ્રકારના મૂલગુણ અને અનશનાદિ તપસ્યામાં આસક્ત થઇને શરીર ઉપર પણ મમતા રાખતો નથી, તે સાધુ કહેવાય છે. ૧૨.

**असइं वोसट्ठ-चत्त-देहे,**
**अक्कुट्ठे व हए व लूसिए वा ।**
**पुढवि-समे मुणी हविज्जा,**
**अनियाणे अकोउहल्ले जे स भिक्खू ॥१३॥**

(सं० छा०) असकृद् व्युत्सृष्टत्यक्तदेहः,
आक्रुष्टो वा हतो वा लूषितो वा ।
पृथिवीसमो मुनिर्भवति,
अनिदानोऽकुतूहलो यः स भिक्षुः ॥१३॥

**અસઇં**-સર્વકાળ
**વોસટ્ઠચત્તદેહે**-રાગદ્વેષ રહિત અને આભૂષણ રહિત દેહવાળા.
**અક્કુટ્ઠે**-તુચ્છકારના વચનથી હણાયેલા
**હએ**-દંડાદિથી હણેલા
**લુસિએ**-ખડ્ગાદિથી કપાએલા
**પુઢવિસમે**-પૃથ્વી સરખા સમતાવાળા
**અનિયાણે**-નિયાણું ન કરનાર
**અકોઉહલ્લે**-કુતૂહલ રહિત

**ભાવાર્થ**-જે સાધુએ ભાવ પ્રતિબંધના અભાવપૂર્વક નિરંતર દેહને વોસિરાવ્યો છે, વિભૂષા કરવાની અપેક્ષાએ દેહ છોડ્યો છે, તેમજ તમને કોઈ વચનથી આક્રોશ કરે, દંડાદિથી હણે અને ખડ્ગાદિથી કાપે, તો પણ પૃથ્વીની માફક તે સર્વે સહન કરવાવાળો થાય તથા સંયમના ભાવી ફળ માટે નિયાણું તથા કુતૂહલ રહિત હોય, તે સાધુ કહેવાય છે. ૧૩.

अभिभूय काएण परीसहाइं,
समुद्धरे जाइ-पहाओ अप्पयं ।
विईत्तु जाइ-मरणं महब्भयं,
तवे रए सामणिए जे स भिक्खू ॥१४॥

(सं० छा०) अभिभूय कायेन परीषहान्,
समुद्धरति जातिपथादात्मानम् ।
विदित्वा जातिमरणं महाभयं,
तपसि रतः श्रामण्ये यः स भिक्षुः ॥१४॥

અભિભૂય-જીતીને
સમુદ્ધરે-ઉદ્ધાર કરે
જાઇપહાઓ-સંસારમાર્ગથી
વિઈત્તુ-જાણીને
સામણિએ-સાધુને યોગ્ય

**ભાવાર્થ**-જે સાધુ કાયાએ કરી પરીષહનો પરાજય કરી સંસારમાર્ગથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે અને સંસારના મૂળ કારણ રૂપ મહા ભયને જાણી સાધુપણાને લાયક તપસ્યાદિમાં પ્રયત્ન કરે છે, તે સાધુ કહેવાય છે. ૧૪.

हत्थ-संजए, पाय-संजए
वाय-संजए संजइन्दिए ।
अज्झप्प रए सुसमाहियप्पा,
सुत्तत्थं च वियाणइ जे स भिक्खू ॥१५॥

(सं० छा०) हस्तसंयतः पादसंयतः,
वाक्संयतः संयतेन्द्रियः ।
अध्यात्मरतः सुसमाहितात्मा,
सूत्रार्थं च विजानाति यः स भिक्षुः ॥१५॥

હત્થસંજએ–હાથ વશ રાખનાર
પાયસંજએ–પગને વશ રાખનાર
વાયસંજએ–વાણીને વશ રાખનાર
સંજઇન્દિએ–ઇન્દ્રિયોને વશ રાખનાર
સુત્તત્થં–સૂત્ર અને અર્થને
અજ્ઝપ્પરએ–શુભ ધ્યાન રૂપી અધ્યાત્મમાં લીન
સુસમાહિયપ્પા–ધ્યાનજનક ગુણોમાં સુપ્રસન્ન આત્માવાળો

**ભાવાર્થ**–જે સાધુ કાચબાની જેમ હાથ, પગ, વચન અને ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખે છે તથા અધ્યાત્મમાં લીન રહે છે, ધ્યાનકારક ગુણોમાં આત્માને સુસ્થિત કરે છે તથા સૂત્ર અને અર્થને યથાર્થપણે જાણે છે, તે સાધુ કહેવાય છે. ૧૫.

उवहिम्मि अमुच्छिए अगिद्धे,
अन्नाय उंछं पुल–निप्पुलाए ।
कय–विक्कय–सन्निहिओ विरए,
सव्व–संगावगए य जे स भिक्खू ॥१६॥

(सं० छा०) उपधौ, अमूर्च्छितः, अगृद्धः,
अज्ञातोञ्छं पुलाकनिष्पुलाकः ।
क्रयविक्रयसंनिधिभ्यो विरतः,
सर्वसङ्गापगतश्च यः स भिक्षुः ॥१६॥

ઉવહિમ્મિ-ઉપધિમાં
અમુચ્છિએ-મૂર્ચ્છારહિત
અગિદ્ધે-આસક્તિરહિત
સંગાવગએ-દ્રવ્ય-ભાવ સંગથી રહિત
અન્નાયઉંછં-અજાણ્યા ઘરોથી શુદ્ધ અને થોડાં થોડાં વસ્ત્ર લેનાર
પુલનિપ્પુલાએ-ચારિત્રમાં અસારતા ઉત્પન્ન કરનાર દોષરહિત

**ભાવાર્થ**-જે સાધુ વસ્ત્રાદિ ઉપધિમાં મૂર્ચ્છા વગરનો તથા પ્રતિબંધ વિનાનો, પરિચય વગરના ઘરોથી શુદ્ધ અને થોડું થોડું વસ્ત્રાદિ લેનાર, સંયમને નિઃસાર કરનાર દોષોથી રહિત, ખરીદવું, વેચવું અને સંગ્રહ કરવાથી રહિત તથા સર્વ દ્રવ્ય-ભાવસંગ ત્યાગી છે, તે સાધુ કહેવાય છે. ૧૬.

**अलोल-भिक्खू न रसेसु गिद्धे,**
**उंछं चरे जीविय नाभिकंखे ।**
**इड्ढिं च सक्कारण-पूयणं च,**
**चए ठियप्पा अणिहे जे स भिक्खू ॥१७॥**

(सं० छा०) अलोलभिक्षुर्न रसेषु गृद्धः,
उञ्छं चरति जिवितं नाभिकाङ्क्षते ।
ऋद्धिं च सत्कारणपूजनं च,
त्यजति स्थितात्मा अनिभो यः स भिक्षुः ।१७।

અલોપ-લોલુપતારહિત
રસેસુ-રસમાં
ગિદ્ધે-આસક્તિ રાખનાર
ઉંછં-અજાણ્યા ઘરોથી થોડી થોડી ગોચરી લેનાર
જીવિઅં-સંયમરહિત જીવિતને

નાભિકંખે-ઈચ્છે નહિ
ઇડ્ઢિં-લબ્ધિ આદિ ઋદ્ધિને
સક્કારણ-પૂઅણં-સત્કાર-
પૂજન માટે
ચએ-ત્યાગ કરે
ઠિયપ્પા-જ્ઞાનમાં આત્માને સ્થાપન કરનાર
અણિહે-કપટરહિત

**ભાવાર્થ**-જે સાધુ ન પ્રાપ્ત થાય એવી વસ્તુની પ્રાપ્તિના વિષયમાં લોલુપતારહિત હોય, રસમાં આસક્ત ન હોય, પરિચય વગરના ઘરોથી શુદ્ધ અને થોડી થોડી ગોચરી લેનાર હોય, તેમજ અસંયમ રૂપ જીવનની ઈચ્છા ન રાખનાર, આમર્ષ આદિ ઋદ્ધિ, વસ્ત્રાદિ દ્વારા થતો સત્કાર અને સ્તુતિ-પ્રશસ્તિ આદિ દ્વારા થતી પૂજાને અર્થે જેઓ પ્રયત્ન કરતા નથી તથા જ્ઞાનમાં પોતાના આત્માને સ્થાપનાર અને કપટરહિત હોય છે, તે સાધુ કહેવાય છે. ૧૭.

**न परं वएज्जासि 'अयं कुसीले',**
**जेणन्न कुप्पेज्ज न तं वएज्जा ।**
**जाणिय पत्तेयं पुण्ण-पावं,**
**अत्ताणं न समुक्कसे जे स भिक्खू ॥१८॥**

(सं० छा०) न परं वदति, अयं कुशीलः,
येनाऽन्यः कुप्यति न तद् ब्रवीति ।
ज्ञात्वा प्रत्येकं पुण्यपापं,
आत्मानं न समुत्कर्षति यः स भिक्षुः ॥१८॥

વએજ્જા-કહે
જાણિય-જાણીને
પત્તેઅં-પ્રત્યેક

**ભાવાર્થ**-પોતાના સમુદાયથી ભિન્ન બીજા સાધુઓને દેખી 'આ કુશીલ છે'-એમ ન કહેવું, પણ પોતાના શિષ્યાદિને શિખામણને અર્થે કહેવું પડે તો કહેવું. જેનાથી બીજાને કોપ થાય તેવાં વચનો કહેવા નહિ, કારણ કે-પોતાના કરેલા પુણ્ય-પાપો પ્રત્યેક ભોગવે છે, બીજાને ભોગવવાં પડતા નથી. તો શા માટે તેને ખોટું લગાડવું જોઈએ? તેમજ પોતામાં તેવા ગુણો હોય તો પણ ગર્વ કરે નહિ, તે સાધુ કહેવાય છે. ૧૮.

**न जाईमत्ते न य रूवमत्ते,**
**न लाभमत्ते न सुएण मत्ते ।**
**मयाणि सव्वाणि विवज्जइत्ता.**
**धम्मज्झाण-रए जे स भिक्खू ॥१९॥**

(सं० छा०) न जातिमत्तो न च रूपमत्तो,
न लाभमत्तो न श्रुतेन मत्तः ।
मदान् सर्वान् परिवर्ज्य,
धर्मध्यानरतो यः स भिक्षुः ॥१९॥

**જાઇમત્તે**-જાતિનો મદ કરનાર
**રૂવમત્તે**-રૂપનો મદ કરનાર
**લાભમત્તે**-લાભનો મદ કરનાર
**સુએણ મત્તે**-શ્રુતનો મદ કરનાર
**ધમ્મજ્ઝાણરએ**-ધર્મધ્યાનમાં તત્પર

**ભાવાર્થ**-જે સાધુ જાતિનો, રૂપનો, લાભનો અને શ્રુતનો મદ કરતા નથી અને સર્વ મદનો ત્યાગ કરી. ધર્મધ્યાનમાં તત્પર રહે છે, તે સાધુ કહેવાય છે. ૧૯.

पवेयए अज्ज-पयं महामुणी,
धम्मे ठिओ ठावयइ परंपि ।
निक्खम्म वज्जेज्ज कुसीललिंगं,
न यावि हासं कुहए जे स भिक्खू ॥२०॥

(सं० छा०) प्रवेदयति आर्यपदं महामुनिः,
धर्मे स्थितः स्थापयति परमपि ।
निष्क्रम्य वर्जयति कुशीललिङ्गं,
न चापि हास्यं कुहको यः स भिक्षुः ॥२०॥

| | |
|---|---|
| અજ્જપયં-શુદ્ધ ધર્મને | ચેષ્ટાને |
| કુસીલલિંગં-કુશીલપણાની | હાસં કુહએ-હાસ્યને કરનારા |

**ભાવાર્થ**-જે મહા મુનિ પરોપકારને માટે શુદ્ધ ધર્મ બીજાને કહે છે, પોતે ધર્મમાં સ્થિર રહે છે અને સાંભળનારને ધર્મમાં સ્થિર કરે છે તથા ગૃહસ્થપણામાંથી નીકળીને આરંભાદિથી કુશીલપણાની ચેષ્ટાને કરતા નથી, તેમજ હાસ્યકારી ચેષ્ટાઓ પણ કરતા નથી, તે સાધુ કહેવાય છે. ૨૦.

तं देहवासं असुइं असासयं,
सया चए निच्च-हियट्ठियप्पा ।
छिन्दित्तु जाई-मरणस्स बन्धणं,
उवेइ भिक्खू अपुणागमं गइं ॥ त्तिबेमि ।२१

(सं० छा०) तं देहवासं अशुचिं अशाश्वतं,
सदा त्यजति नित्यहिते स्थितात्मा ।
छित्त्वा जाति–मरणस्य बन्धनं,
उपैति भिक्षुः अपुनरागमां गतिम् ॥
इति ब्रवीमि ॥२१॥

**દેહવાસં**–શરીર રૂપ બંદીખાનાને
**હિયટ્ઠિઅપ્પા**–મોક્ષમાં સ્થિર આત્મા જેનો
**છિન્દિત્તુ**–છેદીને
**અપુણાગમં**–પુનર્જન્મ વિનાની

**ભાવાર્થ**–મોક્ષના સાધનભૂત, સમ્યગ્દર્શન આદિમાં રહેલો સાધુ, અશુચિથી ભરેલ અને અશાશ્વત આ દેહવાસનો ત્યાગ કરી, જન્મ–મરણના બંધનોને છેદી, પુનર્જન્મ વિનાની ગતિને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે શ્રી સુધર્માસ્વામી જંબૂ નામના પોતાના શિષ્યને કહે છે. ૨૧.

ઇતિ સભિક્ષુ અધ્યયનમ્ દશમં સમાપ્તમ્

❋

## શ્રી દશવૈકાલિકે પહેલી ચૂલિકા

इह खलु भो पव्वइएणं उप्पन्नदुक्खेणं संजमे अरइ–समावन्न–चित्तेणं ओहाणुप्पेहिणा अणोहाइएणं चेव हयरस्सि–गयंकुस–पोय–पडागा–भूआइं इमाइं अट्ठारस ठाणाइं सम्मं संपडि-

**लेहिअव्वाइं भवंति, तं जहा–हं भो दुस्समाए दुप्पजीवी (१)**

(सं० छा०) इह खलु भोः प्रव्रजितेन, उत्पन्नःखेन संयमे अरतिसमापन्नचित्तेन, अवधानोत्प्रेक्षिणाऽनवधावितेनैव हयरश्मिगजाङ्कुशपोतपताकाभूतानि, अमूनि, अष्टादश स्थानानि सम्यक् संप्रेक्षितव्यानि भवन्ति, तद्यथा हं भो दुष्प्रजीविनः ॥ १ ॥

**પવ્વઈએણં**–દીક્ષા લીધેલ સાધુએ
**ઉપ્પન્ન દુક્ખેણં**–દુઃખ ઉત્પન્ન થતાં
**અરઇ**–અરતિ, અશાતા
**સમાવન્નચિત્તેણં**–પામેલું છે ચિત્ત જેનું
**ઓહાણુપ્પેહિણા**–સંજમનો ત્યાગ કરવાની ઇચ્છા રાખનાર
**રસ્સિ**–લગામ
**ગયંકુસ**–હાથીને જેમ અંકુશ
**પોય**–વહાણ
**પડાગા ભૂઆઇં**–ધજા સરખાં
**અટ્ઠારસ**–અઢાર
**સમ્મં**–સમ્યક્ પ્રકારે
**સંપડિલેહિઅવ્વાઇં**–વિચારવા યોગ્ય
**દુસ્સમાએ**–દુષમકાળમાં
**દુપ્પજીવી**–દુઃખે જીવનારા

**ભાવાર્થ**–હે શિષ્યો ! પ્રવ્રજ્યા અંગીકાર કરેલ સાધુ, શારીરિક કે માનસિક દુઃખો ઉત્પન્ન થવાથી, સંયમથી ઉદ્વેગ પામીને, સંયમને છોડવાની ઇચ્છાવાળો થયો હોય પણ હજુ સુધી સંયમનો ત્યાગ કર્યો નથી, તેણે આગળ કહેવામાં આવશે તે અઢાર સ્થાનો સારી રીતે જાણવાં તથા વિચારવાં જોઈએ. તે અઢાર સ્થાનકો, જેમ ઉન્માર્ગે ચાલતા ઘોડાને સન્માર્ગે લાવવા માટે લગામ, હાથીને વશ કરવાને અંકુશ અને વહા-

ઘુને પ્રવાહના માર્ગ ઉપર લાવવા માટે ધ્વજા હોય, તેમ સંયમથી ઉન્માર્ગે ચાલનાર સાધુને આ અઢાર સ્થાનકો સંયમમાં લાવનારાં છે. તે જ બતાવે છેઃ–અધમકાળ નામના દુઃષમા–પાંચમા આરામાં કાળના દોષબળે જ પ્રાણીઓ દુઃખે જીવે છે, તો મને વિડંબના રૂપ, દુર્ગતિના હેતુભૂત ગૃહસ્થાશ્રમનું શું પ્રયોજન છે? આ પ્રમાણે પહેલું સ્થાન વિચારવું ૧.

**लहुसगा इत्तरिआ गिहीणं कामभोगा, (२) भुज्जो अ साइबहुला मणुस्सा, (३) इमे अ मे दुक्खे न चिरकालोवट्ठाइ भविस्सइ, (४) ओमजणपुरक्कारे, (५) वंतस्स य पडिआयणं, (६) अहरगइ वासोवसंपया, (७) दुल्लहे खलु भो गिहीणं धम्मे गिहवासमज्झे वसंताणं, (८) आयंके से वहाय होइ, (९) संकप्पे से वहाय होइ (१०)**

(सं० छा०) लघव इत्वरा गृहिणां कामभोगाः (२) भूयश्च स्वातिबहुला मनुष्याः (३) इदं च मे दुःखं न चिरकालोपस्थायि भविष्यति (४) अवमजनपुरस्कारः (५) वान्तस्य प्रत्यापानम् (६) अधरगतिवासोपसंपत् (७) दुर्लभः खलु भो ! गृहिणां धर्मो गृहपाशमध्ये वसताम् (८) आतङ्कस्तस्य वधाय भवति (९) संकल्पस्तस्य वधाय भवति (१०)

**લહુસગા**–અસાર
**ઇત્તરિઆ**–ક્ષણિક
**ભુજ્જો**–વારંવાર
**સાયબહુલા**–ઘણા કપટ કરનાર
**અવટ્ઠાઈ**–રહેવાવાળાં
**વંતસ્સ**–ત્યાગ કરેલાને
**ઓમજણપુરક્કારે**–હલકા જનને પણ માન આપવું પડે
**પડિઆયણં**–ફરીથી ખાય
**અહરગઈ વાસોવસંપયા**–નીચ ગતિમાં વાસ થવા રૂપ કર્મબંધન
**દુલ્લહે**–દુર્લભ
**ગિહિવાસ**–ગૃહસ્થવાસ
**મજ્ઝે**–મધ્યે
**વસંતાણં**–રહેતાને
**આયંકે**–રોગમાં
**વહાય**–વધને માટે
**કામભોગા**–કામભોગો
**સંકપ્પે**–સંકલ્પમાં

**ભાવાર્થ**–આ ગૃહસ્થી સંબંધી કામભોગો સ્વભાવથી જ ફોતરાની મુઠ્ઠીની માફક સાર વિનાના, અલ્પકાળ સ્થાયી, આરંભે મીઠા અને અંતે કડવા હોતે છતે ગૃહસ્થાશ્રમથી સર્યું ! આ પ્રમાણે બીજું સ્થાન વિચારવું. (૨) વળી દુઃષમા કાળમાં મનુષ્યો માયાની પ્રબળતાવાળા હોઈ કદાચિત્ પણ વિશ્વાસપાત્ર બનતા નથી અને વિશ્વાસપાત્ર વગરનાઓને કેવું સુખ ? તો મારે ઘર શા માટે માંડવું ? આમ ત્રીજું સ્થાન વિચારવું. (૩) સાધુપણું પાળતા એવા મને કર્મના ફળ રૂપે કે પરીષહજન્ય જે અનુભવાતું માનસિક કે શારીરિક દુઃખ, તે ઘણા કાળ સુધી રહેશે નહિ, તો મારે ઘરનું શું કામ છે? આમ ચોથું સ્થાન વિચારવું. (૪) દીક્ષા પાળનાર સાધુ ધર્મના પ્રભાવથી રાજા વગેરેથી પૂજાય છે, જ્યારે દીક્ષા મૂકયા પછી નીચ માણસોને પણ અભ્યુત્થાનાદિ સન્માન કરવું પડે છે, માટે ગૃહસ્થાશ્રમમાં જવાથી સર્યું. આમ પાંચમું સ્થાન વિચારવું. (૫) દીક્ષા લઈને પછી તે મૂકીને સંસાર ભોગવવો,

તે કુતરા, શિયાળ આદિ ક્ષુદ્ર પ્રાણીના આચાર જેવો, સજ્જનનિંદ્ય, વ્યાધિ-દુઃખજનક અને વમેલા આહારને ફરી ખાવા જેવો આચાર છે, માટે ગૃહસ્થાશ્રમથી સર્યું. આમ છઠ્ઠું સ્થાન વિચારવું. (૬) ગૃહસ્થાશ્રમમાં જવાનો વિચાર, નરક અને તિર્યંચોની ગતિમાં જવાલાયક કર્મ બાંધવાના પ્રખર નિમિત્ત રૂપ છે. આમ સાતમું સ્થાન વિચારવું. (૭) પુત્ર-કલત્રાદિના પ્રેમપાશમાં બંધાયેલા ગૃહસ્થીઓને મોક્ષકારક ધર્મ આરાધવો બહુ દુર્લભ છે. આમ આઠમું સ્થાન વિચારવું. (૮) તત્કાળ નાશ કરે એવા વિશુચિકાદિ રોગ ધર્મબંધુ (સહાયક) વગરના ગૃહસ્થનો નાશ કરે છે. આમ નવમું સ્થાન વિચારવું. (૯) ઇચ્છિત ચાલ્યું જવાથી અને અનીચ્છનીય આવવાથી પેદા થયેલ માનસિક રોગ, ગૃહસ્થને નાશને માટે થાય છે. આમ દશમું સ્થાન વિચારવું. (૧૦)

**सोवक्केसे गिहवासे, निरुवक्केसे परिआए, (११) बंधे गिहवासे, मुक्खे परिआए, (१२) सावज्जे गिहवासे, अणवज्जे परिआए, (१३) बहुसाहारणा गिहीणं कामभोगा, (१४) पत्तेअं पुन्नपावं, (१५) अणिच्चे खलु भो मणुआण जीवीए कुसग्गजलबिंदुचंचले, (१६) बहुं च खलु भो पावं कम्मं पगडं, (१७) पावाणं च खलु भो कडाणं कम्माणं पुव्विं दुच्चिन्नाणं दुप्पडिकंताणं**

**वेइत्ता मुक्खो नत्थि अवेइत्ता तवसा वा झोस-इत्ता, (१८) अट्ठारसमं पयं भवई, भवई अ ईत्थ सिलोगो.**

(सं० छा०) सोपक्लेशो गृहवासः, निरुपक्लेशः पर्यायः, (११) बन्धो गृहवासः, मोक्षः पर्यायः, (१२) सावद्यो गृहवासः, अनवद्यः पर्यायः, (१३) बहुसाधारणा गृहिणां कामभोगाः, (१४) प्रत्येकं पुण्यपापं, (१५) अनित्यं खलु भो ! मनुष्याणां जीवितं कुशाग्र-जलबिन्दुचञ्चलम् , (१६) बहु च खलु भोः ! पापं कर्म प्रकृतम् (१७) पापानां च खलु भोः ! कृतानां कर्मणां, पूर्वं दुश्चरितानां दुष्पराक्रा-न्तानां वेदयित्वा मोक्षो नास्ति, अवेदयित्वा तपसा वा क्षपयित्वा, (१८) अष्टादशं पदं भवति, भवति चात्र श्लोकः ।

સોવક્કેસે-ક્લેશ વગરના
પરિઆએ-પર્યાયમાં
બંધે-બંધવાળો
મુક્ખે-મોક્ષવાળો
અણવજ્જે-પાપરહિત
બહુસાહારણા-ઘણામાં સાધારણ
પત્તેઅં-પ્રત્યેક
કુસગ્ગ-ડાભની અણી ઉપર રહેલા
કડાણં-કરેલાં
પુવ્વિં-પૂર્વે
દુચ્ચિન્નાણં-ખરાબ કામ કરેલાં
દુપ્પડિકંતાણં-પ્રાણીવધાદિ કરેલાંને
વેઇત્તા-ભોગવીને
અવેઇત્તા-ભોગવ્યા વગર
ઝોસઇત્તા-બાળીને

**ભાવાર્થ**–ગૃહસ્થાશ્રમ મહા ક્લેશવાળો છે. તેની અંદર ખેતી, પશુરક્ષણ, વ્યાપાર આદિમાં ટાઢ, તાપ, શ્રમ વગેરે ક્લેશો તથા ઘી, મીઠું આદિની ચિંતા રૂપ ક્લેશો રહ્યા છે–એમ ચિંતવવું; તેમજ દીક્ષાપર્યાય પૂર્વોક્ત ક્લેશોથી રહિત છે, આરંભ અને ચિંતાદિથી રહિત છે તથા પંડિત પુરુષોને પ્રશંસનીય છે. એમ અગિયારમું સ્થાન વિચારવું. (૧૧) ગૃહવાસ કર્મબંધવાળો છે, કારણ કે–તેમાં કરાતાં અનુષ્ઠાનો બંધના હેતુભૂત છે. જેમ રેશમનો કીડો પોતાના કરેલા તાંતણામાં જ વિંટાઈ બંધાય છે, તેમ ગૃહસ્થીઓ, પોતાના કરેલા કર્મથી જ પોતે બંધાય છે. ચારિત્રપર્યાય મોક્ષ રૂપ છે, કેમ કે–તેમાં નિરંતર કર્મબેડીઓનું તૂટવાપણું છે. એમ બારમું સ્થાન વિચારવું. (૧૨) ગૃહસ્થાશ્રમ પાપવાળો છે, કેમ કે–તેમાં જીવહિંસાદિ પાંચ આશ્રવો સેવાય છે. સંયમપર્યાય નિર્દોષ છે, કેમ કે–અહિંસાદિ વ્રતોનું ત્યાં પાલન કરવાપણું છે. એમ તેરમું સ્થાન વિચારવું. (૧૩) ગૃહસ્થીઓના કામભોગો ચોર, રાજકુલ આદિને સાધારણ ગ્રાહ્ય છે. અર્થાત્ પ્રાપ્ત થયેલ વિષયો ચોર આદિથી લૂંટાઈ જવાના ભયવાળા હોઈ ગૃહસ્થાશ્રમ અપાય–વિઘ્નવાળો છે. એમ ચૌદમું સ્થાન વિચારવું. (૧૪) પુણ્ય–પાપ પ્રત્યેકને ભોગવવાનું છે. માતા, પિતા, પુત્ર, કલત્રાદિને અર્થે કરાએલું પુણ્ય–પાપ તે કરનાર પોતાને જ તેનાં ફળ ભોગવવા પડે છે, માટે મને ગૃહસ્થાશ્રમનું શું પ્રયોજન છે ? એમ પંદરમું સ્થાન વિચારવું. (૧૫) અરે ! મનુષ્યોનું આયુષ્ય ખરેખર અનિત્ય છે, કેમ કે–તે ડાભની અણી ઉપર રહેલા જળના બિંદુની માફક ચંચળ છે અને

સોપક્રમ હોઈ અનેક ઉપદ્રવો આવતા હોઈ અત્યંત અસાર છે, માટે ગૃહસ્થાશ્રમથી સર્યું. એમ સોલમું સ્થાન વિચારવું. (૧૬) અરે ! ઘણું સંક્લેશવાળું ચારિત્રમોહનીય આદિ કર્મ કર્યું છે, કે જેથી ચારિત્ર લીધા પછી પણ ક્ષુદ્ર-હલકી બુદ્ધિ પેદા થાય છે. બહુ ક્લિષ્ટ કર્મો વગરનાને સુપ્રશસ્ત બુદ્ધિ પેદા થાય છે, માટે નકામા ગૃહસ્થાશ્રમથી સર્યું. એમ સત્તરમું સ્થાન વિચારવું. (૧૭) અરે ! ખરેખર પૂર્વે કરેલાં જ્ઞાનાવરણીયાદિ તથા અશાતાવેદનીયાદિ પાપકર્મોને, તેમજ દુષ્ટ કૃત્યોને અને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ આદિથી જીવહિંસા આદિ જે કર્મોને કર્યાં હોય, તેને વેદ્યા પછી મોક્ષ થાય છે; તે વેદ્યા સિવાય અથવા તપથી ખપાવ્યા સિવાય મોક્ષ થતો નથી, માટે તપશ્ચર્યાદિ અનુષ્ઠાન શ્રેયોરૂપ છે. આમ ગૃહસ્થાશ્રમથી સર્યું. એમ અઢારમું સ્થાન વિચારવું. આ અર્થોને પ્રતિપાદન કરનારા શ્લોકો કહે છે.

**जया य चयई धम्मं, अणज्जो भोगकारणा ।**
**से तत्थ मुच्छिए बाले, आयइं नावबुज्झई ॥१॥**

(सं० छा०) यदा च त्यजति धर्मं, अनार्यो भोगकारणात् ।
स तत्र मूर्च्छितो बालः, आयतिं नावबुद्ध्यते ॥१॥

| | |
|---|---|
| અણજ્જો-અનાર્ય | બાલે-અજ્ઞાની |
| ભોગકારણા-ભોગના કારણથી | આયઇં-આવતા કાળને |
| મુચ્છિએ-મૂર્છિત થયેલા | અવબુજ્ઝઈ-જાણે છે |

**ભાવાર્થ**-જે અનાર્ય જેવી ચેષ્ટા કરનારો સાધુ શબ્દાદિ ભોગને માટે સાધુધર્મોને ત્યાગ કરે છે, તે વિષયોમાં મૂર્છા

પામેલો બાલ-અજ્ઞાની આગામી કાળને સારી રીતે જાણતો-જોતો નથી. ૧.

**जया ओहाविओ होइ, इंदो वा पडिओ छमं।**
**सव्व-धम्म-परिब्भट्ठो, स पच्छा परितप्पइ ॥२॥**

(सं० छा०) यदा अवधावितो भवति, इन्द्रो वा पतितः क्ष्माम् ।
सर्वधर्मपरिभ्रष्टः, स पश्चात् परितप्यते ॥२॥

ઓહાવિઓ-નીકળી ગયેલો, ભ્રષ્ટ થયેલો.
ઇંદો-ઇન્દ્ર
પડિઓ-પડેલો
છમં-પૃથ્વી ઉપર
પરિબ્ભટ્ઠો-પરિભ્રષ્ટ
પચ્છા-પાછળથી
પરિતપ્પઇ-પશ્ચાત્તાપ કરે છે

**ભાવાર્થ**-જેમ ઈન્દ્ર પોતાના વિભાગની વિભૂતિથી ભ્રષ્ટ થઇને હેઠો પડે છે અને પછી શોચ કરે છે, તેમ જ્યારે આ સાધુ સંયમ રૂપી વિભૂતિથી પાછો હઠી ગૃહસ્થાવાસમાં આવે છે, પછી સર્વ ધર્મથી ભ્રષ્ટ થયેલા તે સાધુના જ્યારે તે મોહાદિ ઉદય પામે છે, ત્યારે તે પસ્તાવો કરે છે કે-હા ! આ મેં શું અકાર્ય કર્યું ? ૧.

**जया अ वंदिमो होइ, पच्छा होइ अवंदिमो।**
**देवया व चुआ ठाणा, स पच्छा परितप्पइ ॥३॥**

(सं० छा०) यदा च वन्द्यो भवति, पश्चाद् भवति अवन्द्यः ।
देवतेव च्युता स्थानात्, स पश्चात् परितप्यते ॥३॥

વંદિમો-વાંદવાયોગ્ય | ચુઆ-ભ્રષ્ટ થયેલ

**ભાવાર્થ**–જેમ પહેલાં શ્રમણપર્યાયમાં રાજા આદિથી વંદનીય થઈને પછી દીક્ષા ત્યાગ કર્યા બાદ અવંદનીય થાય છે, તેમ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલો દેવ જેમ પસ્તાવો કરે છે તેમ પશ્ચાત્તાપ કરે છે. ૩.

**जया अ पूइमो होइ, पच्छा होइ अपूइमो ।**
**राया व रज्ज-पब्भट्ठो, स पच्छा परितप्पई ॥४॥**

(सं० छा०) यदा च पूज्यो भवति, पश्चाद् भवति अपूज्यः ।
राजेव राज्यप्रभ्रष्टः, स पश्चात् परितप्यते ॥४॥

પૂઇમો–પૂજવાયોગ્ય
રાયા–રાજા
રજ્જપબ્ભટ્ઠો–રાજ્યથી પદભ્રષ્ટ થયેલો

**ભાવાર્થ**–જેમ સાધુપણામાં પૂજ્ય થઈ પછી દીક્ષાનો ત્યાગ કરી અપૂજ્ય થાય છે, તેમ રાજ્યથી પદભ્રષ્ટ રાજા આગલા વૈભવોને યાદ કરી પસ્તાવો કરે છે, તેમ તે પશ્ચાત્તાપ કરે છે. ૪.

**जया अ माणिमो होइ, पच्छा होइ अमाणिमो ।**
**सिट्ठिव्व कब्बडे छूढो, स पच्छा परितप्पई ॥५॥**

(सं० छा०) यदा च मान्यो भवति, पश्चाद् भवति अमान्यः ।
श्रेष्ठीव कर्बटे क्षिप्तः, स पश्चात् परितप्यते ॥५॥

માણિમો–માનવાયોગ્ય
સિટ્ઠિવ્વ–શ્રીમંતની માફક
કબ્બડે–ગામડામાં
છૂઢો–પડેલો

**ભાવાર્થ**-જેમ કોઈ નગરમાં માનનીય ધનાઢ્ય શેઠને કોઈ નાના ગામડામાં નાખ્યો હોય અને ત્યાં અપમાન થવાથી જેમ પશ્ચાત્તાપ કરે છે, તેમ જે સાધુ સંયમ અવસ્થામાં શીલપ્રભાવથી અભ્યુત્થાન અને આજ્ઞા કરવા આદિથી માનનીય થઈને પછી દીક્ષા ત્યાગ કરવાથી અમાન્ય થાય છે, તે પાછળથી પસ્તાવો કરે છે. ૫.

**जया अ थेरओ होई, समइक्कंत-जुव्वणो।**
**मच्छु व्व गलं गिलित्ता, स पच्छा परितप्पई ॥६॥**

**(सं० छा०) यदा च स्थविरो भवति, समतिक्रान्तयौवनः।**
**मत्स्य इव गलं गिलित्वा, स पश्चात् परितप्यते ॥६॥**

**થેરઓ**-વૃદ્ધાવસ્થામાં
**સમઇક્કંત જુવ્વણો**-જુવાની ગયા પછી
**મચ્છુવ્વ**-માછલાની પેઠે
**ગલિત્તા**-ખાઈને
**ગલં**-ગલ. લોહકાંટા ઉપર રાખેલા માંસને

**ભાવાર્થ**-લોઢાના કાંટા ઉપર રાખેલા માંસને ખાવાની અભિલાષાથી જાળમાં સપડાયેલ માછલું તાળવું વિંધાઈ જવાથી જેમ પશ્ચાત્તાપ કરે છે, તેમ દીક્ષાત્યાગી સાધુ યુવાવસ્થાને ઉલ્લંઘી જ્યારે વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે કર્મના વિપાકને ભોગવતો કર્મ રૂપ કાંટાથી વિંધાઈ તે પશ્ચાત્તાપ કરે છે. ૬.

**जया अ कु-कुडुंबस्स, कु-तत्तीहिं विहम्मई।**
**हत्थी व बंधणे बद्धो, स पच्छा परितप्पई ॥७॥**

(सं० छा०) यदा च कुकुटुम्बस्य, कुतप्तिभिर्विहन्यते ।
हस्तीव बन्धने बद्धः, स पश्चात् परितप्यते ॥७॥

| | |
|---|---|
| કુકુડુંબસ્સ–ખરાબ કુટુંબની<br>કુતત્તીહિં–ખરાબ ચિંતાઓથી<br>વિહમ્મઈ–હણાય છે | હત્થીવ–હાથીની પેઠે<br>બંધણે–વિષય બંધનમાં |

**ભાવાર્થ**–જેમ બંધનથી બંધાયેલો હાથી પશ્ચાત્તાપ કરે છે, તેમ દીક્ષા મૂકયા પછી ખરાબ કુટુંબની સંતાપ કરવાવાળી ચિંતાથી હણાયેલો સાધુ પાછળથી પશ્ચાત્તાપ કરે છે. ૭.

**पुत्त–दार–परीकिन्नो, मोहसंताण–संतओ ।**
**पंकोसन्नो जहा नागो, स पच्छा परितप्पई ॥८॥**

(सं० छा०) पुत्रदारपरिकीर्णो, मोहसन्तानसन्ततः ।
पङ्कावसन्नो यथा नागः, स पश्चात् परितप्यते ॥८॥

| | |
|---|---|
| પરીકિન્નો–ખૂંચેલો<br>મોહ–સંતાણ–સતંઓ–કર્મ-પ્રવાહથી વ્યાપ્ત થયેલો | પંકોસન્નો–કાદવમાં ખૂંચેલો<br>નાગો–હાથી |

**ભાવાર્થ**–જેમ કાદવમાં ખૂંચેલો હાથી પરિતાપ કરે છે, તેમ દીક્ષા મૂકયા પછી પુત્ર, સ્ત્રી આદિના પ્રપંચમાં સપડાઈને તથા કર્મપ્રવાહથી ઘેરાતાં પશ્ચાત્તાપ કરે છે. ૮.

**अज्ज आहं गणी हुंतो, भाविअप्पा बहुस्सुओ ।**
**जइ हं रमंतो परिआए, सामन्ने जिणदेसिए ॥९॥**

(सं० छा०) अद्याऽहं गणी स्यां, भावितात्मा बहुश्रुतः ।
अद्यहं अरमिष्यं पर्याये, श्रामण्ये जिनदेशिते ॥९॥

આહં ગણી–હું ગણી, આચાર્ય.
ભાવિઅપ્પા–ભાવિત આત્મા
બહુસ્સુઓ–બહુશ્રુત
સામન્ને–સાધુધર્મમાં
જિણદેસિએ–જિન ભગવાને ઉપદેશેલા

**ભાવાર્થ**–કોઈ બુદ્ધિમાન સાધુ આવી રીતે પશ્ચાત્તાપ કરે છે કે–જો હું ભાવિત આત્મા અને બહુશ્રુત થઈને શ્રી જિનેશ્વર ભગવાનના કહેલા શ્રમણ સંબંધી પર્યાયમાં સ્થિર રહ્યો હોત, તો આજે હું આચાર્યપદવી પામ્યો હોત ! ૯.

**देवलोग–समाणो अ, परिआओ महेसिणं ।**
**रयाणं अरयाणं च, महानरय–सारिसो ॥१०॥**

(सं० छा०) देवलोकसमानस्तु, पर्यायो महर्षीणाम् ।
रतानामरतानां च, महानरकसदृशः ॥१०॥

દેવલોગસમાણો–દેવલોક સરખા
રયાણં–રક્ત–પ્રીતિ રાખનાર
અરયાણં–અપ્રીતિ રાખનાર

**ભાવાર્થ**–જે દીક્ષાપર્યાયમાં આસક્ત મહાત્માઓને આ ચારિત્રપર્યાય દેવલોક સમાન લાગે છે, તે જ દીક્ષાપર્યાયમાં પ્રીતિ વિનાના અને વિષયની ઈચ્છાવાળાઓને–જૈન વેષવિડંબકોને–પામર જનને મહા નરક સમાન લાગે છે. ૧૦.

**अमरोवमं जाणिअ सुक्खमुत्तमं,**
**रयाण परिआइ तहाऽरयाणं ।**
**निरओवमं जाणिअ दुक्खमुत्तमं,**
**रमिज्ज तम्हा परिआइ पंडिए ॥११॥**

(सं० छा०) अमरोपमं ज्ञात्वा सौख्यमुत्तमं,
रतानां पर्याये तथाऽरतानाम् ।
नरकोपमं ज्ञात्वा दुःखमुत्तमं,
रमेत तस्मात् पर्याये पण्डितः ॥११॥

અમરોવમં-દેવતા સરખું | નિરઓવમં-નરક સમાન

**ભાવાર્થ**-ચારિત્રપર્યાયમાં રક્ત થએલાને દેવતા સમાન ઉત્તમ સુખ જાણીને તથા ચારિત્રપર્યાયમાં પ્રીતિ વિનાનાને નરક સમાન ભયંકર દુઃખ જાણીને, પંડિત પુરુષોએ દીક્ષાપર્યાયમાં આસક્ત થવું. ૧૧.

धम्माउ भट्ठं सिरिओ अवेयं,
जन्नग्गि विज्झाअ-मिवऽप्पतेअं ।
हीलंति णं दुव्विहिअं कुसीला,
दाढुड्ढिअं घोरविसं व नागं ॥१२॥

(सं० छा०) धर्माद् भ्रष्टं श्रियोऽपेतं,
यज्ञाग्निं विध्यातमिवाऽल्पतेजसम् ।
हीलयन्ति, एनं दुर्विहितं कुशीलाः,
उद्धृतदंष्ट्रं घोरविषमिव नागम् ॥१२॥

ધમ્માઉ-ધર્મથી
સિરિઓ-તપ રૂપ લક્ષ્મીથી
અવેયં-રહિત
જન્નગ્ગિ-યજ્ઞનો અગ્નિ
વિજ્ઝાયં-બૂઝાઇ ગએલા જેવો
અપ્પતેઅં-અલ્પ તેજવાળો
દુવ્વિહિઅં-દુષ્ટ વ્યાપાર કરનાર
દાઢુડ્ઢિઅં-ઝેરી દાઢ વગરના સર્પને
ઘોરવિસં-આકરા વિષને ધારણ કરનાર

**ભાવાર્થ**–ચારિત્રધર્મથી ભ્રષ્ટ થયેલ અને તપ રૂપ લક્ષ્મીથી રહિત હોઈ દુષ્ટ વ્યાપાર કરનારને, જેમ યજ્ઞનો અગ્નિ બૂઝાઈ ગયા પછી તેની રાખને લોકો કદર્થના કરે છે અને પગે કચરે છે, તેમ તેના સહચારીઓ હિલના કરે છે. વળી જેમ ઘોર વિષવાળા સર્પને તેની દાઢ કાઢયા પછી લોકો તેની હિલના કરે છે, તેમ દીક્ષાથી ભ્રષ્ટ થએલાની લોકો હિલના કરે છે. ૧૨.

**इहेवऽधम्मो अयसो अकित्ती,**
**दुन्नामधिज्जं च पिहुज्जणंमि ।**
**चुअस्स धम्माउ अहम्मसेविणो,**
**सभिन्नवित्तस्स य हिट्ठओ गइ ॥१३॥**

(सं० छा०) इहैवाऽधर्मोऽयशोऽकीर्तिः,
दुर्नामधेयं च पृथग् जने ।
च्युतस्य धर्मादधर्मसेविनः,
संभिन्नवृत्तस्य चाधस्ताद्गतिः ॥१३॥

**દુન્નામધિજ્જં**–નિંદનીય નામ
**પિહુજ્જણંમિ**–નીચ લોકમાં
**ચુઅસ્સ**–ભ્રષ્ટ થએલાને
**અહમ્મસેવિણો**–અધર્મને સેવનાર
**સંભિન્નવિત્તસ્સ**–ચારિત્રને ખંડિત કરનારની
**હિટ્ઠઓ**–નીચલી

**ભાવાર્થ**–ધર્મથી ભ્રષ્ટ થએલાને આ લોકમાં લોકો અધર્મી કહીને બોલાવે છે. તેની અપજશ, અપકીર્તિ અને બદનામી સામાન્ય નીચ લોકમાં પણ થાય છે. સ્ત્રી આદિ નિમિત્તે છકાય જીવનો નાશ કરનાર હોઈ, અધર્મસેવી તથા અંખડ-

નીય ચારિત્રને ખંડન કરવા દ્વારા ક્લિષ્ટ કર્મનો બંધ કરી ચારિત્રથી ભ્રષ્ટ થયેલો નરકગતિમાં જાય છે. ૧૩.

भुंजित्तु भोगाइं पसज्झ चेअसा,
तहाविहं कट्टु असंजमं बहुं ।
गइं च गच्छे अणहिज्झिअं दुहं,
बोही अ से नो सुलहा पुणो पुणो ॥१४॥

(सं० छा०) भुक्त्वा भोगान् प्रसह्य चेतसा,
तथाविधं कृत्वाऽसंयमं बहुम् ।
गतिं च गच्छत्यनभिध्यातां दुःखां,
बोधिश्चास्य नो सुलभा पुनः पुनः ॥१४॥

ભુંજિત્તુ–ભોગવીને
પસજ્ઝ ચેઅસા–સ્વચ્છંદી મનથી
કટ્ટુ–કરીને
અણહિજ્ઝિઅં–નહિ ધારેલી
બોહી–જિનધર્મની પ્રાપ્તિ
સુલહા–સુલભ

**ભાવાર્થ**–ચારિત્રનો ત્યાગ કરનાર, ધર્મથી નિરપેક્ષ થઈ સ્વચ્છંદી મનથી વિષયોને–ભોગોને ભોગવી અને અજ્ઞજનોચિત તથા પાપફળવાળો આરંભ આદિ ઘણો અસંયમ કરીને, મરીને સ્વભાવથી જ અસુંદર દુઃખજનક અનિષ્ટ ગતિમાં જાય છે. તેને સમ્યક્ત્વ ઘણા જન્મોમાં પણ સુલભ થતું નથી અર્થાત્ તે દુર્લભબોધી થાય છે, કેમ કે–તેણે પ્રવચનની વિરાધના કરી છે. ૧૪.

इमस्स ता नेरईअस्स जंतुणो,
दुहोवणीअस्स किलेसवत्तिणो ।

पलिओवमं झिज्जइ सागरोवमं,
किमंग पुण मज्झ इमं मणोदुहं ॥१५॥

(सं० छा०) अस्य तावन्नैरयिकस्य जन्तोः,
दुःखोपनीतस्य क्लेशवृत्तेः ।
पल्योपमं क्षीयते सागरोपमं,
किमङ्ग पुनर्ममेदं मनोदुःखम् ॥१५॥

નેરઇઅસ્સ–નારકીના
જંતુણો–જીવને
દુહોવણીઅસ્સ–દુઃખથી પ્રાપ્ત થયેલું
કિલેસવત્તિણો–એકાંત કલેશવાળું
પલિઓવમં–પલ્યોપમ
ઝિજ્જઇ–નાશ પામે છે
સાગરોવમં–સાગરોપમ
મજ્ઝ–મારૂં
મણોદુહં–માનસિક દુઃખ

**ભાવાર્થ**–હે જીવ ! નરકગતિમાં રહેલ નારકી જીવને જો દુઃખભરેલું અને એકાન્તે કલેશવાળું પલ્યોપમ અને સાગરોપમનું આયુષ્ય પણ પૂરૂં થાય છે, તો આ સંયમમાં અરતિથી પેદા થયેલું દુઃખ મને કેટલો કાળ રહેવાનું છે ?–આમ વિચારીને સંયમ સંબંધી દુઃખના કારણથી દીક્ષાનો ત્યાગ ન કરવો. ૧૫.

न मे चिरं दुक्खमिणं भविस्सइ,
असासया भोगपिवास जंतुणो ।
न चे सरीरेण इमेणऽविस्सई,
अविस्सइ जीविअ–पज्जवेण मे ॥१६॥

(सं० छा०) न मे चिरं दुःखमिदं भविष्यति,
अशाश्वती भोगपिपासा जन्तोः।
न चेच्छरीरेणानेनापयास्यति,
अपयास्यति जीवितपर्ययेण मे ॥१६॥

ભોગપિવાસ–વિષય ભોગવવાની ઇચ્છા
અવિસ્સઇ–જાય
જીવિઅપજ્જવેણ–આયુષ્યના અંતથી

**ભાવાર્થ**–સંયમમાં અરતિજન્ય દુઃખ મને ઘણો કાળ રહેશે નહિ, કારણ કે–પ્રાયઃ વિષયની તૃષ્ણા પ્રાણીઓને યૌવન અવસ્થા સુધી રહે છે, માટે જ વિષયની તૃષ્ણા અશાશ્વતી છે. જો વૃદ્ધાવસ્થા સુધીમાં પણ આ શરીરે વિષયતૃષ્ણા નહિ જાય, તો પણ મારે આકુલ–વ્યાકુલ થવું ન જોઈએ, કારણ કે–મરણ થશે ત્યારે તો વિષયવાસના ચાલી જ જશે. આવા દઢ વિચારવાળા થવું જોઈએ. ૧૬.

जस्सेवमप्पा उ हविज्ज निच्छिओ,
चइज्ज देहं न हु धम्मसासणं।
तं तारिसं नो पइलंति इंदिआ,
उविंतवाया व सुदंसणं गिरिं ॥१७॥

(सं० छा०) यस्यैवमात्मा तु भवेन्निश्चितः,
त्यजेद्देहं न तु धर्मशासनम्।
तं तादृशं नो प्रचालयन्तीन्द्रियाणि,
उत्पतद्वाता इव सुदर्शनं गिरिम् ॥१७॥

નિચ્છિઓ-નિશ્ચિત
ચઈજ્જ-ત્યાગ કરે
ધમ્મસાસણં-ધર્મની આજ્ઞાને
તારિસં-તેવાને
નોપઈલિંતિ-ચળાવતી નથી
ઉવિંતવાયા-ઉત્પાતકાળના વાયરા-તોફાની પવન
સુદંસણં ગિરિં-મેરૂપર્વતને

**ભાવાર્થ**-જે સાધુઓનો આત્મા આવા દૃઢ વિચાર ઉપર આવેલો છે કે-કોઈ પણ જાતનું જો સંયમમાં વિઘ્ન આવે તો દેહનો ત્યાગ કરવો પણ ધર્મની આજ્ઞાનો ત્યાગ ન કરવો. આવા નિશ્ચયવાળા મહાત્માઓને ઇન્દ્રિયોના લોભામણા વિષયો સંયમસ્થાનથી ચલિત કરી શકતા નથી. આ વિષયમાં દૃષ્ટાન્ત કહે છે કે-જેમ પ્રલયકાળનો તોફાની પવન હોય તો પણ તે મેરૂપર્વતને કંપાવી શકતો નથી, તેમ ધર્મમાં દૃઢ નિશ્ચયવાળા સાધુને ચક્ષુ આદિ ઇન્દ્રિયો રૂપી તોફાની પવન હોય તો પણ ચલિત કરી શકતો નથી. ૧૭.

**इच्चेव संपस्सिअ बुद्धिमं नरो,**
**आयं उवायं विविहं विआणिआ ।**
**काएण वाया अदु माणसेणं,**
**त्तिगुत्तिगुत्तो जिणवयण-महिट्ठिज्जासि ॥**
**त्तिबेमि ॥१८॥**

(सं० छा०) इत्येवं संप्रेक्ष्य बुद्धिमान्नरः,
आयमुपायं विविधं विज्ञाय ।
कायेन वाचाऽथ मानसेन,
त्रिगुप्तिगुप्तो जिनवचनमधितिष्ठेत् ॥
इति ब्रवीमि ॥१८॥

**સંપસ્સિઅ**–વિચાર કરીને
**બુદ્ધિમં**–બુદ્ધિમાન
**આયં**–લાભને
**ઉવાયં**–ઉપાયને
**વિવિહં**–વિવિધ પ્રકારના
**વિઆણિઆ**–જાણીને
**અહિટ્ઠિજ્જાસિ**–આશ્રય કરે

**ભાવાર્થ**–યથાયોગ્ય જ્ઞાન આદિનો લાભ અને કાળ, વિનય આદિ વિવિધ પ્રકારના તેના ઉપાયોનો બુદ્ધિમાન સાધુએ વિચાર કરીને, યોગ્યમાં જોડેલ મન, વચન અને કાયા રૂપ ત્રણ કરણથી અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને, શ્રી તીર્થંકર મહારાજના કહેલા ઉપદેશને યથાશક્તિ પાળવામાં તત્પર થવું જોઈએ. ૧૬.

ઇતિ શ્રી દશવૈકાલિકે પહેલી ચૂલિકા.

*

## શ્રી દશવૈકાલિકે બીજી ચૂલિકા

**चूलिअं तु पवक्खामि, सुअं केवलि–भासिअं ।**
**जं सुणित्तु सुपुण्णाणं, धम्मे उप्पज्जए मई ॥१॥**

(सं० छा०) चूलिकां तु प्रवक्ष्यामि, श्रुतं केवलिभाषितम् ।
यच्छ्रुत्वा सुपुण्यानां, धर्मे उत्पद्यते मतिः ॥१॥

**ચૂલિઅં**–ચૂલિકાને
**પવક્ખામિ**–કહીશું
**સુઅં**–શ્રુતરૂપ
**સુણિત્તુ**–સાંભળીને
**કેવલિભાસિઅં**–કેવલજ્ઞાનીએ કહેલ
**સુપુણ્ણાણં**–પુણ્યવંત જીવોને
**ઉપ્પજ્જએ**–ઉત્પન્ન થાય છે

**ભાવાર્થ**–પૂર્વ ચૂલિકામાં સંયમમાર્ગમાં સીદાતા સાધુને સ્થિર કરવાનો ઉપાય બતાવ્યો. આ ચૂલિકામાં વિહાર સંબંધી

હકીકત કહેવામાં આવશે. હું ચૂલિકાનું વ્યાખ્યાન કરીશ. આ ચૂલિકા શ્રુતજ્ઞાન છે અને કેવલી ભગવાનની કહેલી છે, કે જેને સાંભળીને પુણ્યવાન મનુષ્યોને અચિંત્ય ચિંતામણિ રૂપ ચારિત્રધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. ૧.

अणुसोअ–पट्ठिअ–बहुजणंमि,
पडिसोअ–लद्ध–लक्खेणं ।
पडिसोअमेव अप्पा, दायव्वो होउ–कामेणं ॥२॥

(सं० छा०) अनुस्रोतः प्रस्थिते बहुजने, प्रतिस्रोतलब्धलक्ष्येण ।
प्रतिस्रोत एव आत्मा, दातव्यो भवितुकामेन ॥२॥

અણુસોઅપટ્ઠિઅ–વિષય-પ્રવાહના વેગમાં અનુકૂળ
બહુજણંમિ–ઘણા લોક છતે
પડિસોય–વિષયપ્રવાહથી ઊલટા
લદ્ધલક્ખેણં–લબ્ધલક્ષ્ય
દાયવ્વો–આપવો
હોઉકામેણં–મુક્ત થવાની ઇચ્છા રાખનારે

**ભાવાર્થ**–નદીના પૂરપ્રવાહમાં પડેલ લાકડાની માફક વિષય કુમાર્ગ દ્રવ્યક્રિયાને અનુકૂળ પ્રવૃત્તિશીલ ઘણા લોકો સંસાર રૂપી સમુદ્ર તરફ ગમન કરે છે. જેમ દ્રવ્યથી તે જ નદીમાં કદાચિત્ દૈવી પ્રયોગથી ઊલટા પ્રવાહ તરફ લક્ષ્ય મેળવી સમુદ્ર બહાર નીકળે છે, તેમ ભાવથી વિષય આદિથી વિપરીત રૂપે વર્તવા દ્વારા કદાચ પ્રાપ્તસંયમનું લક્ષ્ય રાખી, મુક્તિકામી મુનિએ દૂરથી પરિહરણીય વિષય વગેરેને દૂર કરી સંયમ રૂપી લક્ષ્ય તરફ આત્મા પ્રવર્તાવવો જોઈએ. અર્થાત્ નીચ જનના આચારોનું દૃષ્ટાન્ત લઈને ઉન્માર્ગપરાયણ મન નહિ કરવું, પરંતુ જિનપ્રવચનપરાયણ બનવું જોઈએ. ૨.

**अणुसोअसुहो लोओ,**
**पडिसोओ आसवो सुविहिआणं ।**
**अणुसोओ संसारो, पडिसोओ तस्स उत्तारो ॥३॥**

(सं० छा०) अनुस्रोतःसुखो लोकः,
प्रतिस्रोत आश्रवः (मः) सुविहितानाम् ।
अनुस्रोतः संसारः, प्रतिस्रोतस्तस्मादुत्तारः ॥३॥

| | |
|---|---|
| લોઓ-લોક | સુવિહિઆણં-સુવિહિત સાધુઓને |
| આસવ-ઇન્દ્રિયજયાદિ રૂપ અથવા દીક્ષા રૂપ આશ્રમ | ઉત્તારો-ઉતાર |

**ભાવાર્થ**-જેમ નીચાણવાળી જમીન તરફ પાણી જલદી વહે છે, તેમ આ કર્મગુરુ-ભારેકર્મી જીવોને વિષયો તરફ પ્રવૃત્તિ કરવી તે સુખાકારી છે, અર્થાત્ અનુકૂળ પ્રવૃત્તિ સુખે કરી શકાય છે. જેમ સમુદ્ર તરફ નીચાણમાં ઢળતી નદીના પ્રવાહમાં ઊલટી-સામે પૂર જવું ઘણું મુશ્કેલ છે, તેમ વિષયાસક્ત લોકોને ઈન્દ્રિયજયાદિ રૂપ કે સાધુઓની દીક્ષા પાળવા રૂપ આશ્રમ તે પ્રતિશ્રોત સમાન કઠિન છે. વિષયમાં પ્રવૃત્તિ કરવા રૂપ અનુસ્રોતમાં (નીચાણમાં) ચાલવાથી સંસારની વૃદ્ધિ થાય છે અને તેના ત્યાગ કરવા રૂપ પ્રતિસ્રોતમાં (ઉંચા ભાગ ઉપર) પ્રવૃત્તિ કરવાથી સંસારનો પાર પમાય છે. ૩.

**तम्हा आयार-परक्कमेणं, संवर-समाहि-बहुलेणं ।**
**चरिआ गुणा अ नियमा अ, हुंति साहूण दट्ठवा ॥४॥**

(सं० छा०) तस्मादाचारपराक्रमेण, संवरसमाधिबहुलेन ।
चर्या गुणाश्च नियमाश्च, भवन्ति साधूनां द्रष्टव्याः ॥४॥

| | |
|---|---|
| આયારપરક્કમેણં-આચારમાં પરાક્રમવાળા | નિયમા-નિયમો<br>દટ્ઠવ્વા-જાણવાયોગ્ય |

**ભાવાર્થ**-આ જ કારણથી જ્ઞાનાચારાદિ રૂપ આચારને વિષે પરાક્રમવાળા અને ઈન્દ્રિયાદિના વિષયોમાં સંવર કરનારા તથા બીલકુલ આકૂળતા વિનાના સાધુઓએ, એક ઠેકાણે નિરંતર ન રહેવા રૂપ ચર્યા, મૂલગુણ અને ઉત્તરગુણ રૂપ ગુણો તથા પિંડવિશુદ્ધિ આદિ નિયમોને યથા અવસરે કરવા જોઈએ. ૪.

**अनिएअ-वासो समुआण-चरिआ,**
**अन्नाय-उंछं पइरिक्कया अ ।**
**अप्पोवही कलहविवज्जणा अ,**
**विहार-चरिआ इसिणं पसत्था ॥५॥**

(सं० छा०) अनियत (अनिकेत) वासः समुदानचर्या,
अज्ञातोञ्छं प्रतिरिक्तता च ।
अल्पोपधित्वं कलहविवर्जना च,
विहारचर्या ऋषीणां प्रशस्ता ॥५॥

| | |
|---|---|
| અનિએઅ-અનિયત | વાસ |
| વાસો-વાસ | કલહવિવજ્જણા-કલેશનો ત્યાગ |
| સમુઆણ-સમુદાન | ચરિઆ-મર્યાદા |
| પઇરિક્કયા-એકાન્ત સ્થળમાં | પસત્થા-વખાણવા લાયક |

**ભાવાર્થ**-અનિયતવાસ, ( એક ઠેકાણે મર્યાદા ઉપરાન્ત વધુ ન રહેવું ) અનેક ઠેકાણેથી યાચીને ભિક્ષા ગ્રહણ કરવી, નિર્દોષ ઉપકરણ લેવા-સેવવાં, નિર્જન-એકાન્ત સ્થળે વાસ કરવો, થોડી ઉપધિ રાખવી અને ક્લેશનો ત્યાગ કરવો;-આ સર્વ મુનિઓની વિહારચર્યા પ્રશસ્ત (વખાણવા લાયક) છે. તે સ્થિરતાપૂર્વક આજ્ઞાપાલન દ્વારા ભાવચારિત્રનું સાધન હોઈ પવિત્ર છે. ૫.

**आइन्न-ओमाण-विवज्जणा अ,**
**ओसन्न-दिट्ठाहड-भत्तपाणे ।**
**संसट्ठ-कप्पेण चरिज्ज भिक्खू,**
**तज्जाय-संसट्ठ जई जईज्जा ॥६॥**

(सं० छा०) आकीर्णापमानविवर्जना च ।
उत्सन्नदृष्टाहृतभक्तपानम् ।
संसृष्टकल्पेन चरेच्च भिक्षुः,
तज्जातसंसृष्टो यतिर्यतेत ॥६॥

આઈન્ન-આકીર્ણ, રાજકુલાદિ
ઓમાણ-અપમાન
વિવજ્જણા-વર્જન
ઓસન્ન-પ્રાયઃ કરીને
દિટ્ઠાહડ-જોઈને લાવેલા
સંસટ્ઠકપ્પેણ-સંસક્ત કલ્પથી
ચરિજ્જ-ચાલે
તજ્જાય-સંસટ્ઠ-સ્વજાતિ આહારથી ખરડેલ
જઈજ્જા-યત્ન કરે

**ભાવાર્થ**-મુનિઓએ રાજકુળમાં તેમજ જમણવારમાં ગોચરીને અર્થે ન જવું, તેમજ સ્વપક્ષ કે પરપક્ષથી અપમાન થતું હોય તે પણ વર્જવું. પ્રાયઃ દેખી શકાય તેવા પ્રકાશવાળા

સ્થળેથી લાવેલ આહાર-પાણી લેવા તથા અચિત્ત આહારાદિથી ખરડેલ ભાજન, કડછી, હાથ આદિથી આહાર આદિ લેવાં અને તે પણ સ્વજાતિવાળા આહારથી ખરડેલ ભાજન, કડછી, હાથ વગેરેથી આહાર આદિ લેવાનો યત્ન કરવો. ૬.

**अमज्ज–मंसासि अमच्छरीआ,**
**अभिक्खणं निव्विगइं गया अ ।**
**अभिक्खणं काउस्सग्गकारी,**
**सज्झायजोगे पयओ हविज्जा ॥७॥**

(सं० छा०) अमद्यमांसाशी, अमत्सरी च,
अभीक्ष्णं निर्विकृतिं गतश्च ।
अभीक्ष्णं कायोत्सर्गकारी,
स्वाध्याययोगे प्रयतो भवेच्च ॥७॥

**અમજ્જ મંસાસિ**–મદિરા અને માંસનું ભક્ષણ નહિ કરનારા
**અમચ્છરીઆ**–મત્સર રહિત, પર સંપદાનો અદ્વેષી
**અભિક્ખણં**–વારંવાર
**નિવ્વિગઈં**–વિગયત્યાગને
**ગયા**–અંગીકાર કરનારા
**કાઉસ્સગ્ગકારી**–કાઉસ્સગ્ગ કરનારા
**સજ્ઝાયજોગે**–સ્વાધ્યાય યોગમાં
**પયઓ**–પ્રયત્નવાળા

**ભાવાર્થ**–સાધુઓએ મદિરા-માંસનું ભક્ષણ ન કરવું, કોઈની સંપદા પ્રત્યે દ્વેષ ન કરવો, વારંવાર દૂધ આદિ વિગઈઓનો ત્યાગ કરવો તથા વારંવાર (સો ડગલાં ઉપર) જવા–

આવવાનું થતા કાઉસ્સગ્ગ કરવો (ઈરિયાવહી પડિક્કમવી), તેમજ વાચના આદિ સ્વાધ્યાયમાં, વૈયાવચ્ચમાં અને આયંબીલ આદિમાં અતિશય પ્રયત્ન કરવો. ૭.

**न पडिन्नविज्जा सयणासणाइं,**
**सिज्जं निसिज्जं तह भत्तपाणं ।**
**गामे कुले वा नगरे व देसे,**
**ममत्तभावं न कहिं पि कुज्जा ॥८॥**

(सं० छा०) न प्रतिज्ञापयेच्छयनासने,
शय्यां निषद्यां तथा भक्तपानम् ।
ग्रामे कुले वा नगरे वा देशे,
ममत्वभावं न क्वचिदपि कुर्यात् ॥ ८ ॥

**પડિન્નવિજ્જા**-પ્રતિજ્ઞા કરાવે | **કહિં**-કદાચિત્
**મમત્તભાવં**-મમત્વભાવ્

**ભાવાર્થ**-માસ આદિ કલ્પ પૂરો થયા બાદ સાધુએ વિહાર કરતી વખતે શ્રાવકો પાસે પ્રતિજ્ઞા ન કરાવવી કે-શયન (સંથારો), આસન (પાટલાદિ), શય્યા (વસતિ), નિષદ્યા એટલે સજ્ઝાય કરવાની ભૂમિ, તેમજ ખાંડખાજા વગેરે રૂપ ભાતપાણી આદિ અમે જ્યારે બીજી વાર ફરીને આવીએ ત્યારે આપજો, હાલ સાચવી રાખો વગેરે; આમ પ્રતિજ્ઞા કરાવવાથી મમત્વ વધે છે, માટે સાધુઓએ ગ્રામ, શ્રાવકાદિ કુલ, નગર, દેશ આદિ કોઈમાં મમત્વભાવ નહિ કરવો; અર્થાત્ 'આ મારૂં છે'-એવો સ્નેહ વધે માટે ઉપકરણ આદિમાં પણ મમત્વભાવ ન કરવો, કારણ કે-દુઃખ આદિનું મૂળ મમતાભાવ છે. ૮

**गिहिणो वेआवडिअं न कुज्जा,**
**अभिवायण-वंदण-पूअणं वा ।**
**असंकिलिट्ठेहिं समं वसिज्जा,**
**मुणी चरित्तस्स जओ न हाणी ॥९॥**

(सं० छा०) गृहिणो वैयावृत्त्यं न कुर्याद्,
अभिवादनवन्दनपूजनं वा ।
असंक्लिष्टैः समं वसेद्,
मुनिश्चारित्रस्य यतो न हानिः ॥९॥

| | |
|---|---|
| વેઆવડિઅં-વૈયાવચ્ચ (ભક્તિ) | રહિત |
| અભિવાયણ-વાણીથી નમસ્કાર | વસિજ્જા-રહે |
| અસંકિલિટ્ઠેહિં-ક્લેશથી | હાણી-હાનિ |

**ભાવાર્થ**-સાધુઓએ ગૃહસ્થીઓની વૈયાવચ્ચ ન કરવી, તેમજ વચનથી નમસ્કાર, કાયાથી વંદન, પ્રણામ અને વસ્ત્ર આદિ દ્વારા પૂજા પણ ન કરવી. તેમ કરવાથી ગૃહસ્થીઓ સાથે સંબંધ થવાથી ચારિત્રમાર્ગમાંથી ભ્રષ્ટ થવાય છે અને બંનેનું અકલ્યાણ થાય છે. આ કારણથી જ્યાં ચારિત્રની હાનિ ન થાય તેવા અસંક્લિષ્ટ પરિણામવાળા સાધુઓની સાથે વસવું-રહેવું. ૯.

**न या लभेज्जा निउणं सहायं,**
**गुणाहिअं वा गुणओ समं वा ।**

इक्को वि पावाइं विवज्जयंतो,

विहरिज्ज कामेसु असज्जमाणो ॥१०॥

(सं० छा०) न यदि लभते निपुणं सहायं,

गुणाधिकं वा गुणतः समं वा ।

एकोऽपि पापानि विवर्जयन्,

विहरेत् कामेषु असज्यमानः ॥१०॥

**ગુણાહિઅં**–વિશેષ ગુણવાન | **વિહરિજ્જ**–વિચરે
**કામેસુ**–ઇચ્છામાં, કામાદિમાં | **અસજ્જમાણો**–આસક્તિ રહિત

**ભાવાર્થ**–જ્ઞાનાદિ ગુણોથી અધિક અથવા પોતાના જેવા ગુણવાળો, પોતાના જેવા ગુણથી હીન છતાં જાત્ય કંચન સમાન–વિનીત–નિપુણ–સહાયક સાધુ જો ન મળે, તો સંહનન આદિ સારાં હોય તો પાપના કારણભૂત અસદ્ અનુષ્ઠાનોનો ત્યાગ કરીને અને કામાદિમાં આસક્ત નહિ થતાં એકલા પણ વિહાર કરવો, પણ પાસથ્થા આદિ પાપમિત્રોની સોબતમાં ન રહેવું. ૧૦.

संवच्छरं वा वि परं पमाणं,

बीअं च वासं न तहिं वसिज्जा ।

सुत्तस्स मग्गेण चरिज्ज भिक्खू,

सुत्तस्स अत्थो जह आणवेई ॥११॥

(सं० छा०) संवत्सरं वाऽपि परं प्रमाणं,

द्वितीयं च वर्षं न तत्र वसेत् ।

सूत्रस्य मार्गेण चरेद् भिक्षुः,
सूत्रस्यार्थो यथाऽऽज्ञापयति ॥११॥

| | |
|---|---|
| સંવચ્છરં-વર્ષાઋતુ | સુત્તસ્સ-સૂત્રના |
| પમાણં-પ્રમાણ | મગ્ગેણ-માર્ગે |
| વાસં-વર્ષને | આણવેઇ-આજ્ઞા કરે |

**ભાવાર્થ**-વર્ષાઋતુમાં સાધુઓએ એક ઠેકાણે ચાર માસ રહેવું અને શેષ કાળમાં એક ઠેકાણે એક માસકલ્પ કરવો. જે ઠેકાણે એક ચોમાસું કે માસકલ્પ કર્યો હોય, તે ઠેકાણે આંતરા વિના ચોમાસું કે માસકલ્પ કરવો નહિ, પણ બીજું કે ત્રીજું ચોમાસું તથા બીજો કે ત્રીજો માસકલ્પ ગયા બાદ ત્યાં રહેવું કલ્પે. અપવાદાદિ કોઈ ગાઢ કારણે જો એક ઠેકાણે વધારે રહેવાનું થાય, તો મહિને મહિને ઉપાશ્રય કે તેનો ખૂણો બદલીને ત્યાં રહેવું. આમ ન કરવાથી ગૃહસ્થીઓના પ્રસંગથી ચારિત્રથી ભ્રષ્ટ થવા સુધીના દોષો પેદા થાય છે. વધારે શું કહેવું ? જેમ સૂત્રનો અર્થ આજ્ઞા આપે અને પૂર્વાપર વિરોધ ન આવે, તેમ સાધુઓએ સૂત્રને માર્ગે ચાલવું. ૧૧.

जो पुव्वरत्तावररत्तकाले,
संपिक्खए अप्पग-मप्पगेणं ।
किं मे कडं किंच मे किच्चसेसं,
किं सक्कणिज्जं न समायरामि ॥१२॥

(सं० छा०) यः पूर्वरात्रापररात्रकाले,
संप्रेक्षते आत्मानमात्मना ।

किं मे कृतं किंच मे कृत्यशेषं,

किं शक्यं न समाचरामि ॥१२॥

| | |
|---|---|
| પુવ્વરત્ત–પહેલી રાતે | સંપિકુખએ–જુએ, તપાસે |
| અવરત્ત–પાછલી રાતે | સક્કણિજ્જં–બની શકે એવું |

**ભાવાર્થ**–( વિવિક્ત ચર્યાવાળા સાધુને સંયમમાં ન સીદાવાનો ઉપાય. ) સાધુઓએ રાત્રિના પહેલા પહોરમાં અને છેલ્લા પહોરમાં પોતપોતાના આત્માની આત્મા વડે જ તપાસ કરવી કે–શક્તિ અનુસાર તપસ્યાદિ ધર્મકાર્યો મેં શા શા કર્યા ?, હવે કરવાલાયક કાર્યો મારે કયાં કયાં છે ? અને ઉમ્મર–અવસ્થાનુસાર મારાથી બની શકે તેવાં વૈયાવચ્ચાદિ કયાં કાર્યો હું કરતો નથી ?–એ સંબંધમાં ઘણો સારો ઊંડો વિચાર કરવો. ૧૨.

किं मे परोपासइ किं च अप्पा,

किं वाहं खलिअं न विवज्जयामि ।

इच्चेव सम्मं अणुपासमाणो,

अणागयं नो पडिबंध कुज्जा ॥१३॥

(सं० छा०) किं मे परः पश्यति ? किं चात्मा,

किंवाऽहं स्खलितं न विवर्ज्जयामि ।

इत्येवं सम्यगनुपश्यन्,

अनागतं नो प्रतिबन्धं कुर्यात् ॥१३॥

| | |
|---|---|
| ખલિઅં–પ્રમાદ | અણુપાસમાણો–જોતો, વિચારતો |

**ભાવાર્થ**-શું મારી સ્ખલનાને સ્વપક્ષી કે પરપક્ષી જુએ છે? અથવા ચારિત્રમાં સ્ખલના પામતા મને હું જોઉં છું?, કે હું ચારિત્રમાં સ્ખલના પામું છું-એમ જાણું છું, છતાં શા માટે સ્ખલનાને ત્યાગી શકતો નથી? આ પ્રમાણે જો કોઈ પણ સાધુ સારી રીતે વિચાર કરશે, તો તે સાધુ ભાવિકાળમાં અસંયમ સંબંધી દોષ-સ્ખલના નહિ જ કરે. ૧૩.

**जत्थेव पासे कइ दुप्पउत्तं,**
**काएण वाया अदु माणसेणं ।**
**तत्थेव धीरो पडिसाहरिज्जा,**
**आइन्नओ खिप्पमिव खलीणं ॥१४॥**

**(सं० छा०) यत्रैव पश्येत् क्वचिद् दुष्प्रयुक्तं,**
**कायेन वाचाऽथ मानसेन ।**
**तत्रैव धीरः प्रतिसंहरेच्च,**
**आकीर्णकः क्षिप्रमिव खलीनम् ॥१४॥**

**જત્થેવ**-જે ઠેકાણે
**દુપ્પઉત્તં**-અયોગ્ય રીતે યોગને યોજ્યા હોય
**પડિસાહરિજ્જા**-ઠેકાણે લાવે
**આઇન્નઓ**-જાતિવંત અશ્વ
**ખલીણં**-લગામને

**ભાવાર્થ**-કોઈ પણ સંયમસ્થાનના અવસરમાં જો મન-વચન-કાયા દ્વારા થતી ખરાબ અવસ્થાને જોવામાં આવે, તો બુદ્ધિમાન સાધુએ પોતાની ભૂલ તત્કાળ સુધારવી જોઈએ. તેના ઉપર દૃષ્ટાન્ત બતાવે છે કે-જેમ જાતિમાન ઘોડો જલદી નિયમિત ગતિ માટે લગામને અંગીકાર કરે, તેમ સાધુએ

દુષ્પ્રયોગનો ત્યાગ કરીને લગામ સરખા સમ્યગ્ વિધિ-આચારને અંગીકાર કરે. ૧૪.

जस्सेरिसा जोग जिइंदिअस्स,
धिईमओ सप्पुरिस्स निच्चं ।
तमाहु लोए पडिबुद्धजीवी,
सो जीअई संजम-जीविएणं ॥१५॥

(सं० छा०) यस्येदृशा योगा जितेन्द्रियस्य,
धृतिमतः सत्पुरुषस्य नित्यम् ।
तमाहुर्लोके प्रतिबुद्धजीविनं,
स जीवति संयमजीवितेन ॥१५॥

જિઈન્દિઅસ્સ-જિતેન્દ્રિય
ધિઇમઓ-ધૈર્યવાળા
સપ્પુરિસસ્સ-સત્પુરુષના
પડિબુદ્ધજીવી-પ્રમાદરહિત જીવનાર
સંજમજીવિએણં-સંયમ જીવિતથી

**ભાવાર્થ**-જિતેન્દ્રિય, સંયમમાં ધીર અને મહાપુરુષ એવા સાધુઓને પોતાના હિતને વિચારવાની-દેખવાની પ્રવૃત્તિવાળા મન-વચન-કાયાના યોગો નિરંતર વર્તે છે. તેવા સાધુઓને લોકો પ્રતિબુદ્ધજીવી કહે છે. દીક્ષાદિવસથી મરણ સુધી પ્રમાદ-રહિત જીવન જીવવાવાળાને 'પ્રતિબુદ્ધજીવી' કહેવાય છે. તેવા ગુણવાળો સાધુ મંગળ વિચારવાન હોઈ સર્વથા સંયમ-પ્રધાન જીવનથી જીવે છે. ૧૫.

अप्पा खलु सययं रक्खिअव्वो,
सव्विंदिएहिं सुसमाहिएहिं ।
अरक्खिओ जाइपहं उवेइ,
सुरक्खिओ सव्वदुहाण मुच्चई ॥
त्ति बेमि ॥१६॥

(सं० छा०) आत्मा खलु सततं रक्षितव्यः,
सर्वेन्द्रियैः सुसमाहितेन ।
अरक्षितो जातिपन्थानमुपैति,
सुरक्षितः सर्वदुःखेभ्यो विमुच्यते ॥
इति ब्रवीमि ॥१६॥

| | |
|---|---|
| **રક્ખિઅવ્વો**-રક્ષણ કરવો | પ્રત્યે |
| **જાઇપહં**-જાતિપથ, સંસાર | ઉવેઈ-પામે છે |

**ભાવાર્થ**-સર્વ ઇન્દ્રિયોના વિષયવ્યાપારની નિવૃત્તિ કરીને પરલોકના અનિષ્ટકારી કષ્ટોથી નિરંતર પોતાના આત્માનું રક્ષણ કરવું. જો તમે ઇન્દ્રિયોના વિષયોથી આત્માનું રક્ષણ નહિ કરો, તો ભવોભવ સંસારમાં રખડવું પડશે. જો અપ્રમાદી થઈ આત્માનું રક્ષણ કરશો, તો શારીરિક-માનસિક સર્વ દુઃખ માત્રથી તમે મુક્ત થશો, એમ હું તમને કહું છું. ૧૬.

ઇતિ શ્રી દશવૈકાલિકે બીજી ચૂલિકા.

卐 ઇતિ શ્રી દશવૈકાલિક સૂત્રં સમાપ્તમ્ 卐

## શ્રી ભુવનતિલકસૂરીશ્વર ગ્રંથમાલાના

# પ્રકાશનો

| | |
|---|---|
| ☐ દશવૈકાલિક સૂત્ર (ગુજરાતી અનુવાદ) | ૧૦=૦૦ |
| ☐ ઉત્તરાધ્યયન સૂત્ર (ગુજરાતી અનુવાદ) ભાગ ૧, ૨ | ૩૦=૦૦ |
| ☐ અધ્યાત્મસાર (સંસ્કૃત ટીકા) | ૨૦=૦૦ |
| ☐ અધ્યાત્મોપનિષદ્ (સંસ્કૃત ટીકા) | ૧૦=૦૦ |
| ☐ વિજયોલ્લાસ મહાકાવ્ય (સંસ્કૃત ટીકા) | ૧૦=૦૦ |
| ☐ સ્તુતિતરંગિણી ભાગ-૧, ૨, ૩ | ૪૫=૦૦ |

**: પ્રાપ્તિસ્થાન :**

**N.C. SHAH, Po. CHHANI-391740 (Guj.)**

ભરત પ્રિન્ટરી : ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૧. ફોન : ૩૮૭૯૬૪.